મુંબઈનાં રૈસાહદની તવારીખ.

બનાવનાર

મંનસુખ

કીમત [illegible]

મુંબઈનાં ફેસાદની તવારીખ.

ઈઆને

મુંબઇનાં કેટલાએક મુસલમાંનોએ ઇસવી સને ૧૮૭૪ નાં ફેબરવારી
મહીનામાં પારસી લોકોની સાંમણે મચાવેલા ફેસાદ અને લુટફાંટનો
એહવાલ અને બીજા દસતાવેજો, તથા મુંબઇનાં અને બીજા
દેશાવરોનાં નીઊસપેપરો લખનારાઓનાં ટીકાઓ,–તથા
પારસીઓએ વેલાતની સરકાર ઉપર મોકલેલી આખી
અરજી ઉપરાંત એ તમામ એહવાલને લગતા બીજા
વીચારો અને મતો,–તથા અગતનાં ખોલાસાઓ
કીજે કદીમ તવારીખો અને નામીચા ગરંથકારોનાં
સખુંનોની શાહદતો,–તથા હાલનાં પારસીઓની
હાલતમાં સુધારો કરવા બાબે કેટલીએક
સલાહો અને સુચનાંઓ ઉપરાંત બીજી
વાંચવા લાએક બાબતો લખનાર

"મનસુખ"

તે

ગંજનામું,–એહવાલે જંદ અવસતા,–પરીનસ આલબરટ,–જંમ
શીદી નઓરૂજ,–બેતરીતી,–પારસીઓના ધારા વીસે તકરાર,–
સર જંમશેદજી બારોનેટ,–કાંઉનટ ગોબીનોએ બનાવેલી
ખીલારોકા હરફો વાંચવાની રીતનો તરજુમો,–મુનતખબે
શાહનામે,–શેર ને સટાબાજી,–નામસતાએશને,–રાહીન
નદીના ગીતો,—મનસુખી મનાજાત તથા અરજ
ગુજારી,—ગુજરાતી શાહનામું,–અને પારસી
પાદશાહોની તવારીખ,—નામના પુસતકો

બનાવનાર

મી૦ મંનચેરજી કાવશજી શાપુરજી.

મુંબઈ વરતમાંન પ્રેસમાં મં૦ હો૦ એ છાપીઊછે.

મે એ ૧૮૭૪

કીંમત રૂ૧॥ દોહડ.

THE HISTORY OF THE BOMBAY RIOTS.

OF

February 1874.

CONTAINING ALL THE IMPORTANT DOCUMENTS AND THE OPINIONS OF THE PRESS OF BOMBAY AND OTHER PLACES, WITH SEVERAL SUGGESTIONS AND OBSERVATIONS OF THE WRITER

"MUNSOOKH"

Alias

MR. MUNCHERJEE CAWASJEE SHAPOORJEE

Author of

GUNZ-NAMEH,—HAYVALAI ZEND AVASTA,—JUMSHIDE NOUROOZ,—PRINCE ALBERT,—BAIT RITTEE,—DISCUSSION ON THE PARSI LAWS,—SIR JUMSHEDJI BARONET,—TRANSLATION OF COUNT GOBINEAU'S METHOD OF READING CUNEIFORM TEXTS,—MOONTUKHABA SHAH NAMEH,—SHARES AND SUTTABAJEE,—NAMSATAYESHNE,—RHYNE SONGS,— MUNNAJAT & URZGOOJAREE,—GOOJRATI SHANAMEH—AND THE HISTORY OF THE ANCIENT KINGS OF THE PARSEES.

Bombay;

Printed by M. H. JAGOOS at the VARTMAN PRESS.

1874.

Price Rs. One and Half.

મુંબઈનો ફેસાદ

નાંમની ચોપડીનુ સાંકલીઊં.

સફે.

બાબ પેહલો.

—o—

બાબ બીજો.

બાબ તરીજો.

—o—

બાબ ચોથો.

—o—

બાબ પાંચમો.

---o---

ભાગ છઠો.

---o---

ભાગ સાતમો.

નરનાં જવાબ વીશે,—કોકની મુસલમાંનોએ એક બીજી અર
જી કીધી હતી તે તથા ગવરનરનો જવાબ—મી૦ ફરામજી નાં
મના પારસી કાનસટેબલ ઉપર મુસલમાંનોએ મુકેલું તોહમત,
અને તેની કોરટમાં થાએલી તારીફ લાએક સાબેતી—તથા
અંગરેજ બારીસટરે માંગેલી માફી,—દખણી તથા કોકની મુ
સલમાંનો ફરીથી ગવરનર પાસે ગીઆ હતા પંણ ગવરનરે તા
બુતની રજા નહી આપી હતી,—મજગામના મુસલમાનોની એ
ક નવી અને તરીજી અરજી,—મુસલમાંન લોકોની એક મોટી
અને ગોઠી અરજી—અને ગવરનરનો જવાબ,—પારસીઓ
અને તેઓનાં આગેવાંનો તરફની થાએલી કોશેશો,—પારસી
ઓએ ગવરનર ઉપર મોકલેલી અરજી, અને ગવરનરનો જ
વાબ,—બામબે ગેજેટ પતરના અધીપતી મી૦ મકલીને બતા
વેલી હીમત અને લાએકી,—ગવરનરે એક પતર લખી પારસી
ઓને આપેલો ઠપકો,—તા૦ ૧૫ મી ફેબરવારીની મારામારી
વીશે પાછલથી પોલીસે પારસી જંણ ૧૦) દસને પકડેઆ તે...૭૯-૧૦૧.

બાબ આઠમો.

પોલીસ કોરટ તથા હાઇ કોરટ મધે થાએલી બંધવાઓની તપાસ
અને તેઓને થાએલી સજા—તથા જડજ અને બારેસટરો
એ ધારા સંબંધી કીધેલા ખોલાસા તથા બીજી વીગતો વીશે. ૧૦૨-૧૦૯

બાબ નવમો.

મુંબઇમાં ઉઠેલા ફેસાદ વીશે પોલીસની તથા સરકારની ચાલ ઉ
પર કીધેલા જુદા જુદા નીઉસ પેપરવારાઓનાં ટીકા—કલકતા
મધેના ફરેનડ આવ ઇનડીઆનાં વીચાર,—કલકતા ઇંગલી
શમેનનાં,—નારથ વેસટ હેરલડનાં,—મધરાજ અઠીનીઅંમ
નાં,—મધરાજ મેલનાં,—મધરાજ ટાઇમસનાં,—કોમીન આ

બાબ બારમો.

મુંબઈનો ફેસાદ.

ઈઆને

મુંબઈનાં કેટલાએક મુસલમાંનોએ ઈસવી સને ૧૮૭૪નાં ફેબરવારી મહીનાની તા૦ ૧૩ મીને દીને પારસી લોકોની સાંમણે મચાવેલા ફેસાદ અને લુટ ફાંટનો એહવાલ, તથા તેને લગતા બીજા વીચારો અને સુચનાંઓ.

ખોદાતાલાની મદત વીશે.

એ જગતના પતી! એ જીવનાં પરકાશ!
નમાંઊચ માહરૂં સર અતરે હાલ તાહરી પાસ.
ફેરેચ તુંથીજ આકાશનો ચરખો તમાંમ,
પાંમેચ તુંથીજ રોશની ને તેજી ને ફાંમ.
ધર માહરો હાત, હેત ને ઉલટથી પુર,
કે બાય લેઊ દાનાવો સંગ નજદીક ને દુર.
કુંમક કર કે આએ માહરા સખુંનનાં તીર,
થાએ મુજ કલંમની કમાંન પર અકશીર.
લખું તેથી દીલકશ સખુંન ભરી વાત,
કરે તેને એલંમનાં સરદાર લોક આબાદ.
અગર કાલાં—ઘેલાંમાં ગાંમશે ગરકાવ,
મગર થાએ જો તુંજ તારવનારો આશનાવ,

તો નીકલે કુલ દીલનાં દુરગંદી મેલ બાહાર,
થાએ બાલેસ સફાઇ--ને સચાઇ આશકાર.
વાસતે એ રેહમ દીલનાં રબ નામદાર,
એ બેઉ જગનાં શેહનશાહ—એ સુધા સરદાર.
ઇનસાફથી—મોહબતથી લાવ ઉમેદ તું બર,
આસાવંતો નર કોણ પાસ જાએ તું વગર?

અંગરેજનાં રાજ અને રાંણી વીકટોરીઆની તારીફ વીશે.

માહ બલ તે દાદારનીજ માંગુંચ મદત,
આબાદ રેહેજો અંગરેજનાં રાજથી જગત.
કે અદલમાં અદલછે હાલ એજ સરકાર,
રેહેજો રબની મેહરથી એ રાજ બરકરાર.
બોલેચ એનાં નાંમથી મોટાઇ ને દમાંમ,
ફેલાએચ એનાં ગંજથી બખશેશને ઇનાંમ.
ગવાએચ એની કીરતી કુલ દુનીઆં અંદર,
દરએક દરીએ ભટકેછે વાંહાંણ ને લશકર.
બખશુંચ એહને ઇઅજદાંએ ભલાઇનુંજ તાજ,
કરેચ એહનાં રાજ હેઠલ રઇએત કુલ નાંજ.
જાલંમ લોકને મારી—નીભાવેચ કંમજુર,
બદકાર પાસથી લઇ આપેચ નેક લોકને પુર.
ભોગવેચ તે પર ભાએગવંત બાંનું એક રાજ,
વીકટોરીઆછે જે નારનું નાંમ સરફરાજ.
રેહજો તે પર ઇઅજદાંની નેક આફરીન,
ફીદા છે જે પર તખત તાજ ને નગીન.
ભોગવેચ જેનાં પરતાપથી એ રાજ આરાંમ,
નમેચ જેને દુનીઆંનાં શેહેનશાહ તમાંમ.

છે દીલ જેનું પાક અને રાસ્તી જબાંન,
પુંજે છે જે એખલો એક પાક **ઈઅજદાંન.**
આપેચ જગની ખાક અને આબ ખુદ ગહવાઈ,
કે નથી જગમાં આજ કોઈની એવી નેક શાહી.
આકાશ પરનો સુરીઅબી કેહેસે એમ વાત,
કે કોશેશ ને—કુઅત—ને નામ—ને એરાત,
માં નથી કોઈ બીજું રાજ અંગરેજ મીસાલ,
જે બદને મારી—ટાલેચ દુખીઆંનો જંજાલ.
જે નહી રાખે મેહેર જો ફીનાં સંગ આમેજ,
તો હેકલ પારે કેહેરથી ફરતા તારા તેજ.
છે જેમાં બલ—અને અકલ ને દાદ,
વેરાંન વંન થાએચ જેની કલાથી આબાદ.
છે દરીઆઈ કાફલો જેનો સેંકડો જાહાજોનો,
ભાર નહી જે પાસ જગના તમાંમ રાજોનો.
ભટકેચ જલમાં તમાંમ એ લડાઈનાં વાંહાણ,
જેમ ભટકેછે વંનમાં હાંકીઆ મસતાન.
તાકાતદાર છે કોણ જગમાં એવો પેહેલવાંન?
કે તોડે એ બલવંતાં રાજનાં ફરમાંન?
રેહે જગમાં સુરીઅ ઝલતો જાંહાં તલક,
કાએમ રેહેજો તાંહાં તક તેનું તાજ તખત.
પાંમેઓ છેઊ હું એજ રાજથી એલંમનું તાજ,
નાંબુદ થએઆચ મુરખાઈનાં રંજો કુલ આજ.
લખુંચ તેથી આ વાત હું પુર ઈઆદગાર,
વાંચસે જેને ઈનસાંનો પુર હોશદાર.
ગુંથું નવાંજ ગોહર આ પુસતકમાં કુલ,
સંગીન દીલ પર વધાંઉ રંગીન લાલ અમુલ.
કે પરે જેઆરે દાનાવની તે પર નજર,
ઘરી ગુસે થઈ—ઘરી ખુશ થાએ જીગર.

મુસલમાંનના હુલડ અથવા ફેસાદની શરૂઆતનો અેહવાલ તથા બીજી બીનાં વીશે.

આપ્રે પુરથવીની સઘલી પદારથોનાં અંધકાર ઉપર ઉજાશ નાંખનાર સેતારો, તે બુલંદ સુરીઅછે, પણ માંણસનાં દીલ પરનાં અગનેઆંણપણાં નો કાલાસ દુર કરનારા સેતારા, તે ખરા ગનેઆંની અને અનુભવી ફીલસુફોનાં સખુંનોછે. માઅે બાપનાં હેસાનો, કે રાજા પાદશાહોની બખશેશો કરતાંબી, અકલ અને અજમાઅેશનાં ગોહરોનુ દાન આપનાર ઉસતાદો વધારે સરસ ગણાઅેછે. સાચા અને સારા વચંનો બોલનાર પંડીત, તે ગોઆ સખાવત ભરેલો અેક સમુદરછે, જેમાં દાનાઇ અને દરીઆકૃતનાં રતંનો વેહતાં રેહછે, અને જેના મોહડાંની લેહર અગનેઆંન પરાંણીઅો નાં બદંન સાથે અફડતાંજ, તેઅોનાં મંન પર ચોંહટેલી સીહાઇની ગીરદને દફે કરેછે.

ઇસવી સને ૧૮૫૧ નાં સાલમાં, અેક નજીવાં બાંહાંનાથી, કેટલાઅેક હલકે વાંધેનાં મુસલમાંનોને, કોઇઅે ઉસકેરેઆ હતા, અને તે વખતની મુંબઇ સરકારની પોલીસની નબલાઇ અને બીજી ખાંમીને લીધે, કેટલા અેક દીવસો સુધી, પારસીઅો અને મુસલમાંનો વચે, ફેસાદ અને મારા મારી ચાલુ રહી હતી.

આઅે વખતેબી કેટલાઅેક તદંન કંગાલ હાલતનાં શખસોની માર ફતે, પરદામાં છુપાઇ રહેલા કેટલાઅેક આગેવાંન ફેસાદીઆઅોઅે, અેક ઘણાજ નજીવાં અને અંનઘટતાં બાહાંના સર, વધારે ખુનખાર અને ખરાબી ભરેલો ટંટો મચાવેઆ હતો, અને ગુપત રીતની તેઅોની કેટલી અેક ગોઠવણો અને ફરેબબાજીને લીધે, તથા સરકારની બેદાદી—અને મુંબઇની પોલીસનાં મી૦ સુટર નાંમનાં વડા અંમલદારની ગફલતીને લીધે, અે ટંટાની શરૂઆતનાં હીગાંમ પર, તદંન હલકે વાંધેનાં શખસોનું ટોલું, બાહરકોટ મધેનાં બે ચેઆર પારસીઅોનાં મકાનોમા લુટ ફાંટ અને ભાંગફોડ કરવાને ફાવીગેઉં હતું.

મી૦ રસતંમજી હોરમજી જાલભાઇ નામનાં એક પારસીએ, ગીઆં વરસના જુન મહીનામાં, ઇઆને આસરે ગીઆ ૧૦) દસ મહીનાની વાતપર **"પરસીધ પેગંમબરો અને કોમો"** નામની એક ચોપડી છપાવી હતી, તેમાં જેમ બીજા ટોલાના લોકોનાં પેગંમબરોનાં કામ કાજો વીશે જુજ જુજ વીગત જણાવીછે, તેમજ મી૦ "વાશીંગટંન અરવીંગ" નામનાં એક ઇઅરોપીઅંને, મહમદની જીંદગીનાં એહવાલ વીશે લખેલાં પુસતક મધે, મહમદની એક બાએડી વીશે "કાનકીઉબાઇન" (concubine) નો સબદ વાપરેઓછે, તે સબદનો અરથ મજકુર રસતંમજીએ "રાખેલી રાંડ"નો કરેઓછે, તે કેટલાએક મુસલમાંનોને વાંધા ભરેલો લાગો હતો અને તેને બાંહાને ફેસાદ ઉઠાવેઓ હતો.

હવે વાજબીની રાહે હમારે કબુલ કરવું જોઇએછે કે, મસકુર પારસી તરજુંમો કરનારમાં, જો કંઇ વધારે બાહોશી હતે તો, અથવા તેનાંમાં જાહેર લખાંણો કરવાની વધારે સારી અજમાંએશ અને કાબેલીઅત હતે તો, જે ધપથી તેણે પોતાનું આખું પુસતક લખુંછે, તે ધપમાં તે લખતે નહી. લગભગ એ આખું પુસતક, જેમાં પારસીઓનાં–તથા અંગરેજોના–તથા મુસલમાનોના—તથા યહાઉદીઓના પેગંમબરોની વાતો લખેઆમાં આવીછે, તે હમોએ કંઇક ધેઆંણથી વાંચીઉંછે, અને આએ જોગવાઇએ ખોલલી રીતે હમો કહીએછે કે, જેમ અસલ પકરાઓના સુધ અને શ્રટતા તરજુમાંનુ કસું ઠેકાંણુ નથી, તેમજ તેની ગુજરાતી ભાષાની એબારતનુ બંધાંણ અને રચનાં ઘણી જગોએ એબીએલ—ગલત અને ગુચવાડા ભરેલીછે. એવો વીચાર હમો આજેજ કેહેવા નીકલેઆ નથી, પણ ગીઆ ૧૦) દસ મહીનાંની વાત પર, જેઆરે એક મીતરે, એ પુસતકની એક નકલ હમો ઉપર મોકલી, હમારૂં મત પુછીઉં હતું, તેજ વખતે હમારા ઘણાંએક કદરદાંન મીતરોની હજુર, એજ મુજબનાં વીચારો હમોએ ખોલલી રીતે કહી સંભલાવેઆ હતા, અને એ ચોપડાને તપાસીને પસંદ કરનારા તરીકે, કેટલાએક જાંણીતા ગરહસથોએ, જે સરટીફીકેટો આપીછે, તેઓના મત કે મરતબાની હમોએ બીલકુલ દરકાર કીધી નહી હતી, હમો પકા ભરોશાથી માંનીએછે, કે જે લાએકીવાળા ગરહસથોએ

મજકુર રસતંમજીનાં લખાંણવાલી ચોપડી વીશે સારા વીચારોની "સરટીફી કેટો" આપીછે, તે ગરહસથોએ, એ ચોપડીનું લખાંણ શરૂઆતથી તે આ ખરી તલક, વાંચવાની કે તપાસવાની તજદી લીધીજ નહી હસે, અને માં તર એક ચોપડી છપાવનાર ગરીબ શખસને વરતાવાનીજ નેમ રાખી હસે. હાલ એ બાબત ઉપર, એ કરતાંને વધારે બોલવાને હમો અગતનુ અને મુનાસેબ ધારતા નથી.

ઉપર લખ્યા મુજબનો હમારી તરફનો ખોલાસો વાજબીની રાહે કી ધા બાદ, હમો આએ જોગવાઇએ ખોલલી રીતે કહીએછે કે, જે ધપથી મજકુર મી૦ રસતંમજીએ અસલ અંગરેજી ફકરાનો—તરજા મો કીધોછે, તે કેટલાએક મુસલમાંનોને, કદાચ સઉથી ખરાબ મતલબનો અથવા વાં ધો ઉઠાવા જોગ સંમજાએઓ હોએ, તોબી ઘોરે દીસે, લુટ ફાંટ કરવા, અને રાંક બાએડીઓને, તથા બુઢા અને નીરદોશ મરદોને અચબુચ રી તે મારવા સારૂ, જંગલી સીધીઓને તથા ભીખારી મુસલમાંનોને જે સ ખસોએ ઉસકેરીઆ અને આગલ પારેઆ હતા, તેઓએ દીન અને દે શના કાએદા કાંનુનો મુજબ ઘણીજ જબુંન ચાલ ચલાવેલી ગણાંએછે. કીના અને ધરંમની જહનુનનાં જુઠાં બાંહાંનાંથી, લુટ અને ચોરી કરાવા સારૂ, સેંકડો હલકે વાંધેનાં માંણસોનાં ટોલાં, છુપી રીતે તઇઆર કરેઆ માં આવેઆં હતાં. એ બાબેની ખબર કેટલાએક પારસી ગરહસથોને આ ગમચથી થઇ હતી, અને તે ઉપરથી, મુંબઈ **સમાચાર** તથા **જાંમેજે મશેદ** અને બીજાં સારી આબરૂવારાં નીઉસપેપરોમાં, ખોલલા પોકારથી, મુંબઇની પોલીસના, તેમજ સરકારનાં બીજા અંમલદારોને હુસીઆર રેહ વા, અને એ બાબેનાં ઘટટા ઉપાએઓ કરી રાખવાને ચેતવણી આપેઆ માં આવી હતી. પણ સરકારનાં તેમજ કેટલાએક પારસીઓ અને મુસલ માંનોનાં માંઠાં ભાએગને લીધે, મી૦ શુટર નામનાં એક બેદરકાર, અને ચીરડાઉ સભાવનાં પોલીસનાં વડા અંમલદારે, એ બીનાં ઉ પર બીલકુલ ધેઆંન આપીઉં નહી, અને કોઇબી રીતની ચોકસી કે બં દોબસત રાએઓ હતો નહી, તેથી તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૭૪ ને દીને, કોરગા મુસલમાંનોનુ એક મોટું ટોલું, બાહેરકોટની મારકેટ

આગલની એક મોહટી મસજીદમાં ભેગુ મલીઉં હતું, અને આગમચથી કરી રાખેલી ગોહવંણ મુજબ, તાંહાં છુપી રીતનો સંપ કીધા બાદ, બપોરે કલાક એકને શુમારે, એ લુટારૂં અને મારફાર કરનારૂં મોટું ટોલું, હાતમાં લાકડીઓ, સોટાઓ અને બીજાં હથીઆરો લઇને બાહેર પડીઉં હતું, અને ઘણીએક રીતની ખરાબી અને ભાંજફોડો કીધી હતી, તેના એહવાલ જે જાહેર થઆછે તેમાંથી ટુક સાર, આ હેઠલ લખ્યા મુજબનો રજુ કરીએછે.

ઉપલા એહવાલમાં જણાવેઆ મુજબ, પેલા "કાનફીઉબાંઇન" સબદનાં તરજુંમાને વાંધા ભરેલો અથવા અપમાન ભરેલો ગણીને, કેટલાએક મુસલમાંનોએ, ચરચાનાં આતશની ચીંગારી, પોતાનાં અગનેઆન જાતભાઇઓનાં હઇઆંમાં સલગાવાનુ શરૂ કીધું હતું, અને "**કાસફુલ અખબાર**" નામનાં મુંબઇ મધેનાં, હીનદોસતાની ભાષામાં છપાતાં, મુસલમાંન લોકોનાં એક નીઉસપેપરમાં, આએ નીચે ટાંકી દેખાડેલો એક ફકરો છાપી, ફીટનાંનુ બી, કીનાંનાં મેદાંનમાં, રોપવાની શરૂઆત જાહેર રીતે કીધી હતીઃ—

"હમો જોઇએછે કે મુંબઇ, જાંહાં ઇનસાફ પુરતોછે, જાંહાં જુદી "જુદી નેઆત અને જુદા જુદા ધરંમ પાલનારાઓની મોહટી સંખી "આ રેહેછે, અને જાંહાં સતાવાલાઓની તકેદારી અને સારા ધારાઓ "ને મજબુત રીતે માંન આપી ચાલેઆને લીધે, કોઇપણ શખસ, પારકા "ધરંમની સામણે પોતાની જબાંન હીલવવાની અથવા એક સખુન પણ "બોલવાની હીંમત કરી શકતો નથી (તે મુંબઇમાં) શહલાનો દુશમંન "અને સરકારનાં ધારાઓની કંઇ પણ દરકાર નહી રાખનાર, પારસી નાં "મે રસતંમજી હોરમજી જાલભાઇએ, શઘલા પેગંમબરોની જીંદગીનાં "હેવાલની એક ચોપડી છપાવી પરગટ કરીછે, તે ચોપડીમાં એ લખનારે "હમારા (મુશલમાંનોનાં) માન પાંમેલા પેગંમબર (મહમદ) વીશે જુઠું અ "ને નાલાએક લખાંણ કરીઉછે. એ ચોપડીનાં લખનારાએ હમારા (મુશ "લમાંનોનાં) પેગમબરનાં પવીતર દરજાને ઘણાં નાલાએક સબદો લગાડી "આછે, અને એ અનઘટતા ટીકા મુસલમાંન ટોલામાં ફીટનો ઉઠાવવાને "સારૂં અને ધારાઓને તોડવાને માટે કરીઆછે."

એ મુજબનાં એક ફકરાથી, ઉપર જણાવેલાં નામનાં, હીનદોસતાંની ભાશામાં, અતરે છપાતાં એક નીઊસપેપર મધે, એક મુસલમાન લખનારે ટીકા કીધા બાદ, ફેબરવારી મહીનાની શરૂઆતમાં, મુંબઈની પોલીશનાં વડા અંમલદાર મી૦ સુટર આગલ, કેટલાક મુસલમાન ગહરસથોનું એક ડેપીયુટેશન ગયું હતું, જેઓએ આએ ચોપડીની નકલો વધારે ફેલાવવાથી તેઓને થતાં અપમાન વીશે જણાવીયું હતું. મી૦ સુટરે આથી એ ચોપડીના બનાવનારને બોલાવીઓ હતો. તેઆરે તે પારસી રસતંમજીએ કહીઊ હતું કે "કોઇનાંબી ધરંમને અપમાંન આપવાની મેં ધારણા રાખી નથી." એ ઉપરથી મી૦ સુટરે આએ ચોપડીઓનો નાશ કરવા માટે ભલામણ કીધી હતી, તે ભલાંમણ તે પારસીએ કબુલ રાખી હતી, અને તે પરમાણે જેટલી નકલો મલી આવી હતી તેટલી મી૦ સુટરનાં સવાધીનમાં આપવામાં આવી હતી. તેઆરે ડેપીયુટેશનમાં ગયલા ગહરસથોએ, મી૦ શુટરને જણાવીઊ હતું કે, આ અપમાન માટે જે ઊપાઓઓ લેવામાં આવીઆછે તે તેવો પોતાનાં જાતભાઈઓને જણાવીને, તેઓનાં ઊશકેરાએલા જોશ બેસાડી નાખવાની કોશેશ કરશે, અને એ કારણને માટે તા૦ ૧૨ મી ફેબરવારી સને ૧૮૭૪ ને દીને, મુસલમાનોની એક સભા, ભાંએખલા ખાતેનાં મહમદ ઇબરાહીમ મકબાના બંગલામાં મલી હતી, જે વેલાએ કાજી અબદુલ લતીફે એ સભામા, પોલીસ કમીશનરે લીધેલા ઊપાએ વીશે તેઓને જણાવીઊ હતું, અને તેણે પોતાનો વીચાર આપીઓ હતો કે, આએ ઊપાએથી તે અને તેના સાથીઓ શંતોશ પામીઆછે, અને આખી જમાત પણ પારસીઓ શાંમે કાંઇ પણ જોશો બતાવીઆ વગર સલાહ શંપજથી રહી ને, કાંઇ પણ બેકાએદાસરનું કામ નહી કરસે હેવો તે ભરોશો રાખેછે. વલી મી૦ કમરૂદીન તઇએબજીએબી તે પછી જણાવીઊ કે, એ ચોપડીના બનાવનાર સાંમે સરકારમાં ફરીઆદી માંડીતો, તે ફરીઆદીનું પરીણામ કેવુ નીપજશે તે કેહેવાઈ સકાતુ નથી. ઇસલામીઓનાં ધરમને કાંઇ પણ અપમાંન આપવાની ધારણા એ ચોપડીના પરવરતાવનારે રાખી નથી, એવું મી૦ કમરૂદીનનું મત હતું. અને તેઓએ વધારે એ જણાવીઊ હતું કે,

બે ટોળા વચે જે મીતરાચારી ચાલુ છે, તેમાં ખલલ નહી નાંખવાને જુદી જુદી જમાતે, પોતાનાં લોકોને શમજાવવું જોઇએછે. એ મુજબની બીજી કેટલીએક તકરાર થવા પછે એ શભા બરખાશત થઇ હતી.

આ ઊપરથી ધારવામા આવતું હતું કે પારસીઓની સાંમે જેબી જો શો ઊશકેરાએઓ હતો તે ડબી ગીઓ હશે પણ કેટલાએક લુટારૂ મતલબના સોબી અને આરબો આથી શંતોશ નહી પામીને, શુલેહની જાલવની કરનારા અને રઇએતની બેરખાહી ઇછનારા પારસીઓની શાંમે કીતનો લઇ ઊઠીઆ, અને તા૦ ૧૩ મી ફેબરવારીની શહવારના દશ કલાકથી મુશલમાનો, જુમા મસીદમાં એકઠા થવા માંડેઆ હતા, તેઓની શંખીઆ ૩૦૦૦) થી વધારેની હતી, અને તેઓમાનાં ઘણા ખરાઓનાં હાતોમાં ડંગોલાં અને સોટા હતા. એક વાગા પછી ખુબ જનુનમાં આવી દેવાંનાઓની મીસાલ બુંમ મારતા અને પોકારતા, આ લુટારાઓના ટોળાં મધેના કેટલાએકો મસીદ આગલથી સર જમશેદજી જીજીભાઇવાલા બાહેર કોટના મોહોલામાં ઊતરી પડેઆ હતા. અને રસતામાં જે પણ પારસી તેઓની નજરે પડતો હતો તેની ઊપર હોમલો કરીને લુટીને મારતા હતા. મી૦ ફરામજી ભીખાજી નામનો પારસી કાનસટેબલ એ જગોએ સમાધાંની જાલવવા સારૂ રહેલો હતો, તે અછી બાહદુરી અને બલતવારીથી એ લુટારાઓ મધેના કેટલાએકોની સાથે લડેઆ હતો, પણ સેવટે જખમી થાએઆથી, તથા પોતાના હરીફાની શંખીઆ અતી ઘણી વધારે જોએઆથી, પોતાના ઘેર મધે ભરાએઓ હતો. લુટારાઓએ તેહનાં બારણાં ભાજી નાખીને ઘેરની અંદર ધસારો કરીઓ હતો. અને મી૦ ફરામજીના શરીરને કેટલુંએક નુકસાંન કીધું હતું, અને બીજું વધારે નુકસાંન કરે તેટલાંતો પોલીસની મદદ આવી લાગી હતી. બીજા લફંગાઓએ સર જમશેદજી જીજીભાઇ બારોનેટની "એલાહી બાગ" નાંમની જગા લુટવાને સારૂ ધસારો કીધો હતો. એજ મકાનને લગતા મોટાં બબરચી ખાનામાં રાંધવાના જે વાશણો હતાં, તેમાનાં કેટલાંએકોને ભાંજી ફોડીને ફેકી દીધાં હતાં, તથા કેટલાંએક કીમતી વાંસણો અને બીજો અસબાબ ચોરી ગીઆ

હતા. પારસીઓના વધારે દીલ દુખાવનારો બનાવ એ બનીઓ હતો કે, અલાહી બાગને લગતી અગીઆરીની ઘણીએક પવીતર વસતુ અવાવ કરી હતી. અલાહીબાગનાં માલ ઉપર જે ફરનીચર હતું તે તથા અગીઆરીમાં જે એક કીમતી ઘડીઆલ હતું તે ભાંજીને તેનો શામન બાહેર ફેંકી દીધો હતો. અલાહી બાગની શાંમે આવેલાં એક ઘરમાં ડાકટર પેશતનજી મનચેરજી રેહતા હતા. એ ડાકટર પેશતનજીનાં દવાખાનાનો તદન નાશ કર્યો હતો અને એ બાદ ફ લુટારા મી૦ જીજીભાઈ ધંનજીભાઈ નામના ફક બીજા પારસીના માલ ઉપર ચહડી ગયા અને જરજેવર, હાંડી, જુમર, વાલશેડ, આરશીના ટકતા, ચોનાઈ પેટીઓ, ઓરતોની સારીઓ તથા પેહેરવાનાં કપડાંઓનો તદન નાશ કર્યો હતો, અને ચોરી ગીઆ હતા. ફ લુટારાઓનુ બીજુ ટોલું ધનજી ડુંગરી ઇસટરીટ અને શેક મેમન ઇસટરીટમાં મારફાર તથા લુટ કરવા ઉતરી પડીઉ હતું. ધંનજી ડુંગરી ઇશટરીટમાં આવેલા કપાવાલાની અગીઆરી ઉપર પથરનો વરશાદ એ લુટારાઓએ વરસાવીઓ હતો, જેથી ફરનીચર અને હાંડીઓ ભાંગી ગઈ હતી. કેટલાએક પારસીઓની દારૂની દુકાનો માહેલો દારૂ પીવા બાદ ગટરમાં ઘોરી નાખેઓ હતો, અને તેઓની દુકાનમાંનાં પીપો બાહેર કાહાડી નાખેઆં હતાં, તથા કબાટો અને બીજો શામન ભાંજી નાખેઓ હતો. એક ગોપાલ નામનાં હીનદુ સોનીની દુકાંનબી એજ લતા તરફ લુટી અને સુનાંના કેટલાએક દાગીના ચોરી ગીઆ હતા. તોફાન કરનારાઓમાં મુખીઅ સીદીઓ, આરબો, પઠાણો અને મેમાંનો હતા. આ તોફાન શરૂ થવા પછે બે કલાકે પોલીસ આવી હતી, અને મી૦ શુટરે તથા મી૦ એડજીંગટને અને બીજા કોનશટેબલોએ એ તોફાન બેસાડી દેવાને મેહેનત કીધી હતી. એક ઘરમાંથી આસરે પચાસથી, સાહાઠ સીદીઓને સાંમન ભાંજી નાખતાં પોલીસે પકડયા હતા. ફ લુટારાઓની તરીજી ટોલીફ ભોંડીબજાર ખાતે બમનજી મેરવાંનજીની અગીઆરી આગલ તોફાંન ઉઠાવીઉ હતું, અને તેમા દાખલ થઈને ઘણીએક પવીતર ચીજો અવાવ કરીને કેટલીએક કીમતી વશતુઓ ભાંજ ફોડ કરી ચોરી ગીઆ હતા. તથા એત

વાડી આગે પણ કેટલાએક મુસલમાંનોનાં એક ટોલાંએ દેખાવ દીધો હતો, પણ તીહાં એ લુચાઓ પ્રવેશ્યા નહી હતા, અને પારસીઓ એ તેવોને મોહોલામાં દાખલ થવા દીધા ન હતા. કોટમાં એવી બુમ ઊડી હતી કે પાંચસો મુસલમાંનો પારસીઓનાં મોહોલાઓમાં ઊતરી પડનારછે, જેથી તીહાંના પારસીઓ સોટા સાથ તઇઆર રહયા હતા, પણ તીહાં કોઈબી લુટારાઓએ દેખાવ દીધો ન હતો. આસરે એકસોથી વધારે તોફાંન કરનારા સીદી અને આરબોને પકડવામાં આવીઆ હતા, જેવોને બેરી ઘાલીને પહેરેજ કરવામાં આવીઆ છે. આસરે અઢાર જનને સર જમશેદજી હાસપીટલમાં લઇ જવામાં આવીઆ હતા, પાંચ સાત પારસીઓબી સખત જખમી થાએઆ હતા તેઓને હસપીટાલમાંજ લઇ ગીઆ હતા. એ સઘલી લુટ અને ચોરી અને મારામારીનો હોમલો તદંનજ અચબુચો અને જેઆરે તમામ પારસી મરદો પોતાને કામકાજે અને ચાકરી ધંનધે ગીઆ હતા, તેઆરેજ થએઓ, તેથીજ એ પીંડારાઓની ટોલકી, સેજસાજ ફાવી ગઇ હતી, અને મુંબઇની પોલીસને હસી અને હીનપસતીમાં નાંખી હતી.

ભાગ ૨ જો.

તા૦ ૧૩ મી ફેબરવારીએ મુંબઈમાં થાએલી લુટ, અને પારસીઓ ઊપર ગુજરેલી બેઈનસાફી અને જબરદસતીને લગતા અને તે ઊપરથી ઊપજતા વીચારો, તથા પારસીઓના પાદશાહો અને અંમલદારોની રાજનીતી અને ઈનસાફ અને દાદખાહીની ખુબી વીશે.

મુંબઇ જેવા શેહરમાં, આએ હીનપસતી ભરેલા ફીસાદનો વધારો અને ફેલાવો, પોલીસનાં વડા અંમલદારની અજાએબ જેવી સુસતી અને ગફલતીને લીધે, તથા એ શેહર મધેનાં ગવરનર "સર ફીલીપ ઉડહાઊસ" ની બેદરકારીને લીધે થએઓ હતો, તેમાં કસો શક નથી. જેઆરે ગામમાં લુટફાંટ અને કાપાકાપી ચાલુ થઇ ચુકી હતી, તોબી એ ગવરનરે જરા વધારે દાહાડા થોબવા અને પરેલનાં બંગલામાં આસાએશથી બેસી, તમાશો જોવા અને અજમાએશ મેલવવાની ખાહેશ બતાવી હતી, અને પારસીનાં સેઠીઆઓ તથા બીજા ગરહસથોએ અરજીઓ કરીને, તથા તેની મોલાકાતે જઇને મોહડે મોહડું સંમજાવીઊં હતું તોબી, લશકરની મદત મંગાવી એ ફીસાડને બેસાડી દેવા અથવા નરંમ પારવાલે તેણે આંનાંકાંની કીધી હતી. અંગરેજ સરકારના એક હાકંમ તરીકે અથવા એક રાજદરબારી મોટા અંમલદાર તરીકે, આગલી અંગરેજી તવારીખોનો અભીઆસ કરવાની, તથા જુદા જુદા જમાંનાંમાં અને જુદા જુદા દેશો ઉપર ગુજરી ગએલા બનાંવોની યાદદાશત રાખવાની, જો એ ગવરનરે પોતાની ખરી ફરજ મુજબ તજદી લીધી હતે તો, જે શરંમ ભરેલી ભુલ અને ડપકા લાએક ચાલ, તેણે આએ હીંગામ પર બતાવીછે, તેમ તે બતાવતે નહી, "જેમસ ધી ફરસટ" (James the First) નામનાં અંગરેજ

લોકોનાં એક આગલા પાદશાહે, એવા બનાવોની પુશકલ અજમાએશ લીધા બાદ, પોતાના વારેસ અથવા દીકરાને શીખાંમંણ દેતી વખતે, જે સખુંનો કહેઆ હતા, તે આપણાં હાલનાં ગવરનર, અને પોલીસનાં "કમીશનર"નાં ખુરા અભીઆશને લાએકછે, એટલુંજ નહી, પણ તે અતરે બનેલા બનાવ ઉપર બરોબર લાગુ પડતાછે--અને તેનો અસલ ફકરો નીચે મુજબનોછે, જે કદીમ જમાનાની અંગરેજી ભાશાની ઢપમાંજ અતરે દાખલ કરેઓછે.

" A tyrant will enter like a saint, till he find himself fast under foot, and then will suffer his unruly affections to burst forth.

Show the security of justice, which will settle the country and make them know that you can strike: this would be but for a time. If otherwise you show your clemency at the first, the offences would soon come to such heaps, and the contempt of you grow so great, that when you would fall to punish the number to be punished would exceed the innocent, and you would against your nature, be compelled then to wrack many, whom the chasetisement of few in the beginning might have preserved. In this, my own dear-bought experience may serve you for a different lesson. For I confess, where I thought (by being gracious at the beginning) to gain all men's heart to a loving and willing obedience, I by the contrary found the disorder of the country, and the loss of many thanks, to be all my reward."

અંગરેજોનો "જેમસ ધી ફરસટ" નામનો પાદશાહ, ગીઆં ૨૭૫) બરશોની વાતપર રાજ કરી ગીઓ હતો. એ રાજાએ અનેક પરકારનાં સંકટો પામીને, દુનીઆઇ કારોબારમાં તરેહવાર રીતની અજમાએશો સ

બવી હતી, અને વારે ઘરીએ, તે, પોતાના બેટાને, અથવા પોતાના તખ તનાં વારેસને, હરએક બાબત ઉપર, સારી સારી સીખાંમંણ દેતો હતો. ઉપલો અંગરેજી ફકરો બી તેનીજ સીખાંમંણનોછે, અને તે પોતાના બેટાને એમ કહી ગીઓ• હતો કે—

(ઉપલા અંગરેજી ફકરાનો ગુજરાતી બોલાસો.)

"જેઆરે એક ઘણુંજ કઠંણ હઇઆંનો શખસ, રાજા અથવા હાકંમ થાએછે, તેઆરે શરૂઆતમાં તો તે, ગોઆ એક ખરા સાધુ અથવા પહરેજગારની મીસાલે, ઘણીજ નમંતાઈ અને ભલમંનસાઇ બતાવેછે, પણ એવી તેની ચાલથી, જેઆરે તે પોતાને બીજાઓનાં પગ અથવા કદંમો હેઠલ કચરાતો જોએછે, તેઆરે તે એકદંમ જોશપર આવી, પોતાનો જાતી ખવાસ દેખાડેછે, અને પછી તે "ધરેઓ ધરાતો નથી."

"એ બેટા, રાજનો કારોબાર ચલાવતી વખતે, ખરા ઇનસાફની જબરદસતી અથવા જોર, તરત કામે લગાડતો રેહજે, સબબ કે ઇનસાફનો દસત કામે લગાડેઆથીજ, ગામમાં સહલા સંપજ સચવાસે, અને તાંહાંનાં રેહવાસીઓનીબી ખાતરી થાસે કે, ઇનસાફને અંમલમાં લાવવાને, ઇઆને ખરા તકસીરવારોને તરત સજાએ પોહચાડીને, સહલા જાલવવાને તું સકતીવાંનછે, પણ ધબરાટ અથવા ફીસાદની વખતે, જો તું શરૂઆતમાંજ ઢીલી દોરી અથવા માંએઆ--મેહરબાંની ભરેલી નીશાંન દેખાડસે તો, ફીસાદ કરનારાઓનાં ગુનાહા એટલા બધા વધી પડસે, અને તાહરી સતા એટલી હલકી અને ધીકાર ભરેલી થઇ પડસે કે, સેવટે જેઆરે તું ખરા તકસીરવારોને સજા કરવા સારૂ તાહરા હાતો લંબાવસે, તેઆરે બીનતકસીરનાં શખસોની સંખીઆ કરતાંને, ખરા તકસીરવારોની સંખીઆ વધી પડસે, અને એવે વખતે, તુંને તાહરી અસલ ધારણાંથી ઉલટું જઇને, થોરા શખસોનેજ સજા કરી, શરૂઆતમાં ફીસાદ બેસાડી દેવાને બદલે, ઘુશકલ શખસોની ખરાબી તુહુને કરવી પડસે. એ બાબતમાં, મહને માહરી ખુદ અજમાએશથી મલેલા ધડાનો ફાએદો લેવાને હું તુંને કહું છઉં (ઇઆને "જેમસ" પાદશાહ પોતાના દીકરાને કેહેછે, કે એવા ફીસાદના હીંગામો વર, ખરા ફીસાદખોરાઓને તરત સજા કરવાને, મેં ઢીલ કીધી હતી,

અને માએઆ ખાત્રી હતી, તેથી મહને પાછલથી ઘણાં દુખો અને સંક
ટો ખમવાં પડ્યાં હતાં, વાસતે તું જેઆરે પાદશાહ થાએ તેઆરે તેમ
કરતો રખે.) સબબ કે--હું ખોલલી રીતે એવું કબુલ કરૂંચ કે, માહરી ર
ઇએત મધેના કોઇ શખસો જેઆરે ફસાદ કરતા, તેઆરે તેઓનો માહરી
તરફનો પેઆર અને તાબેદારી જાલવી રાખવાની ખાહેશથી, શરૂઆતમાં
જ, હું તેઓને સખત સજાએ પોંહચાડવાને ચાહતો નહી હતો, અને તે
ઓની તરફ મેહરબાંની ભરેલી નજરથી જોતો હતો, પણ તેઆરે ઉલટી
જ રીતે, હું જોતો હતો કે, ફસાદ નરંમ પડ્યાને બદલે, તે ગામમા વ
ધારે ફેલાતો હતો, અને માહરી ધારણાં મુજબ રઇએતનો જસ અને પે
આર મેલવવાને બદલે, ઓર **અપજસ** અને **બદનામી** હાંસલ કરતો હતો."

અતરેનો દરએક દાનાવ વાંચનાર જોસે કે, "જેમસ ધી ફરસટ"નાં
ઉપલા સખુંનોની ખરેખરી મતલબ, હાલના આપરા ગવરનર "સર ફીલી
પ ઊડહાઊસ"ની ચાલ ચલંણ ઉપર બરોબર રીતે લાગુ પડેછે. શરૂઆ
તમાં એ ગરહસથ, જેઆરે મુંબઇનો ગવરનર થએઓ તેઆરે, તેનાં પો
તાનાં, તેમજ તેને વીશે, અતરેની પરજાના કેટલાએક હોંશદાર ભાગનાં
વીચારો, હાલનાં કરતાંને, તદંનજ જુદી રીતનાં હતા. પણ જેમ જેમ વ
ખત વેહતો ગીઓ, અને અરસપરસનાં કારોબારની અજમાએશ મલતી
ગઇ, તેમ તેમ એ ગવરનરના ખવાસો ઊઘાડા પડતા અને અકારા ગણા
તા ચાલેઆ, અને તે ઉપરથી હમો મોટી દલગીરી સાથે આએ જોગવા
ઇએ જણાવીએછે કે, એ ગવરનરનાં કેટલાએક **ખુશામતીઆ** સીવાએ,
આજે કોઇબી આપઅખતીઆર અને સચાઇને ચાહનારો શખસ, તેની
રાજદરબારી કામોની સમજ અને સકતી વીશે, સારા વીચારો જણાવાને
હીંમત કરી શકસે નહી. મુસલમાનોનાં હાલના ફસાદની વખતે, તેની સ
મજ સકતીનાં નમુનાં વધારે ખોલલી રીતે જાહેરમાં આવેઆછે, અને તે
ઉપર લગભગ આખા હીનદોસતાનના કાબેલ શખસોએ, અને વરતમાંન
પતરોના અધીપતીઓએ, હસી--મશકેરી અને ધીકાર ભરેલા ટીકાઓ કી
ધાછે, જેની અગત જોગી નોંધ આએ પુસતકનાં પાછલા ભાગમાં જોએ
આમાં આવસે, અને એ નોંધ એટલાજ કીજે હમોએ આએ પુસતકમાં

લીધાછે કે, હવે પછેનાં જમાનાંનાં વાંચનારાઓનાં મંનમાં એ બનાવની યાદગારી સચવાએલી રેહે.

હમારો વીચાર એવોછે કે, દરએક રાજદારી અંમલદારે, આગલા તેમજ હાલનાં જમાનાંની તવારીખોનો અભિઆશ પકી રીતે કરી રાખવો જોઇએ, ઇઆને એવા અભિઆશ વાલા અને શાએશતે મીજાજ અને પરોપકારી દીલનાં ગરહસથોનેજ રાજદરબારી અંમલદારો બનાવવા જોઇએ, કે હરએક મુશકેલની વખતે, તેના તાએબાની રઇએતમાં, તે પોતાનુ ડાહપણ અને અજમાશ એકદમ કામે લગાડીને, ફેસાદ અને ઘબરાટને નાબુદ કરે. નહી કે હાલના આપરા ગવરનરની પઠે, જેઆરે બરેબરીજ મુશકેલી અને મારામારીનુ વાદલ આવી પડે—તેઆરે "અજમાએશ મેલવવા સારૂ" દુર બેસીને તમાશો જોએઆ કરે. કાંએકે એ ગવરનર અને તેની પોલીસની ચોકસીને ભરોસે, જેઆરે પારસીઓના જાંન-માલ-અને ઘરબારોની ખરાબી થઇ ચુકી હતી, તેઆરે એ નામદાર ગવરનર સાહેબ, પોતેજ પોતાના ભાશાંનમાં બોલલી રીતે એમ બોલેઆ હતા કે—

"I am anxious that it should be known that the government is by no means indifferent to the character and feelings of the various classes of communities in this city, or the sufferings and losses of life and property which have been sustained. *I confess I needed some experience* of the actual course of events which have been going on before arriving at a clear decision as to the powers of government in dealing with this state of things."

હાલ જમાનાંની અંગરેજ સરકારનાં અંમલદારોની નબલાઇ અને અંધેર, તથા ઇનસાફ અને ચોકસાઇનો મુકાબલો, **ગીઆં હજારો વરશ પર થઈ ગએલા પારસીઓનાં પાદશાહો**ના જમાનાંનાં ઇનસાફ અને રાજનીતીની સાથે, જેઆરે હમો કરીએછે, તેઆરે હમારા પારસી ભાઇઓને મુબારકબાદી આપવાનો મોટો સબબ હમોને મલેછે કે, રાજદરબારી કારોબારો ચલાવવાનાં કાએદા કાનુનો, અને ખરાં ડાપંણ અને વાજ

બી દરીઆપતનો જંહરોબી, અસલી ઇરાંની પાદશાહોનાં અંમલથીજ, અને મુલકોથીજ, વેહતો--વેહતો ગોઆ, બીજા દેશોમાં ફુલાએઓ હતો, બલકે તે વખતની કેટલીએક ઇનસાફની રીતી, આજના વખતનાં ઈનસાફથી, વધારે સરસ અને અસરકારક હતી. રઇએતનો સંભાલ અને દેશની આબાદાની કરવા સારૂ, તથા રઇએતના એક નબલા, પણ વીશવાસુ અને સારી આબરૂ વાલા ટોલાના લોકોને, બીજા લુચા અને કોરગા લોકોના ટોલાથી ખુબ તપાસથી સાચવી અને નીભાવી રાખવા જોઇએ, તે વીશે, તથા બીજી અગતની બાબતો વીશે, **આગલા ઈરાંની પારસી પાદશાહોના** વીચારો, અને એખલાકો અને બંદોબસતો કેવા માઅકુલ હતા, તે વીશેનો નમુનો દેખાડવા, એક નાંમીચી તવારીખ મધેથી, આએ અંગરેજી ફકરો અતરે ટાંકીએછે:--

"Josephus says that thc kings of Persia use to administer justice in their own persons. For this reason they never ascended the throne till they had been instructed by the magi, in the principles of justice and equity."

"What is that justice which God hath entrusted to the hands of monarchs? And wherefore hath he made them his delegates? the poet says:—

"Order is Heavens first law and this, confessed,
Some are, and must be greater than the rest;
More rich, more wise."

"To this end kings reign, that order may be preserved in a state. And this order consists in observing a general equity, and taking care that brute force does not usurp the place of law; that the property of one man should not be exposed to the violence of another, that the union of society be not broken, that artifice and fraud do not prevail over innocence and simplisity, that society should rest in peace

under the protection of laws, and that the weakest and poorest should find a sanctuary in the public authority.,,

(ઊપલા અંગરેજી ફકરાનો ગુજરાતીમાં ખોલાસો.)

"જોસીફસ નામનો નામીચો તવારીખ કરતા એવું જણાવી ગીઓ છે કે, ઇરાંન દેશનાં પાદશાહો પોતાની રઇએતનો ઇનસાફ અને દાદખાહી પોતેજ કરતા હતા, અને એટલા સીજે દરએક તખતના વારેશને ઇનસાફ અને દાદખાહી બાબેનાં ધારા અને રીતભાંતનો પકો અભીઆશ દાનાવ અને દસતુર લોકો અસ્તકથી કરવો પડતો હતો, અને જાંહાં શુધી એ બાબે પુરતી માહીતગારી નહી બતાવતો હતો તાંહાં શુધી તેને તાજ તખત આપતા નહી હતા."

"રાજાઓ, અથવા "ગવરનરો" નાં હાતોમાં, ખોદાતાલાએ, જે ઇનસાફ અને દાદખાહીની લગામ સોંફેલીછે, તે સું ચીજછે? અને ખોદાતાલાએ એજ લોકોને સું કરવા પોતાનાં વકીલો તરીકે મુકરર કીધાછે? એના જવાબમાં એક નામીચો શાએર કેહછે કે—

"ખોદાતાલાનો સઊથી પેહલલો ધારો, તે હરએક જાતની વસ્તુઓ—તથા પરાંણીઓમાં, સહલા સંપજ ભરેલા બંદોબસતો રાખવાનોછે, અને જેઆરે તેનો ધારો અથવા હોકંમ એવોજછે, એવું આપરે કબુલજ રાખીએ, તેઆરે આપરે જોઇએછે કે, આએ દુનીઆંમાં, બીજાઓ કરતાંને, કેટલાએકો, વધારે મોટાઇનો દરજો ધરાવેછે, તેમ ધરાવવોજ જોઇએ, વલી કેટલાએકો બીજાઓનાં કરતાં, વધારે પઇસાવારા, અને વધારે ડાહપંણ વાલાછે, અને એવી ચહડતી—ઉતરતીખી રેહવીજ જોઇએ."

"એજ મતલબ સીજે "ગવરનરો" અથવા રાજાઓને રાજનો કારોબાર સોંપેઆમાં આવેછે કે તેઓ, પોતાના મુલકોમાં સહલા સંપજ જાલવી રાખે. પણ એ સહલા સંપજ જાલવી રાખવા સારૂ, ખરા ઇનસાફ અને દાદખાહીને કામે લગાડવી જોઇએછે, અને ખુબ સંભાલ રાખવી જોઇએછે કે, કોઇ શખસો, પોતાનાં તંન બલથી અથવા જબરદસતીથી, એ ધારાને તોડવામાં ફાવી નહી સકે, તથા એક નબળાં માંણશની માલ-

મીલકત, બીજા ખંધા શખસનાં હાતથી બરબાદ નહી થાએ, તથા એક મંડલી અથવા એક ટોલાનાં લોકોનાં સુખ-સંપને ખલલ નહી પોંહચે, તથા સાદા અને ભલમંનસાઇ ભરેલા લોકો ઉપર, ફરેબબાજો—અને મકરખોરો ફાવી નહી જાએ, તથા દેશના ધારાના આસરા હેઠલ, રઇઅતનાં ટોલાં રાહત અને આરામમાં રેહે, અને સઉથી નબલાઓ—તથા સઉથી ગરીબ લોકોબી, સરકારની દાદખાહીથી એક સરખી રીતની નીરભએ ભરેલી પનાહ ભોગવે."

હવે દાનાવ વાંચનારાઓ, તેમજ અતરેનો ગવરનર અને તેની પોલીસનો વડો અંમલદાર, ઉપલા ફકરાપરથી જોસે કે, જે ચીજોનો સંભાલ કરવાને તથા જેવી રીતની દાદખાહી કરવાને, ગીઆં હજારો વરસોપરનાં **ઈરાંની પારસી પાદશાહો અને અંમલદારો**, પોતાની ખરી ફરજ સમજતા હતા, તેવી રીતની દાદખાહી અને ઇનસાફ, આએ તેવોના મત મુજબનાં સુધરેલા જમાનામાંબી, મલી સકતો નથી. બલકે એથી ઉલટો જ બનાવ એ અંમલદારોએ, આએ શેહરમાં બનવા દીધો. ધોરે દીસે માલ મીલકતો લુટાવા દીધી, સહલા સંપજનો ભંગ થવા દીધો, જહનુન અને જંગલીપણાંના જોરને, ધાસની ખુબી તોડવા પર અને નીરદોશોની નબલાઇ પર ફાવવા દીધું, ખંધા અને લુચાઓને, રાંક અને ભલમનસાઇ ભરેલા લોકો ઉપર જાસતી કરવા દીધી—ફરેબ અને મકર ભરેલાં ફીતુર અને ટંટાને ફેલાવા દીધો, પારસીઓનાં ધરમનાં અને પવીતર મકાંનોને અપવીતર અને બરબાદ થવા દીધાં, અને આએ શેહરની લગભગ આખી રઇઅતના આરામ અને રાહતને કેટલાએક દીવસો સુધી ખલલ અને ખરાબી થવા દીધી હતી. હવે એવી રીતે, જે અંમલદાર એક ભલી રઇએતની, ખરી દાદ ખાહી કરવા પર ગફલતા કરતો હતો, અથવા ખરા ઇનસાફની સતાને, પોતાના દીલની કોઇ મતલબ અથવા સવારથને સારૂ, ઊંધી વલવા દેતો હતો, તેવા અંમલદારને એ **પારસી લોકોનાં આગલા પાદશાહો**નાં અંમલમા કેવી સખત, પણ ચાંનક આપનારી અને દાખલો પકડવા જોગ, સજા થતી હતી, તે વીશે આગલી તવારીખનાં લેખની શાહદત આપીએછે. "હીરાડોટસ" (Herodotus)

નામનાં કદીમ જમાનાંનાં, નામીચા તવારીખ કરતાનાં આધાર ઉપરથી, આમ્મે નીચલો ફકરો ટાંકી દેખાડીએછે:—

"Delinquency on the part of judges was punished with extreme severity. Herodotus says that one of the royal judges having suffered himself to be corrupted by a bribe was condemned by Cambyses to be put to death without mercy, and to have his skin placed upon the seat of justice. He adds, what is most revolting, that the son succeeded his father in his seat."

(ઊપલા અંગરેજી ફકરાનો ગુજરાતીમાં ખોલાસો.)

"જો રઇએતની દાદખાહી કરવા સારૂ, અથવા તેઓને ઇનસાફ બખશવા સારૂ, કોઇ અંમલદાર અથવા નીઆધીસને, ઇરાંન દેશમાં પાદશાહની તરફથી મુકરર કરેઆમાં આવતો, અને જો તે અંમલદાર, કંઇ બી રીતની એંઆંનત કે તકસીર કરતો તો, તેહને તે ઇરાંનનાં પાદશાહ ઘણીજ સખત સજા કરતા હતા. "હીરોદોટસ" પોતાની કેતાબમાં એવું જણાંવી ગીઓછે કે, પાદશાહ કેખશરૂની પછેના જમાનાંનાં "કામબાઇસીસ" નામના ઇરાની પાદશાહનાં અંમલમાં એક વખત, ઇરાંન શેહરનાં ઇનસાફ કરનાર એક નીઆધીસે, કોઇની પાસેથી લાલચ લઇને ઉંધો ઇનસાફ કીધો હતો, તેની તકસીર તે ઉપર સાબેત થાઇ, તેજ વખત, તે પાદશાહે તેહને ગરદંન મરાવેઓ, અને તેના બદંનપરનુ ચાંમડું જુદું કહડાવીને, ઇનસાફ કરવાની દરબારની ખુરસીની ઉપર લટકાવીઉં, કે તે જોઇને બીજા ઇનસાફ કરનારાઓ આડે રસતે નહી ઉતરે. સેવટે કંમકમાટ ભરેલો બનાવ એવો બનેઓ હતો કે, કેટલીએક મુદત બાદ, પેલાજ નીઆધીસનો બેટો, તેજ દરબારનાં "જડજ" અથવા ઇનસાફ કરનારને ઓદ્ધે ચહડેઓ હતો, અને તેહને, પોતાના મરનાર બાપનુજ ચાંમડું ઇનસાફની ગાદી પર જોવું પડીઉં હતું."

ઉપર જણાવેઆ મુજબની ઘાટકી પણ ઇઆદગારી ભરેલી સજા, આજનાં જમાનાનાં ઇઅરોપીઅંન રાજવારાઓમાં નથી, તોબી એ રા

જવારાઓમાં, છાપાઓંનાંનાં હથીઆરનો મારો, એટલોતો સખત અને ઇઆદગારી ભરેલોછે કે, એક તકસીર કરનાર શખસ, પોતાની તકસીર મા ફ પોતાનાજ દેશનાં લોકમાં રૂસવા થઇ બેસતો નથી, પણ તેજી કલંમનાં પંખીઓની જેહરી ચાંચો, પેલા તકસીરવાર શખસનાં તંત–મંનતાં ખોટાં પીખીને, સેહજ વખતમાં, લગભગ આખી દુનીઆંનાં ભાગોપર વીખરી નાંખેછે, વાસતે આજનાં વખતની એ સજા, પેલાં બદંનનાં ચાંમડાં ઉ ખેડવાની કદીમ જમાંનાંની સજા કરતાં કંઇ ઓછી અસરકારક નથી. આ પણાં ગવરનર "સર ફીલીપ" અને આપણી પોલીસનાં અંમલદાર મી૦ સુટરે, રઇએતનો સંભાલ કરવા બાબેની પોતાની નોકરી અથવા ફરજ બજાવતાં જે તકસીર ભરેલી ચાલ ચલાવીછે, તેની સજામાં, હાલ તરત તો, મુંબઇનાં કીનારાથી તે આખી હીંનદોસતાંનનાં નાંકા સુધી—અને સે વટે છેક ઇંગલંડ દેશનાં ઝાંપા સુધી તેઓ બદનામ અને ફજેત થાઇ ચુ કાછે, અને એ કાંમ તે, એ છાપાનાં ચમતકારીક હથીઆરથી બનીઉંછે, તેમાં કંઇબી શક નથી.

ઉપર ટાંકેલા અંગરેજી ફકરાની મતલબથી કદાચ કોઇ વાંચનાર એ વું સંમજે કે, ઇરાંનનાં પાદશાહ પોતે એખલે હાતે ઇરાંન જેવા બોહલા અને માહભારત મુલકના લોકોનો ઇનસાફ અને દાદખાઊ કેમ કરી સકતા હતા, પણ એમ નથી, હજારો, ખરા પરમાંણીક, સારી આબરૂના, પાકી ઉમરના, અને દીન તથા દેશનાં એલંમ અને ધારાઓથી પુરતી રીતે વા કેફગાર શખસોને, તે પાદશાહો પોતે, નીઆધીસોનાં ઓધા પર ઠેરવતા હ તા, અને રઇએતની બરદાશત લેતા હતા, તથા કોઇ વખત પાદશાહને પો તાને લગતી વલગતી બાબદસરનો ઇનસાફબી એવા જડજો પાસેજ કરાવ તા. એ વીશે "જોસીફસ" (Josephus) નામનો અસલી ગરંથકાર ની ચે મુજબનાં સખુંનો લખી ગીઓછે:—

"Though the kings of Persia may in many instances have administered justice in their own persons, it cannot be supposed that in so mighty an empire they could sit in judgement on every case. Besides the king, there were, indeed, several judges,

all men of unblemished characters and skilful in the laws of the kingdom. These were called "royal judges," and they administered justice at stated times, in different provinces, some of these judges attended the king where-ever he sojourned. The king often advised with them, and in matters concerning himself, referred the whole to their judgment. They were nominated by the king, and, as the employment was for life, great care was taken to prefer only such as were famed for their integrity."

વલી "જેનોફંન" (Xenophon) નાંમનો બીજો ઇતીહાસી ગરંથકાર કહી ગીઓછે કે, ઇરાંનમાં ગવરનરો અને નીઆવીસોનાં ઓહોદા ઘણાંજ બુજરગ માંણસોને આપેઆમાં આવતા હતા, અને પચાસ વરસોની ઉમરની અંદરનાં શખસોને આપતા નહી હતા. એ વખતનાં ઇરાંની પારસી પાદશાહોનો એવો વીચાર હતો કે, જે અંમલદારોનાં હાતમાં, પોતાની રઇએતનાં જાંન—માલ—અને આબરૂ—હોરમતની લગાંમ સોંફીઆમાં આવે, તેવા અંમલદારો તે ઘણાજ પોંહચેલા અને પાકી ઉમરનાં હોવા જોઇએ. એ વીશેનાં એ ગરંથકારનાં સખુંનો નીચે મુજબનાછે:—

"The ordinary judges of Persia were taken out of the class of old men, into which none were admitted till the age of fifty years. A man, therefore, could not exercise the office of judge before that age, the Persians being of opinion that a fully matured mind was required in an employment, which decided upon the fortunes, reputations, and lives of the community."

પણ હમો મોટી દલગીરી સાથે જણાવીએછે કે, મુંબઇનો હાલનો ગવરનર, પચાસથીબી વધારે વરસોની બુજરગી ધરાંવનારોછે, તોબી હાલ આ ખા હીનદોસતાંનમાં એવી ફરીઆદ અને પોકારો ઉઠી રહેઓછે કે, રાજદરબારી કારોબાર ચલાવા સારૂ, તેનાંમાં ખરૂં જોહર, લાએકી અને અજમાશ નથી, સબબ કે, વેપાત ખાતેના વડા અંમલદારોએ, માંતર રાખ રખા

વત અથવા દોસતી અને સગપંણના હક ઇલાકાને લીધેજ તેહને ગવરનર બનાવી અંતરે મોકલી દીધો હતો.

(બેતો.)

એ "બરીટાનીઆ"! એ ઇનસાફદાર રાજ!
શુંમ થએઓ ઇનસાફ કુલ મુંબઇમાં આજ!
દાદખાહીની આસાનો થાએઓ કુલ ભંગ,
અંધેર રાજથી પારસી રઇએત થઇ બતંગ.
ઘોરે દીસે ચાલી લુટફાંટ બેશુમાર,
ઘોરે દીસે સાહુકાર ખાએ ચોર લોકથી માર.
બાજારો ને શેહરમાં લુટારાનોજ દોર,
દુખી થાએલી આઇ-બાઇ કરે ગંમ ને શોર.
ઘરબાર ને અસબાબો થાએઆ બરબાદ,
વેરાંન થએઆં આતશનાં મકાંનો પાક.
ઈજદી નુરપર ફાવેઓ એહરેમંન,
ગઇ તેનાં ગંમની આકાશ તક અગંન.
ઉડી કુલ હવા અને ખાકમાં ફરીઆદ,
પણ નહી મલે "પોલીસ" કે સરકારની દાદ.
નહી કોઇ અંમલદાર કે નહી કોઇ હાકંમ,
બદ વેરથી થાએઆતા બંદ તેમનાં દંમ.
જર-માલ-ને મીલકતની થઇ લુટાલુટ,
રાંક દીલનાં ઇનસાનમાં નહી રહી સુધ-બુધ.
કદીમ દીનનાં મકાંનો થાએઆં વેરાંન,
ઓએઆ કંઇએક નરોએ બેઆરા પરાંન.
જાહેલી ને ઝનુન-વઝીરી ગોતરફ,
અંગરેજોનો ઇનસાફ ડુબાએઓ અજબ.
દાદખાહી ખુદ ડુબાઇને ખીલેઓ જુલંમ,
અદલ રાજની ખુબી ને કીરતી થઇ કંમ.

બાબ ૩ જો.

તા૦ ૧૫ મી ફેબરવારીને દીને, ઘોબીતલાવ અને સુનાંપોરની ગલી આગલ પારસીઓ અને મુસલમાંનો વચે થાએલી મોટી મારામારી, અને મુસલમાંનો ઊપર પડેલા માર અને તેઓની ખુવારી વીશે.

તા૦ ૧૩ મી ફેબરવારીને સુકરવારને દીનેનાં ફેસાદનુ બેઆંન હમો ઉપર આપી ચુકાછે, તે બાદ તા૦ ૧૪ મીને દીને કંઇ જણાવા જોગ મારા મારી થઇ નહી હતી, તોબી બેતવાડી તરફ ખભરાટ વધારે ચાલેઓ હતો. સુકરવારને દીનેબી એજ જગોનાં ઘરબારોપર, તથા તાંહાંની અગીઆરી ઓ, અને "કામા બાગ" નામની ધરંમની જગાનાં બંગલા પર, હોમલા કરવાને સારૂ પુશકલ મુસલમાંનો, સીદીઓ, અને આરબોનુ ટોલું જમાવ થઇઊં હતું, પણ કેટલાએક ચુંનંનદા પારસી જવાંનોની, અને બીજા હીમતવાંન ઘેરધણીઓની દોડ પોંહચો વલેઆથી, પેલા લુટારાઓને મારી હઠાવેઆ હતા. પણ સનીવારને દીને, એ ફેસાદખોરાઓનુ આસરે ૨૦૦૦)થી વધારે માંણસોનુ ટોલું, એ લતા તરફનાં ઘેરવાડની ગલીને નાકે પાછું જમાવ થઇઊ હતું, અને તેઓનાં હાતોમાં પથરા, સોટા અને લાકડીઓ હતી. એવે સમે મુંબાઇની પોલીસનાં સીપાઇઓ અને કાનસ ટેબલો, તદંન અસકત અને નાહીમત થઇ પડેઆ હતા, પણ એ લતાનાં પારસીઓ પોતાનાં જાંન, માલ અને માંનની સલાંમતીને ખાતર, ખુબ જોશપર આવીને, હાતોમાં ઘટતાં હથીઆરો, સોટાઓ, અને ડાંગો લઇને, પુર હીમત અને ઉલટથી, સફબંદ ઉભા હતા, અને પેલા હીચકારા લુટારાઓને પોતાનાં મકાંનો આગલ આવવાની રાહ જોતા હતા. કેટલોએક વાર સુધી બેઊ તરફ વારાઓમાં, એક બીજા ઉપર ધુરકા—ધુરકી ચાલુ ર

હી, અને એ હીગાંમ પર, મી૦ આસટીન—તથા મી૦ પરાઇસ નામનાં બે કાનસટેબલો, અને કેટલાએક સીપાઇઓ, પારસી લોકોની બોરડુમાં ઉભા રહીને, તમાશો જોએઆ કરતા હતા, સેવટે થોડાએક મુસલમાંનોનુ ટોલું, બીજી ગલીને રસતેથી, પારસી લોકોની પીઠે આવીજ, અને પેલા બીજા બાકીનાં મુસલમાંનો, સાંમણી બાજુએથી ધસારો કરી ગીઆ હતા, તેથી મારફાર શરૂ થઇ હતી, પણ તેવામાં પોલીસનાં બીજાં માણસોની ફોજ આવી પોંહતી, તેજ વખત પારસીઓએ અને પોલીસના માણસોએ સખ્ત હોમલો કીધો, તેમાં પુશકલ મુસલમાંનો જખમી થાઇ નાહાસી ગીઆ, અને ઘણાએકો કેદ પકડાએઆ હતા.

તા૦ ૧૫ મી ફેબરવારીને રવીવારને દીને, ઘણી સખત મારામારી થઇ હતી. એ દંને આસરે ૫૦૦) મુસલમાંનો, એક મુરડું લઇને, શોનાપુર આગલ ડાટવા લાવતા હતા, અને રસતામાં તેઓએ ભુલેશવર આગલ બે પારસીઓને મારીઆ હતા, જેથી તે પારસીઓને હીંદુઓનાં દેહેડામાં ભરાઇ જવું પડયું હતું. આ ખબર તરતજ ધોબી તલાવ અને ચંદન વાડી ખાતે પોંહચી ગઇ હતી, અને તેથી, એ લતાઓ તરફનાં પારસીઓને પોતાનાં બચાવ માટે તઇઆર રેહેવાની અને આતશબેહેરામ આગલ સરવે પાંતીની હુશીઆરી રાખવાની જરૂર પડી હતી. આ દીવશ આઇતવારનો હોવાથી અને એ દીવશે ધંધાદાર પારસીઓને છુટી હોવાથી, ઘણા ખરા પોતાનાં બચાવ માટે તઇઆર થઇ ઊભા હતા. કબરસતાન આગલ મુરડું આવીઆ પછી, શોનાપોરની ગલી આગલ અને હધરી આગલ આવેલા પારસીઓનાં ઘરો ઊપર, સીદીઓએ પથરનો મારો ચલાવીઓ હતો. પણ સોનાપોરની ગલીને નાંકે આવીઆ પછી, પારસીઓ અને મુસલમાંનો સાંમાંસાંમી થયા હતા. સીદીઓએ આતશબેરાંમ આગલથી જવા માંગીજ હતું, અને શુપરીનટેનડંટ મીલસ જે પેલાં મુરદાં સાથે પોલીસનાં બાર સીપાઇ લઇને આવેઓ હતો તે પેલા સીદીઓને તીહાંથી જવા દેતો હતો, પણ પારસીઓએ આતશબેહેરાંમ આગલથી નહી જવા દેવાની હટ કીધી તેથી બેઊ બાજુ વચે જબરી મારામારી ચાલી હતી, અને આસરે ચેઆલીસ સીદીઓ ઘાયલ થયા હતા. પારસીઓએ

શુક્રવારનો ફાનો પુરે પુરો લીધો હતો. હઇઆંથી આ સીદીઓ નાહા સેલા દાદી શેઠનાં આતશબેરાંમ આગલ ઊતરી પડયા હતા, અને તેઓ માંના ઘણાંકો ફનશવાડીમાંથી નાહાસી ગયા હતા. દાદી શેઠનાં આતશબે રાંમ આગલ મી૦ એડજીંગટને અને બીજા પોલીશ અમલદારોએ, મુ સલમાંનોને વીખરી નાખવાના ઊપાએ લીધા હતા, તથા ઘણાએકોને કેદ પકડેઆ હતા. મી૦ એડજીંગટનની આ વેલાની મેહેનત અને બાહાદુ રી જબરી હતી. કેટલાએક સીદીઓ એક ગલીમાં ઘેરાઇ જવાથી સ જર ખસી પડેઆ હતા, તેથી જીવપર આવી છાપડાંઓ ઊપર અને ગલી ગુચી ઓમાં ભરાયા હતા. આસરે પચાસ સીદીઓને પકડીને મજગાંમ પોલીસમાં મોકલવામાં આવીઆ હતા. એ લતાનાં પારસીઓમાં મી૦ એડજીંગટનની બા હાદુરી માટે બહુ વાહાવા થઇ રહી હતી. એ દંને પેહેલ વેહેલી છેડતી કોણે સ લગાવી તે બાબે, પોલીસ એવું જણાવેછે કે મુસલમાનો સુરકું કાઢીને ચા લી જતે, પણ કેટલાએક પારસીઓએ છેડતી સોની, મારામારી કરવા નીકલીઆ હતા. મી૦ શુટર પણ આ બોલવાને ટેકો આપેછે, પણ પાર સીઓ જણાવેછે કે, મી૦ શુટર તેવોની શાંમે વેરભાવ રાખેછે. મુસલમાં નો જે સુરકું લાવીઆ હતા, તેની સાથે તેઓ સોટા અને બીજાં હથીઆ રોબી લાવેઆ હતા, આ ઊપરથી તેઓની મતલબ, કેવી હોવી જોઇએ તે આપો આપ માલમ પડી આવેછે.

મી૦ સુટર એ દંને ઘણાજ ગુસાથી આખા પારસી ટોલાને કઠણુ સબદો, કેટલાએક આબરૂદાર પારસી ગરહસથોની હજુર, બોલીઓ હતો. શેઠ બેરાંમજી દાદાભાઈ રેજીસટરાર, જેવણ વોબી તલાવ આગલ ડુકર બ જારની સાંમે રહેછે, તેવણનાં ઘર આગલથી, જતાં મી૦ સુટર ઘણાએક હુલરાઇ ભરેલા સબુંનો બાંડેઓ હતો. એ દંને ચોવીસ માણસોને સ ર જમશેદજી હાસ્પીટલમાં મરતતોલ હાલતમાં લઇ જવામાં આવીઆ હ તાં, જેઓમાનાં છ પારસીઓ હતા. બે મુસલમાંનોતો, એ દંને સાંજ નાજ મરણ પાંમેઆ હતા. એ બાદ બીજા ઘણાં સીદીઓ અને મુસલ માંનો મુઆ હતા.

એ લડાઇમાં, મુસલમાનોના એવા બુરા હાલ થએઆ હતા, તે સા થે મુસલમાંનોજ પકડાઇને પોલીસની ચોકીમાં કેદ પડેઆ હતા, અને કો ઇબી પારસી પકડાએઓ નહી હતો, તેથી મુસલમાંનોમાં, અતીસે ઘબરા ટ અને બજવાટ ચાલેઓ હતો, અને તેઓએ એક પીતીશંન, આપણાં ગવરનર "**સર ફીલીપ**" ઉપર કીધું હતું, તેમાબી, પારસીઓ નહી પક ડાવાની, તથા પારસીઓ સહલા કરતા નથી, તે બાબેની ફરીઆદ ગુજારી હ તી, તેથી એ ગવરનરે, કેટલાએક પારસી સેઠીઆઓને, પોતાની મોલાકાતે બોલાવેઆ હતા, અને મુસલમાંનો સાથેનો ફેસાદ અને મારામારી માંડી વાલવાની ભલાંમણ કીધી હતી, તે વખતે એ ગવરનર જરા તાણમાં આ વી એવુંબી બોલેઓ હતો કેઃ—

"How comes it that the heads of so many Musulmen were broken and yet no Parsee was arrested? Do you think the Musulmen broke one another's skulls"?

ઉપલા અંગરેજી ફકરાનો અરથ એવો થાએછે કે—ગવરનરે, આપરા પારસી શેઠીઆઓને પુછીઉં કે, આટલા બધા મુસલમાંનોનાં હારકાં ભાગાં અને માંથાં મગજો ફાંટાં, તોબી એકબી પારસી પકડાઇને ચોકીમાં ગી ઓ નથી, એ કેમ બનીઉં? સું તમે એવું ધારોચ કે મુસલમાંનોએ પો તેજ એક બીજાંનાં માંથાં ફારેઆં હતાં?

એ સવાલનો, ગવરનર આગલ ગએલા પારસી સેઠીઆઓએ કેવો જવાબ આપેઓ હતો, તે કંઇ જણાઇઉં નથી, પણ હમારા વીચાર મુજ બ, એવો બે સમજ ભરેલો સવાલ કરવામાજ એ ગરવનરે પોતાની બી જી ભુલો સાથે, એક નવી ભુલનો વધારો કીધો હતો. સરકારનાં અંધે ર કારોબારને લીધે, બે દાહાડા આગમજની વાત પર બીજા લતા તરફનાં પારસીઓનાં ઘરબારો લુટાએઆં હતાં, તથા ધરંમનાં મકાંનો બરબાદ થા એઆં હતાં, તે બેદાદીના ગંમનુ લોહી, પારસીઓની છાટી ઉપર પુર જો રથી ઉકલતું હતું, તેવામાં વલી બીજી લુટારી ટોલી, મુરડાં ડાટવાને બાં હાંને, હથીઆર બંદ થઇને, ચોભીતલાવ અને સુનાંપોરનાં રસતા ઉપર આ

વી હતી, તેઓનાં ફેસાદ અને લુટફાંટનો અટકાવ કરવાને ઊચકારી પોલીસની ફોજ તદંન અસક્ત હતી, ત્યારે પારસીઓએ, પોતાના જાન-માલ-ને મકાંનોનો સંભાલ કરવાનાં ઉપાએ, પોતેજ પોતાને હાતે કીધા હતા, એમાં કોઇબી સુધા અને પરમાંણીક અંગરેજ અંમલદારથી વાંધો લેવાઈ સકાએજ નહી.

ચંદંનવાડી આગલની ઊપર જણાવેલી લડાઈ વીશે.

(બેતો.)

શાબાશ છે શાબાશ, ભાઇ શાબાશ-શાબાશ,
કે તારીખ પંદરમી, ફેબરવારી માસ.
ની રેહસે તવારીખનાં સફા પર ઇઆદ,
કે "ચંદંનવાડી" પરનાં પારસી નેક જાદ.
દીનનાં પાક કેબલા-ને જાંન-ને મકાંન,
નાં બંચાવમાં પડેઆ હીમતથી મેદાંન.
બાંધી ખુબ તદબીરથી જંગ પર કંમર,
કેઆંની લોહી ઇરાંનનુ આઇઊ જોશ પર.
મચાવી ઓ તરફ હર રીતની ધુંમધાંમ,
વધીઊ આગલ દીન-દેશનાં કીનાંનુ કાંમ.
ફેસાદીઆની આવી મુરડાં સાથે ફોજ,
ખુંની આંખનાં મેમાંન, મસતાંન સીદી લોક.
ઊઠેઆ જંગના આવાજ-ને કીનાંની ખુંમ,
પારસી લોકનાં શોહરો-ને જુંમબેશ ને ધુંમ.
ધરાધર-તરાતર-ને અફાડ-ને જીહીક,
સીદીઓની દોરધાંમ-ને સોટાની બીહીક.
ધપાધપ-ભમાભંમ-ને કાપ અને વાહાર,
કોઇ બોલે મુઓ, કોઇ બાંધ, ને કોઇ માર.

ભોકવું-ને રોકવું-ને ચીશ-અને ચીર,
માર-ધાર-ને મોહતની-મચ્યો ભીરાભીર,
ન સુધી-ન બુધી-ન પરીત-કે ન મેહર,
ચો તરફથી દીસતી જંગનીજ આગ ને કેહર.
ન સીદી જોએ સીપાઇ—ન પારસી, મેમાંન,
જોશથીજ કરતા તેઓ એક બીજાને ગ્યાંન.
ન જુવાન જોએ બુઘો, ન બુઘો જુવાંન,
જખ્મોથીજ થતી તંન-જાંનની મોહકાંન.
જખમી પડેઆ રસતામાં તાંહાં ઠારે-હાર,
વેહતી સીહા તંનમાંથી લાલ લોહીની ધાર.
હર તરફથી સંભલાએ રડંન ને વધંન,
આવી પોંહતો તેટલાં બાહદુર "એજીંગટંન"
કીધો હોમલો તેણે સીદી લોકની ગંમ,
પડેઓ તે સવાર સાથ--તે લોક પર એકદંમ.
લડાઇને દીવસે-એ બાહદુર સરદાર,
સોટા ને ડાંગ-ને પીસટોલ-ને તલવાર.
થી ફાડેઆં ને ભાંજેઆં-ને વીંધેઆં-વાઢેઆં,
સીદી લોકનાં તંનો-ને સર-ને મોહડાં.
શીકશત આપી બાંધેઆ કંઇએકાને ટાટ,
અસક્ત થાએઆ, તેમનાં કુલ પગો ને હાત.
નાહઠા તાંહાંથી કંઇએક જીવ લઇને શેતાબ,
પડી તેમ પર પીસટોલની નેંમો આબાદ.
ફું-ફું-કરતી ગોલી વીંધે સીદી સીહા,
કોઇતો કુંટ કપાર-કોઇ ઓસે તોબાહ.
કંઇએક નાહાસી છુપેઆ તબીલા અંદર,
કોઇ સંધાસની સેરી,-કોઇ ઘર-કોઇ ગટર;
સીહા ઊંડર પેરે ધસડી કાહડેઆ બાહાર,
પછાડેઆ હર ખુંને-અને ઠારે-હાર.

જાલમીનુ આઇઉં-ખુદ જીઆંનમાંજ સેવટ,
ભલું નહી જોએ તે લોક-જેની નીશતા બદ.
"સુટર" આએઓ દુરથી બજવાટ ભરેઓ પુર,
નહી હતું તેનાં મોહ પર અંન-પાંન કે નુર.
ઓલીઉ તું ગફલતીથી તેણે ખુદ પત,
હતું તેનાં દીલમાં પારસી પર કપટ.
હીલવી તેણે ગુસાથી-જેહરી જબાંન,
મુંકીઉ પારસી લોક પર છેડતીનુ તોહતાંન.
દીધો તેમને બદ દીલથી બુરો સરાપ,
ઉપકાર તેમનાં વીશરી-કીધું જખુંન પાપ.
મીજાજ ગોરો "સુટર"-સ્વભાવનો પાજી,
પોતાનીજ ભુલ છતાં—કીધી પતરાજી.
વીસરેઓ ખુદ ફરજ ને ઓધાનુ માંન,
ગલીચ સખુંન બોલવા પર ઓલી જબાંન.
"કે જેહાંનંમમાં જાજો-પારસી લોક તમામ,"
"કે જગાડીઉ આજનાં આએ તોફાંન નુ કામ."
"ખુદ મારગ સર જાતા તા કુલ મુસલમાંન,"
"પણ તમેજ ઉશકેરીઉ આએ ભારી તોફાંન."
ફરેઓ તેજ વખત એક જરતોશતી બાહાર,
મોટા ઓધાવારો-લાએક "રેજીસતરાર."
બોલલા કીધા લબો-ને બોલેઓ સખુંન,
"પણ સાહેબ એક પારસીનુ થઇઉંચ હાં ખુંન."
બોલેઓ તેઆરે "સુટર" એ રીતનાં કલામ,
"ખુશી થાઉં જો મારેઆ જાએ પારસી તમામ."
"લખસ હું ગવરનર પર-એહવો પતર,"
"કે બાહર મોકલે હાંથી સીપાઇ ને લશકર."
"નહી આપે પારસી લોકને કંઇબી મદત,"
લુટાવા દેએ તેમનાં જાંન-માલ-ને મીલકત.

મેદાંન આવીઓ તેજ વખત બીજો એક નર,
બદનથી કુલ નબલો-પણ જોરમંદ જીગર.
છાતીએ દંમીએલ—પણ જીભે દલીર,
મીજાજે કંઇક તાતો પણ ઝરપુ જેમ શીર.
"નો બોલ તું એવું—એ મીસતર સુટર,
મોટા બટાછે—એ કુલ પારસી ઉપર."
બોલીઓ "સુટર" તેઆરે કે તું થાએ છે કોણ?
"લેઆંનત ભરેઓ" મુરડાલ તંનનો એક જવાંન.
એટલું બોલી લીધી લાકડી હાત અંદર,
ઘોડો હાંકી લઇ ગીઓ ઘેરની શીડી પર.
ને ચાહીઉં કે મારે—તે પર એક ઝરબ,
પણ દોડી આવીઆ આસ પાસનાં પારસી તરત.
પાંમીઓ તેથી "સુટર"—પોતાની હાલત,
ઘોડો ફેરવી—તજેઓ ખુદ વીચાર ગલત.
ચુપચુપ બની ચાલીઓ તે રસતે સરીઆમ,
અગર નહી તો વચતે કડવાસ ભરીઉં કામ. †

---

† આતવારની મારામારીનુ જોર નરંમ પડેઆ બાદ, મીં સુટર ફ્રરતો ફરતો મીં બેહરામજી દાદાભાઇ રેજીસટરારના ઘર આગલથી જતો હતો, તેવામાં જેઆરે સઘલા પારસીઓ, પોતાના ઘેરોના ઓટલાઓ ઉપર બેસીને, પોતા ઉપર પડેલી આપત વીશે જોશથી વાતો કરતા હતા, તેયારે તેણે ઇઆને મીં સુટરે તેઓને કહ્યું "ડેમ" લેઆનતી પારસીઓ, તમોએ આ તોફાન જગાડીઉંછે, મુસલમાનો તદંન પોતાને મારગસર હતા, પણ તમોએ તોફાન ઉશકેરીઉં" તેઆરે મીં બેહરામજી દાદાભાઇ બોલીઆ કે—પણ સાહેબ હમારા એક પારસીને મારી નાખવામાં આવયોછે." "મીં સુટરે જવાબ દીધો કે—એ વાતથી હું ઘણો ખુશી છેઉ, અને "બધા પારસીઓને મારી નાંખેલા જોવાને હું ઇછું છેઉં, અને પારસીઓને મદદ નહી કરવાને હું ગવરનરને કેહવસ, તથા પોલીસના બધાં માણસોને હું ઉઠાડી મુંકસ." એવું સાંભલી મીં નાહાનાભાઇ રૂસતમજી રાંણીનાએ કહીઉં કે—"સાહેબ પારસીઓને માથે તમો ઘણો મોટા બટા મુંક્ર

બાબ ૪ થો.

પારસીઓની હાલની હાલત વીશે, તથા તેઓએ પોતાના જાંન-માલ અને મીલકતનાં બંચાવને માંટે, ઘટતાં હથીઆરો રાખવાની અગત તથા તેઓનો ઉપીઓગ કરવાને સી ખવું જોઈએ તે વીશે, તથા એહને લગતી બીજી બાબતો વીશે.

અસલી તવારીખનાં લેખો, વગર શકે, આપરી એવી ખાતરી કરી આપેછે કે, કદીમ ઇરાંનમાં, પારસીનાં ટોલાનાં લોકોને દલેર લોકનો ટોલો કરી કેહતા હતા. ઇઆને આગલા પારસીઓ, એટલા હીમતવાન, બડા એક, જોરાવર, અને કલા, હુનર વાલા હતા કે, ઇરાંન દેશને, "**જમીને દલીરાંન**"—તથા તેનાં પાદશાહને "**શાહે દલીરાંન**" તથા તેનાં લશક રનાં સરદારને "**પેહુલવાંને દલીરાંન**"નાં નામ અથવા ખેતાબથી તે જમાંનાંનાં, બીજા પાદશાહો અને દેશોનાં લોકો જાહેર રીતે લખતા તથા

છેઓ" મી૦ સુટર બોલેઓ, ("ડેમ") લીઆનતનો ભરેલો વલી તું કોણછે? સવાર એહને પકડ," અને પછે મી૦ સુટર પોતેબી લાકડી ઉઠાવી, ઓટલાની શીડી ઉપર ઘોડાને લઇ જઇ મી૦ નાનાભાઇને મારવા જ તો હતો, તેવામા બીજા પારસીઓ આગલ આવી પોંહતા, તેથી તે પોતાનો વીચાર ફેરવી, ઘોડાને હેઠે ઉતારી, ચાલી ગયો હતો.

આએ જોગવાઇએ હમારા વાંચનારાઓને હમો ઇઆદ આપીએછે કે, આએ સાથે તરણ વખત, એ તુંદ મીજાજનો અંમલદાર, ખરા ગરહસ્થ લોકોને, જાહેર રીતે અપમાન આપીને ફાવી ગીઓછે. પેહલી વખતમાં, સેઠ નશરવાંનજી રતંનજી તાતા નામના એક ભલા ગરહસથનાં, મી૦ જંમશેદજી નામના દીકરાને, ગીઆં આસરે આઠ વરસોની વાતપર, મેદાન મધેની એક જાહેર મીજલસમાં, મોટું અપમાંન આપીઉ હ

બોલતા હતા. નાંધલી વએથી તંન-મંનને કશવું, સચાઈને ચાહી—જુ ઠાઈને ધીકારવું, ઘોડા પર બેસવા સીખવું, તમામ હથીઆરોનો ઉપીઓગ કરી જાંણવો, હરએક સંકટની વખતે ધીરજ અને હીમત રાખવી, હીચ કારાપણાને ધીકારી, બાહદુરીને વખાંણવી, પોતાના દેશની મોટાઈને જાલ વી રાખવાની તથા પોતાના દેશી ભાઈઓનુ કલેઆંણ કરવાની કોશેશ કર વી, અને પોતાની દીનની રીત, રેવાજ તથા પોતાનાં વડવાઓનાં નામ-ઠાં મો સાચવવા પર જાંન ફેશાંની કરવી, તેમાંજ આગલા પારસીઓ ખરૂં માં ન અને મોટાઈ સમજતા હતા.

એ બાબે "પલેટો" (Plato) તથા "સતરાબો" (Strabo) તથા "હીરાડોટસ" (Herodotus) અને બીજા કદીમ જમાંનાંનાં તવારીખ કરતાઓ નીચે મુજબના સારનાં સબુંનો લખી ગીઆછે.—પાદશાહો, અ મીરો, વજીરો, સરદારો અને બીજા મોટા અને પઈસાવાલા કદીમ ઇરાં ની પારસીઓ, તેમજ વચલે વાંધેનાં ગરહસથો, પોતાનાં છોકરાંઓને નીચે લખા મુજબની રીતે ઉધારતા અને પરવરશ કરતા હતાઃ—

"એક બેટાનો જનંમ થાએઆ બાદ—તેને એવી દાએઆ અથ વા બીજા શખસોનાં સવાધીનમાં રાખેઆમાં આવતો હતો કે, જાંહાં સુ ધી તે ૭) સાત વરશની ઉમરે પોંહચે તાંહાં સુધી તેઓ તેની તંનદરોસ તીની તેમજ બીજી રીતની સફાઈ અને સુઘડાઈની અછી માહવજત રા

તું, તે વખતે, એ પારસી ગરહસથે, શરૂઆતમાં, ધારા મુજબનાં ઘટતા ઉપાએ લીધા હતા ખરા, પણ પાછલથી, એક જાંણીતા પારસી ગરહસથની મારફતે લાગ વગ ચાલેઓ, અને એ બાબત પર ધાંકણુ વલી ગીઉં હતું, તેથી તે મોટી દલગીરી ભરેલી શરૂઆત થઇ હતી એવું હમો માંનીએછે.

બીજી મરતબે, ઠકર રામજી ચતુર નામનાં અતરેના જાંણીતા વેપા રીનાં એક જુવાંન નબીરા સાથેબી, મી૦ સુટરે ધરપકર ચલાવી હતી, અ ને તે વખતેબી તે ફાવી ગીઓ હતો.

આએ તરીજી મરતબેબી, મજકુર મી૦ નાનાભાઈ રાંણીનાં સાથે ઉ પર લખા મુજબની મોટાં અપમાંન ભરેલી ચાલ ચલાવી હતી, અને એ બાબેનાં ચુકાદા ભરેલાં મત બાંધવાને હમો હમારા દાનાવ વાંચનારાઓ નેજ સોંપી, આએ જગોએ વધુ બોલવાને હમો અગતનુ જોતા નથી.

ખતા હતા, અને કંઇબી રીતની માઠી ચાલ ચલંણથી અથવા એબ લગાંમનુ બોલવા ચાલવાની ટેવ નહી પરવા દેવાથી ખુબ સંભાલ રાખતા હતા. સાત વરશની ઉમર પછે, તેને ઘોડે બેસવાની તથા શેકાર કરવાની અને સીપાઇગરીની રીત રાહ સીખવવા સારૂ, સારા ઉસતાદોનાં સવાધીન માં આપતા હતા. ચઊદ વરશની ઊંમર થાએ, તેઆરે તે છોકરાઓની મંનસકતી ખીલવાનાં બાહર પર આવેલી જાંણી, ઘણાજ મોટા ડાહપંણ વા લા અને પાક અસલતનાં શીખસકોનાં અસતકમાં તેઓને સોંપતા હતા. એ ઉસતાદો દીન ધરંમને લગતી, તથા તવારીખ અને એલંમ હુનરને લગતી, તથા હજરત જરતોશતે બતાવેલી રાહ રસમોને લગતી, તથા સ ચાઇ અને ઇનસાફને ચાહવાને લગતી—તથા દીન અને દેશનાં કાએદા કાંનુનોને લગતી બાબતોની કેલવણી, તે છોકરાઓને આપતા હતા. એ ઉપરાંત વલી તેઓને એવુંબી ગનેઆંન આપવામાં આવતું હતું કે, ખા ધા-પીધામાંબી ખુબ અંદાજો રાખે, અને કંઇબી રીતની હદથી જીઆદા મોજ મજાહ અને એશઆરામમા પોતાનો વખત ગુંમાવે નહી, તથા લ ડાઇનાં હથીઆરો અને દાવ પેચોથી વાકેફ રેહે—અને દેહશત અને મુ શકેલીની વખતે દીલમાં હીમત અને ઉલટ રાખીને, તે મુશકેલીની સામ ણે થવાને સદા તઇઆર રેહે. પોતાનાં બચાંઓને, એવી રીતની કેલવણી આપવાથીજ અને એવી રીતે ઉધારવાથીજ, **આગલા ઇરાંની પારસી ઓનો ટોલો**, ચોખંડ પુરથવીનાં લોકો અને પાદશાહો ઉપર સરદારી ભો ગવવામાં ફતેહમંદ થાએઓ હતો, અને કુદરતી કાએદા પરમાંણે, તેવી રી તનુ પરીનામ નીપજવું જોઇતુંજ હતું. હમારા પારસી ભાઇઓની ખાત રી કીજે, એ બાબતને લગતા, આગલા ગરંથકારોના કહેલા સખુંનોનો સાર, નીચે મુજબનો ટાંકી દેખાડવાની રજા લીજીએછે:—

"According to Strabo, the Persians were trained up to the service from their tender years, by passing through different exercises, as riding, hunting, and handling the bow."

"Their routine of education was as follows:—shortly after his birth, he was committed to the care

of chief officers of the household, who were charged with the care of his health and person, and with the duty of forming his manners and behaviour. When seven years of age, he was put into the hands of other masters, who were to continue the care of his education to teach him horsemanship, and to exercirse him in hunting. At fourteen years of age, when the mind approaches maturity, the wisest men were appointed to be his preceptors. The first taught him the worship of their Gods, according to their ancient maxims, and the laws of Zoroaster. The sccond taught him to speak truth, and the principles of justice. The duty of the third was to teach him not to suffer himself to be overcome by pleasures. The fourth was to fortify the courage of the youth against fear. &c. &c."

"From this circumstance, they were accustomed to hard and frugal living, which imparts that ruggedness to the nature of man so essential to form the warrier. And there being no softening influences in the general manners, and in the religion of the Persians, their minds hecame accustomed to the deadly strife, and their hands skilful in the terrible art. Hence it was that the Persians, in due time, became, masters of so many nations, for, in the course of nature, the strong must prey upon the weak. Their brute force exceeded that of other nations, and they were enabled thereby to render them tributary."

હવે ઉપર જણાવેઆ મુજબ, જે રીતની કેલવણી અને કસરત, આગલા જમાનાંનાં પારસીઓનાં બચાંઓને આપેઆમાં આવતી હતી, તેનો મુકાબલો આજની રીત રાહ સાથે, જેઆરે કરીએ, તેઆરે ઝીહા ક્ષ

આંણાં અને દેશહીતકારી પારસીનાં દીલમાં, અફસોસ અને અંદેશો ઉપ
જેઆ વગર નહી રેહસે? આજનાં પારસીઓનાં બચાંને, તેઓનાં જનમ
વખતથી તે, જીંદગીનાં બીજા અઇઆંમ સુધી, તદંન ઉલટીજ રીતની,
ઇઆને નબલાઇ, નાજુકાઈ, આલસાઇ-ગેરસલુકાઇ-અને હીચકારાપણાંનો ઉ
પદરવ અને વધારો કરનારી રીતોથી તરબીઅત આપેઆમાં અથવા ઉધા
રવામાં આવેછે, અને એથી એ નામીચા ટોલાનાં લોકોનાં તંન અને
મંનો ઉપર, દીન ઉગે ઘણીજ માંઠી અસરો લાગુ થતી જાએછે. કદીમ
જમાંનામાં મરંણ પાંમેલો, કોઇ ઇરાંની જરતોશતી, જો પાછો જીવતો થ
ઇને, હાલનાં પારસીઓના દુરબલ દેખાવ અને શીકશતે હાલત ઉપર નજ
ર કરે તો, હરગીજ થઇને તે, એમ નહી કબુલ રાખે કે, મુંબઇનાં પારસી
ઓ તે શાહ જંમશેદ-કે શાહ ફરેદુન-કે શાહ કેખશરૂના ઓલાદ અને
તેઓનાં દેશનાં બચાંછે. અને તેનો સબબ સું? ખરો સબબ એજ કે,
હીનદોસતાંનનાં પારસીઓ, પોતાનાં ભલા અને નામવર નેઆગાંનોને પ
ગલે ચાલવાની બે પરવાઇ કરતા ગીઆ, તેઓની અસલી અને ગુણવંતી
રાહ-રીત-અને રસંમો ઉપર એકીન રાખવાની અને અંમલ કરવાની કાલ
જી તજતા ગીઆ, અને દુનીઆઇ લોભ અને એશઆરામ કરતાંને દીન
પરનો ચાહ-અને વતંન પરની મોહબતને કંમતર કરતા ગીઆ હતા. હવે
જે ટોલાનાં દીલમાં, દીન અને વતંનનો ચાહ કંમતર થતો જાએ, તે ટો
લાનાં લોકો સદા પડતી હાલતમાં આવતા જાએછે તેમાં કંઇબી શક
સોબેહ નથી.

> "Religion! the sole voucher man is man;
> Supporter sole of man above himself.
> Even in this night of frailty, change and death,
> She gives a soul, (and she alone,) a soul that
> acts a god.

એ મુજબ, જેઆરે હાલનાં પારસીઓ, અંગરેજ લોકોની કેહવત મુજબ
(moral courage) "મારલ કરેજ" ખોહી બેઠાછે તેઆરેજ એવી નબલી,
પડતી અને વગર બચાવની હાલતમાં આવી પડેઆછે, અને તેથી સેહજ

સાજ મારામારી, કે ફીસાદ, કે ધાંધલની વખતે, તેઓનાં નાંહલાં-મોટાં ઓમાં, ભારી ધબરાટ અને કકલાટ મચો રેહછે, અને જેઆરે હાલનાં રાજ કરતા અંમલદારોની ગફલતીથી, અથવા કોઈ રીતની તેઓની ખાએફી—અથવા બેપરવાઇથી, તેઓને ધટતી કે બર વખતની મદત મલતી નથી, તેઆરે તેઓ અતીસે ઉશકેરાઇ જઈ, નીરાસ અને નાશીપાસ બની જાએછે-તથા બીજવાઇને-બુંમ-બરાડા પારી, હીચકારાપણાંનાં દાંતીઆ કગકચાવેછે, અને જાતી તંન-મંનની હીમત ભરેલા ઉપાએઓ કરવાની ગફલતી અને ધીલ કરેછે, તેથી ઓર તેઓને ધણાં અવગુણો થાએછે, અને પરકોમનાં લોકોમાં તેઓની હીમત અને હીલ-ચાલ વીશે હલકા અને હસી કરાવનારા વીચારો ઉતપંત થાએછે. એવા સમેમાં જો અકસર પારસીઓમા, મંનની ચંચલાઇ, અને રાજકરતી સરકારનાં કાએદા કાંનુનોની માહીતગારી સાથે, બદંનનુ કઉવત અને ધટતાં હથીઆરો વાપરવાની માહીતગારી હોએ તો, મચકુર લુટારા જેવા કંગાલ અને શીકશતે હાલના દસ હજાર ૧૦૦૦૦) શખસોનાં ટોલાંની સાંમણે, એક હજાર પારસી જવાંનો પુરતા ગણાસે. જાતી બદંનનુ કઊવત આપરાં મંનને-હરએક મુશકેલીમાં અથવા કોઇ મુદઈ—કે ચોર—કે લુટારાઓનાં હોમલાની વખતે સાંત અને નીરાંત ભરેલું રાખેછે, અને તેવાં કઉવત સાથે, જેઆરે કોઇ જાતનાં હથીઆરની મદત પાસે હોએછે, તેઆરે તે ધણીને પોતાને, તેમજ તેની આસપાસનાં બીજા શખસોને મોટી ધીરજ રેહછે. હમારા વીચાર પરમાંણે દરએક અદનાં કે આલા પારસીએ, હાલનાં જમાનાંનાં તેમજ આગલા જમાંનાંનાં સઊથી સરસ અને વાપરવા લાએકનાં હથીઆરો, પોતાનાં સવાધીનમાં રાખવાની અને તેઓનો ધટતો ઉપીઓગ કરવા—કરાવાની સમજ મેલવવાની ફરજછે. એ બાબે હાલનાં અંગરેજી ધારા મુજબની કંઇક અડચંણ નડી સકે એવું હમો માંનીએછે, તોબી કેટલીએક રીતનાં ધટતા એલાજો કીધાથી એ અડચંણ મટી શકસે તેમાંબી શક નથી.

અગીઆરી અને આતશકદેહ તથા આતશબેહરામ અને બીજી ધરંમ દીનને લગતી જગા પરનાં ઉપરીઓ અને રખેવાળો પાસે, જો ઉપર કહેઆ મુજબનાં હથીઆરો હતે, તથા તેઓમા તે હથીઆરો વાપરવાની સ

મજ, હીમત અને કુવત હતેતો—અથવા તેઓ પોતાની ફરજ સમજતા હતે તો, જે બેહાએ અને બેપરવાઇ ભરેલી રીતે હાલનાં હુલડ કરનાર લુટારાઓએ, અગીઆરીઓ અને આતશકદેહોમાં ખરાબી અને ખલલ કરી પાવી ગીઆછે, તેમ બનતે નહી. આગલા જમાંનાથી તે આજ દીન શુધી, એવી ધરંમની પવીતર જગા ઉપર ઘુસનારા અને ખરાબી અને લુટફાંટ કરનારા બેદીન શખસોને અથવા બદકાર કાફરોને કટલ કરવાનુ કામ, દીનની શરીઅત અને દેશનાં કાંનુન મુજબ હલાલ અને વાજબી ગણાતું આવીઊંછે, અને એવી ચીજ આજે બીજી કોમનાં લોકોમાંબી રવાછે, જે તેઓએ અસલ પારસી લોકોનીજ રીત રસંમ ઉપરથી પોતાની કોમનાં લોકોમાં દાખેલ કરી હતી. જુઉ અથવા અસલી જમાનાંનાં ઇહાઉદી ટોલાનાં લોકોએ, ઘણીએક રીત રેવાજોની નકલ, ઇરાંની પારસીઓ પરથી કીધી હતી, તેમાં હમોએ ઉપર જણાવેલી રીત ઉપર, તેઓ આજ શુધી એકીન રાખી અંમલ કરેછે, ઇઆને તેઓનાં વડા દસતુર અથવા ધરંમગુરૂ સીવાએ, બીજાથી તે જગામાં જવાઇ સકાએ નહી, પણ જો કોઇ પારકી કોમનો નાપાક શખસ, તેઓનાં પાક મંદીરમાં જબરદસતીથી ઘુસી, તાંહાંની પવીતર ચીજોને અવાવ કરે, અથવા અપમાંન આપે તો, તેજ વખત તાંહાંનો રખેવાલ તેહને કટલ કરવાને પોતાની ફરજ સંમજેછે: એને લગતા એ "જુઉ" અથવા ઇહાઉદી લોકોની અસલ તવારીખનાં સખુંન્નોનો સાર નીચે મુજબનોછે:—

"Cyrus, King of Persia, having liberated the jews, seventy years from the commencement of their Captivity, in the reign of jehoiakim, forty two thousand three hundred and sixty of the liberated captives, by permission of the king returned to jerusalem. They laid the foundations of the second Temple."

"The inermost part of the Temple, into which, after its dedication, none entered but the high priest."

"In the sanctuary were placed the various uten-

sils necessary for the daily worship of the Temple, such as the altar of incense, on which incense was daily burnt by the officiating priest. Into the most sacred place the high priest alone could enter, and that only once a year, on the day of atonement."

(ઉપલા અંગરેજી ફકરાઓનો ખોલાસો.)

"પારસી લોકોનાં Cyrus અથવા કેખશરો નામનાં પાદશાહે, તમા મ ઇહાઉદીની જાતનાં લોકો, જે પોતાના મુદઇના "બાબીલન" શહેરનાં બંદીખાનામા કેદ પડેલા હતા, તેઓને છોડવેઆ હતા. એ ઇહાઉદીઓ ૭૦) સીટર વરસો શુધી બંદ રહેઆ હતા, અને તેઓનો છુટકારો "જેહો ઇઆકીમ" નામનાં પાદશાહનાં અંમલમાં થાએઓ હતો. એ છુટા થાએ લા ઇહાઉદી લોકોની મોટી સંખીઆ મધેથી, ૪૨૩૬૦) બેહટાલીસ હજાર તરંણુસોને સાઠ જનાં, પાદશાહ કેખશરૂની રજા લઇને, પાછા પોતાનાં વતંન "જરૂસેલંમ" શેહર તરફ ગીઆ હતા, અને તાંહાં તેઓએ ફરીને એક નવું મંદોર અથવા દેહેરૂં બાંધીઉં હતું."

"એ મંદીર તઇઆર થઇને, ઇંજાઇ ચુકા પછી, તેનાં સઉથી મધીઆ ભાગમાં, તે લોકોના ધરંમગુરૂ સીવાએ, કોઇ બીજા શખસથી જવાઇ સકાતું નહી હતું."

"વલી એ મંદીરની પાક જગાપર, તરેહવાર જાતનાં વાસંણો અને હથીઆરો, દરરોજની બંદગીની ક્રીઆ કરવા સારૂ મુંકી રાખતા હતા, જેવાંકે સુખડ લોબાંન બાલવાની આતશની જગાપર, પેલો ક્રીઆ કરના રો ધરંમગુરૂ દરરોજ સુખડ લોબાંન બાલતો હતો. સઉથી પવીતર જગા પર વડો ધરંમગુરૂજ માંતર જઇ સકતો, અને તેબી વરશમાં એકજ વ ખત, જેઆરે ગુનાહની તોજશ કરવાનો દીવશ આવતો હતો, તેઆરેજ તેને, તે જગો પર જવાની છુટ મલતી હતી."

ઉપર જણાંવેલા એશારા મુજબ જેમ દીન ધરંમને લગતી પવીતર જ ગોપર જવાની અને પવીતર ચીજોને અડકવાની મનાઇ હતી, અને તે ત કસીરં સાર સખત સજા થાતી હતી, તેજ મીસાલે આતશને અપમાંન આ

પનારને-અથવા ખુજાવી નાંખનારને-અથવા તેપર દુરગંદી ભરેલી અને પ લીદ ચીજોને બાલનાર શખસને મોહુતની સજા કરેઆમાં આવતી હતી, તથા પારસીઓ આતશને ખોદા તરીકે નહી પંણ કેબલા તરીકે માંન આપતા હતા, તેની સાબેતી હેઠલ ટાંકલા ફકરાથી મલસેઃ—

"It has been alleged that the Persians did not worshipped the Sun or Fire absolutely, but only worsoipped God, as far as they new him, before these, the most glorious visible symbols of His energies and perfections. This may have been the original Doctrine of Zoroaster. He might have considered them merely as representatives of Omnipotence, and the Fountain of Light."

"Sacred Fire was not peculiar to the Persian Magi. It was kept perpetually burning on the altar before the tabernacle in the wilderness, and the Temple at Jerusalem; and was never to go out. It was kindled from Heaven in the Times of Aarod, and was not to be rekindled with strange fire, nor any other to be used in sacrificies under *penalty of death.*"

Nothing is more likely, and hence we trace many similar usages practised by the Hebrew priests and the Magi with reference to the Sacred Fire. When it was rekindled, the rabbins inform us that great care was taken that no wood but that which was reputed clean should be employed for fuel; and it was all carefully barked and examined before it was used. The fire, also, was never to be blown upon, either with bellows, or the breath of man. The regulations of Zoroaster were similar to these. He strictly enjoined that the fire which he pretended to have brought from heaven shonld be carefully kept up, that barkedwood only

shouid be used for fuel, and that it should be revived only by the blast of open air. *It was, death in Persia*, to cast upon it any unclean thing, or to blow it with the breath, by which it would be polluted.

(ઉપલા અંગરેજી ફકરાનો તરજુંમો.)

"એવું જણાવેઆમાં આવીઉંછે કે—ઇરાંની પારસીઓ, સુરજની કે આતશની પરેસતશ કરતા નહી હતા, પણ એ ચીજોને કેબલા તરીકે ગણી તેઓની મારફતથી તે એખલા એક ખોદાનેજ પુંજતા હતા, અને એ સુરજ તથા આતશ તે ખોદાતાલાની કરામત અને કમાલીઅત દેખાડનારી સઉથી ઓતંમ નુરાંની અને દેખઇતી અલાંમતોછે એવું તેઓ માંનતા હતા. જરતોશતનુ અસલ ધરંમ તતવ એવું હોએ તે મનાઇ સકાએ તેવી વાતછે. ખોદાતાલાની અપરંમપાર સકતી, અને નુરનાં મુખીઅ મુલની નીસાંનીઓ તરીકે, એ સુરીઅને અને આતશને તેણે ગણેઓ હોએ."

"આતશને પાક ગણીને એખલા પારસી લોકોજ માંન આપતા હતા એમ નહી જાંણવું. "જુઉ" અથવા ઇહાઉદી લોકોબી, "જેરૂસેલંમ" શહરનાં મોટાં મંદીરમાં, તેમજ જંગલમાંની માનતા અને ભગતી કરવાના દેહેરાંમાં, આતશને હરદંમ બલતો અને રોશંન રાખતા હતા, અને તેને કબુબી બુજાઇ જવા દેતા નહી હતા. એ બાબે એ ઇહાઉદી લોકોનુ એવું એકીન હતું કે "આરંન"નાં જમાંનામાં, આતશને બુલંદ આકાશ ઉપરથી સલગાવેઆમાં આવેઓ હતો, તે આતશને બુજાવી નાંખીને, બીજા દુનીઆઇ અથવા તરાહેત આતશથી રોશંન કરવો અથવા સલગાવવો નહી જોઇએ, અને જો કોઇ એવી તકસીર કરે, ઇઆને એ આતશને બુજાવા દીએ, અથવા એ આતશને બદલે, બીજા આતશની આગલ માંનતા કરે, અથવા ભોગ આપે તો, તેવા શખસને **મોહતની સજા** કરેઆમાં આવતી હતી."

"પાક આતશની જાલવણી અને પાસબાંની કરવા સારૂ, ઇહાઉદી લોકોની અને પારસી લોકોની રીતભાંત એકબીજા સાથે ઘણીજ એકમલતીછે.

ઇહાઉદી લોકોનાં દાનાવો અથવા ધરંમગુરૂઓ, એવું જણાવી ગીઆછે કે, સઉથી સરસ અને સવાઇદાર લાંકડાં સીવાએ, બીજાં કોઇબી લાંકડા, આતશ ઉપર બાલિઆમાં નહી આવતાં હતાં, અને એ લાંકડાં આતશ ઉપર મુકેઆની આગમચ, તેની સફાઇ વીશે ઘણી તપાસ રાખતા હતા અને તે ઉપરની છાલ કાહાડી નાખતા હતા. એ આતશની ઉપર ધંમનની કે માંણસનાં મોહડાંની ફુકનો પવંન નાંખેઆમાં આવતો નહી હતો. હવે જરતોશત પેગંમબરનાં ફરમાંનોબી એનેજ એકમલતાંછે. જરતોશતે એવું મજબુત ફરમાંન આપેલુંછે કે, જે આતશને જરતોશત પોતે આકાશપરથી અથવા બેહશતમાથી લાવેઓ હતો, તે આતશની જાલવણી ખુબ સંભાલથી કરવી જોઇએ. વગર છાલનાં લાકડાંજ તે ઉપર બાલવાં જોઇએ, અને કુદરતી હવાનાં પવંનથીજ તેને સલગેલો રાખવો જોઇએ. જો કોઇ શખસ આતશની ઉપર કંઇ પલીદ ચીજો બારે, અથવા મોહડાંની ફુક મારે અથવા બુજાવે તો, તેવા શખસને જીવથી **ગરદંન મારવાનો ધારો અસલી ઈરાંની પારસીઓનો હતો.**"

ઉપલા ખોલાસાથી જણાસે કે ધરંમની જગાને અપમાંન આપવાથી, અથવા અપવીતર કરવાથી, મોહતની સજા થતી હતી એટલુંજ નહી, પણ ઇરાંનનાં પાદ્શાહને લગતી વલગતી ચીજો જેવી કે પોશાક—ઘોડો—તાજ અને એવીજ બીજી ચીજોને જો કોઈ શખસ અપમાંન ભરેલી રીતે અડકવાની અથવા વાપરવાની હુલરાઇ કરતો તો, તેવા શખસનેબી, ગરદંન મારેઆમાં આવતો હતો, તે વીશેની સાબેતી નીચલા ફકરાથી જોએઆમાં આવશે:---

Haman knew that it was death for any one to wear the king's own robe, and that such an honour was calculated to express the most pre-eminent favour and distinction, and render it visible to all tbe people, and therefore it was he made the proposal. It was unlawful for any to ride on the king's own horse, and a capital crime to wear the same turban or crown which the king wore. Arrian relates, that when Alexander was

sailing on the Fuphrates, his turban fell off among some reeds. One of the rowers jumped out, and swam to recover it: but finding that he could not carry it back in his hand without wetting it, he put it upou his head, and brought it safely to the boat. The monarch gave him a talent of silver for his zeal, and then ordered his head to be struck off for setting the diadem thereon.

(ઊપલા અંગરેજી ફકરાનો તરજુંમો.)

(**બહુમંન** પાદશાહનાં એક પરધાંનનુ નામ "હેમાન" હતું. એ પરધાંનની કંઈક સારી ચાલથી પાદશાહ તે ઉપર બહુ ખુશી થએઓ હતો, તેથી તેણે પેલા પરધાંનને કહીઉં કે તાહરે મંનગમતી ચીજ માહરી પાસે માંગ.)

"**હેમાંન**" જાંણતો હતો કે, પાદશાહનો પોતાનો પોશાક, જો કોઈ બીજો શખસ પેહરે તો, તેહને મોહતની સજા કરેઆમાં આવતી હતી, પણ એ પોશાક જો પાદશાહનાં ખાસ ફરમાંનથી પેહડેઆમાં આવેતો, તેથી તે પેહડનારને સઉથી ચહડતામાં ચહડતી આબરૂ મલેલી કેહવાતી હતી, અને તમામ આલંમમાં તેનો દેખાવ કરેઆમાં આવતો હતો. એવા વીચારથી એ પરધાંને, તે પાદશાહનો જભો અથવા પોશાક પેહડવાની ખાહેશ જણાંવી હતી."

"જે ઘોડો પાદશાહનો હોએ, તે ઉપર કોઈબી બીજા શખસથી બેસાએ નહી, અને પાદશાહનુ પોતાનુ તાજ અથવા પાઘડી અથવા તેના જેવુંજ બીજું તાજ અથવા પાઘડી જો કોઈ બીજો શખસ પોતાના માંથાં ઉપર મુકતો જણાંએતો, તેનેબી તરતજ ગરદંન મારવાનો ધારો હતો."

"**એરીઅંન** નામનો ગરંથકાર એવું લખી ગીઓચ કે, સીકંદર અથવા "એલેકજાનડર" પાદશાહ એક દીને બોટમાં બેસીને "ઇઉફરેટીસ" નામની નદીમાંથી પસાર થતો હતો, તેવામાં તેનુ તાજ અથવા પાઘડી એ કાએક તે નદીની જાહરીમાં ઉડી પરી. તેજ વખત હલેસાંમારનાર ખલાસી ઓમાંનો એક ખલાસી, તે નદીમાં કુદી પરેઓ, અને તરતો તરતો જ

ઇને તે પાઘડી ઊચકી લીધી. પણ તે ખલાસીએ જોઇઊ કે, નદીની તાં ણુમાં તરતી વખતે જો તે પાઘડી હાતમાં રાખસેં તો, તે ભીંજાઇ જસે, તેથી તેણે તે પાઘડી પોતાનાં માંથાં ઉપર મુંકી, અને પોતાનુ ડોકું અ તરંગ પાંણીની સપાટી ઉપર રાખી, તે પાઘડીને ભીંજવવા વગર "સીકંદર" પાદશાહ પાસે લાવેઓ. સીકંદરે તેની મેહનત અને ઝરપના બદલામાં, ઇનામ દાખલ તેહને એક રૂપાંનો લાડો (આસરે રૂ૨૪૦૦ ની કીમતનો) આપેઓ, અને તે બાદ જલ્લાદને હોકંમ કરી તેનુ માંથું તરત કપાવીઉં સબબ કે પાદશાહની પાઘડી તે ખલાસીએ, પોતાનાં માંથાં ઉપર પેહડવાની બેઅદબી કરી ગોઆ તે પાદશાહને અપમાંન આપીઊ હતું."

એ ઉપરથી દાનાવ વાંચનારાઓ જોસે કે માણુશ જાતને પેહડવા હો ઘવાને લગતી ચોજોને ઉપર કહેઆ જેવી અગતને વખતેખી અપમાંન આપવાની તકસીર ગણી એવી સખત સજા, જે દેશમાં થતી હતી, તે દે શમાં, ધરંમ દીનને લગતા કેબલા જેવી પવીતર ચીજને, ખરાબ કરવા સારૂ ઉપર જણાવેઆ મુજબ, જે મોહતની સજા કરેઆમાં આવતી હતી, તે હકીકત સરવે પરકારે ખરી, સતા ભરેલી અને કબુલ રાખવા જોગ છે, અને એ ઉપરથી આજનાં પારસીઓનાં દસતુર—દાવરો, અને આતશ બે હરામ અને આતશ આદરાનનાં મુતવલીઓ, રખેવાલો, ઉપરીઓ, અને કારોબારીઓએ, ગોઆ એક નવો ધડો સીખવો જોઇએછે કે, એવાં મ કાંનોની જાલવણીને સારૂ, જેવી બેદરકારી, બીન સંભાલી અને બીન ત દબીર ભરેલી રીતીઓ હાલ વાપરેઆમાં આવેછે, તેમ થવા દેવું નહી જો ઇએ. હમો ઉપર કહી ચુકાચ અને હાલ ફરીનેબી કહીએછે કે, આતશનાં રખેવાલ મોબેદના અને બીજાં માંણસોનાં અસતકમાં, આજનાં જમાનાં નાં સઉથી સરસ અને લાએક હથીઆરો રાખવાં જોઇએછે, અને ઘટટી વખતે, તે હથીઆરોનો ઉપીઓગ કરવાની સમજ અને હીમત તેઓનાં હઇઆંમાં રેહવી જોઇએછે. આજે એકએક બંદુક અને પીસ્ટોલ એવી સરસ કારીગરી ભરેલી મલેછે કે આતશવારા પાક ઓરડામાં ઉભો રહેલો એક મોબેદ, સેંકડો બદકારોના હોમલાને અટકાવી અથવા હટાવી સકે.

આએ વાત જે હમોએ સાંભલીછે તે મોટા અપસોસથી જાહેર કરીએછે કે, હાલનાં હુલડખોર લુટારાઓએ જેઆરે અતરેની અગીઆરીઓ પર હોમલા કીધા હતા, તેઆરે એ પાક મકાંનોનાં કેટલાએક રખેવાલ મોબેદો, આતશની રખેવાલી છોડી દઈ–નાહસીને માલો ઉપર ભરાઇ બેઠા હતા, અને એ લુટારાઓની સાંમણે થવાની કંઇબી હીલચાલ કે હીમત કીધી હતી નહી. જોકે એ હોમલો ઘણો અચબુચ અને અંજાણ પણે થએઓ હતો, તેથી દરગુજર થઇ સકે તેવુંછે, તોબી હમો નહી ધારતા કે કોઇ બીજા મહજબનાં રખેવાલ ધરંમગુરૂઓ, પોતાનાં અસુતકની પવીતર જગા અને ચીજોનો એવી સેહલ અને સુતરી રીતે નાસ થવા દીએ. જેમ પારસીનાં મોબેદો આતશકદહેનાં સઉથી મધ્યનાં અને પવીતર ભાગનાં ઓરડામાં આતશની સનમુખ ઉભા રેહછે, અને તાંહાં કોઇ બીજા જુદદીન શખસનેતો સું, પણ હંમદીનનેબી જવાની છુટ નથી, તેજ મીસાલે યહુદી લોકોનાં મંદીરમાંનાં વચલા ભાગનાં ઓરડામાં (જેને અંગરેજી ભાશામાં Sanctum Sanctorum કેહછે તેમાં) કોઇબી બીજા શખસથી પોતાના જાંનની સલાંમતીના ધાસતી વગર જવાએ નહી, ઇઆને પેલો રખેવાલ, તે જગાની હોરમત અથવા પવીતરાઇની જાલવણી કરવા સારૂ, પોતાના દંમમાં દંમ હોએ તાંહાં સુધી સામણે થવામાં ખરૂં માંન અને ખરીપરજ સંમજેછે. સું અતરે, કે ઇઅરોપમા, કોઇ રોમંન કેથલીક અથવા પરટેસટંટના દેવલમાં, અથવા બીજી ધરંમની પવીતર જગામાં, જો કોઇ પરકોમનો શખસ જાંણી જોઇને, ખરાબ ધારણાંથી કંઇ ખલલ કે ખરાબી કરેતો, અથવા જબુન અપમાન ભરેલી ચાલ ચલાવેતો, હમો નહી ધારતા કે, એ ઇઅરોપીઅંન લોકોબી તેવા લુચા અને પાપી શખસને સલાંમત જવા દીએ,

વલી આપણે જોઇએછે કે, આપણી અગીઆરીઓ અને આતશબેહરાંમોનાં મકાંનોમાં, તલવાર, ભાલા અને બીજાં અસલી હથીઆરો રાખવાની ચાલ કદીમ જમાંનાંથી છે, અને તેવાં હથીઆરો રાખવાની મતલબબી ઉપર કહેઆં જેવાં કારંણોજ સારૂછે, તેમાં કસૌ શક નથી. પણ દલગીરી માંતરે એટલીજછે કે, આજે એવાં મકાંનો બંધાવનારા અને બર

પા કરનારા જરતોશતીઓ જેમ એવી ચીજોનાં ગણેઆંનથી બેખબર હો એછે, તેજ મીસાલે, એવાં મકાંનોનાં હાલનાં રખેવાલ મોબેદો અને અ થોરનાંનો પોતાની ખરી ફરજ સમજવા અને બજાવવામાં ઘણા પછાત ર હેઆછે. ખરા ધરંમનાં ખરા જુશા અથવા ચાહની આંખથી, જો ધરં મની કીરીઆઓ અને જગાઓની પવીતરાઇ તરફ, આપણાં આજનાં એ રવદો અને મોબેદ સાહેબો જોવાને સીખેતો, જે હીનપસતી ભરેલો દેખા વ, આએ હુલડની વખતે, આપરી નજરે પડેઓછે, તે ફરીને કબુપણ આપરે અથવા આપરી ઓલાદનાં લોકો જોસે નહી, એવું હમો માંનીએછે.

આએ સંસારમાં, માંણસ જાતની મંડલીનુ ખરૂં સુખ અને સંપ જ, તથા માંન અને મરતબો જાલવનારી ચીજ તે એક ખરા ધરંમનો ચાહછે, પણ લાંબી મુદત થઇ પોતાનાં ખરાં વતંનથી દુર પરેઆને લી ધે, તથા પોતાના ધરંમની ઘટટી કેલવણીનો પસારો અને ફુલાવો નહી ક રેઆને લીધે, તથા પોતાના નેઆગાંનોની ખરી તવારીખથી બેખબર ર હેઆને લીધે, તથા બેવીશવાસુ, ખુતપરસત અને નબલી હીમતનાં લોકોની સંગતમા આંમેજ રહેઆને લીધે, આજનાં પારસી બેહદીનો તેમજ અથો રનાંનોનાં હઇઆં અને મગજો ઉપર, બેપરવાઇ, નબલાઇ—અને ગુમરાહી નાં સીહા કાટનુંપર, એટલુંતો સખત રીતે બંધાઇઉછે કે, હવે પછી કંઇ અજાએબ જેવા ફેરફાર અને ખોદાતાલાની હેદાએત ભરેલા સુધારાનાં તેજ આબનો જહરો વેહતો થાએ નહી, તાંહાં શુધી કોઇબી હકીમથી તે સીહા કાટનાં પરને પગલાવાનો અથવા નાંબુદ કરવાનો એલાજ થઇ સકે, એવું મનાઇ સકાતું નથી.

(બેતો.)

મુબારક તે **દીન** જેનો કદીમ દેખાવ,
કરેસ જગની સપાત પર આજ તક નીભાવ.
મુબારક તે **દીન** જેનાં ફરમાનો પાક,
થી ઝલતી ને ખીલતી થઇ આ જગની ખાક.
મુબારક તે દીન—નાંમે **માંજદીએશની,**
થી બદી ટલી—ખુબીઓ ફુલાઇ ઘણી.

તે બાદ ફેરાઈ ભલી દીન જરતોશતી ખાસ,
દુનીઆમાં ચાંમી તેથી અજબ સુખ ને આસ.
સચાઈનોજ ઝુંડો ખુદ ઉડીઓ બુલંદ,
જુઠાઈ અને બદકારી થઇ ગઇ કુલ બંદ.
સફાઇ અને સુઘડાઇનુજ ખીલીઉં મેદાંન,
બેહશત બનીઊં એ દીનથી રંગીન ઇરાંન.
નીતી ને રીતીનોજ ખીલીઓ પરકાશ,
મટીઓ એહરેમંનનો જ્યાંકાર કાલાશ.
જુદીજ બની એથી—તંન મંનની વલાંણ,
ખંમ થઇ બદ હવસના જહરાની તાંણ.
ઉભાઇ નીરમલ પાકીનીજ જગે જગ રેલ,
ગલીયોનો ઉકરડો ધોવાઇ ગીઓ સેહેલ.
મનસની ગવસની કુનસની તમામ,
થી રચેઆં આ ભવ ને આખેરતનાં કામ.
પાકી ને નેકીજ ગણાઇ સરફરાજ,
કીધું ચોખંડ જગ પર **જરતોશતીએ** રાજ.
આકાશી—અગનીદાર તે આતશ રોશંન,
થી જાલેઆ બદકારોનાં જાંન અને તંન.
પણ અફસોસ કે આએઓચ હાલ એચો ઊગામ,
કે ખોઊ બેઠાચ જરતોશતી નામ ને દમામ.
નહી રહીઉં વતંન—નહી લેબાસ—નહી રીત,
નહી રહી દલેરી—નહી ડાપણ—નહી પરીત.
નહી અસલી ઝરફ—કે નહી—રહી જબાંન,
નહી નીરમલ એખાન કે—નહી કોઇ પેહલવાંન.
નહી રહીઉં કઉવત—કે કાએઆ—કે કામ,
વેંહેંતીઆં કદનાં નર, બનેચ પારસી તમામ.
સપ નહી—સંપજ નહી—કે નહી દેશહીતકાર,
મરદ બસ્આ સેહજ પાતથી બીહેચ જેમ નાર.

હાએ-વાએ ને અફસોસ ભર કરેચ બબરાટ,
તદબીર તજી કરેચ મોહડાંથીજ બબડાટ.
જરદાર થએઆચ એવા આપમતલબી આજ,
કે લાગે-વગે તજે ટોલાની લાજ-કાજ.
બાહેશ રાએ સરકારનાંજ માંન--પાંન ઉપર,
કોઇ ઇછે "સર-નાઇટ"—તો કોઇ "ખાણ બાહદર."
કોઇ ઇછે "કાંઊનસલ"માજ "આંનરએબલ,"
કાંમો કરે એહવાં--જેમાં નહી અકલ.
ટોલાની ગંમગીનીમાજ કરે જશંન,
ઇજત લુટનાર શખસોનેજ કરે ઇજંન. *
હંમદીનોનાં સંકટપર નહી આપે ધેઆંણ,
જાહેર રીતે આપે કુલ કોમને અપમાન.
ગીઆ આગલા સેઠો—ટોલાના ખેરખાહ,
પાંમેઆ જેથી પારસીઓ મોટાઇની રાહ.
ગઇ જેથી કોમની વાખવાખી દેશ બાહેર,
હતા જેઓ હર વાતમાં હંમદીનનાં ઇઆર.
ધરતા જેઓ દુખીઆંનાં નેક દીલથી હાત,
પાંમતા જેથી નીરાસ લોક ખરી રાહાત.
ધ્રુજતા જેમની ધંમકથી પરકોમનાં લોક,
ઇઆદ આવેચ જેમની ખુબી હાલ નીતરોજ.

---

* આએ એશારાથી હમારા કદરદાંન વાંચનારાઓ કદાચ પાંમાજસે કે જેઆરે કેટલાએક સરકારી અંમલદારોની ચાલથી પારસીઓ ઉપર ગુજરેલી જાસતી અને બેઇનસાફીથી, આખી કોમના નાંનલાં મોટાંનાં જીવ ઉદાસ અને દલગીરી ભરેલા હતા, તેઆરે એક પઇસાવાલો પારસી ગરહસથ, નાંચ રંગની મીજલસ મચાવવા, અને ઉપર કહેઆ જેવાજ અંમલદારોને, ખાંણાની મોટી જીઆફત આપવા મેદાંન પડેઓ હતો, તે ગોઆ આખા ટોલાની ગંમગીનીને વખતે, પોતે જુદો પરીને, ખુશી રામશની મચાવા ચાહીઉ હતું--પણ હાલ મોટી ખુશી સાથે જણાવીએછે કે, પુશકલ શેઆંણા પારસી ગરહસથો એ મીજલસમાં આંમેજ થવાથી તદંન દુર રહેઆ હતા.

બાબ ૫ મો.

પારસીઓનાં ધરંમ પુસતકોના લેખમાં કોઈબી ગાંમનાં કે ગણેઆતનાં મરંણ પાંમેલા ભલા અને બુલંદ દરજાનાં શખસો વીશે, બુરૂં બોલવાની મનાઈછે, અને ઓર તેઓની ઈઆદ અને તારીફ કીધીછે, તે વીશે, તથા એને લગતી બીજી બાબતોનાં અગતનાં ખોલાસા, અસલી કેતાબો મધેનાં લેખોની શાહદતો સાથે.

આએ બાબતની શરૂઆતમાં હમો પુછીએછે કે, **માજદીઅસની** અથવા જરતોશતી ધરંમ એ સું ચીજછે? ઇઆને એ અસલી ધરંમની ઓતંમ નીતી અને ખાસ ફરમાંનોમાં કહી કહી ખુબીઓછે? એ સવાલનો ઘટતો જવાબ આપવાને, કદાચ આપરી દીનનાં કોઇ દસતુરો અને દાવરો વધારે લાએક ગણાએ, તોબી હમો હમારી નાકેસ સમજ મુજબ હાલ બે સખુંનો બોલવાની રજા લીજીએછે.

માજદીઅસની અથવા જરતોશતી ધરંમનુ મુલ તતવ, અથવા ખાસમાં ખાસ નીતી, તે આએ આખી જગતની વસતીની **ભાઈબંધાઈનો** હક અને ચાહ જાલવવાની, અને એ આખી જગતની **ભલી ઊતપંતી**ની આબાદાંનીનો વધારો અને ફેલાવો કરવા—કરાવાનીછે. એ ધરંમમાં શરૂઆતથી તે આખર તલક કંઇજ નહી પણ, **સારૂં ચાહવુ—સારૂં બોલવું—અને સારૂં કરવું**, (નેક મનશની—નેક ગવશની—અને નેક કુનશની) સીવાએ બીજું ફરમાંન નથી. એ કદીમ ધરંમનાં પુસતકોમાં **સચાઈ, સફાઈ** અને **ભલાઈનાજ** વખાંણ જગે જગ વાંચવામાં આવેછે. એલંમ

હુનરની મદતથી, અથવા તંન મંનનાં કઉવતથી, અથવા જર—જહવેરનાં જોરથી, જગતનાં લોકની ભાઇબંધાઇના ચાહા અને ખેરખાહીમાં વધારો થાએ, એવાં કામ કાજો કરવા—કરાવાનીજ, દરએક જરતોશતીને માંથે ફૂરજછે, અને હમો મોટા શંતોશ, તેમજ મગરૂરી સાથે, આએ જોગવાઇએ જાહેર કરીએછે કે, એ ખુબીવંતી ફૂરજ, અસલી જમાંનાંથી તે આજદીન તલક, ભલા પારસી ગરહસથો બજાવતા આવેઆછે, તેનાં પુરફલ દાખલા દલીલો, પુરાતંમ તવારીખો ઉપરથી અપાઇ સકાસે, તોબી મુંબઇ સરકારની કાંઉનસલનાં એક મેમબર તરીકેનો ઓધો ધરાવનાર એક પરકોમનાં, પણ તમામ રીતે લાએકીવારા, ચંચલ અને માનવંતા હીનદુ ગરહસથે (The Honourable Narayen Vaseudew) ગીઆ ફેબરવારી મહીનામાં, મુસલમાન લોકોની મોટી મંડલીમા, પોતાની ખુદ રાજી ખુશીથી, પારસીઓનાં એ સારા ગુણો વીશે, જાહેર રીતે એકરાર કીધો હતો, તેની ઇઆદદાશત હવે પછેનાં જમાનાંનાં લોકોમાં કાએમ રાખવાની ધારણાંથી, તેની નોંધ અતરે આએ પુસતકમાં કરવાને હમો ધટતું વીચારીએછે.

ગીઆ ફેબરવારી મહીનાની તા૦ ૨૬ મીને દીને મુસલમાંન લોકોનાં ખાસો આંમની એક મોટી સભા મલી હતી, તે મંડલીના ચેરમેન અથવા પરમુખ તરીકે, આંનરએબલ મી૦ નારાએણ વાસદેવ નામના હીનદુ ગરહસથ બીરાજેઆ હતા, અને તેની સાથે ડાકટર "બલેનની" નામનો એક ખુબીવંતો અંગરેજબી હતો. એ મંડલીની ખરી મતલબ કેટલાએક મુસલમાંનોની અંનઘટતી ચાલ અને તેઓએ મચાવેલા આએ વખતનાં ફેસાદ બાબે દલગીરી જણાવાની, અને પારસીઓ સાથે પાછી દોસતી અને સહલા સંપજ કરવા—કરાવાની હતી, અને તે મુજબ, એ મંડલીમાંનાં ભલા અને લાએકીવારા મુસલમાંનોએ, પોતાની તરફથી મોટી દલગીરી ભરેલા સખુંનો જાહેર કીધા બાદ, એજ બાબત વીશે, એ મંડલીનાં મજકુર "ચેરમેન" આનરએબલ નારાએણે, એક ભાશાંણ કરી, મુસલમાંન લોકોને કેટલીએક સારી સહલાનાં અને નસીહતનાં સખુંનો કહેઆ હતા, તેમાં આએ નીચે ટાંકેલા સખુંનોબી એ ગરહસથ વાજબીની રાહે પુર જોરથી બોલેઆ હતોઃ—

"Untill the meeting of Wednesday, the 18th instant, this city was in quite a ferment. We all too well know that we are suffering from great depression in trade, and it is a pity that what little business is left to us should be brought to a stand still by raids among ourselves, chiefly caused by our misunderstanding. I am sure that you will all agree with me when I say that this city has been eminently peaceful, and that the security to life and property has been great. There are very few cities in the world where women and children loaded with ornaments as they are in Bombay can walk the streets unmolested, and yet the occurrences of the last few days have brought discredit upon it. Let each one of us then make it his duty to do all in his power effectually to wipe out the reproach which attaches to us at present. Unhappily the present disagreement has been with a community who have conferred lasting benefits upon this city, and whose benevolence and generosity are proverbial, as not being confined to this or that sect, but freely bestowed for the benefit of mankind generally. At the present moment the victims of the recent disturbances are being carefully tended at an institution which was founded by the illustrious and lamented Sir Jamsetjee Jeejeebhoy, and time would fail me to enumerate all his good deeds, but I would wish to remind you of the Catholic charities of another illustrious personage of the same community—I allude to Sir Cawasjee Jehanghier."

(આનરએબલ મી૦ નારાએણનાં ભાશાણનાં ઉપલા
અંગરેજી ફકરાનો ગુજરાતીમાં ખોલાસો.)

"ચાલુ ફેબરવારી મહીનાંની તા૦ ૧૮ મીને દીને મુસલમાંનોની મીટીંગ મલી હતી તાંહાં શુધી, આમ્મે મુંબઇ શેહર ગોસ્સા પ્રીતના અને જોશાથી ભરેલું હતું. હાલ મુંબઇમાં ધંધા રોજગારની મોટી કોતાહીને લીધે, લોકોને ઘણું દુખ ખંમવું પડેછે, એવું આપરે જાંણીએછે, તે છતાંબી, કંઇક ગેરસમજુતીથી, આવી રીતની મારામારી અને ફેસાદ આપંણ વચે ઉપજાવીને, જે જુજવી ધંધો રોજગાર ચાલતો હતો, તેનોબી અટકાવ કરી મેલ્યો છે, તે જોઇને મોટો અફસોસ ઉપજેછે. આમ્મે મુંબઇ શેહર ઘણી મોટી સહલા સંપજ ભરેલું હતું, અને જાન તથા માલનો બચાવ તાંહાં ઘ

જો મોટો રેહતો હતો, એવું જેઆરે હું કહું, તેઆરે તે માહરાં બોલવા માં બે તમો એકમત થઆ વગર રેહસો નહી, એવી માહરી ખાતરીછે. જેમ કીમતી ઘરેણાં ગાથાં ભરેલાં છોકરાંઓ અને બાએડીઓ, આએ શેહરમાં ધોરી રસતાઓ ઉપર વગર અડચંણે ફરે હરેછે, તેમ આએ દુનીઆંનાં બીજાં ઘોરાંજ શેહરોમાં લોકો ફરતાં હરતાં હસે. તોબી આએ ગીઆ થોડા દાહાડાનાં બનાવે આએ શેહર પર મોટી બેહોરમતી અથવા બદનાંમી લાવી મેલીછે. એટલા વાસતે આપંણમાંથી દરએક જણને એવી બની સકતી કોશેશ કરવી જોઇએ કે, એ આપણે માંથે ચોંહટેલી બદનાંમીનો ડાહગ ધોવાઇ જાએ. સઉથી માહાં ભાએગની વાતતો એ બનીછે કે, જે **પારસી ટોલાનાં લોકોએ** આએ શેહરનાં, બીજી કોમનાં લોકો ઉપર, રોજે રસતાએજ સુધી નીભે અને ઇઆદગાર રેહે, તેવાં હેસાંનો અથવા ઉપકારો કીધાછે, તેજ ટોલાનાં લોકો સાથે હાલનો બખેડો (તમો મુસલમાંનોએ ઉઠાવેઓછે.) એ પારસી લોકોની સખાવત અને પરોપકારપણું એવું અને એટલું બોહલુંછે કે, જગે જગ તેની તારીફની ગોઆ કેહવતો ફેલાઇ રહીછે, અને તેઓનો ઉપકાર અને બખશેશ કંઇ માંતર એકજ ધરંમ કે એકજ જાતનાં લોકોને વાસતે નથી, પણ તમામ કોમ અને તમામ ધરંમનાં લોકોના ફાએદાને વાસતે એ **પારસીઓ** પોતાનો દીલગુરડો એક સરખી રીતે ખોટા રાખેછે. હાલ આએજ હુલડની મારામારીનાં સબબથી, પુશકલ મુસલમાંનો જે મરતતોલ હાલતમાં આવી પડેઆછે અને જે જખમી થાએઆછે, તેઓ જે ઇસપીટાલ અથવા જે ધરંમનાં દવાખાંનાંનાં ઘરમા જાઇ પડેઆછે, અને જાહાં તેઓની તંદરોસતીની જાળવણી, ઘણા સંભાલથી કરેઆમાં આવેછે, તે ઇસપીટાલબી મરનાર **સર જંમશેદજી જીજીભાઈ** નાંમનાં એક મોટા માનવંતા પારસી ગરહસથેજ ઇસથાપેલીછે, અને એ ભલા ગરહસથે, જે બીજાં અગણીત **સારાં અને પરોપકારી કાંમો** કરેઆછે, તેનુ બેઆંન કરવાને હાલ માહરી પાસે પુરતો વખત નથી. પણ આએ વખતે, એનેજ મલતી સખાવત ભરેલાં અને પરોપકારી કાંમો, એક બીજા પરખેઆત પારસી ગરહસથેબી કરેઆં

છે, તેનુ નાંમઆી ઇઆાદ કરવાને હાલ હું ઘટારત સંમજું છઉં, અને તે નામ તે નામદાર **સર કાવસજી જેહાંગીરજી રેડીમનીનુછે.**" *

ખરા પારસીઓ એવી રીતની ખુબીઓ, સરવે ગણેઆતના અને સરવે ધરંમનાં જીવતાં લોકો સાથે કરેછે, તે ઉપરાંત કોઇબી ગણેઆતનાં

---

* એ રીતનુ આંનરએબલ મી૦ નારાએણ વાસુદેઓનુ બોલવું, એ મંડલી મધેનાં તમામ ખાસોઆંમ મુસલમાંનોએ એક મતથી કબુલ મંજુર રાખીઉં હતું, અને એ મંડલી મધે હાજર થાએલા દરએક અને સરવે જનાંએ પોતાના જાતભાઇ મુસલમાંનોની ઠપકા લાએક ચાલ બાબે, દલગીરી ભરેલા ઠેરાવો લખી-વાંચી જણાવી, એ સભાનુ કામ તમામ કીધું હતું, અને એ પછે એ સભાનાં કેટલાએક આગેવાંન ગરહસથો, આંનરએબલ મી૦ નારાએણની સાથે પોતાની સહલા કરવાની દરખાસત અને દલગીરી જણાવેલા ઠેરાવોનાં લેખ લઇને, પારસી ટોલાનાં આગેવાંન સેઠીઆઓ સર જંમશેદજી, સેઠ દીનસાજી પીટી અને બીજાઓ પાસે ગીઆ હતા, પણ પારસીઓની તરફની કેટલાએક વાજબી સબબોની નારાજીને લીધે, એ કામ સરઅંજામ પોહતું નહી હતું. અને એથીબી, આ પણા ગવરનર "સર ફીલીર"નો મીજાજ તીખાસ ભરેઓ થએઓ હતો, તેથી પારસી ટોલાના મજકુર આગવાંન સેઠીઆઓને તેણે પોતાના પરેલ ખાતેના બંગલામા તેરી મંગાવી, નીચે મુજબનાં ખુબ ધંમકી ભરેલા સખુંનો કહેઆ હતાઃ—બોમબે ગેજેટમાં જણાવુંછે કે—

The official report of Monday's proceedings informs us that His Excellency's object in sending for Sir Jamsetjoe and the other Parsee gentlemen was to induce them "To repress the ill-feeling" which continued to show itself on the part of the Parsees towards the Mussalmans. His Excellency wished to be perfectly frank with them, and, speaking generally of the whole community which they represented, he could not but consider the conduct of the Parsees as "injudicious and unconciliatory. They must remember that the "Government could only put a stop to open breaches of the peace; "the sore of revenge and ill-feeling between sect and sect, the "Parsees themselves must cure. The present bad spirit could not "be allowed to last for ever, and His Excellency regretted that they "had not supported Mr. Narayen Vasudeo's laudable efforts, made "with the full support of the Governer, in the way which they "deserved."

મુએલાં અથવા ગુજરી ગએલાં માંણસો વીશે બુરૂં અથવા ગીબત ભરે લું બોલવાને તેઓ હરાંમ સંમજેછે અને તેઓએ બોલવું નહી જોઇએ એવું જરતોશતી દીનનુ ફરમાનછે. પારસીઓનાં ધરંમના લેખમાંથી, ઓ ર પરેકોમનાં તેમજ પરદેશનાં ભલાં માંણસોનાં રૂઆંનો ઉપર, દુઆ અને આફ્રીન કરી, તેઓની યાદદાસ્ત કાએમ રાખીછે, તેની સાબેતી નીચે મુજબનીછેઃ—

ખરા જરતોશતીઓ, જે દીન ઉગે પાંચ વખત બંદગી કરેછે, તેમાં શરોશબાજ નામની ફક્ત બંદગીનાં કલાંમોમાં નીચે મુજબનો અસલ પકરેછેઃ-

(અવસતા.)

અશાહી રવાંને હોસાર મશ હુંમ ફેરબી. હમા ગુહાંને હપત કેશવર જમીન. જમીન પેહે ના ફેદ દરાના, ખોરશેદ બાલા. બુનદીહાદ. બેરેશાદ અશો બેદ હેર ૭. અપ જમીઆદ. ઇઅપ આફ્રીનાંમે.

(ઊપલા અવસતાનો અરથ.)

પેઆરાં રેવાંનને વાસતે, હફ્ત કેશવર જમીનનાં તમામ ભ લાંઓનાં સવાબમાં શરીક થવાને વાસતે, જમીનની પોહલાઇ, નદીની બંબાઇ, અને ખોરશેદની બુલંદી તલક તમામ સવાબનો બદલો મહને પોં હચો. અસો લોકોનુ લાંબી મુદત તલક જીવવું થાઓ. અને એ રવેશે જેમ મેં દુઆ કીધી તેમ પોંહચો (ઇઆને થાઓ.)

હવે જેમ તમામ દેશોના અને તમામ જમાનાંનાં ભલા મરદોની ખુ બી અને રવાંનોને યાદ કરેઆંછે, તેમજ ઓરતોનાં રવાંનોની યાદની નોંધ બી, પારસીઓનાં ધરંમને લગતાં પુસતકોનાં લેખોમાંછે તેના દાખલાઃ—

(ફ્રરવરદીન ઇઅશતનાં અવસતા.)

અઐરીઅનામ દખીઓનામ નરાંમ અશાઓનાંમ ફ્રરવરશાઇઓ ઇઅજમઅહે. અઐરીઅનામ દખીઓનામ નાઅરેનામ અશાઓતેનામ ફ્રરવશાઇઓ ઇઅજમઅહે. તુઅરીઅનાંમ દખીઓનામ નરાંમ અશાઓનામ ફ્રરવશાઇઓ ઇઅજમઅહે. તુઅરીઅનામ દખીઓનામ નાઐરેનામ અશાઓને નાંમ ફ્રરવશાઇઓ ઇઅજમઅહે.

(ઊપલા અવસતાનો તરજુંમો ડાકટર ઇસપીગલ નામનાં જરમંન વીદવાંને નીચે મુજબનો કરેઓછે.)

"The Fravashis of the pure men in the Arian region praise we. The Fravashis of the pure women in Arian regions praise we. The Fravashis of the pure women in the Turanian regions praise we. The Fravashis of the men in the Cairimian regions praise we. The Fravashis of the pure women in the Cairimian regions praise we."

(ઊપલા અવસતા તથા અંગરેજી ફકરાનો ગુજરાતી અરથ.)

"ઇરાણનાં દેશોનાં પવીતર મરદોની ફરવશીઓને હમો ઇંજીએ છઇએ. ઇરાંણનાં દેશોની પવીતર ઓરતોની ફરવશીઓને હમો ઇંજીએ છઇએ.

(અવસતા.)

સાએનેનાંમ દખીઓનાંમ નરાંમ અશઓનાંમ ફ્રવશઇઓ ઇઅજમએદે. સાએનેનાંમ દખીઓનાંમ નાએરેનાંમ અશઓનેનાંમ ફ્રવશઇઓ ઇઅજમએદે. દાહેનાંમ દખીઓનાંમ નરાંમ અશઓનાંમ ફ્રવશઇઓ ઇઅજમએદે. દાહેનાંમ દખીઓનાંમ નાએરેનાંમ અશઓનેનાંમ ફ્રવશઇઓ ઇઅજમએદે. વીસપનાંમ દખીઓનાંમ નરાંમ અશઓનાંમ ફ્રવશઇઓ ઇઅજમએદે. વીસપનાંમ નાએરેનાંમ અશઓનેનાંમ ફ્રવશઇઓ ઇઅજમએદે.

(ઊપલા અવસતાનો અંગરેજી તરજુંમો.)

"The Fravashis of the pure men in the Canian regions praise we. The Fravashis of the pure women in the Canian regions praise we. The Fravashis of the pure men in the Dahian regions praise we. The Fravashis of the pure women in the Dahian regions praise we. The Fravashis of the *pure men in all regions* praise we. The Fravashis of the *pure women* in all regions praise we.

(ઊપલા અવસતા તથા અંગરેજી ફકરાનો ગુજરાતી અરથ.)

"સાઇની" (China) ઇઆને ચીનના દેશોનાં પવીતર મરદોની ફરવશીઓને હમો ઇંજીએ છઇએ. "ચીન"નાં દેશોની પવીતર ઓરતોની ફરવશીઓને હમો ઇંજીએ છઇએ. "દાહી"નાં દેશોનાં પવીતર મરદોની ફરવશીઓને હમો ઇંજીએ છઇએ. "દાહી" ઇઆને કાસપીઅંન સમુદર (Caspian Sea) ની દખંણ દશા તરફના દેશમાં રેહનારી પવીતર ઓરતોની ફરવશીઓને હમો ઇંજીએ છઇએ. તમાંમ દેશોનાં પવીતર મરદો

ની પરવરીઓને હમો ઇંજીએ છઇએ. તમામ દેશોની પવીતર ઓરતોની પરવરીઓને હમો ઇંજીએ છઇએ.

ઉપલા ફકરાઓ ઉપરથી તમામ દેશો અને તમામ ગણેઆતોનાં, તેમા ખસુસ કરીને **મુસલમાંન** ગણેઆતનાં ખરા દાનાવો અને દરીઆ કૂતનાં કરનાર વાંચનારાઓ જોસે કે, પારસીઓનાં અવસતાઇ લખાણમા ંબી સું ચીન કે સું રસીઆ કે સું તુરકસતાંનનાં કે સું બીજા દેશોનાં અને બીજા ધરંમ પાલનારા શખસોનાં ભલાં રૂઆંનોને ઇઆદ કરી, તેઓ ઉપર દુઆ આફરીન કીધીછે, અને કંઇબી બદ દુઆનાં કે બદગોઇનાં સખુંનો બીલકુલ નથી, અને એવા બદગોઇનાં સખુંનો કોઇબી મુએલાંની પાછલ લખવા અથવા બોલવાને તો સું, બલકે સાંભલવાનેબી ખરા જરતોશતીઓ ધીકારેછે, અને એમ કરવાનુ તેઓનાં ધરંમનુ ખાસ ફરમાન અથવા ફતવોછે, એવુ ઉપલાં લખાણથી ખુલ્લું જણાએછે, તે છતાં, **મહુમદ** પેગંમબર જેવા બુલંદ દરજો ધરાવનારને, તેનાં મોહત પાછલ કોઇબી પારસી બદગોઇ અથવા બેઅદબી ભરેલા સખુનો જાંણી જોઇને બોલે અથવા લખે તો, હમો કહીએછે કે તેવા શખસ ખુદ પારસીનીજ દીનનાં ફરમાંન મુજબ તકસીરવારછે, અને કોઇબી ખરો જરતોશતી તેનાં બોલવાને કંઇબી વજંન આપે નહી, તે સત જાંણવું. તોપણ જેમ બીજી સઘલી કોમોના અને સઘલાં દેશોનાં લોકોમાં, બનેછે, અને બનતું આઇઉંછે, તેમ, કોઇ પારસીનુ ફકટ નામ નીશાન ધરાવનાર શખસ, જો પોતાની જાતી મુરખાઇ અથવા અંનજાંણપણથી, કોઇ ચીજ બેહુંદી રીતે બોલે અથવા લખે તો, તેનો સઘલો દોશ તેને એખલાને સરેછે, અને દીન તથા દેશનાં કાએદા કાનુનો મુજબની સજાનો જોખંમબી, તેહને એખલાજનેજ સર રેહછે, એ હકીકત સરવે શેઆંણાં અને દુરઅંદેશ ઇનસાંનોને રોશંનછે. એવું છતાં, જો એક અપટ અથવા બેઅકલ શખસની ભુલ અથવા સમજની ખાંમી સારૂ, તેની કોમના તમામ શખસો સાથે કીનો અને ફેસાદ ઉઠાવવાની, જો કોઇ શખસો તજવીજ કરેતો, તેમાં તેઓની પોતાની કેવી મોટી ખાંમી અને બેવકુફાઇ ગણાએ, તે વીશે અતરે લંબાંણ બોલવાને અગતનુ જોતા નથી. હમારી પોતાની ટુક

અજમાએશ ઉપરથી, હમારા ચંચલ વાંચનારાઓને, હમો આએ વાત ખાતરી ભરેલી રીતે જણાવીએછે કે, સચાઇને ચાહનારા, દીનદાર અને પર માંણીક જરતોશતીઓ, પોતાનાં સઉથી વેરી અને કટા **દુશમંનનાં મરંણ પછી**, તેની પીઠે, એકપી હરફ બેલગાંમનો, કે બેઅદબીનો, કે બદગોઇ ભરેલો બોલવાને સદા નાલાએક અને ધીકાર ભરેલું ગણેછે, અને કદાચ જો કોઇ શખસ ભુલે–ચુકે, અથવા વેર–કેહરની રૂએ બોલે તો, બીજા સાંભલનાર દીનદાર શખસો તરતજ પેલા બોલનારને અટકાવેછે, અથવા તેનાં બોલવાને તુછકારીને, અપમાન ભરેલી રીતે દુર ચાલી જાએછે.

ધરંમની રૂએ પારસીઓના દીલની સફાઇ, મોટાઇ અને ભલાઇનાં એશારા આએ પુસતકનાં આગલા સફામાં હમો જણાવી ચુકાછે, અને આએ વખતના મુસલમાંનોના હુલડ જેવા બુરા મીનાકેસા ભરેલા વખત માંબી, પારસીઓનાં ભલાં દીલની ખુબી કેવીછે, તેનો એક બીજો તાજો અને અગતનો દાખલો નીચે મુજબનો રજુ કરવાને ઘટતું વીચારીએછેઃ—

હમો ઉપર જણાવી ચુકાછે તેમ, જેઆરે મુસલમાંનો તરફથી દલગીરી જણાવેઆ બાદ, પારસીઓ સાથે સહલા કરવાની માંગણી થઇ હતી, અને તે માંગણી પારસીઓએ, કેટલાએક ઘટટા સબબોને લીધે, કબુલ રાખી નહી હતી, તેઆરે મુંબઇનાં ગવરનર "**સર ફીલીપે**" પારસી સેઠીઆઓને પોતાની હજુરમાં તેરી મંગાવીને, કેટલીએક વાતો ધંમકી ભરેલી તેમજ સંમજાવત ભરેલી કીધી હતી, અને પારસી સેઠીઆઓને, તેમાં ખસુસ કરીને **સેઠ દીનસાજી માંણેકજી પીટીને**, એ ગવરનર સાહેબે, એવું સંમજાવીઉ હતું કે, **મુસલમાંનો** તરફથી તેહની પાસે એક મોટું ડેપીઉટેશંન આવીઉ હતું અને તેઓએ મોઠી આજેજીથી એવું જણાંવીઉછે કે, પારસીઓ સહલા કરતા નથી, મારામારી ચાલુ રાખેછે, ઘણા મુસલમાનોને જીવથી મારેઆછે અને પુશકલ જણાને સખત જખમી કીધાછે, અને વલી એ ઉપરાંત, પારસીઓનાં હાત અને લાગ વગમાં પુશકલ મોટાં કારખાનાંઓ અને કાપડ–સુતર વંણવાની મીલો અને સાંચાઓછે, જેમાં **હજારો ગરીબ મુસલમાંનો** દરરોજ ચાકરીએ અને રોજીએ જાએછે, તેઓને **કાહડી મુકવાનો ઠેરાવ સેઠ દીનસાજીએ**

કીધોછે, તેથી હજારો મુસલમાનોપર ભુખમરો પરસે, વાસતે ગવરનરે **સેઠ દીનસાજી પીટીટને** સંમજાવીઉં કે, તેવંણે મેહરબાંનીની રાહે, પોતાના કારખાનાઓમાંથી, **મુસલમાંનોને** કાહડી મુકવા નહી, સબબ કે એથી, એ ગરીબ અને નાચાર ટોલાના લોકોમાં, મુફલેસી અને કંગાલીઅતપણાંનો ઓર વધારો થસે, અને તેથી ઘણાં લોકો દુખી થસે. એનાં જવાબમાં **સેઠ દીનસાજીએ** ઘણીજ નમંતાઇથી અને લાએકી ભરેલી રીતે, **ગવરનર** સાહેબને તરતજ એવું જણાવીઉં હતું કે, માહરા અસતકનાં કારખાંનાંઓમાંથી, કોઇબી ગરીબ અને **બીન તકસીર મુસલમાંનોને** કાહડી મુકવાને હું ચાહતો નથી, અને એવો વીચાર પણ મેં કરેઓ નથી, અને જાંહાં શુધી તેઓ **સારી ચાલ ચલાવસે** તાંહાં શુધી હું પોતે કોઇબી **મુસલમાંનને** રજા આપી બેરોજગાર કરસ નહી, એટલુંજ નહી, પણ કોઇબી બીજા કારખાંનાંવાલાને એવી અધરમી સહલા પણ આપીસ નહી. સેઠ દીનસાજી પીટીટને મોહડેથી એવા રેહમ દીલનાં અને ઉડાર મંનનાં સખુંનો સાંભલી **ગવરનર** "સર ફીલપ" અને બીજા ગરહસથો ઘણાં રાજી થએઆ હતા, અને પોતાના આપેલા કોલ મુજબજ એ ભલાં દીલનાં પારસી સેઠીઆએ અંમલ કીધો હતો.

હવે મજકુર સેઠ **દીનસાજી માણેકજી પીટીટ** અને બીજા પારસી ગરહસથોનાં દીલો ઉપર, એવી ખુબીવંતી અસર કહી ચીજથી છે? હમોએ ઉપર જણાંવીઉંછે તેમ, એ સઘલી અસર, તેઓનાં **જગત મીતરાચારી ભરેલા,–જગતનો ભાઈબંધાઈ અને મોહબતનો ફેલાવો કરનારા, અને જગતની ખેરખાહી અને આંબાદાંની ચાહનારા–જરથોશતી ધરંમનાં** પરતાબથીછે, તેમાં કસો શક નથી. આ પુરથવી પરનાં, દરએક ભલાં ઇનસાંનને પોતાનો ભાઇ બેહેન ગણી, તેની અગત અથવા હાજતની વખતે તેને બનતી મદત આપવી, તેની જાતી નબલાઇ અથવા નભરવશીથી થાએલી ભુલચુક અને તકસીર વીશે દરગુજર કરવી, તેની આડી ચાલ અને પાપી કરતુકોથી તેને પાછો હટાવવા સારૂ, સારી સહલા અને સમજ આપી, તંન મંનનાં કઊવતથી, અથવા જર માલનાં જોરથી, તેને ઘટતો આસરો આપી નીભાવવો, એજ એક ભલા જરતોશતીની ખરી ફરજ, અને એક

દીનદાર ગરહસથનુ પરોપકારી કાંમછે, કે જેથી આપ્પે દુનીઆંનાં લોકો, તેમજ કુલ ખલકતની અપરંમપાર કરાંમતો ભરેલો તે કીરતાર ખુશી અને મગ્નંન થાએછે.

"By this genreous sentiments we are taught to divest ourselves of each selfish consideration and narrow prejudice, reflecting that we are united by a strict, and endearing relation, as creatures of the same God, children of the same first parents, and brethren of the same solid tie. We are reciprocally pledged in the bond of brotherly love, and therefore unquestionable is the right of "—Man—" to rely upon each other for succour in the hour of need, by pecuniary aid, or by procuring assistance, adviso, and protection, according to their relative circumstances and conditions of life."

બાબ ૬ ઠો.

આએ હુલડમાં પારસીઓની તરફથી લેવાએલા ઊપાઓ, તથા સરકારે તાબુતનાં સરઘસનો અટકાવ કીધો હતો અને વધારે લશકર મંગાવીને બીજી જપતી રાખી હતી તે-તથા મુસલમાંનોએ એક સભા ભરી પોતાના જાતભાઈઓની ચાલ બાબે દલગીરી જણાવીને, પારસીઓ સાથે સાહુલા કરવા ચાહીઊં હતું તે વીશે, તથા અરજીઓ અને બીજી અગતની પરચુટંણ બાબતો વીશે.

મુંબઇ શેહરમાં અંગરેજ સરકારનું ગોઆ રાજજ નહી હતું-અને જેનાં હાતમાં લાકડાં અને પથરા તેનોજ જોર અને દોર તા૦ ૧૩ મી તથા તા૦ ૧૪ મી તથા ૧૫ મી ફેબરવારી તલક, પુર જોરથી ચાલેઆ હતો, અને મી૦ સુટરની પોલીસનાં, ઠાકેલાં, અપરાએલાં, છીલીકાએલાં,

જખમી થએલાં-હારમાર થએલાં, અને તમામ પરજાની બતરીસી અને બદલાંમીમાં આવી પડેલાં જીુજવી માંણસો, એક તરફ સમાંધાંની જાલવ વા જએ તો, બીજી ચેઆર-તરફ બખેડા ચાલુ થએલા સંભલાએ. પ ણ પેલા છેહલા, ઇઆને તા० ૧૫ મી ફેબરવારીને દીવસે, જેઆરે ચંદં નવાડીનાં પારસીઓ સાથે ખુનાંમરકી ભરેલું રમખાંણ મચીઉં, તેઆરે જ ખરા ભએ અને ઇનતેજારીનો આતશ, મી० સુટર અને બીજા અં ગરેજ અંમલદારોનાં જીગરમાં સલગેઓ, અને તેજ વખતે ગોરી-તથા કારી ચાંમડીની લશકરી ફોજ, તમામ અગતનાં હથીઆરો અને ટોપો સાથે મંગાવી, અને આએ આખાં શેહરને લશકરી ચોકીનાં આસરા હે ઠલ સોપીઉં. રાત ને દાહાડો પેદલ તેમજ ઘોડે સવાર સીપાઇઓની ધી સ, મોહલે મોહલે અને ગલી ગલીએ ફરવા લાગી, મુસલમાંન લોકોની મ સજીદ અને ગીચ વસતીનાં રેહઠાંણો તરફ નેમ ટાંકીને ટોપો ગોઠવી તઇ આર રાખી, અને બોહલા વેપારનાં અને તહરેવાર ગણેઆતોની વસતી વાલાં, આએ ગુલજાર મુંબઇ શેહરને, ખુનખાર લડાઇની જપતી વાલા કીલ્લાનો-અથવા ચોરીઆ અને પીંડારાઓનાં રેહઠાંણનાં ગોશાનો આકાર આપેઓ. તરંણ દીવસો સુધી બેદરકારી ભરેલી ગફલત કીધા બાદ, તથા બેવીશવાસી ભરેલી આનાકાની દેખાડેઆ બાદ, અને બીહીક તથા બદ ગુમાન ભરેલી હીલચાલ બતાવીઆ બાદ, આપણી ભલી, પણ ભોલી સ રકારે, ચેઆર હજારથી વધારે માંણસોનુ લશકર, પુણેથી અને બીજી જ ગાઓ પરથી મંગાવીઉં, અને સઉથી સરસ અને નવી કલાથી બનાંવેલી ટોપો, દારૂ ગોલા સાથે તઇઆર કરી, ફીસાદખોરાઓનો જોશો નરંમ પા રી-અને ગોસો નાંબુદ કીધો હતો,

રવીવારની બપોર પછે આપણા સતાવાલાઓએ લશકરની મદદ બો લાવી અને તે વખત પછે શેહેરમા ચોમેર સમાધાની ચાલુ થઇ હતી. આ હુલડ ઊભું થતાંજ પોલીસ કમીશનરે અટકાવયું નહી, તેમજ બીજા બે દીવસ સુધી હુલડ અટકાવા માટે કાંઇ ચાંપતા ઊપાયો લેવાએઆ નહી હ તા, પણ તાર પછે સરકારે અને પોલીસે જે જે ઉપાયો લીધા તે એટલા મજબુત, અને એટલા ખાતરી ભરેલા હતા કે આગલી સઘલી બેદાદી

અને બેદરકારપણાનો ગોયા તેઓએ બદલો આપેઓ હતો. પલટણના ૫૦ માણસોને સોનાપોરની ગલી આગલ, બાર—બાર માણસોને વાડીયાના, તથા ફરાંમજી કાવસજીના તથા દાદીશેઠના આતશબેહેરામ આગલ, તેટલાંજ માણસોને ખેતવાડી, ભીંડીબજાર, તથા બાહેરકોટની દરેમેહેરે આગલ, અને ૭૫ માણસોની ટુકડીને પાંએવોની આગલ રાખવામા આવી હતી. આ લશકર ફરી વલવાથી આખાં શેહેરમા ધીરજ પેદા થઇ હતી, તાર પછે ફરીથી કસું જીવ જેવું હુલડ થયું નહી હતું.

લશકરી ટુકડીઓને જાંહાં અગત પડે તાંહાં જવાનો હુકમ હતો, તથા જો ફીતુર થાયતો પેહેલાં બાગનેટથી તે બેસાડી દેવાનો અને તેથી નહી બનેતો ગોલીઓ વટીક મારવાનો હુકમ હતો, દરએક સીપાહી જોડે ૫૦ થી વધારે ગોલીઓ અને દારૂ તઇઆર હતો એવું સાંભલીને લોકોને ખુશાલી ભરેલી ધીરજ આવી હતી,

કોલાબામા સાવચેતી રાખવા માટે બરીગેડીઅર જનરલ "જેલ" હોકમ કાહાડીઓ હતો કે મેજર ગીબસે ૧૫૦ યુરોપીઅન સોલજરોને તઇઆર રાખવા અને કમાંનડરે કોટ અને કોલાબા વચે તારના સંધેસા ચાલુ રાખવા.

કોલાબે પડેલી સેકંડ કુવીનસ રીજમીટને હોકમ હતો કે, ખબર થતાં જ તુરત ટરેનમા બેશી ચરનીરોડ સટેશન ઉપર ઊતરવું અને હોકમ થાય તયાંસુધી તયાં થોભવું, આ સઘલું બજાવવાને માટે સપેશીઅલ ટરેનોની ગોઠવણ રાખી હતી. તે ઉપરાંત જો જરૂર પડેતો કમાનડર ઇન ચીફના બાડીગારડોને તુફાનની જગાએ લાવવાનો હોકમ કરવામાં આવીઓ હતો. કોલાબાથી બે તોપો સરનજામ સુધાં કીલ્લામાં મંગાવી તઇઆર રાખી હતી અને હોકમ કીધો કે તારની હાફીસમાં એક માણસ આખો દાહાડો અને રાત વધુ હોકમ થાય તયાંસુધી રાખવો,

સોમવારે સાંહાંજના અતરેની સરકારે મુંબાઇમા ચાલતી ગરબડ બાબે વડી સરકારને તાર કરયો હતો અને મોહોરમને ટાંકણે પરજામા સુલેહ રાખવા માટે જે જે ઉપાયો કરીઆ હતા તે સઘલા જણાવીઆ હતા, અને વડી સરકાર તરફથી જવાબ ફરી વલીઓ હતો કે જેમ બને તેમ હુલડ બેસાડી દેવાના મજબુત ઉપાયો લેવા,

મંગળવારને દીનથી સરકારે બીજા વધારે બંદોબસતો કરયા. પુણા ખાતેથી મોટું લશકર બોલાવી મેદાનમાં તેમની છાવણી કરાવી, કે જેથી કોટ તેમજ બાહેરકોટના રેહેવાસીઓને ધીરજ રેહે.

આ સઘલાં લશકરના આવેઆથી મુંબઇનુ મેદાંન બહુ રલીઆંમણું દીસતું હતું, અને ટોપો, ઘોડાઓ તથા લશકરી અશબાબથી મુંબઇ કોઇ મોટી લડાઇપર ચહડવાની તઇઆરી કરવા પડયું હોય ફવુ લાગતું હતું.

બુધવારની સાંજનાં આ સઘલાં અતરે આવેલાં લશકરની તેમજ મુંબઇમાં રેહેનારાં લસકરની કવાએદ આપણાં મેદાંનમા થઇ હતી, જે જોવાને સેંકડો લોકો ભેગા મલયા હતા. આ કવાએદ મોટી અને ભપકાદાર હતી.

ઘોડેસવાર લશકરને મજગામ—ગરાંટરોડ—ભાએખલા આગલ તથા અલાહીબાગના લતા તરફ રાખયું અને રાતના એ લશકરની ટુકડીઓ મોહોલાઓ મધે ફરવા નીકલે તે આખી રાત ફરે. તારે તેમના ભપકાથી, તથા હથીઆરોના ખણખણાટથી અને ઘોડાઓનાં પગની નાલની તડાતડીથી, ભલા લોકોના દીલમા ગમત અને બદકારોના દીલમાં હેબત પેસતી હતી.

મુંબઈમાં બનેલા લશકર વીગેરેની ધાંમધુમના બનાવ વીશે.

(દોહરા.)

અંધેર નગરી ગરબર ગોટા—મુંબઇ શેહરમાં ભારી,
કોરગા લોકો છુટી પાંમાં—કરે મારામારી.
સુખ—સહલાનો આએઓ છેડો—ફીતનાંની થઇ છુટ,
ભીખતા લોકની સતા ફુલાઇ—જર-માલ લુટાલુટ.
ગાંમડીઆ કુલ સુખથી વસે—રેડે શેહરી પારસી,
દીનનાં મકાંન બરહંમ મલે—પર કોમ કરે હસી.
આતશ બુજાએ—અસબાબ લુટાએ, પારસીમાં ધબરાટ,
મુસલમાંનનાં ડોસલાં ઊચકાએ—ફીતંમફાત—ભાઇ ફીતંમફાત.

બેદાદીનાં બેતર દરમેઆંન—સુખની નાહસા-નાહસ,
લુટ મચા તાંહાં "સુટર" બોલેઓ—"સીપાઇ નહી મુજ પાસ.
"પારસીજ લોકે પેં-પું-કરી—વટાડી "પોલીસ,"
"દુખ આઇઉં આજ—અચખુચું—તો સું કામ કરોય રીસ?"
હાતનાંજ કીધાં હઇએ વાગેય—તેનો સું રે ગંમ?
પર કોમોનુ ભલું ચાહતાં—ખુદ કોમ પર સેતંમ. *
સઉથી બુરા કડવાસ ભરીઉ—તેજ ચીજમા છે જેહર,
કે દરીએ વસી જે નર રાખે—મગર સાથે વેર.
લાંબી જીભનો પારસી ટોલો—ભોગવેય બહુ મોહકાંણ,
બીન ભરવાડે વરૂ બચ્ચા—કરે અનેક જીઆંન.
બીન સરદારનુ લશકર હીણું—મુદઇ ફાવે પલમાં,
આંનું ખરાબ તેનુજ જાંણજે—સંપ નહી જેનાં ઘરમાં.
કાંનાંઓનાં મુલક ઉપર—આંધરાજ કરે રાજ,
એ રીતેની હાલત બનીય—કુલ મુંબઇની આજ.
ધોરે દીસે મુંબઇ શેહરમા—મચો કાપ ને વાહાર,
છતી આંખે આંધરી બની—"ફીલીપ" ની સરકાર.
ઘબરાટ વધેઓ—વેહવાર અટકેઓ—ચોરચારની થઇ ધુલ,
કંમજોર ઉપર જોરમંદ ફાવે—લુટાએ જાન માલ અમુલ.
દર દીવસનો ઉગતો સુરજ—લાવેઓ નવોજ દર,
ખબર તેની તારથી ફેલાઇ—હીંદમાં તરાતર.
પોંહચી વલેઆ પુણાં તરફ—ગરબરનાં પેગાંમ,
ચાલી તેથી તાંહાંની ફોજમાં—હર રીતની ધુંમધાંમ.
સરદાર દોડે—સીપાઇ દોડે, દોડે ખાર-ખરચર,
રેલને રસતે જંગનો અસબાબ—ચહડે ધરાધર.

---

* ઇઆંને પારસી લોકો પોતાની ચંચલાઇ તથા જાહેર હીમતથી તમામ જાતની રઇએતના ફાએદાને વાસતે બાજે વખત સરકારી મોટા અંમલદારો સાથે તથા મુનીસીપલ ખાતાનાં અંમલદારો સાથે બાઠ લઇને તથા ઘણી કડવાસ ભરેલી ભાંજઘડો કરીને દુશમની અને બદનામી મેલવે છે તે વીશેનો એ એશારો સમજવો.

આગ ગાડીઓ વીજલી ચાલથી—લાવી લશકર ખાસ,
નીરાસ થાએલાં મુંબઇ શેહરને—આવી પાછી આશ.
ઢાલ-તલવારને ટોપ—બંદુખનોજ—થઇ પડ્યો દેખાવ,
ઘરી પેદલ-ઘરી સવાર—કરે આવ ને જાવ.
ઉભી કીધી હર જગો પર—તંબુઓનીજ હાર,
ખુનખાર જંગનુજ મેદાંન બનીઉં—મુંબઇ શેહર ગુલજાર.
ચોકી—પેહરા અહલાઇ-બદલાઇ—કરે "શોલદર હોપ,"
કીતનાંની કુલ જગા ઉપર—ગોઠવી ખુનખાર ટોપ.
અચરત થઇ નેં જાગ્રા કરે—કુલ આલંમનાં લોક,
ખરા સાઉકાર હરખાએ—મલકાએ—ચોર લોક મુંકે ફોક.
તપાસ રાખે સરદાર—"સુઠર," તમામ રાત ને દીસ,
તેજ હથીઆર હાતમાં રાખી—ફેરવે હર જગ ચીસ.
ખરખર ખરખર ઘોડા દોડે—તરતર થાએ કુલ નાલ,
મોહલે-મોહલે જોવાં નીકલે—જંન-મરદ ને બાલ.
ધર-ધર-ધર ધર ટોપો ફુટે—ખટખટ કુલ બંદુખ,
બાહદુર અંગરેજ તલવાર મારે—ટલે રંજને દુખ.
ભરભર-ભરભર, હો-હા-હું-હમે, બોલે સોલજર લોક,
ચોર-પીંડારા ચુપ—ચુપ નાહસો—નહીતો ભાંજસું ડોક.
અંગરેજ સોલજર ખુશ થઇ કરે—પારસીનેજ સલાંમ,
અંગરેજપરજ વીશવાશ રાખેચ—પારસી લોક તમામ.
બદ હુજડાઇનાજ ફલો ચાખેચ—તમામ પારસી કોંમ,
અનેક પીડા ઉભડેચ તેથી—શેહરમાં સોબ ને શોંમ.
આઇઓ રડેચ—બાઇઓ રડેચ, રડેચ નર ને નારી,
કોણની આગલ કહીએ તેમનાં—દુખની વાતો સારી.
"વીનાશ કાલે વીપરત બુધી"—જોએછે સઉ આજે,
કે હલકા ચાકર સેતંમ કરેચ—સેઠ લોકનેજ કાજે.
તાજા ગાહમાં તીખું નીમક—"વરણ ગીઆમાં વાલ,"
સંભલાતું તે આંખે જોઇએચ—આએઓ કલજુગ કાલ.

કે માંનનાં દીવસ જાતા રહેઆ—બુજ-રીજ નહી કોઇ,
કે "સર ફીલીપ"નાં અંમલમાં તો-ઘેડ મારેચ ધકે. *
ફુલરાઇ છોડો પારસી ભાઇ-ને નોં કરો પતરાજ,
કે વાતેજ રીજેચ વાંણીઆ-ને "રાગેજ રીજેચ રાજ."
વખત મલતું બોલી-કરી, દીલમાં રાખો ધાક,
"કીડીએ મસ્ત હાથી ગલો"-તે પણ કેહો હાલ હાજ.
સગી માએને નહી ગંમસે-આએ સાચો કહેલી વાત,
પણ ભાવતું ઓશડ વઇદ કરેતો-મરે કાલનો આજ.
રઇઅત રૂઠે-હાકંમ રૂઠે, પણ તું નોં રૂઠતો રબ, †
પારસી લોક પર રેહમ રાખીને-ટાલજે કુલ ગજબ.
"છે જેટલા તારા ગગંન પર-તેટલા સતરૂ હોએ,
પણ કુરપા હોએ જો **કીરતારની**-તો બાલ ન તોડે કોએ."

---

* ખેતવાડીના લતા તરફ રેહનારા પેલા ડાહેઆ! નામના ઘેડાએ અને તેનાં બીજા સાડીઓએ, તાહાંનાં રેહવાસી પારસીઓ ઉપર પથરાનો અને બીજો મારો ચલાવેઓ હતો તે વીશેનો એ ઓશારો સમજવો. એ ઘેડો પોલીસમાં તકસીરવાર ઠરેઓ હતો અને તેને દંડની સજા થઇ હતી.

† ઇઆને પારસીઓની હાલત હાલ એવી મુશકેલ અને માંઠી થઇ પડીછે કે, તેઓમાં પોતપોતામાં સંપ નથી, તેઓમાં તંનનુ કઉવત કે હથીઆરનુ જોર નથી,—**રઈએત** તેમની સામણે રૂઠીછે, **સરકાર** તેમની સામણે રૂઠીછે, અને **હાકંમ**બી ગોઆ તેમની સામણે રૂઠેઓછે, તેથી આએ લખનાર ગોઆ **પરવરદેગાર** પાસે એવી દુઆ ચાહેછે કે, એ સરવે કોઇની દુશમની ઘરીભર પરવરસે, પણ એ ખોદા! એવે સમે તું તાહરી મેહર માએઆજ રાખજે, અને કંઇબી રીતે તું નોં રૂઠતો, નહી તો પારસી લોકની પનાહ કેડેબી બાકી નહી રેહસે. પેલી કેહવત મુજબ આકાશપર જેટલા તારાછે તે તારાની સંખીઆ જેટલા અગર એક માંણસનાં અંગનીત દુશમંન હોએ, પણ જો તેની ઉપર તે પરવરદેગારનીજ મેહરબાંની હોએ તો તે દુશમનોથી તે શખસના એક બાલનેબી નુકસાંન થઇ નહી સકે.

તાબુતનાં સરઘસ બંદ કરવા વીશેનો સરકારી હોકંમ.

એ ફેસાદ ઉઠાવામાં મહમદીઆંન લોકોની હુલડાઈ અને તકસીર વીશે, આપણા ગવરનર "સર ફીલીપ" અને તેના મલતીઆ અંમલદારોની ખાતરી થઇ હતી, તેથી તેની સજામાં, તથા વધુ બખેડો નહી થાએ તેવા વીચારથી, આજ સેંકડો વરસોથી ચાલતી આવેલી મુસલમાંન લોકોની તાબુતની ક્રીઆ કરવા દેવાનો અટકાવ કરવાને, આપણાં નામદાર ગવરનરે ઠેરાવ કીધો હતો, અને એ વીશેની પેહલી ખબર, તા૦ ૧૭ મી ફેબરવારી ૧૮૭૪ ને દીને મુંબઇની "યુનીવરસીટીની કાનવોકેશંન" ની સભામા કહી સંભલાવતી વખતે, નામદાર ગવરનરે પોતે, આ નીચે મુજબના, સખુંનો બોલેઆ હતાઃ—

"It has also been decided that in consequence of the disgraceful scenes which have taken place on this one occasion—I say deliberately on this one occasion the usual Taboot Processions will not be permitted. (Loud applause.) This, no doubt, will be most distasteful to the *disorderly section* of the city, but I feel that no other course was open, and I hope and trust that in carrying out this decision we may expect the assistance of all honest and good men. But we do not trust alone to that in suppressing disorder. Troops have been sent for and stationed in such a manner as to prevent the possibility of any further rioting."

(ઊપલી મીજલસમાં, તાબુત બંદ કરવાના ઠેરાવને લગતા, ગવરનરે કહેલા ઊપલા અંગરેજી સખુંનોનો તરજુંમો.)

"આએ વેલાએ, આએ શેહરમાં, જે હીનપતી ભરેલા દેખાવો નજરે પડેઆછે, તેટલા ઉપરથી ફવોખી ઠેરાવ કરેઆમાં આવેઓછે કે આફ વેલાફ, અને હું ખોલલી રીતે જણાંઉ છેઉ કે ફકત આએજ વેલાએ, સરેશતા મુજબનાં મોહરંમનાં તેહવારનાં સરઘસો કાહડવા દીધામાં આવસે નહી (એવું સાંભલીને આખી મીજલસ મધેની લેડીઓએ અને અંગરેજોએ અને બીજાઓએ ખુશાલીની તાલીઓ વજાડી હતી) એવો ઠેરાવ, આએ શેહર મધેનાં ફેસાદીઆ ટોલાનાં લોકોને અતી ઘણોજ અંનગમતો લાગસે તેમાં કસો શક નથી, પણ મહને એવું સંમજાઇઊચ કે, એજ ઉપાએ

અંમલમાં આનવા સીવાએ કંઇ બીજો રસતો નથી, અને તેટલા વાસતે હું એવી આસા અને ભરોશો રાખું છઊં કે–એ ડેરાવને બજા લાવવાના કામમાં, તમામ પરમાંણીક અને સારાં માંણસો હમોને મદત આપસે. પણ બખેડાને ડબાવી દેવાને વાસતે, માંતર એજ ઉપાએપર ભરોશો રાખી હમો બેઠા નથી, લશકરી ખાતાંનાં માંણસોનેબી અતરે લાવી, એવી ગોઠવંણથી જુદી જુદી જગોએ રાખેઆમાં આવસે કે, કંઇબી રીતનો વધારે ફેસાદ થઇ સકેજ નહી."

ઉપર મુજબનાં સખુંનો નામદાર ગવરનરે આખી મીજલસમાં કહી સંભલાવેઆ બાદ, તેજ દીને સાહાંજનાં એક હોકંમ નામું છપાવી, એવું જાહેર કરાવીઊં હતું કે, કોઇબી મુસલમાંને **તાબુત બનાવવાં નહી**, રસતા પર ફેરવવાં નહી, પંજાઓ કરવા નહી, ધોલ તાસા વજાડવા નહી—અને રસતામાં તથા રાહદારીનાં ઠેકાંણાંમા માંણસોએ ટોલાંબંદ ભેગું થવું નહી, અથવા મંડલી થઇને ચાલવુ નહી, એવો જબરદસત હોકમ બાહેર પાડેઓ હતો, અને તેનાં અસલ સખુંનો નીચે જણાવેઆ મુજબનાં હતા:—

Bombay Castle, 17th February 1874.

PUBLIC ORDER.

"Whereas, by a public order of the Commissioner of Police dated the 23rd January 1874, certain rules were established for ragulating the religious processions of the Mohurrum and for the preservation of the public peace during that festival, and whereas, in consequence of certain recent serious disturbances in the city of Bombay, it has become necessary for the preservation of the public peace to prohibit all religious processions until the public tranquility is restored:

1 No assemblies or processions in the public streets, roads, or thoroughfares in the city of Bombay will be allowed during the ensuing Mohurrum.

2 No licenses for erecting or carrying about a Taboot, Punja, or Dholeeka Punja or for the use of music in the public streets at the ensuing Mohurrum will be granted, and all licences that have been granted are hereby cancelled."

(Signed) F. H. Souter,
Commissioner of Police.

Approved and confirmed, by order of the Honourable the Governor in Council.

(Signed) John Nugent,
Acting Under Secretary to Government.

તાબુત બંદ કરવા બાબેના આએ સરકારી ઢંઢેરા ઉપરથી મુસલમાનોમા મોટા ધબગાટ ફેલાએઓ હતો અને આવી રીતનું હુકમનામું શરકારથી કાહાડી શકાય કે નહી, તે બાબે ઘણાક મુસલમાનોએ વકીલની સલાહ લીધી હતી. એક વખાણાયલા વકીલે તેમને એવું મત આપયું કે, એ ઢંઢેરો બાહેર પડયો એટલે ધારાના જેટલી મજબુતી પાંમી ચુકયો, માટે હવે તેઓને થકી કાંઇ બીજો ઉપાય નથી.

આ ઢંઢેરા ઉપરથી મહમદીઆંન લોકોમાં ખોટી ગડબડ પેદા નહી થાય એટલા માટે સતાવાલાઓ તરફથી તેઓને ઘટતી શમજ પાડવા માટે ઘણી મેહેનત લેવામાં આવી હતી. એજ પરમાંણે આગેવાંન મુસલમાંનોની એક સભા મી૦ સુટરે મજગામની પોલીસમા બોલાવી હતી, જાંહાં તેણે તેઓને સમજ પાડી કે સરકાર આ ઢંઢેરો કાહાડીને મહમદીઆનોના ધરમ સંબંધી કામ કાજોમા કસી હરકત કરવા ચાહાતી નથી. સરકારની મતલબ માતર હાલનો બખેડો બેસાડી દેવાનીછે, અને તેથી જાહેર રસતાઓ ઉપર તાબુતો બનાવા તથા સરઘસો ફેરવવાની આ ઢંઢેરાથી મનાઈ કરીછે. એ ઢંઢેરા છતાં જો મુસલમાન ગરહસથો ચાહાશે તો પોત પોતાના ધરોની અંદર તાબુતો બનાવી શકશે, પણ તેઓને ઘરની બાહેર તેમને લઇ જવા દીધામાં આવસે નહી.

સતાવાલાઓના ઉપલા બંદોબસતો મજબુત અને ચાંપતા થયા. આ ગત કરીને તાબુત બંધ પાડવાનું કામ ઘણુ અડચંણ ભરેલું હતું, અને તેટલા માટે વધારે બખેડો નહી થાય તેના સંભાલને થકી સરકારે લશકરી બંદોબસતો વધારે મજબુત અને સમપુરણ કરયા હતા.

મુસલમાંનોએ સભા ભરી તથા દલગીરી જણાંવી પારસીઓ સાથે સહુલા કરવા ચાહી હતી તે વીશે.

"તા૦ ૧૬ મી ફેબરવારીને દીને નાગોદા મહમદ અલી રોગેના મકાંનમા કેટલાક વગવાલા મુસલમાન ગરહસથોની સભા મુસલમાનોનું હુલડ બેસાડી દેવા બાબદ વીચાર કરવાને મલી હતી. આ વેલા મી૦ હમદભાઇ હબીબભાઇ, મી૦ અલીમહમદ ભીમજી, મી૦ રહીમતુલા સુલીમાન, મી૦ લધા ઇભરામ, મુનશી અલી અકબર વગરે ઘણાક ગરહસથો હાજર થયા હતા. મી૦ મહમદ અલી રોગેએ સભાપતીની ખુરશી લીધા બાદ, તેઓએ જણાવીયું કે હાલનું તોફાન મુસલમાન ટોલાને ઘણું શરમ પોચાડનારૂંછે. પારસીઓ તેમના રઇઅત બીરાદરો હોવા ઉપરાંત મુસલમાનોને તેઓ સાથ દરરોજ કામ પડેછે અને તેમની સાથ દુશમની રાખવામા મહમદીઆન ગનીઆતને ઘણું નુકસાનછે. મી૦ રોગેએ જણાવીઊં કે મોહોરમ આવતાં સુધીમા જો આ તુફાન બંધ પાડવામા ન આવશેતો તેના પરીણામ ઘણા ધાસતી ભરેલાં થશે, માટે સરવે સદ ગરહસથોની ફરજછે કે પોતાના જાતવાલાઓને સમજાવવા. એ સભા મધે એવીજ મતલબના બીજાં ભાશણો થયાં, જેની મતલબ એવી હતી કે મુસલમાન ટોલાના કેટલાક જહનુના લોકોએ કરેલી મારામારીથી એ ટોલાને ઘણું દુખ ઉપજયુંછે, અને પારસીઓને થયલાં નુકસાનની દલગીરીમા તેઓ ઘણો ભાગ લેયછે, કે આ બખેડાને જેમ બને તેમ બેસાડી દેવા તથા સમાધાંનીથી પતાવી આપવાની તેઓ પોતાની ફરજ વીચારેછે, અને એ સીવાએ બીજા વીચારો ઉપલી સભા મધે આપવામા આવયા હતા. આવી રીતની નેક ધારણા સભા મધે જાહેર થવા બાદ સભામા ઠરાવ થયો કે મી૦ મહમદ અલી રોગે અને બીજાઓનું ડેપયુટેશન સર જમશેદજી જીજીભાઇ પાસે જવું અને પારસીઓનીબી એવીજ સભા બોલાવવાની તેઓને અરજ કરવી કે જેથી બેહુ ટોલાની સભાઓ એકજ દીને ભેગી મલી સુલેહના વીચારો એકમેકને જાહેર કરે અને એ રીતે હાલના બખેડાનો અંત આવે."

"ઉપલા ઠરાવ મુજબ મજકુર મુસલમાનો મંગલવારને દીને સર જમશેદજીની મુલાકાતને માટે મજગામ ખાતે ગીઆ હતા. તેઓએ સર જ

મશેદજી આગલ પોતાનાં મુસલમાન ભાઇબંધો તરફથી પારસી ટોલાને થ
એલાં દુખને માંટે ઘણી દલગીરી બતાવી તથા સર જમશેદજીને અરજ
કીધી કે જે દાહાડે અમે અમારા ટોલાના લોકોની એક મોટી સભા સુલે
હ કરવા માટે બોલાવીએ, તેજ દાહાડે તેવણે (સર જમશેદજીએ) પણ પાર
સી ટોલાના લોકોની એક સભા એજ કારણસર બોલાવવી. સર જમશેદ
જીએ આ મહમદીઆન ગરહસથોને તેમની ભલી સોચનાને માટે ઘણું મા
ન આપવા પછે, એવો જવાબ દીધો કે હાલનુ આ હુલડ કાંઇ પારસીઓ
એ કીધું નથી, માટે પારસીઓને કોઇ પણ રીતે સુલેહ કરવાં અથવા બી
જા કોઇ ઉપાયો સારૂં સભા ભરવાની જરૂર નથી, આ તોફાન તો સઘલું
મુસલમાનો તરફથી સરૂ થયુંછે, માટે સર જમશેદજીએ કહ્યું કે અગર સ
ભાઓ ભરવાની તથા લોકોને સમજાવાની જરૂર હોય તો તે મુસલમાન
ગરહસથોએજ કરવું."

"સર જમશેદજીના આએ રીતના જવાબથી આગેવાન મહમદીઆન
ગરહસથોમા નાસીપાસી પેદા થઇ હતી. સરકારે મજબુત બંદોબસત કરવા
થી તેનુ પરીનામ શું નીપજેછે તે જોવા સારૂં એ ગરહસથોએ થોભવા
ધારયું હતું અને તેથી કરીને તેઓએ પોતાના ટોલાની જમાત બોલા
વાનો વીચાર માંડી વાલ્યો હતો."

પણ તાર પછે હાનરએબલ શેઠ નારાએણ વાસુદેવજી સુલેહ કરવાની
નેમ દેખાડીને વચે પડયા અને તેવણની સલાહાથી તા૦ ૧૮ મીને બુધ
વારને દીને, પાછલા પોહરનાં ભાંયખલા આગલ શેઠ ઇબરાહીમ મકબાના
બંગલામા આગેવાન મહમદીઆન શેઠીયાઓની એક મોટી સભા ભેગી
મલી. એ સભામા મુસલમાનો ઉપરાંત પરગણીઆતવાલા બેજ ગરહસથો
તેમા એક હાનરએબલ શેઠ નારાએણ તથા બીજો ડાકટર બલેની હાજર
હતા. આ સભામા મહમદીઆન ટોલાના કાજી હાજર હતા, તથા દરએક
મસજીદની તરફથી બે મુલાંઓને નોતરેલા હતા અને એ રીતે નજદીક
૫૦૦ ઇઆ ૬૦૦ મહમદીઆનો સભામા બીરાજયા હતા."

"સભાનુ કામ ચલાવતાં પેહેલું ભાશણ હાનરએબલ શેઠ નારાએણ વા
સુદેવે કરયુ. શેહેર માહેલા બખેડાઓની દુખ ભરેલી હાલત વીસતારીને તે

ઘણુ બોલયા કે મુંબઇ જેવાં શેહેરમા વસતીના ફક્ત ૬૦૦ માણસે એક સીપાઇ રાખેલોછે, તથા એ શેહેરમાં બાલકો હજારો રૂપીઆના દાગીના તંન પર ઘાલી સલામત ફરેછે, તેવાં શેહેરમા આ હાલત ઘણી હીનપસતી ભરેલીછે. એક પારસીએ વાશીંગટન અરવીંગ નામના એક ઇંગરેજની એક ચોપડીમાથી એક ફકરો ઉતારી છપાવયોછે, તેમા અગરજો કાંઇ અપરાધ તેણે કીધો હોય, તોપણ તેટલાંને ખાતર મહમદીઆન લોકો એવાં માણસો સાથે કજીઆ કરવા માંગેછે કે જેઓને તે ચોપડી સાથ કશું લાગતું વલગતું નથી, પણ શેઠ નારાએણે કહ્યું કે જો બરીટીશ સરકારે એજ ધોરણ ઉપર પોતાના ઇનસાફનું કામ રાખયું હોયતો મહમદીઆંનો શું કેહેશે ? હાલના બખેડાથી વેપાર ધંધો સઘલો બંધ પડયોછે, પણ શેઠ નારાએણે અરજ કીધી કે એનું સમાધાનીથી શેવટ લાવવામા કાજી વગેરે સરવેએ બનતી મદદ કરવી. તાબુતોના સરઘસ બંધ પાડવા વીશે તેવણે સમજ પાડી કે સરકારની મતલબ મુસલમાનોએ ઉલટી સમજવી નહી. સરકાર ધરમને લગતી ખાનગી કીરીઆઓમા વચે આવવા માગતી નથી, પણ સુલેહ તથા સમાધાનીને ખાતર માતર સરઘસો કાહાડવાનું સરકારે બંધ કીધુંછે, જેમા સઘલા આબરૂદાર શેહેરીઓએ સરકારને મદદ કરી ટેકો આપવો જોઇએ. શેવટે શેઠ નારાએણ વાસુદેવજીએ સભાને કહી સંભલાવીઉ કે પારસીઓ તરફની તમારી સઘલી અદાવત ઇઆ બદમનશની દુર કરવી અને ફરીથી કાંઇ બખેડો નહી થાય એવો કાજી તથા મોલવીઓએ હુકમ કરવો તથા એ પરમાણેની ખબર પારસીઓમા પોંહોંચાડવાની તમો મને રજા આપો.”

શેઠ બદરૂદીન તઇઅબજી તથા ડાક્ટર બલેનીએ ઉપલીજ મતલબના ભાશાંણો કીધાં અને કાજીએ ભાશણ કીધું તેમા ઉપલા વીચારોને મલતું ઘણુંક કહી સંભલાવા પછે, તેણે ફરમાશ કીધી કે મુસલમાન પરજાએ ગઇ ગુજરી સરવે ભુલી જવી, અને પોતાના બનતા ઉપાયોથી તેઓએ સરકારને દેખાડી આપવું કે સમાધાની ભરેલા ઉપાયોથી તોફાનનું શેવટ લાવવાને તેઓ ખંતીછે. કાજીએ હુકમ કરયો કે સરવે લોકોએ ઘરેઘર જઇને આ સભાની મરજી તથા ઠરાવ મહમદીઆન લોકોને જાહેર કરવો, એ

ટલુંજ નહી પણ પારસીઓ અને મહમદીઆનો વચે મીતરાચારી ભરેલી સમજુતી પાછી ચાલુ કરવા માટે બીજા ઉપાયો શું કરવા તે કાજીએ શેઠ નારાએણને પુછયું.

શેઠ નારાએણે જવાબ દીધો કે મારી મરજી એટલીજછે કે તમારી તરફથી આગેવાન પારસી ગરહસથો આગલ જઈને હું આજની વાત જાહેર કરૂં. બીજું હું એવુ માગું છઊં કે પારસી અકાબરો સાથ મસલત કરી એક દીને બેહુ ટોલાના લોકોની સભા ભરવાની મને રજા આપો કે જે સભામા આ ધારેલી મતલબ પાર પડે.

સભાએ શેઠ નારાએણના વીચાર સાથ એક મત બતાવયા પછે આ સભા બરખાસત થઇ હતી.

એ પછે મજકુર મી૦ નારાએન વાસુદેઓ અને બીજાએ, પારસી ટોલાનાં આગેવાન ગરહસથો સાથે કેટલોએક ઘટતો સંધેસો ચલાવેઆ બાદ, પારસીઓ તરફથી એવુ જણાવેઆમાં આવીઊં હતું કે આએ નીચે લખા મુજબના સબુંનોમાં, મુસલમાંનોએ પોતાની તરફનો પસતાવો અને દલગીરી લખી જણાવવી, અને તેઓએ મુસલમાંન ગનેઆતનાં તમામ બાસો આમની એક મોટી સભા ભરી, એ ઠેરાવો તે સભામાં, એક મતથી બાહલ રખાવવા. એ વાતને મુસલમાંનોના આગેવાંનોએ કબુલ રાખી, ભાએખલા આગલનાં મી૦ મકબાનાં મોટા બંગલામાં એક મોટી જાહેર સભા ભરી આ નીચલા ઠેરાવો એક મતે પસાર કરાવેઆ હતાઃ—

1st Resolution—That this meeting regrets the disgraceful and riotous conduct of certain Mohamedans on Friday, the 13th instant, and earnestly desires that the frienly feeling which has hitherto existed between the Mahomedan and Parsee communities should be re-established.

2nd Resolution—That this meeting is happy to find that the mediation of the Honourable Narayen Wassodewjee has elicited reciprocal feelings of Amity and good-will from the leaders of the Parsee community, and it hereby pledges itself to take all steps necessary for the purpose of cultivating such good feeling between the Parsee and Mahomedan communities.

(અંગરેજી ભાશામાં લખાએલા ઊપલા ઠેરાવોનો ગુજરાતી તરજુંમો.)

ઠરાવ ૧ લો.

"તારીખ ૧૩ મીં ફેબરવારી ને વાર શુકરેને દંગે કેટલાએક મહમદીઆંનોએ જે હીનપસતી ભરેલી અને હુલડખોરી ચાલ ચલાવીછે તે માટે આએ શભા પોતાની દલગીરી જણાવેછે અને દીલોજાંનથી ઇછેછે કે મુશલમીન અને પારશી કોમ વચે જે મીતરાચારી અતીઆર શુધી હતી તે પાછી ચાલુ રેહે.

ઠરાવ ૨ જો.

"ધી આનરેબલ શેઠ નારાએણ વાશુદેવજીના વચે પડવાથી પારસી કોમના આગેવાનોની તરફથી મોહોબત અને મીતરાચારી ભરેલી શાચના અરશપરશ તરીકે દેખાડેઆમાં આવીછે તે જાંણીને આ સભા ઘણી ખુશીછે—અને મુશલમીન તથા પારશી કોમ વચે મીતરાચારી ચાલુ રેહે હેવા સરવે ઘટતા ઊપાએઓ લેવાને આ સભા અતરેથી પોતાની તરફથી કબુલાત આપેછે."

એ મુજબ મુસલમાંનોએ જણાવેલી દલગીરી અને સહલા કરવાની તેઓએ બતાવેલી ખાહેશનાં ઠેરાવો તેઓએ એક મતથી પસાર કીધા હતા ખરા, અને તે ઠેરાવો પારસીઓનાં આગેવાન સેઠીઆઓ ઉપર મોકલેઆ હતા ખરા, પણ તે મીટીંગના એહવાલ ઉપર, અને એ ઉપર જણાવેલા બેઉ ઠેરાવો ઉપર સરેશતાના કાએદા મુજબ, એ મીટીંગનાં ચેરમેનની, કે કાજી—મુલલાઓની સહીઓ નહી હતી, તેથી પારસીનાં આગેવાન સેઠીઆઓને તે નાદરૂસત સંમજાએલ હતું, તેથી એ સહલાની માંગણી કબુલ રાખવી કે નહી, તે વાત વાજબીની રાહે વધુ વીચાર અને તપાસ ઉપર મુલતવી રાખી હતી.

હવે મુસલમાંનોની તરફનાં કાજીઓ, મોલવીઓ અને બીજા આગેવાંનોએ, એ સહલા થઇ ચુકેલી ગણીને, પોતાની તરફના ફરમાંન અથવા જાહેર નામાંનાં હજારો "હેંડબીલો," અથવા છુટાં કાગજીઆં છપાવીને, મુસલમાંન ટોલાના લોકોમાં વેહેંચેઆં હતાં, તથા જગે જગે ચોહોંટાડેઆં હતાં, અને તેમાં, આ નીચે મુજબનાં સખુંનો જણાવેઆ હતાઃ—

(મુસલમાંનોએ હીંદુસતાંની ભાશામાં છપાવેલાં હેંડબીલોની નકલ.)

"અમ્મા બઆદ જમીએ જમાઅતઅલ મોસલમીન પર જાહેર વ બાહેર હોવે કે એનદંનો જો ફેસાદે અજીમ દરમીયાંન મોસલમાંનો ઓર પારસીઓકે વાકએ હુવા હએ ઓસકે દફે કરનેકુ ચંદ અશખાસે જમાઅતઅલ મોસલમીનને મોતબર હોકે અનરાબલ નારાયન વાસુદેવજી સાહેબ દાખુલકરસે મશવરત વ સલાહ ચાહી. બાઆદ મશવરતકે અનરાબલ સાહેબ મોસુફને અજ રાહે ખેરખાહીકે એક મજલસ મોસલમાંનોંકી મુનઅકદ કરનેકી દરખાસ્ત કી. પસ બ મુજબે ખાહેશે જનાબ અનરાબલ સાહેબ મોસુફકે ઓર ચંદ સાહેબાંને જમાઅતઅલ મોસલમીનકી સલાહસે તારીખ તીસવી (૩૦) શહર જીહજતુલહેરામ સને ૧૨૯૦ હેજરી નબવીકે રૂજ ભાઇખલેપર મરહુમ વ મગફુર જનાબ મોનશી મોહમદ એબરાહીમ સાહેબ મકબાકે બંગલેમેં જમાઅતઅલ મોસલમીનકી મજલસ મોનઅકદ હુઇ. ઉસ મજલસમેં અનરાબલ નારાયન વાસુદેવજી સાહેબ ઓર ડાકટર બલેની સાહેબ ઓર રગુનાથ નારાયન સાહેબ ભોટ તશરીફ લાએથે. ઉસ વકત અનરાબલ મોસુફને એસ શરરકે બરપા હોનેપર કમાલ હોજંન વ દલગીરી ઇજહાર કરકે અએસા બયાન ફરમાયા કે અગર જમાઅતઅલ મોસલમીને હાજરીનકી મરજી હોતો મેં ઇસ અમરમેં કુશેશ કરકે જાનેબેનસે રફેઅ શરર હોનેકી બખુબી તજવીજ વ તદબીર બજા લાનેકી કોશેશ કરૂં, ઓર જીસ તોરકે આજકે રૂજ જમાઅતઅલ મોસલમીનકી મજલસ મુતઇંન હુઇ હએ ઇસી તોરસે પારસીઓંકી મજલસ કરનેકે વાસતે હંમ ઓર ડાકટર બલેની સાહેબ કોશેશ કરેંગે, ઓર ઇસ શરરકે રફએ કરનેકી તજવીજ બખુબી હોગી. કીસ વાસતે કે હંમ દોનોં શખસ તુમ દોનોંકે કોંમસે નહીંહે ઓર હંમ દોનોકો લાજમ હએ કે અએસે મોકદમેકે દરમીયાનમેં આકર રફએ ફેશાદ કરના. એહ બયાંન અનરાબલ સાહેબ મોસુફકા સુનકર હાજેરાને મજલસને પસંદ વ મનજુર ફરમાકે સભોંને બેલ-એતેફાક ઉનકી દરખાસત કબુલ ફરમાઇ ઓર ઉનકે એસ એરાદે એકે

માલુમ કરનેસે એહસાંનમંદ વ મમનુન હુએ. એસ લીએ તમામ જમાઅ તલ મોસલમીનકી ખેદમતે શરીફમેં ઇજહાર કીયા જાતા હએ કે કીસી નોઅકા ફીતના વ ફીસાદ પારસીઓંકે સાથ વકુઅમેં ન આનેક બાબમેં હોસને સાઇ હત્તા અલમકદુર મબજુલ ફરમાવેં ઓર મરજુવ વ માસુલ ઉન હજરાતસે જો ઇસ ઇશતેહારે મસલહત આસારકો શરફ મુતાલએસે મોઆજજ ફરમાવેં યેહએ કે અપને દુસરે મોસલમાન ભાઇઓંકોભી ઇસ કે મજામીનસે મુત્તલેઅ ફરમાવેં ઓર બુનીયાદે ફીસાદકો અપને દીલોંસે નાબુદ વ માઆદુમ કરે. ફકત."

"મોહરરા દુવમ માહ મોહરમઅલહેરામ સને ૧૨૯૧ હેજરી નબુવી."

મજકુર સભામાં જેમ મી० નારાએણે અને ડાકટર બલેનીએ ભાશણો કરી મુસલમાંનોને સારી સલ્લા આપી હતી, તેજ મીસાલે, કાજી "અબદુલ લતીફ"બી બોલ્લા આવાજથી કહી સંભલાવીઉં હતું કેઃ—

"આએ ઠેરાવોને મહમદીઆંનોએ ખુશાલી સાથ પસાર કરેઆછે, અને હવે તે પસાર થવાથી, સઘલા મહમદીઆંનોને ઘટેછે કે ઘેરે બારે જઇને ધાસતી દુર કરવી, કેમકે અરસપરસની સોંચનાં પુરતી રીતે શરૂ થએલી ગણવામાં આવેછે,"

એ ઉપરાંત મી० કમરૂદીન તઇએબજીએબી કહી સંભલાવીઉં હતું કે—

"આટલા બધા વગવાલા મુસલમાંનોએ જો સુલેહનો ઠેરાવ કીધોછે તો સુલેહજ રેહવાની આસાછે, પણ જો મુસલમાંનો એ ઠેરાવ બજા નહી લાવે અને પાછો ફીતનો કરે તો, મુસલમાંન ટોલાને નાંમોશી લાગવી જોઇએ."

એ સલ્લાની માંગણી પારસીઓ કબુલ રાખસે એવી ઉમેદમાં આપણાં મુસલમાંન ભાઇઓ હતા, પણ હમો ઉપર જણાવી ચુકા છઇએ તેમ, મજકુર મીટીંગનાં દસતાવેજ ઉપર, કાજીઓએ તથા બીજા આગેવાંન મુસલમાંનોએ જાહેર મીજલસનાં ધારા મુજબની સહીઓ કીધી નહી હતી, તેથી પારસીઓની તરફથી, તે દસતાવેજ આનરએબલ મી० નારાએણ અને "ડાકટર બલેની" (Dr. Blaney) ઉપર પાછો મોકલેઆમાં આવેઓ હતો, અને એ બેઉ ગરહસથોએ, પરથંમથીજ કબુલ કીધું હતું કે, મજ

કુર મીજલસનાં કાજીઓ, મોલવીઓ, અને બીજા મુસલમાંન ગરહસથો ની સહીઓ નહી લેવાઇ, તે ભુલ થઇછે ખરી, વાસતે ઘટતી રીતની સહીઓ મજકુર દસતાવેજ ઉપર લઇને તરત તે પાછો મોકલી આપીસું. પણ કલાકનાં કલાક અને દાહાડાનાં દાહાડા વહી ગીઆ, તોબી તે દસતાવેજ મુસલમાનોનાં આગેવાંનોની સહી સાખ સાથે, મી૦ નારાએણે પાછો મોકલેઓ નહી, સબબ કે તે ઉપર પારસીઓએ માંગવા મુજબની સહીઓ તે મેલવી સકેઓ નહી હતો, તેથી સેવટે નાંચાર થઇને, આએ નીચે મુજબનો પતર સર જંમશેદજીએ, તા૦ ૨૮ મી ફેબરવારીને દીને મી૦ નારાએણ વાસદેઓ અને ડાકટર ટામસ બલેની" જોગનો લખેઓ હતોઃ—

પેઆરા સાહેબો,

તમોએ જોઇઉ હસે કે નીઉસપેપરોમાં જાહેર થએલી ખબર મુજબ, પારસી ગરહસથોની સભા આજદીને સહવારે કલાક ૧૦) ને અમલે મલી હતી, અને પેલા ઠેરાવોની સહી કીધેલી નકલો, જે તમોએ મોકલવાને કબુલ કીધું હતું તે વીશે એક કલાકવેર ઓતી થઇને કલાક ૧૧) ને સુમારે સભા બરખાસત થઇ હતી. ખાસો આમ મુસલમાન લોકોની મોટી મંડલી જે મલી હતી, તેનાં આગેવાંન તરીકે કાજી અને બીજા વગલાગવાલા ગરહસથો જેઓ તે મીટીંગમાં હાજર હતા, તેઓ પેલા ઠેરાવોના દસતાવેજ ઉપર સહી કરતાં આટલી બધી ઢીલ સું કરવા કરેછે, તે વીશે તમોએ કસો ખોલાસો લખેઓ નથી. જે મુસલમાન ગરહસથો મહમદીઆંન ગણે આતનાં લોકોમાં આગેવાંનીનો દરજો અથવા સારો વગલાગ ધરાવતા હોએ, તેવા ગરહસથોની સહીઓ સાથેનુ ઓચર જાંહાં સુધી નહી મલે તાંહાં સુધી કંઇબી કામ આગલ ચલાવી સકાએ નહી, એવું પારસી ટોલાનાં આગેવાંન ગરહસથો ધારેછે, અને હું આસા રાખુંછ કે તમોબી તેઓનાં મત સાથે મલતા થસો.

પણ હજુરબી જો તે ઠેરાવોનુ ઓસર સહી થઇને તમો ઉપર આવે, અને જો તમો તે માહરી ઉપર મોકલી આપસો તો મોટી ખુશી સાથે તે કબુલ રાખસ.

(સહી) જંમશેદજી જીજીભાઈ.

પારસીઓની તરફથી ઉપલો પતર જે મી૦ નારાએણ તથા ડાકટર બ્લેનની ઉપર લખેલો હતો, તેનો જવાબ તેજ દીને સર જંમશેદજી ઉપર નીચે મુજબનો તેવંણે મોકલેલો હતો:—

Bombay 28th February 1874.

Dear Sir,—

Your letter of this date reached us at 8 P. M.

It appears from that letter that the Parsee gentlemen who are associated with you are unable to recognise us in regard to the resolutions passed at the Public Meeting of Mahomedans held on Thursday last. It is therefore out of our power to do more than refer you to—"the members of the Mahomedan community holding a recognised position among the people." Should the Cazees in the interval favour us with the document you require it will afford us much pleasure to send it on to you without loss of time.—We are, &c.

(Signed) NARAYEN WASUDEO.
" THOMAS BLANEY.

(સર જંમશેદજીને મલેલાં ઉપલાં અંગરેજી પતરનો તરજુંમો.)

મુંબઈ તા૦ ૨૮ મી ફેબરવારી ૧૮૭૪.

પેઆરા સાહેબ,

આજની તેરીખનો તમારો પતર કલાક આઠને અંમલે હમોને પોહતો હતો. ગીઆ ભરેસપતવારને દીને મુસલમાંનોની એક જાહેર સભા મલી હતી, અને જે ઠેરાવો તાંહાં થએઆ હતા તે હમોએ તમો ઉપર મોકલેઆ હતા, પણ તે ઠેરાવો એબલા હમારીજ સતાનાંછે, વાસતે તમારી સાથે જે બીજા પારસી ગરહસથોછે, તેઓ ને કબુલ રાખી સકતા નથી (એવું તમોએ જણાવીઉંછે) વાસતે હવે એ બાબે કંઈ વધારે કરવાનુ હમારા અખતીઆરમાં રહીઉં નથી, તેથી—"મહમદીઆંન ગણેઆતનાં લોકોમાં જે ગરહસથો આગેવાંનીનો દરજો અથવા લાગ વગ ધરાવતા હોએ," તે વાજ ગરહસથો ઉપર હમો તમોને હવાલો આપીએછે (ઇઆને તેજ લોકો સાથે તમોએ હવેથી વધારે સંબેસો ચલાવવો) પણ હવે પછેબી જેવી રીતનો દસતાવેજ તમો માંગો છેઓ તેવી રીતનો જો મુસલમાંનનાં કાજીઓ હમારી ઉપર મોકલસે તો, તે દસતાવેજ, વગર ઢીલે અને મોટી ખુશી સાથે હમો તમો ઉપર મોકલી દઈસું.

(સહી) નારાએણ વાસુદેઓ.
" થામસ બલેની.

દાંનાવ વાંચનારાઓ જોસે કે ઉપલી રીતનો "છેહલે પાટલે"નો જ બાબ મોકલી, મી૰ નારાઓએ તથા ડાકટર બલેનીએ, એ બાબતથી હાત ઉઠા વેઆ હતા, અને પારસીઓ તરફના સહલાનાં કોલ કરારો અને સભાની વાત ગુંમ થઇ ગઇ હતી.

હવે સવાલ એ ઉઠે છે કે મુસલમાંનોના કાજી અને બીજા આગેવા નો મજકુર દસતાવેજ ઉપર સહી કરવાને સું કામ અચકાએઆ અથવા બીહ્યા હતા? હમારી ધારણાં મુજબ ખરો સબબ એજ હતો કે, એ બા બતની જીકરી ચાલતી હતી તેવામાં મુંબઇ ગેજેટમાં એક સખત ધંમકી અને ધરપજ ભરેલું લખાણ થઇઉં હતું, તેમાં એવું જણાવીઉ હતું કે, "જે લોકો એ ઠેરાવ ઉપર સહી કરે, તે મજકુર હુલડ અને ફેસાદનાં આ ગેવાંન ગણાઇ સકાએ, સબબ કે ફેસાદ કરાવવા, કે ફેસાદ બંદ પારવાની લગામ ગોઆ તેવોનાજ હાતમાં હતી." એ વીશેનુ "બોમબે ગેજેટ" મધેનુ લખાંણ નીચે મુજબનુ હતું:—

"If they find it necessary, for the sake of public peace, to meet and apologise to each other, then they must be prepared for the inference that they are responsible for the recent outbreaks, because people cannot apologise to each other and profess reconciliations unless they have done something which demands an apology or a reconciliation.

Surely the respectable Mohomedans who are so much canvassed do not desire to be understood as representing the Seedee and other low class Mahomedans who have been amusing themselves in looting Parsee property and desecrating Parsee sacred places. If they do they ought to be held responsible for the original outbreak of disturbances."

બાબ ૭ મો.

પારસીઓએ સહુલાં નહી કીધી, અને સરકારે તાબુત બંદ પાડેઆં, તથા પારસીઓએ મુસલમાંનોને મારેઆ અને જખમી કીધા, તે તથા તેને લગતી બીજી બાબતો વીશે, તથા મુસલમાંનોએ ગવરનર આગલ કીધેલી ફરીઆદો તથા અરજીઓ, તથા તેમનાં જવાબો વીશે, તથા એક પારસી કાનસટેબલને કોરટમાં મલેલાં માંન વીશે.

તા૦ ૨૩ મી ફેબરવારીને દીને મુસલમાન ગરહસથોનું એક ડેપયુટેશનં ગવરનરની હજુર ગયું હતું. તેઓએ એમ જણાવીઉ હતું કે, જોકે પેહલું તુફાન પારસીઓ ઉપર કેટલાક હલકા મુસલમાનોએ મચાવીઉં હતું ખરૂં પણ તેને અટકાવવાને આબરૂદાર મુસલમાનોએ પોતાથી બનતી કોશેશ કરી હતી. આ ગરહસથોએ ગવરનરને કહીઉ કે, વલી પારસીઓ સામુ વેર લેવાને ચુકતા નથી અને મુંબઇમા જે મજબુત લશકર પડયુંછે તેને આસરે નવું તુફાન ઊઠાવતા રેહેછે. ડેપયુટેશનના ધરહસથો બોલયા કે, સુલેહ કરાવવાને શેઠ નારાયણ વાસુદેવે મેહનત કરી હતી અને તેમાં તેને ટેકો આપવાને તથા હલકા વરગના મુસલમાંનોને સમજાવવાને તેઓએ કાંઇ બાકી રાખીયું ન હતું અને ફેસાદ જરા નરંમ પડેઓ હતો, પણ તેવામાં વલી ગીઆ સનીવારે, એ પારસી લોકોએ, કેટલાએક નીરદોશ સીધીઓને કોટમાં ઘણી સખત રીતે માર મારેઓ, તેથી બેહુ ટોલામાં પાછી દુશમની થઇછે. એ ઉપરાંત, સેઠ નારાએણનાં બોલવાને, જેમ મુસલમાંનોએ માંનથી તરત કબુલ રાખીજ હતું તેમ પારસીઓએ રાખીજ નથી.

એવું સંમજાવીને તાબુતની ફીરીઆ કરવાની છુટ, એ મુસલમાંનોએ, ગવરનર પાસે માગી, અને નમંતાઇથી અરજ કરી કે, તાબુતોનાં સરધસ બંધ કરી તેમને શીખાશા કરવીં નહી, કેમકે પારસીઓ તરફથી ફેસાદ ચાલુ રેહવા માટે મુસલમાનોને શીખાશા કરવી એ ગેરવાજબી કેહવાય.

આના જવાબમા, નામદાર ગવરનરે કહીઉં કે—બેહુ બાજુએ દુશમની છે, એતો સાફ કબુલ કરવામા આવેછે, અને સરકાર ધાસતી રાખેછે કે જો સરઘસમા ઘણા લોકોને ભેગાં થવા દીધામાં આવેતો, મુસલમાનોને જાણીજોઇને અથવા એઓનું અપમાન અથવા હરકત થતાં ઘણી ધાસતી ભરેલી મારામારી થઇ પડે. હાલના બનાવથી ઊસકેરાયલા પારસીઓ તથા મોટી સંખ્યામા ભેગા થયલા મુસલમાનોમા જરા હોજાતોજ થાય એટલે પોલીસ વચે પડી મારામારી અટકાવી શકે નહી અને લશકરની મદદ લાવવી પડે. એવા પરીણામોનો અછી રીતે અંદાજો કરવો જોઇએછે. જો મોહોલાઓમાં આવું તોફાન ડબાવી દેવાની ફરજ પડેતો તેમા ઘણાક નીરદોશ લોકો તેમા પારસી તેમજ મુસલમાન અને હીંદુને ખમવું પડે, માટે આવું કાંઇ ન થાય તેનો અટકાવ કરવાની સરકારની ફરજછે.

"આ સાંભલી ડેપયુટેશને જવાબ દીધો કે તેઓ પોતાના તાબુતો શુલેહ ભરી રીતે લઇ જશે એવી જામીનગીરી આપવાને તઇઆરછે. પણ નામદાર ગવરનરે જણાવીયું કે તેવો જોખમ કોઇથી માથે લેવાઇ સકાએ નહી. મુસલમાનોના ઊસકેરાયલાં હજારો લોક, મોહોલાઓમો ભેગાં થયલાં, તેમા એક સેજબી ચીંગારી પડતાં તુફાનનો એવો ભડકો નીકલી આવે કે તે અટકાવવાને ઘણું જોર બલકે ઘણું લોહી રેડવું પડે. એટલા માટે દરેક વરણના લોકોના લાભને થકી, કાયદાની રીતેબી, માણસોનો મોહટો જથો જમાવ થતો અટકાવવાની સરકારની ફરજછે. તાબુત બંધ કરવા બાબે ગવરનરે પોતાની દલગીરી જણાવી, પણ બોલયા કે ફકત આ વરસજ તેમ કરવામાં આવશે, અને હવે પછી કાંઇબી તુફાન નહી થશેતો, આવતાં વરસોમાં તાબુત બંધ પાડવાને સરકારને જરૂર પડશે નહી એવી આશાછે. સુલેહ સંપજ રાખવા માટે તમારા જાતભાઇઓને સીખાંમણ આપસો એવી આશા રાખેઆમા આવેછે. તમો પોતાના જાતભાઇઓને સમજાવીને

સમાધાન રાખશોતો સરકારને ભરૂસો આવશે કે આવતાં સાલના મોહરમ ના સરઘસમાં સુલેહ રખાવવાને તમો સકતીવાન છેઓ. આ સાંભલી ગવ રનરનો ઊપકાર માની મુસલમાનો પાછા ફરેઆ હતા."

એક બીજી નવી અરજી.

કોકની મુસલમાંનોએ, એક બીજી અરજી સેંકડો મુસલમાંનોની સ હીઓ સાથેની, ગવરનરને પોંહચાડી હતી, અને તેમાં આએ હુલડનો વાંક શરૂઆતથી તે આખર તલક પારસીઓને સર મુકેઓ હતો, પણ તે મ ધે જણાવેલી સઘલી બીનાં હાઇ કોરટમાં જડજ અને જુરી આગલ તદ્દ ન ખોટી ઠડી હતી, અને મુસલમાન બંધવાઓના બારીસટરે જાહેર રી તે માંફ માંગી હતી.

એ કોકનીઓની અરજી મધેનુ લખાંણ નીચે મુજબનું હતું:—

મુંબઇ તા૦ ૨૩ મી ફેબરવારી ૧૮૭૪

આંનરએબલ ગવરનર એનડ પરેસીડેનટની કાંઊનસીલ જોગ—

નામદાર સાહેબ—"હમો નીચે સહી કરનાર તમારા ગરીબ અરજ દારો આ નીચલી સતરોને તમારી હજુરમા મોકલીએ છઇએ અને તે ઉપર તમો નામદાર તમારૂં ધીઆન આપશો એવી વીનતી કરીએ છઇએ. હમો તમોને જણાવવાની રજા લઇએ છઇએ કે, એક પારસી નામે રૂસત મજી હોરમજજી જાલભાઇએ અને બીજાઓએ પેગામબરોની જીંદગી ની એક ચોપડી છાપીછે, અને તેમા મહમદની જીંદગીની ઘણું સામે લ ખેલુંછે. આ ચોપડી બાહાર પડવાની બીના હમારી જાણમા આવીઆ થી હમારી લાગણીઓને ઘણી ઇજા થાઇ. આ ચોપડી હમારા કાજીઓ અને વગવાલા પુરૂશોના વાંચવામા આવીઆથી તથા તેથી તુફાન અને ગરબડ થશે એવું ધારીને સુલેહ જાલવવાની મતલબથી ઠરાવીઊં કે મી૦ સાઊટરને એ બીનાથી વાકેફ કરવો. આ ઊપરથી હમારા કાજી અને બી જાઓ પેહલાં મી૦ એડજીંગટન પાસે ગયા, તીયારબાદ મી૦ સાઊટર પા સે જઇ; આ ચોપડી બાહાર પડવા બાબેની ખબર આપી. મી૦ શુટરે આ ધણીઓને સારો આવકાર દીધો, અને તેમનો ઊપકાર માની રૂસતમજી

હોરમજજી જાલભાઇને તેડું મોકલયું. રૂસતમજી, હવાલદાર સાથ આવી લાગીઓ અને પોતાની પાસે જેટલી ચોપડી હતી તે આપી દેવાને કબુલ થયો (આ ખબર હમોને મી૦ સાઊટર તરફથી મલી હતી) અને ચોપડી ઓનુ ગમે તેમ કરવાને મી૦ શુટરને જણાવીયું. મી૦ સાઊટરે કાજી વ ગરેને ધીરજ આપી કે જેમ બને તેમ આ ચોપડીઓનો નાશ કરવાની તે તજવીજ કરશે અને તેઓને ભલામણ કીધી કે જેમ બને તેમ શુલેહ ર ખાવવી. આ ખબરથી હમો ઘણા ખુશી થયા અને મી૦ સાઊટર સઘલુ બરાબર કરશે, એવું ધારી ચારથી પાંચ દાહાડા શુધી શુલેહ રાખવાને હમારેથી બનતી મેહનત કીધી. તા૦ ૧૨ મી અને ભરેસપતવારે રાતના આઠ નવ વાગતે હમારા કાજીએ એક સભા ભરી, જેમાં થોડાક સુની અને સીહા ભેગા થયા હતા. આ સભામા કાજીએ સરવેને ભલાંમણ કીધી કે રૂસતમ જી હોરમજજીને માફ કરવી અને સઘલો કીનો કપટ ભુલી જઇ સુલેહ રા ખવી. આ વાત સઘલાઓએ એકમતથી કબુલ કીધી અને હમો ઘર ગયા. બીજે દાહાડે સુકરવાર હોવાથી હમો, હમેશની માફક, જુમા મશજીદમાં બં દગી કરવા ગયા, તયાં પણ કાજીએ આગલે દાહાડેની સભાની વાતની ભ લાંમણ કીધી કે સુલેહ રાખવી. આ પછી સઘલા મસજીદમાંથી બાહાર નીકલીઆ. રસતે જતાં કેટલાક છોકરાઓ "દીન દીન" બોલતા બાટલી વાલાના મોહોલામા અથવા અબદુલ રેહમાન સટરીટમા ગયા. તમો નામ દાર જાણતા હશો કે, ઊપલી મસીદથી બાટલીવાલાના મોહોલા સુધીમા કે ટલાક પારસીઓની દુકાનછે. આ દુકાનમા પારસીઓ હાજર હતા, પણ કો ઇને કાંઇ નુકશાન કરવામા આવયું ન હતું. પણ એક ફરામજી પોલીસ કનસટેબલ, પોતાના ઘરમા હતો તયાંથી ઊતરી આવીઓ અને છોકરાઓ ને "દીન દીન" બોલવા માટે મારીને મુગા કરીઆ અને હમારી જાત વાલાઓએ આ પરમાણે જોઇને છોકરાઓને મારવાનુ કારણ ફરાંમજીને પુછવા લાગીઆ. આ માણસોને ફરામજીએ અપમાન આપીયું અને કેટલા કોને વાગું તથા ફરામજીના અને પાસેના ઘરોમાથી બાટલીઓ અને બી જું ફેંકાવા લાગું, જેથી આ મારામારી ચાલુ થઇછે. આ વેલાએ મોટી મારામારી થઇ જે માટે હમો ઘણા દલગીર છઇએ. એજ દાહાડે બીજી જ

ગાઓ ઊપરબી મારામારી થઇ અને સનીવારે પણ મારામારી થઇ. તા. ૧૫ મી અને રવીવારે હમારા લોકોને કોઇબી મારામારી કરવાની **મનાઈ હતી.** કેટલાક સીધીઓ અને બીજાઓ કોઇ મુડદુ દાટતા હતા તેવામા તેઓના ઊપર પારસીઓએ પથરા ફેંકીઆ અને ઘણાકોને તેથી ઇજા થઈ. ઘર ફરતાં કેટલાક પારસીઓ હાથમા લાકડીઓ લઇ આવીઆ અને ઊપલા ધણીઓને સખત મારીઆ. **હમારા ઘણાક લોકોને પીસટોલ, તલવાર, લાકડીઓ વગેરેથી મારવામા આવીઆ અને ઘણાકો મારીઆ ગયા.** આ કારણ માટે હમારા ઘણાક જાતવાલાઓને પકડવામા આવીઆ, **પણ કોઈબી પારસીઓને પકડવામા આવીઆ નથી,** આથી હમો ઘણા અચરત અને અજાયબ થયા છઇએ. તે દાહાડેથી હમો હમારા જાતવાલાઓને મારામારી કરવાની મનાઈ કરીછે, પણ હમારા જાતવાલાઓને પારસીઓ અવારનવાર મારેછે અને ઘણાકોને ઘાએલ કરીઆ છે. આ ઊપરથી ચાલતા માસની તા૦ ૧૮ મી અને બુધવારે હમોએ એક સભા ભરી. આ સભામા હાનરેબલ નારાયણ વાસુદેવ, ડાકટર બલેની, મી૦ રઘુનાથ નારાયણ ખોટે અને બીજી જાતના મુસલમાનો હાજર હતા. હમારા જાતવાલાઓએ એકમતથી કબુલ કીધું કે સલાહ રાખવી, અને હાનરેબલ નારાયણ બોલીઆ કે એ પરમાણે કરવાને તે પારસીઓનેબી કેહશે. એ દીવસ પછી હમો ધારતા હતા કે, હાનરેબલ નારાયણ સઘલું તુફાન બંધ કરાવશે. વલી હમો જોઇને ખુશી થયા કે ચાર દાહડા સુધી સઘલું બંધ રહયું, પણ સનીવાર તા૦ ૨૧ મીએં હમો સાંભલીને અચરત થયા કે ચાર પાંચ સીદીઓ પાલવેથી આવતા હતા તેઓને કોટેકોટ આગલ પારસીઓએ મારીઆ અને ઘણા જખમી કીધા અને હવડાં તેઓ ઇસપીતાલમાંછે. આવી વેલાએ હમો તમો નામદારને નમનતાઇથી અરજ કરીએ છઇએ કે **હમોને મદદ કરવી અને બચાવ કરવો.** પારસીઓના માગવાથી મોહોરમના સરઘસ બંધ કરવામા આવીઆંછે અને તેને લગતો ઠરાવ તા૦ ૧૭ મી ફેબરવારીએ ૧૮૫૬ ના આકટ ૧૩ માંની કલમ ૭૭ મીની રૂહે સરકારે બાહેર પાડીઓછે, તે હમારા ઊપર ઘણી સખતાઈછે, કેમકે એ સરઘસો ૯૦૦ વરસ થયાં નીકલેછે અને કોઇવાર અ

ટકાવીઆમા આવીઆં ન હતાં. સેવટે હમો તમો નામદાર પાસે માંગી લ ઇએ છઇએ કે **મોહોરમના સરઘસ ચલાવવા દેવાની પરવાનગી** આપવી અને એ તેહવાર ઊપર હમોને લશકરી મદદ આપવી."

"એવુંજ તુફાન ૧૮૫૧ મા પણ કેટલાક પારસીઓએ હમોને નુકશા ન કરવાથી થયું હતું અને તે વેલાએ પારસીઓએ માફી માગી ને ફરી થી એવું નહી થાય તેની જામીનગીરી લખી આપી હતી."

હમો છઇએ ઇતીઆદી,

હાજી હાફીઝ અબદુલ કાદર.

ટીનડેલ સટરીટ, ઘર નાં ૧૭.

ચાંદલી રાતરી સીરાંગ અથવા પુગલા

અને બીજા ૬૦૦, જનાંની સહીઓ હતી.

ઊપલી અરજી વીશે સરકારનો જવાબ.

બોંબે કાસટલ, તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૭૪.

હાજી હાફીઝ અબદુલ કાદર અને બીજાઓ જોગ—

ઘરહસથો—"તમારી તા૦ ૨૩ મીની અરજીના જવાબમાં તમોને જણાવવાને મને હોકમ થયોછે કે નામદાર ગવરનરે કાઊનસીલમા તમારી અરજ ઊપર પુરતો વીચાર કીધોછે, પણ જણાવવાને દલગીરછે કે ચાલુ સાલમા મોહોરમને ટાંકણે કોઇબી જાતના સરઘસ કાહાડવા નહી દેવાનો હોકમ રદ ન કરવાને ગવરનર પોતાની ફરજ સમજેછે."

૨. "સરકારને કસો શક નથી કે જેઓએ અરજી ઊપર સહી કરી છે તેમાના ઘણાકો હાલ ચાલતું તુફાન બેસાડી દેવાને અને વધારે તુફા ન થતું અટકાવવાને બનતી કોશેશ કરવા સારૂં રાજી હશે પણ જો સરઘ સો માટે રજા આપવામા આવેતો તેમ કરવાની તેઓની શકતી માહે મોહટો શકછે."

૩. "આ સરઘસ માહેનાં એકાદને કોઇ અણસમજુ પુરૂષ, કાંઇ ઓંચીતું અપમાન આપીજ તો, બચીત તેમાથી મોહટા બખેડો ઉઠે, જે બેસાડી દેવાને લશકર બોલાવવું પડે, જેમાથી જીવની હાંની થાય અને તે માટે સરકાર પોતાને ઠપકો આપે."

૪. "કોઇબી વરગના લોકોની અમુક રીત ભાંતમાં સરકાર કાંઇ નજીવાં કારણ સારૂં વચે આવે નહી. તેઓની પેહલી ફરજ એછે કે **જાન માલનો બચાવ કરવો**, અને સરકારને એવું માલમ પડયુંછે કે આ વેલા સરઘસો બંધ કરવાથી તેમ બની શકશે. આ કારણ માટે આ શેહરના સઘલા આબરૂદાર લોકોએ સરકારને મદદ આપવી જોઇએ."

૫. "એ ઉપરાંત અરજી માંહેની બીજી **બાબદ** ઉપર ઘટતે વખતે ધીઆન આપવામા આવશે."

જાન નયુજંટ,

સરકારનો અંદર સેક્રેટરી."

ઉપલી અરજીમાં સહી કરનાર સેંકડો કોકની મુસલમાંનોએ, તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૭૪ ને દીનેનાં તોફાંનની શરૂઆત કરવાની બદનામી, મી૦ ફરામજી નામનાં પોલીસના એક પારસી કાનસટેબલ ઉપર નાખવાની પેરવી કીધી હતી, તથા બાટલીઓ અને નરીઆંઓનો માર પારસીઓએ મારેઓ હતો એવુબી તેમાં જણાવીઉ હતું, તથા બીજી વીગત લખી હતી, તે હાઇ કોરટમાં, જડજ તથા જુરીની આગલ, મુસલમાંન બંધવાઓની તપાસની વખતે તદંનજ ગલત ઠડી હતી, અને એ મુસલમાન લોકોનાજ, મી૦ સારજેંટ એટકીનશંન નામનાં એક નામીચા અંગરેજ બારેસટરે પોતેજ કબુલ કીધું હતું કે, મજકુર ફરામજી ઉપર તે તદંન જોડી કાહડેલું જુઠું બોહતાંન હતું, અને તે બાબેની સાખશી ધુવાઇથી તપાસ કરતી વખતે, મબાદા તે પારસી કાનસટેબલનુ નાહક દીલ દુખાઇઉં હસે, અથવા તેને અપમાંન થઇઉં હસે, તેથી મજકુર મુસલમાનોનાં બારેસટરે, ભર કોરટમાં, બાંગે બુલંદ આવાજથી, તે પારસી કાનસટેબલ પાસે માંફ માંગી હતી, અને તેથી આખી કોરટમાં મોટી અચરતી ઉતપંત થઇ હતી. એ માંફી માગવા વીશેનાં એ ભલા અંગરેજ બારેસટરનાં અસલ સખુંનો નીચે મુજબનાંછે:—

"Mr Sargeant Atkinson then addressed the Jury on behalf of the prisoner. He was glad, very glad, no doubt in common with the Jury themselves, that this narrative of distressing affair was fast drawing to a close, for he would now occupy very little of their time. As they all knew this great city had for the last few weeks been little better than a city in a state of seize. He had refrained from touching upon those topics which had been touched upon elsewhere. He began with the questions of the glass bottles. This was strictly within the limits of his duty. He tried to show that as he was instructed the riots originally commenced through the imprudent act of the last witness (Inspector Framjee.) He was glad that he had been called. And now if he (Mr. S. Atkinson) had offered him an insult, he was there to *offer the most profound apology* that an advocate could make, for as it seemed to him *Mr. Framjee had completely vindicated his character.*

(મુસલમાંનોના બારેસટર મી૦ આટકીનસને કોરટમાં કીધેલાં ભાસાંણ મધેનાં ઉપલા અંગરેજી ફકરાનો તરજુંમો.)

"મુસલમાન બંધવાઓની તરફથી, જુરીની આગલ, મી૦ સારજેનટ આટકીનસંન નામનાં બારેસટરે ભાશાંણ કરવાનુ શરૂ કીધું. મી૦ આટકીનસંન બોલીઓ કે મહને ખુશી ઉપજેછે, મહને ઘણીજ મોટી ખુશી ઉપજેછે, અને વલી તમો જેવા જુરીનાં ગરહસથોનેબી માહરીજ મીસાલે ખુશી ઉપજતી હસે કે, આએ દુખભરેલા બનાવની ભાંજઘડનો હવે જલદીથી છેડો આવવા લાગોછે, અને હવે હું પોતે તમારો ઘણોજ થોડો વખત રોકીસ. તમો સઘલા જણાં સારી પેઠે જાંણતા હસો કે, આએ માહભારત શેહર, ગીઆં થોડાંએક અઠવાડીઆં સુધી, ગોઆ કોઇ લડાઇનાં ઘેરામાં આવી પડેલુ શેહર હોએ તે કરતાંને કંઇ વધારે સારી હાલતનું નહી દીસતું હતું. જે જે બાબત ઉપર બીજી તરફથી જે ઘપનુ બોલવામાં આવીઉંછે, તે ઘપનુ બોલંવાને હું પોતે પાછો હટેલો રહેઓ છઉં. આએ કજીઆમાં, કાચની બાટલીઓ મારવામાં આવી હતી એવી ફરીઆદ હતી તે બીનાંથીજ મેં માહરી તરફની ભાંજઘડ શરૂ કીધી હતી. અને એમજ કરવાની મહને માહરા ઓહધાની રૂએ ફરજ હતી. મહને માહરા મુસ

લમાંન પ્રેક્ષકોએ સંભળાવીઓ હતું અથવા કહીઓ હતું તેમ, હું એવું ધારતો હતો કે, મી૦ ફરામજી નામનો એક પારસી, જે પોલીસમાં ઇનસપેકટરનાં ઓહદા પર છે, તેની બેવકુફાઇ ભરેલી ચાલથી આએ બખેડો ઉતપંત થાએઓ હતો. હું ઘણો ખુશી થાએઓ કે મજકુર મી૦ ફરામજી ઇનસપેકટરને આએ કોરટમા શાખસી તરીકે બોલાવેઆમાં આવેઓ હતો, અને માહરી ચાલથી અથવા માહરી એ બાબેની પુછપરછ કીધાથી, જો કંઇ અપમાંન જેવું તેને થઇઓ હોએ તો, તે વીશે હું માહરાં ખરાં અંતકરંનથી તેની પાસે માંફ માંગું છઊં, સબબ કે અતરેની તપાસથી મહને એવું દીસીઊછે કે—મી૦ ફરામજીએ પોતાની આબરૂનો બંચાવ સંમપુરંણ રીતે કરેઓછે."

દખણી તથા કોકની મુસલમાંનોની એક મંડલી, તાબુતની રજા માંગવા, બીજી વાર, ગવરનરની પાસે ગઈ હતી અને ગવરનરે કહીઊં કે કદાચ પાર સાઓ નવેસરથી જઘડો ઊઠી ઊભો કરસે વાસતે રજા નહી અપાએ.

તા૦ ૨૫ મી ફેબરવારીને દીને પુશકલ કોકની તથા દખણી મુસલમાંનો આપણાં ગવરનર પાસે પરેલનાં મેહલમાં ગીઆ હતા, અને મોટી આજેજી ભરેલી અરજ કીધી હતી કે, તાબુતો બનાવાની અને ફેરવવાની મનાંઇનો ઢંઢેરો મેહરબાંનીની રાહે રદ કરવો. તાબુતો બનાવાની ફરજ હમારા ધરંમમાંતો નથી, એવું હમો કબુલ કરીએ છઇએ, પણ એ રેવાજ લાંબા જમાનાંથી ચાલતો આવેલોછે, અને તેનો અચબુચો અટકાવ સરકારનાં હોકંમથી થાએઆને લીધે હમોને અતીઘણી દલગીરી પેદા થાએછે.

"એવી મતલબની તેઓની અરજ સાંભલીને નામદાર ગવરનરે જવાબ દીધો હતો કે, હવે એ હોકંમ પાછો ફરી સકસે નહી."

"એ હુકમ જે કાહાડયોછે તે એક ટોલાના લોકો આગલ બીજા ટો લાના લોકોને ઉતારી પાડવા અથવા ચહડાવાના વીચારથી કાહાડયો નથી, મગર બખેડો અને જીવની ઘાત અટકાવાનીજ મતલબ તેમાછે. સરકારની પેહેલી ફરજ લોકોના જાન બચાવાનીછે, અને મુંબઈની હાલની ઉસકેરાયલી હાલતમા, અમોને જરૂરનું દીસેછે, કે આટલાબધા જીવની ઘાત થવા પછે, વધારે હુલડનો જોખમ એંચી લેવો નહી જોઈએ."

એવું સાંભલી મુસલમાન ઘરહસથોએ પોતાના ટોલાના લોકોની સારી ચાલને માટે પોતે જામીન થવા માગયું. એ ઉપરથી નામદાર ગવરનરે કહયુ કે—"એટલી હદ સુધીતો સારૂ દીસેછે ખરૂં, પણ બીજી બોરદુવાળાઓ તરફથી, ઇઆને પારસીઓ તરફથી, એવોજ કોઇ કરાર થવાની નીશાણુ માલંમ પડતી નથી, અને જોકે તમો તમારા પોતાના ટોલાને માટે જામીન થાઓ તોપણ, પારસીઓ અથવા બીજા કોઈ લોકો સુલેહનો બગાડ કરે તેના તમો જામીન થઇ શકો નહી. આ વાત દલગીરી ભરેલીછે કે બેહુ ટોલાઓ વચે કોઇ મજબુત સમાધાની થઇ નથી, કેમકે હાલ જેમ મામલોછે, તેમ પારસીઓ તથા મહમદીઆંનો બંને વચે, ભેગી દીલસોજી અને સુલેહ હાલ બને એમ લાગતું નથી. છેક મોહોરમની આગમચથી શરૂ થયલા હુલડના દેખાવોની અજમાશથી ચેતવણી લઇને, હવે આખી રઇએતની સમાધાનીને માટે એવા બખેડાની કોઇપણ બારી ઓલલી રાખવાને સરકારને ઘણું નાદરૂસત દીસેછે."

નામદાર ગવરનરનો આવો મજબુત ઠેરાવ સાંભલીને ઉપલા મુસલમાંનો વદાએ થયા હતા.

મજગામના મુસલમાનોની એક નવી અને તરીજી અરજી.

મજગામના મહમદીઆન રેહેવાસીઓ તરફથી એક અરજી તા૦ ૨૫ મી ફેબરવારીએ નામદાર ગવરનર ઉપર મોકલવામા આવી હતી. તેમા અરજદારો જણાવેછે કે આગલાં સઘલાં તોફાંનો તથા બલવાની વેલા મજગામના મુસલમાનોએ કસા હુલડમા ભાગ લીધો નહી હતો, તથા તાંહાંના

મુસલમાનો અને પારસીઓ વચે કસી લડાઈ થઈ નહી હતી, પણ સઘલો વખત તેઓ ભાઈ તરીકે સુલેહ ભરેલી રીતે રેહેતા આવયાછે. અરજદારો કેહેછે કે હાલનું હુલડતો એવા લુચા લુટારાઓએ કરયુંછે કે જેઓ ઘરબાર અને છઈઆં છોકરાં વગરનાછે. નામદાર રાણીના ઢંઢેરા મુજબ અરજદારોને પોતાના ક્રીરીઆ મારગો ઉપર હક પોંહોચેછે, માટે તાબુતો અને પંજાઓ કાહાડવાની રજા આપવાને અરજદારોએ માગણી કરી હતી.

"નામદાર ગવરનરે આ અરજીના જવાબમા લખાવયું કે, મહમદીઆન લોકો પોત પોતાના મકાનોમાં જેબી ધરમ સંબંધી ક્રીરીઆઓ કરે, તેમા સરકાર વચે પડનાર નથી. હાલનું જાહેરનામું માતર રસતાઓ ઉપર સરઘસો કાહાડવાની સાંમેછે, અને તેવું ફરમાંન આખાં શેહેરની સમાધાનીને ખાતર કાહાડવું પડયુંછે, માટે તે ફેરવી સકાશે નહી."

મુસલમાંનોની વલી એક નવી અને મોટી અરજી·

અકલાટ અને ગભરાટમાં પડેલા મુસલમાંનોએ વલી એક મોટી અરજી તઇઆર કરી તેમાં ૨૦૦૦) બે હજારથી વધારે સહી કરાવી ગવરનર પર મોકલી હતી, તેમાં એવી મતલબ હતી કે—

"સને ૧૮૫૧ ના હુલડ તથા ૧૮૫૮ ના બલવાની વેલા પણ તાબુતો ફેરવવાની સેંકડો વરશોની જુની ક્રીરીઆને અટકાવી નહી હતી. અરજદારો પોતાના તાબુતોને માંતર મુસલમાનવારમાજ ફેરવવાને માથે લીએછે અને તેઓ સરકારને અરજ કરેછે કે **પારસી મોહોલાઓ** આગલ લશકરી બંદોબસત રાખવામા આવશે તો તાબુત ફેરવવાથી કસો બખેડો તે તરફ જશે નહી. અરજદારો કેહેછે કે પારસી તથા મુસલમાનો વચેનો હાલનો કવડાસ કાંઇ એટલો સખત નથી કે તેમના આ ધરમ સંબંધી હક ઊપર સરકારની જબરદસતી વાજબી ગણાય. **મુસલમાન ટોળાના આગેવાનો પારસીઓ સાથ સમજુતી કરવાને ઘણાજ ખુશીછે,**

તથા તે ખુશીમા લગભગ સઘલા મહમદીઆનો ભાગ લેયછે. માટે ટોળાના એક નાહના ભાગે ઉઠાવેલા ફેસાદને થઈ આખા ટોલાના ધરમ સંબંધી હકમા અટકાવ કરવા સામે અરજદારો મોટી ફરીઆદ ઉઠાવેછે. વલી અરજદારો કેહેછે કે મજબુત બંદોબસતીથી તાબુતને કાહાડવા દીધામા આવશેતો પારસીઓ સાથ વધારે જલદી દોસતી થશે, નહીતો કે મુસલમાનોની બેદીલી વધે એવુંછે, તે એવા ખેઆલથી કે આ તાબુતોનો અટકાવ પારસીઓને લીધે થયોછે એવું તેઓ સમજશે."

ઉપલી ૨૦૦૦) શખસોની અરજીનો જવાબ આપણી સરકારે ભોલા સાબંદ આપેઓછે, અને તાબુતના અટકાવ બાબે પુરતા સબબ દેખાડેઆ બાદ સેવટે લખુંછે કે—

"આ અણગમતા હુકંમથી મુસલમાન ટોલાના ઘણાક ગરહસથો જેઓને હાલના તોફાન સાથ કસો સંબંધ નથી, તેઓને પોતાની કીમતી તથા વાહાલી રસમો વચે પડેલી હરકતને તાબે રેહેવું પડેછે, તેઓને ખાતર નામદાર ગવરનરને ઘણી દલગીરી ઉપજેછે, **મહમદીઆનો તથા પારસીઓ** વચે સારી સોમના પાછી ચાલુ કરવા બાબે અરજીમા એશારો કીધોછે, તેમ જો થાયતો નામદાર ગવરનર તેને ટેકો આપવાને ઘણા ખુશીછે, કે જેવી રીતે સુલેહ થવા વગર, એ બેહુ કોમોને હવે પછે ઘણી અગવડ ભોગવવી પડશે એવી ધાસતીછે. પણ માઠાં ભાગ્યેગે, હાલની ઘડી શુધી, એવી કોઇ શુલેહ થવાની મજબુત નીશાંણીઓ કસી માલમ પડતી નથી, અને તેમજ જાન માલના બચાવને માટે કાહાડેલો હુકમ પાછો ફેરવવા જેવો કોઇ પણ શબબ નામદાર ગવરનરના મત મુજબ હજી શુધી મલયો નથી."

એવી રીતનો જવાબ મલવાથી નીરાસ થાએલા અને ફીટનો ઉઠાવીને ફસી પડેલા અથવા પસતાવો કરનારા ઘણાએક મુસલમાંનોના દીલમા, ઉમેદની આંચ પાછી સલગી હતી, કે જો પારસીઓ સાથ દોસતી થઇ જાએ તો તાબુતની કીરીઆની છુટ પાછી મલે ખરી. એવી ઉમેદમાં તેઓએ દોસતીનુ સાટું કરવાને ફરીને મોટી ભાકા ભરેલી કોશેશો કરી હતી,

પણ હમો આગલ જણાવી ચુકા છઇએ તેમ સેજ ચીજને વાસતે એનો અટકાવ થઇ પડેઓ હતો.

એ મુજબ મુસલમાંનોનાં તાબુતનો અટકાવ ચાલુજ રહેઓ હતો, અને સરકારે એટલાતો સખત ઉપાએઓની તઇઆરી રાખી હતી કે, સે હજ નાંપ્રરમાંનીને ખાતર, પુશકલ મુશલમાંનોની ખરાબી અને પાએમાલી થતે. પણ તાબુતના દીવસો વહી ગીઆ અને સરવે કામ સમાધાની ભરેલી રીતે ગુજરી ગીઉ હતું, તથા પુણેથી અને બીજી જગોએથી આવેલું લશકર પાછલથી પોત પોતાની જગોએ પાછું ફરીઉ હતું.

આ હુલડમાં પારસીઓ અને તેઓનાં આગેવાંનો તરફની થાએલી કોશેશો અને હીલચાલો વીશે.

સરકારની બેદાદી અને પોલીસની નબલાઇને લીધે શરૂઆતમાં પારસીઓને મોટો ધબરાટ થએઓ હતો, તોપણ પાછલથી ઘટતા એલાજો જાહેર તેમજ છુપી રીતે લઇ રાખી, પોતાનાં બંચાવને વાસતે તેઓ મજબુત રહેઆ હતા, એટલુંજ નહી પણ મુસલમાંનોને પેશ પડવાને બી તઇઆર થએઆ હતા, પણ તેવામાં સરકારી ફોજની દોરાદોડી થઇ વલી, અને કેટલાએક દુરઅંદેશ અને સહુલા સંપજનેજ ચાહનારા આગેવાંન પારસી સેઠીઆઓએ, પોતાના જાતભાઇઓને અનેક પરકારની ધીરજ અને સમજનાં સખુંનો કહી સંભલાવી, આખા ટોલાને માંતર પોતાના બંચાવનેજ ખાતર હર રીતનાં ઉપાએઓ કરી તઇઆર રેહવાની મજબુત ભલાંમણ કીધી હતી. એવા સમેમાં જો કોઇબી મુસલમાંનોનુ ટોલું હુલરાઇ કરી કોટ મધેની પારસીઓની વસતી તરફ મારામારી કરવા ગીઉ હતેતો, અને સરકારની તરફનો બંદોબસત અને અટકાવ પુરતો નહી હતેતો, પુશકલ મુસલમાંનોનાં જાંનોની ખરાબી થતે.

હુલડની શરૂઆતથીજ પારસીઓ મારામારીનાં ખેલાનો સોંધવા કરતાંને, સહલા સંપજ તથા અરજી પતરીનાજ ખેલાનોથી પોતાની મતલબ હાંસલ કરવા ચાહતા હતા, અને તેથી એકથી વધુ વેલા, જુદા જુદા લતા તરફનાં પારસીઓ ભેગા થઇને અથવા "ડેપીઉટેશન"નાં આકારમાં, ગવરનરની તથા બીજા સરકારી અંમલદારોની મોલાકાત લેવા ગીઆ હતા, અને તાંહાં તેઓને એવીજ સહલા મલી હતી કે સરકાર પોતાથી બંનતી ચોકસાઇ રાખસે, તે ઉપરાંત જો કોઇબી મુસલમાન તમારા ઘેર આગલ લુટફાંત અથવા મારામારી કરવાની ધારનાંથી આવેતો, બેલાશક તમોએ, તેઓને મારવા અને તમારો બંચાવ કરવો, તેમાં અંગરેજી ધારો તમારીજ તરફેંનમાં રેહસે.

આએ હુલડની વેલા પારસીઓની તરફની કુંમક કરવા અને દુખી થાએલાઓને બની સકતો દેલાસો આપવા, સેઠ દીનસાજી માંણેકજી પીટીટ તથા સેઠ બેરાંમજી જીજીભાઇ—તથા સર જંમશેદજી જીજીભાઈ બેરોનેટ અને બીજાઓએ આછી ઉલટ દેખાડી હતી, અને એજ ગરહસથોએ તા० ૧૮ મી ફેબરવારીને દીને લગરીક ઢીલી—પોચી એબારત અને ધુજતી—ધંધરતી ઢબમાં લખાવેલી એક અરજી કરીને, સરકાર આગલ ફરીઆદ રજુ કરી હતી, તે અરજી તથા ગવરનરની તરફથી આવેલો તેનો જવાબ નીચે મુજબનોછે:—

પારસીઓએ નાંમદાર ગવરનરને કીધેલી અરજી.

નામદાર સર ફીલીપ ઊડહાઉસ કે. સી. બી.

મુંબાઇના ગવરનર અને પરેસીડંટ ઇન કાઉનસીલ જોગ—

મુંબાઇના સુખીઆ પારસી રેહેવાસીઓની નમનતાઇ ભરેલી અરજી.

માન સાથે જણાવીએ છીએ કે—

"સુકરવારે તા० ૧૩ મીએ મુસલમાનના એક ટોલાંએ સેખ અબદુલ રેમાન સટરીટની અને ભીંડીબજારની પડોશમા રેહેતા પારસી ઉપર ઘણો શરમ ભરેલો હોમલો કરીઓ અને અલાહીબાગ અને બીજા પારસીઓના આતશ કદેહોનો નાશ કરીઓ, ઘેરો ભાંગીઆં, સરસામણ લુંડી ના

બીઓ અને બીજી મીલકત ચોરી ગયા, તથા ઘણાક પારસીઓને ઘણું વાગ્યું, સ્ત્રીઓ અને છોકરાંઓને ઘભરાઇને નાહાશી જવું પડયું

૩—તયારબાદ આ હીનસપતી ભરેલું તુફાન ધોબીતલાવ, ખેતવાડી અને જયાં જયાં પારસીઓની વસતી છે તયાં ગયું જે ઉપરથી જણાંઈ આવેછે કે તે નરમ પડયું નથી.

૩—મીલકતનોજ જાણી જોઇને નાશ આ વેલા કરવામા આવીઓ નથી પણ ઘણાક આતશના મકાનો અપવીતર થયાંછે. પારસીઓની પવીતર જગા ઉપર પગ પશારો થયોછે અને તેઓની પવીતર ચોપડીઓ ફાડીને નાખી દીધામા આવીછે. આ શરમ ભરેલા હુલડનો વીગતવાર હેવાલ રોજીંદા પતરોમા છપાયોછે. આ હેવાલ કોઇબી રીતે સહરાવેલા નથી. હજુ સુધી આ હુલડ મુસલમાનો તરફથી નરમ ન પડવાને લીધે નીચે શહી કરનારાઓને નામદાર ગવરનરની હજુરમા સઘલી બીના રજુ કરવાની જરૂર માલમ પડીછે.

૪—તમારા અરજદારો એવા ટોલાના લોકછે કે જે ટોલો સુલેહસંપ જ જાળવવા માટે તથા બરીટીશ સરકાર તરફ વફાદારી અને પીઆર માટે પંકાએલોછે. એટલા માટે તેમની બાતરીછે કે તેઓ તરફથી મુશલમાનોનાં હોમલાના સંતાપ ભરેલાં પરીણામનો જો બરાબર હેવાલ સરકારમા રજુ કરવામાં આવે તો તે ઉપર પુરતું ધીઆન આપવાને સરકાર ચુકનાર નથી.

૫—આ જંગલી હુલડથી પારસીઓ ઘભરાઈ ગયાછે, ઘણાક ખરાબ રીતે જખમી થયાછે અને કેટલાકો મારીઆ ગયાછે. કપડાં લતાં, જર જવેર લુટવામા અને ચોરવામાં આવયુંછે, કુવાંઓ ખરાબ કરવામા આવીઆછે અને ઘરોની દેવાલો વગરે ભાગીછે. આથી એટલી તો ધાસતી પેઠી છે કે પારસીઓ પોતાના ઘર છોડી ચાકરી ધંધે જતા નથી કેમકે તેઓ હેરાન થવાથી બીહેછે અને દરેક પારસી કુટુંબ પોતાને વગર બચાવનું સમજેછે.

૬—મુંબઇમા આવી હાલત હોવાથી અને લાંબો વખત શુધી હુલડ ચાલુ રહેવાથી ખરેખર એ ધાસતી ખરી પડેછે કે આ તુફાન નરમ પાડવાને પોલીસ તદન અશક્તછે. ગમે તેમબી હોય પણ જણાવવાને અતીશે દલગીરી ઉપજેછે કે પારસીઓનો વીશવાશ પોલીશ ઉપરથી તમામ ઉઠી ગયોછે.

૭—મુંબઈના રજીસટરાર અને બીજા આબરૂદાર ગરહસથોની હજુરમા ગેજટના અધીપતી મી૦ મેકલીને પોતાના તા૦ ૨૬ મીના પતરમા ટાંકેલા અણઘટતા સખુનો મી૦ સાઉટર પારસીઓ વીશે બોલીઓ તે ઉપર તમારૂ ધીઆન ખેંચવાની રજા લઈએ છઈએ. મી૦ બેરામજી દાદાભાઇ રજીસટરારે મી૦ સાઉટરને જણાવયું કે એક પારસી મરણ પામીઓ તેના ઉતરમા કમીશનર બોલીઓ કે—

" હું ઘણો ખુશીછુ, સઘલા પારશીઓ મરણ પામે તો હું રાજી થાઉ."

આવા ટીકા બારીક વખતમા થવાથી પારસીઓ ઘણા દલગીર થયા છે અને એક ખાતાંનો વડો જયારે પારસીઓ સામે અગાઉથીજ એવા વીચાર જણાવે તયારે તે ખાતા ઉપર પારસીઓ કેમ ભરૂસો રાખે તે વીચારવાને હમો, તમો નામદારનેજ સોંપીએ છઈએ.

૮—ઘણી દલગીરી સાથે તમારા અરજદારોને કબુલ કરવું પડેછે કે કોઇક વાર હલકી વરણના પારસીઓએ છુટા છવાયા મુસલમાનોને સખત માર મારીઓ હતો પણ આવા બનાવ કવચીતજ બનયાછે અને તેબી પોતાનો બચાવ કરતા તથા નુકશાનીઓ આવી પોંહોંચવાની ખોટી ખબરોથી બનયાછે. વળી પારસીઓ જયારે પોતાને બચાવ વગરના જોય તયારે આવી રીતે હોમલો કરવાને તેઓને ચીઢ ચહડે તેમા જાહાજી નવાઇ જેવું નથી. એટલુ છતાંબી પારસીઓએ ઘણી સારી સમજણ અને મધયમપણુ વાપરયુંછે અને જો તેમના ધરમના અને રેહવાના મકાનો મજબુત લશકરી પેહરાથી બચાવવામા આવેતો તેઓને પાછો ભરૂસો આવે.

૯—વળી વધારે ધાસતીનું એક નવું કારણ એછે કે મોહોરમના તેહવાર નજીક આવીઆછે એટલા માટે અરજ કરીએછે કે એ બાબદમા ચોકસ ધરતા અને ઉતાવલથી ઉપાય લેશો. એટલુંજ નહી પણ મોહોરમ ઉપર પારસી ટોલાને બચાવ મલે એવી ગોઠવણ કરશો, એતો સારીપડે જણાયલુંછે કે મોહોરમના તેહવારો ઉપર આ જહનુની લોકોનુ જહનુન ઘણુ ઉસકેરાએછે અને તેમા હાલના હુલડ કરનારાઓની ગડબડ વધવાની ધાસતીછે.

૧૦—આ વેલાએ પારસીઓ સામે બીજો કેવો હોમલો કરવામા આવશે તે કેહવાઇ શકાતુ નથી. વધારે ચોરીઓ, લુટફાટ અને મારામારી તથા આતશ કદેહોનો નાશ અથવા દોખમા ઉપર કદાચ હોમલો પણ થાય.

૧૧—એટલા માટે તમારા અરજદારો અરજ ગુજારેછે કે આ તુફાન બેસાડી દેવાને સખત ઉપાયો લેવા ઉપરાંત મોહોરમ ઉપર પારસીઓના બચાવ થકી લશકરની ચોકીઓ તથા દોખમાના અને આતશબેહરામોના બચાવ થકી પેહરાઓ રાખવા કેમકે સરકારના મજબુત દસ્ત વગર આ શરમ ભરેલો બખેડો બંધ પડનાર નથી.”

જમશેદજી જીજીભાઈ.
દીનસાજી માણેકજી પીટીટ.
બેરામજી જીજીભાઈ.
મેરવાંનજી ફ્રામજી પાંડે.
અને બીજા ૨૪ની સહી.

ઉપલી અરજીનો જવાબ નામદાર ગવરનરે બીજે દીને વાલયો તે નીચે મુજબછે:—

હાનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ સી. એસ. આઇ. જોગ—

“હાનરેબલ સાહેબ—તા૰ ૧૮ મીના તમારા કાગજ સાથ મુંબઇમા મુખીઅ પારસી રેહવાશીઓ તરફના પીટીશનની પોહોચ કબુલ કરવાને મને હોકમ થયોછે અને નામદાર ગવરનરની કાઉનશીલે મને જણાવવા ફરમાવીયુંછે કે તુફાન બેશાડી દેવાને તથા સંભાલવાને થયલા ઉપાયોની આગમચ આ અરજી લખાયલી હોવી જોઇએ.

૨—નામદાર ગવરનર દલગીરછે કે આ હુલડ જે બેશક મોહમદીઆંના ટોલાના લોકોએ ઉઠાવીયુછે તેમાં પારસી તથા મુશલમાનોના જીવ ગયા છે, મીલકતનો નાશ થયોછે—પારસીઓની ધરમની જગા અપવીતર થઇછે અને ઘણી ત્રાસતી ફેલાઇછે. પણ એટલું દેખાડવું જોઇએ કે શુકરવારનાં

હુલ્લડ પછી કોઇ મીલકતનો નાશ થયો નથી. અને પછીના તુફાનની કાંઇ એક શરૂઆત કેટલાએક પારસીઓએ પાછું વેર લેવાની તજવીજ કીધાથી થઇ હતી.

૩—આ તુફાન મોહોરમના તેહવારની શરૂઆતમાજ થયુંછે અને એ તેહવારોની અસર મહમદીઆન ટોલાના લોકો ઉપર કેવી થાયછે તે ધીઆનમા રાખીને તથા પરજાની સલામતી તરફ જોઇને એવું ઠરાવયુંછે કે જયાંશુધી મોહોરમના તેહવાર ખલાસ થાય નહી તયાંશુધી કોઇબી સરઘસ કાહાડવા દેવાં નહી.

૪—ધરમના મકાનોમા અથવા ખાનગી ઘરોમાં ધરમની કીરીઆઓમા કોઇબી રીતે વચે પડવામા આવશે નહી.

૫—નામદાર ગવરનર આશા રાખેછે કે મુબઇમા જે લશકર આવયું છે તે કોઇબી જાતના તુફાનને બેશાડી દેવાને બશછે અને હવે કોઇબી ગનેઆત વાલા તુફાન મચાવશે તેને સખત શીખસા થઇ શકશે.

૬—નામદાર ગવરનરની કાઉનસીલ સાંભલીને ખુશીછે કે બેહુ બાજુ વાલાઓ વચે પાછી સુલેહ કરાવવાને વગ વાલા મીતરો મેહેનત કરેછે.

૭—એવી મેહેનત તરફ સરકાર ઘણીજ ખુશીથી જોયછે અને આશાછે કે બેહુ ટોલાના વડાઓ તેમા સાફ દીલથી સામેલ થશે.

જાન નયુજનટ,

મુંબઇની સરકારનો અંડર સેકરેટરી.

મુંબઇ તા૦ ૧૯ મી ફેબરવારી ૧૮૭૪.

બોમબે ગેજેટ પતરનાં અધીપતી મી૦ મેકલીને, આએ હુલડની વખતે બતાવેલી હીમત અને લાએકી તથા મી૦ સુટર અને પારસીઓ વચેનાં ટંટા વીશે.

ચંદંનવાડી આગલ તા૦ ૧૫ મી ફેબરવારી ૧૮૭૪ ને દીને થાએલી મોટી મારામારીની વાત સાંભલીને, કોટમાંથી કેટલાએક અંગરેજો,

તેમજ મુંબઇ ગેજેટ નામના અંગરેજી પતરનો મી૰ મેકલીન નામનો એડીટરબી તે તરફ ગીઓ હતો. મી૰ મેકલીન ચો તરફ ફરીને તપાસ ક રતો હતો તેવામાં મી૰ સુટર સાથે તેની મોલાકાત અચબુચી થઇ. મી૰ સુટર પોતાનો ઘોડો ચાલતો અટકાવી મી૰ મેકલીન સાથે, એ બખેડા બાબેની વાત ચીત કરવા ઉભો, અને એ દીવસની મારામારીનો સઘલો દો શ તેણે પારસીઓ ઉપર મુકી, તેઓને બદનામ કીધા હતા, તથા તેઓ વીશે બુરા સખુંનો ઓચરેઆ હતા, તે વીશે મજકુર મી૰ મેકલીને પોતે પોતાની ખરી સહી સુધાંની બીનાં છપાવી હતી, તેની નોંધ નીચે મુજબ નીછે. મી૰ મેકલીને લખુંછે કેઃ—

"ઘોબીતલાવના પારસીઓએ મને કાલાવાલા કરી જણાવયું કે મુસ લમાન હુલડ કરનારાઓને હાથ હવડાંજ જખમી થયલાં માણસોને નજરે નજર જોઇ જવાં અને જોવું કે હજી સુધી હમારા આતશબેહરામ આગલ ચોકી પાહારો મેલવામા આવયો નથી, એવામા સુપરીનટેનડેંટ મીલસ અ ને આસરે બીજા છ સવારો સાથ મી૰ સુટર જતો માલમ પડયો. મને જોતાંજ તેણે પોતાનો ઘોડો થોબાવીઓ અને હું પણ તરત ગાડીમાથી નીચે ઉતરી તેને કેહેવા લાગો કે, આવી રીતનો મામલો ચાલવા દેવો ન હી જોઇએ. મી૰ સુટરે જવાબ આપીઓ, "હું શું કરૂં? સુલેહ જાલવ વા માટે હું રાત દીવસ મેહનત કરૂં છેઉ, પણ હમારી શોડે પોલીસની ફો જ નથી, સુલેહના અમલદારોએ યુરોપીઅન ઘોડેસવાર પોલીસને ઓછી કીધી, જે માંહેલા અરધો ડજન માણસો આવે વખતે મને શો દેસીઓ કરતાં વધારે ઉપયોગી થાઇ પડે." તયારે મેં કહયું "પણ બચીત તમો લશકર મંગાવી શકો, અને એક જાહેરનામુ બાહાર પાડી લોકોને જણાવી શકોકે લોકોએ હાથમાં લાકડીઓ લઇ રસતામાં ટોલાબંધ થઈ ઉભા રેહ વું નહી, પણ પોતાના ઘરમા રેહવું?" એહના જવાબમાં મી૰ સુટર બો લીઓ કે, લશકરને મંગાવીઉંછે (પણ એ વખતે આસપાસ કેથેબી લશંકર નજર નહી આઇઉં) અને આ સઘલા બખેડાને માટે પારસીઓને માથે દોશછે. કેટલાક મુસલમાનો સુનાપોરના કબરશતાનમા શુલેહ ભરેલી રીતે એક મુરદુ દાટતા હતા અને પારસીઓએ પડોશના ઘરોમાથી તેઓ ઉપર

પથરા અને લાકડીઓ ફેંકી ફીશાદ શરૂ કીધો. હું હવે ગવરનરને કેહવાનો કે "એ બધો પારસીઓનો પોતાનો વાંકછે." મેં મી૦ શુટરને કહયું કે મારી પોતાની અજમાએશ પરમાણે પારસી તેમજ મુશલમાનો બેહુ કોમમા કોરગા લોકોછે અને મને લાગેછ કે ગમે તે બારદુનો પેહલો અપરાધ થયો હોય તોપણ સરકારે સુલેહની જાલવણી કરવી જોઇએ." આ પછે સુટર ચાલતો થયો અને હું આતશબેહરામની પાસેના એક મોટાં ઘરમાં ગયો જયાં ડાકટર ફરદુનજી શેરવઇ તરણ પારસીઓના જખમને મલમપટો કરતો હતો. આ તરણ માહેલા એકના માથાં ઉપર મને ડાકટરે બે ઊંડા ઘા દેખાડેઆ જે કોઇ ધારવાલાં હથીઆર વડે કીધેલા લાગતા હતા. આ વખતે ભેગાં મલેલાં ઘણાક સારાં માણસોને એમ એકબીજાની સાથ મારામારી ન કરવા વીશે સમજાવયા પણ તેઓ બધા બોલી ઉઠીયા કે જો સરકાર લશકરના થોડાક માણસોને હમારા આતશબેહરામની સંભાલ માટે બેશાડે તો હમો હમારા ઘરમા મુગા મુગા બેશી રહીએ. એવામાં પોલીસના થોડાંક માણસો આવી લાગાં પણ પારશીઓનો પોલીશ ઉપર વીશવાશ ન હતો, કારણ એ ખાતાંમાં મુખીઅ કરી મુસલમાનો રાખેલાછે જેઓ પારશીઓના કેહવા પરમાણે હુલડ કરનારાઓની તરફેણ કરેછે."

"આ પછે મજકુર હુલડ કેમ શુરૂ થયું તે વીશે પારસીઓને મોહોડેથી મેં જાણવા ચાહયું. તેઓએ જણાવીયું કે આશરે ૪૦૦ મહમદીઆંનો હાથમાં શોટા લઇ શુનાપોરના કબરસતાનમા આવીયા અને ભુલેશવર આગલથી આવતાં રશતામાં તેઓએ બે પારસીઓની ઉપર હુમલો કીધો જેઓ માહ મુસકેલીએ એક હીંદુના ઘરમાં ભરાઇ ગયા. આ વાત શાબેત કરવાને નરોતમ હરીલાલ નામનો એક વાંણીઓ તઇઆરછે--કબરશતાનમા આવી પોંહોંચતાં મુશલમાનોએ આશપાશના પારસી ઘરો ઉપર પથરા ફેંકવા શરૂ કીધા અને પછે મોહોલાઓમાં ઘશી આવી જેબી પારશી હાથ લાગા તેને કુટવા માડીઆ, આ વેલા પારસીઓ પોતાનો બચાવ કરવાને તઇઆર થયલા હતા અને પરીણામ એ નીપજીયું કે બંને બારડુ તરફ એકેકુ માણશ મરણ પામીઊં અને ઘણાઓ શખત જખમી થયા. બીજા હાથ ઉપર પોલીશના માણસો એવું કહેછે કે પેહેલાં પારસીઓએ પોતાની

બારીમાંથી કબરસતાનમાં પથરા ઇતયાદી ફેંકવા માડયું, જેમ જો ન થયું હોત તો મુશલમાનો મુગા મુગા પોતાને ઘર જાત. મી૦ શુટર પોતે પણ આ વાતને મોટી બલતવારીથી બાહાલ રાખેછે પણ પારસીઓ એક આવા જે કેહેછે કે પોલીશનો વડો કમીશનર અતીશઅ તેઓની વીરૂધછે, આ બાબદ વીશે વધારે બોલવાથી મારે અચકવું જોઇએ, શબબ, જે માણશ મને પસંદ પડેછે અને જેને વીશે હું ખરા જીગરથી માન ધરાઉંછું તેની વીરૂધ બોલવા શરખું મને બીજું કંઇ વધારે નાપસંદ નથી, તોપણ મુંબઇના રજીસટરાર મી૦ બેહેરામજી દાદાભાઇના ઘરમા મારી હજુર અછી રીતે જણાયલા કેટલાક પારસીઓએ એક જુબાની આપી તે ઉપર શહીઓ કીધીછે અને જે ખરી પાડી આપવાને ખુદ મી૦ બેહેરામજી શાથ તેઓ બાહાર આવવાને તઇઆરછે, તે મને લાગેછે કે જાહેર કરવાને હું બંધાએલોછું. આ ગરહસથો ખાતરીથી જણાવેછે કે મી૦ બેહેરામજીના ઘર આગલથી મી૦ શુટર જતો હતો તેવામા જયારે બધા પારસીઓ પોતાના ઘરના ઓટલાઓ ઉપર બેશી પોતા ઉપર પડેલી આપત વીશે જોશથી વાતો કરતા હતા તયારે શુટરે તેઓને કહયું, "(ડેમ)લીઆનતી પારસીઓ, તમોએ આ તોફાન જગાડઉંછ, મુસલમાનો તદન મારગસર હતા પણ તમોએ તોફાન ઉશકેરીઉં." મી૦ બેહેરામજી દાદાભાઇ બોલયા,—"પણ શાહેબ હમારા એક પારસીને બેજાન કરવામા આવ્યોછે." મી૦ શુટર, "એ વાતથી હું ઘણો ખુશીછું અને બધા પારશીઓને મારી નાખેલા જોવાને હું ઇછુંછ, અને પારસીઓને મદદ નહી કરવાને હું ગવરનરને કેહવશ અને પોલીશના બધા માણસોને હું ઉઠાડી મુકશ." મી૦ નાનાભાઇ રૂશતમજી રાણીના—"શાહેબ આ પારસીઓને માથે ઘણો મોટો બટોછે" મી૦ શુટર—("ડેમ") લીઆનતનો ભરેલો તું કોણછે? સવાર એને પકડ" અને પછે, મી૦ શુટર લાકડી ઉઠાવી, ઓટલાની શીડી ઉપર ઘોડાને લઇ જઇ, મારવા જતો હતો, તેવામા પોતાનો વીચાર ફેરવી ઘોડાને હેઠે ઉતારી ચાલી ગયો."

(સહી) જે. એમ. મેકલીન."

હવે મી૦ સુટરે પોતે આપેલી, ઉપર જણાવેલ્મા જેવી ધંમકી મુજ બ, અતરેનાં **ગવરનર** ઉપર તેણે કંઇક લખી મોકલીઊ હતું ખરૂં, સબ બ કે તેજ દીનની તેરીખનો, ઇલ્માને તા૦ ૧૫ મી ફેબરવારીનો લખે લો એક પતર, ગવરનર તરફથી, પારસીનાં આગેવાંનો ઉપર, સર જંમશેદ જીની મારફતે આવેલ્મો હતો, અને તે મધે એમ કરી લખ્યું હતું કે—

"તમો ગઇ કાલ દીને, બીજા પારસી ગરહસથોની સાથે લશકરી મદત માગવા આવેલ્મા હતા, તે મદત શેહરમાં ફરી વલીછે, અને એ ઉપરાંત બીજા જે ઉપાએલ્મો ઘટતા દીસસે, તે લેવાને નામદાર ગવરનર તઇઆરછે. નામદાર ગવરનરે તમોને કાલ રાતનાંજ પોતાનુ મત જણાવીઊં હતું કે તોફાંનીલ્મોને, પહરેજ કરવાથી, બખેડો બંદ પડેલ્મોછે, અને હવે નામદાર ગવરનર આશા રાખેછે કે, પારસીલ્મો તરફથી, વેર અથવા કીનો લેવાને મસેનો જોશો બતાવેલ્મામાં અથવા મારામારી કરવાની હીલચાલ દેખાડેલ્મામાં આવસે નહી, કે જેમ કરવાથી અગર નવા બખેડા જનમ નહી પાંમે, તોપણ જુના જખમો ઊઘાડા રેહેવાનો ભયછે. નામદાર ગવરનર સાંભલવાથી અતીશય દલગીરછે કે આજે સહવારના પોલીસની મજબુત ફોજ હોવા છતાં, કોઇ પારસીલ્મોએ મુસલમાનોના કબરસતાન ઉપર કુતરા ફેંકીને મારામારીને કારણ આપયું કે જેથી ઘણા જણને નુકસાની થઇ. વળી કોટમાબી કાંઇક નાહાની મારામારીલ્મો થઇ, કે જેમાં એક યુરોપીઅન પોલીસ ઇનસપેકટરને વાગુંછે. અલબતાં નામદાર ગવરનર કબુલ કરેછે કે, આવી મારામારીલ્મો તદન દુર કરી શકાશે નહી, પણ નામદાર ગવરનર પુર ભરોસાથી માનેછે કે, ગઇ કાલે આવી ગયલા ડેપયુટેશનમા તમો (સર જમશેદજી) તથા બીજા ગરહસથો ટોળાના લોકો ઉપર જે વગ ધરાવોછો, તેથી નામદાર ગવરનર તમો તરફ જુવેછે કે, તમે તમારા હમજાતીલ્મોને સલાહ આપસો કે વચારે સમાધાની પાછી ફેલાય તાંહાંસુધી તેલ્મોએ જેમ બને તેમ પોત પોતાના ઘરોની અંદર રેહેવું."

(સહી) ઊ૦ લી૦ ઊવારનર.

પરાઇવેટ સેક્રેટરી.

હવે ઉપર કહેલી તા૦ ૧૫ મીની મોટી મારામારીમાં મુસલમાનોની ખરાબી થઇ હતી, તે ઉપરાંત આસરે ૩૦) જણાં પકડાઇ કેદ પડેઆ હતા, તે વાત જેમ જેમ ફેલાતી અને જણાંતી ગઇ, તેમ તેમ મુસલમાંનો તરફની ફરીઆદ વધતી ગઇ, અને કેટલાએક જાંણીતા સબબોને લીધે, ગવરનર સાહેબનો મીજાજબી પારસીઓ તરફ લગરીક ખફગી ભરેલો થતો ગીઓ તેથી તેણેબી, એવી બાહેશ અને ઇનતેજારી દેખાડી કે, એ મારામારી મધેનાં કોઇબી પારસીઓને પકડવા, તેથી આસરે દસ ૧૦) દીવસો બાદ, ૧૦) પારસીઓને એ મારામારીમાં આગેવાની કીધી હતી, એવા અપરાધ સર અચબુચ પકડી કેદ કીધા હતા, અને એથી સરકારની અડી ચાલ વીશે, મુંબઇની વસતીમાં તેમાં ખાસુસ કરીને પારસીઓમાં નવે સરથી ભારી ગુલબાંગ મચી રહેઓ હતો.

ગીઆ મારચ મહીનાંની શરૂઆતમાં, ઉપર કહેલા સીધી જંન ૩૦) તથા પારસી જંન ૧૦) ને પોલીસ કોરટમાં માજીસટરેટ મી૦ નાના મોરોજીની સામણે ઉભા કીધા હતા, તાંહાં તેઓ ઉપર અપરાધ સાબેત કરી, તેઓનો કજીઓ "સેસંન"માં, ઇઆને મોટી અદાલતનાં જુરી આગલનાં ચુકાદા કીજે નોધેઓ હતો. એ વખતે સઘલા મુસલમાંનોને જેલમાં જ લઇ જવામાં આવેઆ હતા, પણ સઘલા પારસીઓને જાંમીન લઇ છુટા કીધા હતા.

બાબ ૮ મો.

પોલીશ કોરટમાં તથા હાઈ કોરટ મધેની "સેસંન"માં થાએલી બંધવાઓની તપાસ અને તેઓને થાએલી સજા તથા જડજ અને બારેસટરોએ ધારા સંબંધી કીધેલા ખોલાસા તથા બીજી વીગતો વીશે.

એતવાડી તરફ થાએલાં તોફાંનની વખતે, આસરે ૪૦) મુસલમાંનો, તથા પેલો "ડાહેઆ" નાંમનો ઢેડાઓનો મુકાદંમ અને તેનો દીક

રો કેદ પકડાએઆ હતા, તેઓની તપાસ પોલીસ કોરટમાંજ થઇ હતી. એ જગાપરની મારામારી કંઇ ઘણી સખત નહી હતી, એવું બાહાનુ દેખાડી ને પોલીસનાં માજીસટરેટે દરએક બંદીવાનને ૩૨૦) વીસનો દંડ કરી છોડી દીધા હતા. એવી હલકી સજા કરવા સારૂ પરજાની તરફની ઘણી મોટી નાંપસંદગી ભરેલો આવાજ નીકલેઓ હતો, પણ એમાં એક બનાવ નોંધી રાખવા જોગ એ બનેઓ હતો કે, પેલો "ડાહેઓ" ઢેડો જે જાતે મુસલમાંન હતો, અને જે મુંમબઇની ગલીચી સાફ કરનારાં સરકારની તરફનાં તમામ ઢેડાઓનો મુકાદંમ અથવા ઉપરી હતો, અને જેને "મીઉનીસીપાલીટી"નાં ખાતાં મધેથી દર માસે ૩૮૦) હૂંસીનો પગાર મલતો હતો, તે હને એ ખાતાં મધેથી "મી० પેડર" નામનાં એક લાએકીવારા અંગરેજ અંમલદારે કાહાડી મુંકેઓ, સબબ કે તે ઢેડો ગોઆ મુંબઇની પરજાઓનો એક કમીનો ચાકર થાએ, તે છતાં પારસીઓ જેવી ભલી પરજા સાથે ડંગો ફેસાદ કરવા અને તેઓનો જર માલ લુટવા સારૂ, તે બીજા લુચાઓ સાથે શાંમેલ થાએઓ હતો, અને તેથી પોલીસ કોરટમાં તે તકસીરવાર ઠડી દંડાએઓ હતો, એટલે તે પોતાની ચાકરીપર રેહવાને તદંન નાલાએક ઠડી ચુકો હતો. એવા બનાવથી તે ઢેડાને અતીસે ઘબરાટ અને ગંમ ઉપજેઓ હતો, અને પોતાની તકસીરનો પસતાવો દેખાડવા સારૂં, **પોતાનાં મોહડાંમાં, એક જુનું ખાસડું—અને માંથાં ઊપર એક સુકી પેંજાર** મુંકીને, પારસી લોકને મોહલે—મોહલે—અને ઘેરે ઘેર ફરતો અને માંફી માંગતો હતો, અને તેઓ આગલ ઓજરખાહી ભરેલી તોબાહ કરી, પોતાની ચાકરી પાછી મેલવવાની આજેજીથી અરજ કરતો હતો. એ ઉપર કેટલાએક દીવસો ગુજરી ગીઆ બાદ આનરએબલ મી० નાગએન વાસદેઓ નામનાં એક હીનદુ તથા કેટલાએક મુસલમાંન ગરહસથોએ દએઆ ભરેલું ઘેઆંણુ પોંહચાડીઊં, અને એ ઢેડાને પાછો ચાકરીએ રાખવા સારૂ "મી० પેડર"ને ભલામંણ કીધી હતી, પણ એ વાતની ખબર બીજા પારસી લોકને થઇ હતી, તેજ વખત તેઓએ "ટાઉન કાઉનસલ"ની સભામાં એ બાબે મી० ડોસાભાઇ ફરામજી માજીસટરેટની મારફતે વાંધો ઉઠાવેઓ હતો, અને તે ઢેડાની અરજી રદ બાતેલ કરાવી હતી.

તા૦ ૧૩ મી ફેબરવારીને સુકરવારનાં અલાહીબાગ આગલનાં પેહલાં તોફાંન અને લુટફાંતમાં પકડાએલા ૬૨) મુસલમાન બંધવાઓની તપાસ, મુંબઇની હાઇ કોરટમાં, તા૦ ૨૪ મી મારચ ૧૮૭૪ ને દીને મી૦ મેરી અટ નામનાં જડજ અને ૧૨) ગરહસથોની જુરીની સનમુખ ચાલુ થઈ હતી. એ જુરીમાં ૯) ઇઅરોપીઅંનો અને તરંણ હીનદુઓ હતા. એ બંધવાઓ ઉપર ધારાથી ઉલટી રીતેનાં કામ કરવા સારૂ, પાંચ જણાંથી વધારે શખસોનાં ભેગા મલવાનો, તથા ચોરી અને લુટફાંત કરવાનો, તથા પારસીઓના પાક આતશની જગાને અપમાન આપી ખરાબી કરવાનાં ગુનાહો મુંકઆમાં આવેઆ હતા.

એ બંધવાઓ ઉપર સરકારની તરફથી, મી૦ ઇસકોબલ નામનો આડવોકેટ જેનરલ ફરીઆદી ચલાવતો હતો, અને શરૂઆતમાંજ તે એમ બોલિઓ હતો કે, ગીએ મહીને આએ શેહરમાં મોટી નામોશી ભરેલો બખેડો મચાવેઓ હતો તે આએ ગુનેહગારોછે. એ બંધવાઓએ જે તકસીર કીધીછે તેની વીગત કંઇ ઘણી લંબાંણ નથી તેથી તમારો જાહજો વખત રોકાસે નહી. એ બાદ મી૦ ઇસકોબલે તેઓની લુટ તથા મારામારી બાબેનો ખોલાસો જુરીનાં ગરહસથોને કહી સંભલાવેઓ હતો, અને ધારાની એક ઘણીજ અગતની બાબત ઉપર જુરીનુ ધેઆણ ખેંચતાં એવું જણાવીઉ હતું કે, જેબી બંધવા પકડાઆછે, તેઓ મધેના ૩૭) જણાંને સીપાઇઓ તથા કનસટેબલો ઓલખી શકેછે-અને બાકીના ૨૫) જણને તેઓ મધેના હાલમાં, પોલીસનાં સીપાઇઓ અથવા કાનસટેબલો પીછાંણી સકસે નહી, તેથી ધારા મુજબ તેઓને છોડી મેલવા જોઇએ. પણ જેઆરે એ લુટારાઓને પકડેઆ હતા, તેઆરે મી૦ સુટરે તથા એજીંગટને મલીને, તે મોહલા મધેનાં સઘલાં નાંકાં ઘેરી લઇ તથા તાંહાં સીપાઇઓની ચોકી રાખી બીજા અલફાતુ શખસોને તાંહાં આવવા દીધા નહી હતા, અને જે જે લુટારો કંઇબી ચીજ હાતમાં લઇને અથવા નાહસતો ભાગતો, મી૦ જીજીભાઇ બાટલીવારાનાં ઘેરમાંથી, અથવા "અબાહીબાગ"નાં દરવાજામાંથી નીકલતો હતો, તેવોજ તેહને પકડીને કેદ કરતા હતા, અને સેવટે એ ૬૨) જણાંને બાંધી તથા બેડી ઘાલીને મામાદેવીની ચોકીમાં અવલથી તે

આખર શુધી જુદાજ રાખેઆ હતા, અને પાછલથી કોઈબી બીજા બંદીવાનો સાથે ભેલાએલા નહી હતા વાસતે એ સઘલા બંદીવાંનને ગુનેહગાર ઠેરવસો તો તે ધારાથી ઉલટું નહી કહેવાસે, સબબ કે એક પાપી અને તકસીર ભરેલું કામ કરવાની ધારણાથી, કેટલાએક માણસોનુ એક મોટું ટોલું, બાહેર પડે, અને તે ટોલાંમાથી કેટલાએક જણાં ચોરી અથવા બદ કામ કરતા મુદા સાથે પકડાએ, અને બીજાઓ મુદા સાથે નહી અને બાલીજ હાતે પકડાએ તોબી અંગરેજી ધારા મુજબ તેઓ સઘલા એકસરખી રીતેનાજ તકસીરવાર ગણાએ. એ ૬૨) મુસલમાંનોનાં બુરા અને બીહાંમનાં દેખાવ ઉપરથીજ તમો જોસો કે કંઈબી રીતનુ પાપી કામ કરવાને તેઓ ચુકે તેવા નથી.

એવી રીતનુ ભાશાંણ "આડવોકેટ જેનરલે" પુરૂં કીધા બાદ, શાખશી ગુહુવાઈઓ લીધી હતી અને બંધવાઓની તરફથી મી૦ સારજેનટ આટકીનસને એક અચ્છું ભાશાંણ કરી તેઓનો બચાવ કીધો હતો તોબી, જુરીએ તે સઘલા જણાને તકસીરવાર ઠેરવી પોતાનુ મત જાહેર કીધું હતું, તેમાં ચેઆર નાંહલી વએનાં જુવાંન છોકરાઓ હતા તેઓની ઉપર મેહરબાંની ભરેલી નજર રાખવાની ભલામણ જડજને કીધી હતી, તે ઉપરથી જડજે ૫૭) સતાવણ મોટી વએનાં ગુનેહગારોને ૫) પાંચ વરસોની સખત મજુરી સાથેની સજા કીધી હતી, એકજંણ મરતતોલ આજારી હતો તેને છોડી મેલેઓ હતો, અને ૪) છોકરાઓને ૧) એક વરશની સજા કીધી હતી. એ સજાનાં સખુંનો સાંભલી તમામ બંદીવાંનો રડવા અને કુંટવા મંડી ગીઆ હતા. એ બાબેનાં જડજ મી૦ મેરીએટના પોતાના સખુંનો નીચે મુજબનાં હતા:—

His Lordship, in passing sentence, said: "Prisoners at the bar, you have been convicted of having participated in one of the grossest outrages that has ever been committed in the town of Bombay; and I quite concur in the verdict of the Jury. You may be quite sure of this, that the participators in any such outrages will, without distinction of religion or caste, receive the severest punishment. And the sentence of the Court upon you, with the exception of Nos.

21, 43, 44 and 51, who have been recommended by the jury to mercy on account of their youth, is that each and all of you to be kept in rigorous imprisonment for a term of five years. As regards Nos. 21, 43, 44 and 51, these having been recommended by the jury to mercy on account of their youth, I willingly accede to their recommendation, and trust that the light punishment I am going to award will be a warning to them. The sentence on these is that they be kept in rigorous imprisonment for one year each."

On hearing the sentence, several of the prisoners began to moan and weep. The dock presented a very exciting scene as preparation were being made for the removal of the prisoners to jail. The Court was cleared of spectators and the police officers exercised a great degree of vigilance in standing guard over the prisoners.

A *nolle prosequi* had been entered as regard prisonar No. 59, who was too ill to stand his trial.

તા૦ ૩૧ મી મારચ ૧૮૭૪ ને દીને સોનાપોર અથવા ચંદંનવાડીનાં લતા તરફ તા૦ ૧૫ મી ફેબરવારીને દીને થાએલી મારામારીમાં પકડાએલા મુસલમાંનો તથા સીધીઓ મલીને જંન ૩૦) તથા પારસીઓ જંન ૧૦ ની તપાસ હાઇ કોરટમાં જડજ અને જુરી આગલ શરૂ થઇ હતી. એ ફરીઆદી સરકારની તરફનાં વકીલ બારેસટરોએ બંધવાઓની સામણે ચલાવી હતી, અને પારસીઓની હીમાએતે પાંચ બારીસટરો અને મુસલમાંનોની હીમાએતે એકજ બારેસટર હતો.

એ મુકદમાંની શરૂઆતમાજ, પારસીઓનાં બારીસટરોએ વાંધો લીધો હતો કે, મુસલમાંન તથા શીદી બંધવાઓની સાથે એકજ વખતે પારસી બંધવાઓની તપાસ ચલાવવી નહી જોઇએ, સબબ કે પારસી બંધવાઓને જુદે વખતે અને જુદીજ રીતીથી પકડેઆ હતા, અને પારસીઓ તો માંતર પોતાના જાન માલ અને મતાના બંચાવ કરવાને ખાતરજ પોતાનીજ જગા ઉપર લડેઆ હતા, પંણ મુસલમાંનો તો ગોઆ લડવા અને લુટ કરવાની ધારણાથીજ, બીજી જગાપરથી ચંદંનવાડી આગલ આવેઆ હતા અને તાંહાં તેઓને તેજ દીને પકડેઆ હતા. એ ઉપરાંત પારસીઓનાં બારેસટરોએ ધારાનાં આધારથી તથા તકરાર અને સમજની રાહે બીજા ઘણાં વાંધા ઉઠાવી જડજને એવી અરજ કીધી હતી

કે, પારસીઓની ઉપર કંઇબી વાંક સાબેત થાએ તેવું નથી, વાસતે તેઓ ને છોડી દેવા જોઇએ, અને નકામો ખરચ અને મેહેનત કરવા પાછલ વ ખત ખોહવો નહી જોઇએ. પંણ એ સબલા વાંધા નામદાર જડજ મી૰ મારીઅતે કબુલ રાખેઆ નહી, અને તપાસનુ કાંમ આગલ ચલાવવાનો હોકંમ કીધો હતો.

એ બાદ જુરીનાં ગરહસથોને ભેગા કીધા, તેમાં ૧૦) ઇઅરોપીઅં નો અને ૨) હીનદુઓ હતા.

ફરીઆદી ચલાવનાર સરકારની તરફથી, આડવોકેટ જેનરલ મી૰ ઇ સકોબલે, શરૂઆતમાં એક લંબાંણ ભાશાણ કરી, તમામ વીગત જુરીને સંમજાવી હતી, અને તેઓને સેવટે એમ કહીઉ હતું કે, સઉથી અગત ની બાબત ઉપર જે ધેઆંણ જુરીએ આપવું જોઇએછે તે બંધવાઓને બરોબર રીતે ઓલખી કાહડવા બાબેનહીછે. જે બંધવાઓને સરકારના ત રફનાં શાખસીઓ ઓલખી સકે નહી તેઓને છોડી મેલવા જોઇએ એ વો ધારોછે ખરો, પણ આટલી વાત ઇઆદ રાખવી કે, કંઇ ખરાબ ધાર ણાંનુ કામ અંમલમાં લાવવા સારૂ કેટલાંએક માંણસોની ટોલી ભેગી થા એ તો, તે બીન કાએદે ભેગી થાએલી ટોલી ગણાએ, અને તેવી બીન કાએદાની મંડલીમાં જેબી શખસ શાંમેલ હોએ તે સજાને લાએક ગણા એ. પણ આએ બંધવાઓ મધેથા, મુસલમાંન બંધવાઓ જે કારંણસર ભેગા થાએઆ હતા તે બીનકાએદાનુ નથી ગણાતું, એવું જે તે મુસલ માંનોના બારેસટર મી૰ બરાનસને કહીઉછે તે વાજબીછે, એવુ હું કબુલ કરૂંચ. કાંએકે મુરડું ડાટવા લઇ જતી વખતે, અથવા ડાટતી વખતે, જો કોઇ માંણસોનુ ટોલું જમાવ થાએ તો, તે વીશે અંગરેજી કાએદામાં મ નાંઇ નથી. પણ વલી એ ધારાનો બીજો ખોલાસો એવોછે કે, કેટલાંએક માંણસોનુ ભેગું થવું, કદાચ શરૂઆતની વખતે વાજબી અને ધારા મુજ બનુ હોએ, તોબી જો તે ટોલું પાછલથી કંઇ આડી રીતનુ કામ કરવા પર ધેઆણ દોડાવે, અથવા કોશેશ કરે તો, તેઓની તે મંડલી બેકાએ દાસરની ગણાએ, અને તે મુજબની તેઓને સજા થઇ સકે. એજ મી સાલે આએ મુસલમાંનો અને સીધીઓ જેન ૪૦૦) થી વધારે શખસોનુ

ટોલું, મુરડાં સાથે સોનાંપોર આગલની પોરસતાંન આગલ ગીઆ હતા તે કામ અવલમાંતો ધારા મુજબનુજ હતું ખરૂં, પણ પાછલથી તેઓની મારામારી અને ફેસાદને લીધે તે બીન કાએદાનુ અને સજાને લાએકનુ થઇ પડીઉં હતું.

એજ મુજબ પારસીઓ તરફથી એવું સમજાવેઆમાં આવીઉંછે કે, તેઓ તો પોતાનાંજ મોહલાઓ અને ઘરો આગલ પોતાના અને પોતા ના કુટુંબ કબીલા અને જર માલનાં સંભાલને વાસતે ભેગા થઇ ઉભા હતા, વાસતે તેમાં કંઇ તકસીર થાએલી, કે ધારો તોડેલો ગણાએ નહી, પંણ એનો ખોલાસો એમછે કે, એજ પારસીઓ, જો પોતાનાં ઘરનાં ઓટલાઓ ઉપર, અથવા ઘરનાં માલો ઉપર, પોતાનાં બંચાવનાં હથીઆ રો સાથે ઉભા હતે, અને જો આએ મુસલમાંનો તેઓ ઉપર હોમલો કર તે, અને તે વખતે જો સરકારની તરફની પુરતી ચોકસી અને પોલીસનો પુરતો જોર નહી હતે, અને તેઆરે જો એ પારસીઓએ તે મુસલમાંનો ને માર મારેઓ હતે તો, ધારા મુજબ તે વાજબી અને બીન સજાનુ કાંમ ગણાતે. પણ એમ થઇઉં નથી, અને તે સીપીઓ અને મુસલમાંનો જો ફેસાદ કરવા માંગતે તો તેઓને અટકાવવા અથવા તેઓને મારી કા હડવાને પોલીસનાં માંણસોનુ કઉવત સોનાંપોરનાં રસતા આગલ તે વખ તે પુરતું હતું તે છતાં, પારસીઓ મારામારી કરવા બાહેર પડેઆ હતા, તે થી તેઓ ધારા મુજબ તકસીરવાર ગણાઇ સકાએ. એવી રીતનાં કેટલા એક ખોલાસા ભરેલા જવાબ "આડવોકેટ જેનરલે" આપેઆ બાદ, તા૦ ૧૫ મીને દીને પોલીસની ફોજ કંઇબી રીતનુ તોફાન ડબાવી દેવા ને, સોનાપોર અને ચંદંનવાડીના રસતાપર પુરતી હતી, અને પોલીસે પાર સીઓની મદદ માંગી નહી હતી, અને ઓર પારસીઓને કહીઉં હતું કે તમો તમારા ઘેરો મધે જાઓ, તોબી નહી ગીઆ હતા, અને એ પારસી ઓ એકાએદે ભેગા મલેઆ હતા, અને મુસલમાંનો સાથે મારામારી કીધી હતી, એવું સાબેત કરી આપવાને, સરકારની તરફનાં પોલીસનાં કાનસટેબ લો અને સીપાઇઓની શાખસીઓ લેવાનુ કામ શરૂ કીધું હતું, તે બે દા હાડા તલક ચાલીઉં હતું.

એ બાદ પોલીસની સાખશી ગલત ઠેડવવા અને પારસીઓને નીર અપરાધી ઠેડવવા સારૂ, પારસીઓની તરફથી જુદી જુદી ગણેઆતનાં આ ૩૦) થી વધારે શાખસીઓ રજુ કીધા હતા, અને પોલીસની સાખસીને સંધે ભરેલી કરી નાંખી હતી, તથા એ બાદ બેઉ તરફનાં બારીસટરોએ શાખસીઓ ઉપર આરસપરસ ટીકાઓ કરીને તથા મંનતકી એલંમની તથા ધારાની બારીકીની તકરારોથી ભરેલાં ભાશાંણો કરીને, જુરીનાં ગરહસથોને તમામ એહવાલ કહી સંભલાવી સરવે બાબતની ભાંજઘડ તા૦ ૪ થી એપરેલની બપોરે બાર કલાકને અમલે ખતંમ કીધી હતી.

સેવટે નામદાર જડજે પોતાનાં વીચાર લંબાંણથી જુરીને કહી સંભલાવેઆ હતા, અને જડજનાં ભાશાંણની વલાંણ અથવા બોલલી રીતે બોલીએતો, તેની ભલાંમંણ જુરીનાં ગરહસથોને એવી હતી કે, **પારસીઓનેબી તકસીરવાર ઠેડવવા.** પંણ જુરીનાં ગરહસથો વચે, લગભગ ૫) પાંચ કલાકો સુધી ભારી જુંમબેસ ચાલી હતી, તોબી પારસીઓને **તકસીરવાર ઠેડવવાપર** તેઓ એક મત થઇ શકેઆ નહી હતા, તેથી સઘલા જુરીનાં ગરહસથો પોતાના ઓરડામાંથી પાછા કોરટમાં જડજની આગલ આવેઆ અને જડજને જણાંવીઉં કે, હમારી નજરમાં કેટલાએક બંધવાઓ તકસીરવાર ઠડેઆછે,—કેટલાએકો વગર તકસીરનાં દીસેછે,—અને કેટલાએકોને વીશે હમારાં મતો જુદાં જુદાંછે. એનાં જવાબમાં જડજે જણાવીઉં કે, તમો સઘલાઓએ એક મત થવું જોઇએ, અને તમો એક મત થઇને તમારો વીચાર જાંહાં સુધી મહને નહી જણાવસો તાંહાં શુધી તમોને બંધ રાખવામાં આવસે. એ ઉપરાંત વલી જડજે એમબી કહીઉં હતું કે, અગરજો મુસલમાંનોએ મારામારીની પેહલ કાહડી હતી, એવું તમોને જણાએ તો, તેઓને તકસીરવાર ઠેડવી, પારસીઓને છોડી મેલવા, પણ જો પારસીઓએ પેહલે છેડતી સોધી હતી, અને તેઓ પોતાના બંચાવને ખાતર નહી, પણ માંતર મુસલમાંનોને મારવાનેજ ખાતર બાહર પડેઆ હતા, એવું જણાએતો, પારસીઓને તકસીરવાર ઠેડવવા. એ ઉપરાંત વલી બીજી બાબતબી ધેઆણમાં રાખવી કે, તે વખતે જો પોલીસનુ જોર તાંહા પુરતું નહી હતું, અને તેથીજ પારસીઓને લડવાની ફરજ પ

ડી હતી, એવું જણાએ તો ધારા મુજબ પારસીઓને માંથે ગુનાહ લાગુ થઇ સકતો નથી, અને તેઓ પોતાનો બંચાવ કરવા કીજે લડેઆ હુતા એવું ઠડે, વાસતે તે ચાલ સજાને લાએક ગણાએ નહી. એવા સખુંનો જડજને મોહડેથી સાંભલીને જુરી પાછી પોતાનાં ઓરડામાં વીચાર કરવા ગઇ હતી, અને કેટલોએક વખત ગુજરી ગીઆ બાદ રાતનાં ૯) નવ કલાકને અંમલે પાછી બાહેર નીકલીને એવું મત જણાવીઉં હતું કે, "હમારી નજરમાં ૧૦) દસ મુસલમાંનો નીર અપરાધી ઠડેઆ છે, અને બાકીનાં પારસી તથા મુસલમાંન બંધવાઓ કીજે હમો એકમત થઇ સકતા નથી." એવુ સાંભલી પેલા ૧૦) મુસલમાંનોને તેજ વખત છોડી દીધા અને બાકીનાં સઘલા બંધવાઓની તપાસ નવેસરથી, બીજી નવી જુરી આગલ કરવાને ઠેડવીઉં, અને જુરીનાં ગરહસથોને પોતાને ઘેરબારે જવાની રજા આપી હતી.

બાબ ૯ મો.

મુંબઈમાં ઊઠેલા ફેસાદ વીશે—તથા મુંબઈનાં ગવરનર અને તેનાં મલતીઆઓની તથા પોલીસની ચાલ ચલંણે વીશે, જુદાં જુદાં ગાંમો અને શેહેરોનાં નીઊસપેપરો લખનારાઓએ આપેલા વીચારોનો સાર.

(કલકતા મધેનું "ફરેંડ આફ ઈંડીઆ.")

હીંદુસ્થાનના કોઇબી શેહેરમાં જો ગામઠી સીપાઇઓથી કંઇબી બખેડાનો અટકાવ નહી થઇ સકે, અથવા તેઓ પોતાના બદંન કોઇબી જખંમ અથવા ફટકાની સામણે રાખી નહી સકે તો, તે વીશે ઝાઝું બોલવા જેવું કંઇ નથી. માંઠા ભાએગે તેમના બદંનનો બાંધો મજબુત નથી તેમજ તેઓમાં હીમત નથી, એટલુંજ નહી પણ તેઓને બરોબર કેલવ

ણી તથા પગાર મલતો નથી, તેટલા વાસ્તે માંતર રસ્તામાં પરવાનું જા
ણવા સીવાએ તેઓ કંઇ બીજું કરી સકતા નથી, અને એવી હાલતમાં
તેઓ ઘણી વખાત જુલંમ જાસતી ભરેલાં કાંમો કરવાને તથા લાલચો
લેવાનેબી ચુકતા નથી. મુંબઇમા સઉથી મોટા પગાર લેનારી અથવા ખર
ચવાલી સરકારછે, અને તેટલા વાસ્તે આખા હીંનદુસતાનમાં એ સરકારે
સઊથી સરસ હાલતમા પોતાનો કારભાર ચલાવવો જોઇએછે. એ શેહેરમાં
એક ગવરનર, બે કાઊનસલો, એક કમાનડર ઇન ચીફ, અને જુદી લસક
રી ફોજ રેહેછે, કે જાંહાં, બંગાલા મધેનું બીહાર નામનું પરગનુ જાં
હાં હાલ દુકાલ ચાલેછે, ત્યાની વસતી કરતાંને વધારે વસતી નથી. હવે જા
રે એ શેહેરમાં હુલડ થઇઊ ત્યારે એ સરકારના એકબી ઓધેદારે તે હુ
લડને અટકાવવાની કોશેશ કીધી હોએ એવું જણાતું નથી, એટલુંજ ન
હી પણ તાંહાંની ધ્રુજતી કાંપતી પોલીસની ફોજની આગલ રસતામાં જઇ
ને પોતાનો દીદાર દેખાડીને હીમત વઢીક આપી નહી. મુંબઇની સરકાર
તાંહાંનાં જુદી જુદી ગનેઆતના રેહેવાસીઓના વડા અથવા આગેવાનો
ની સાથે ઓરખાણ પીછાંણ રાખવામાં જાંણીતી થએલીછે, તોબી ગવરન
રે પોતે, કે તેનાં કોઇ અમલદારે, તે આગેવાનો સાથે કંઇ લાગવગ ચ
લાવેઓ હોએ એવું કંઇ લાગતું નથી. પણ એથી ઊલતીજ રીતે પારસી
ઓની સાંમણે દુશમની ધરાવનારી નીશાંનીઓ જણાઇછે. મીસતર સુટર
પાસે પારસીઓએ જારે મદદ માગી હતી ત્યારે તેનો જવાબ તેણે તાં
ણાતાણી ભરેલો દીધો હતો એવું ત્યાનાં નુસપેપરવાલાઓ કહેછે. સઘલી
તરફથી એવીજ ગહવાઇ મલેછે કે, પેલા પારસીની ચોપડી કંઇ ઠપકા લાએ
ક નહી હતી, અને અગરચે તે ઠપકા લાએક હતી, એવુંબી ગણીએ તો
બી તેના બનાવનારે તે ચોપડીઓનો નાશ કરવાને કબુલ કીધું તે છતાં
બી હલકા વરગના મુસલમાનો, આરબો અને સીદીઓએ હોમલા અને
મારામારી સુકરવારથી તે આતવાર શુધી કીધી હતી, અને તેથીજ, જો
પારસીઓએ તેનું વેર પાછું લીધું હતું, અને જો કે તે વેર ઘણુંજ ઘા
ટકી હતું તોબી, સરકારની બેપરવાઇને લીધે જે આગલા હોમલાઓ તે
ઓ ઊપર થએઆ હતા તેનું બાહનું પારસીઓ પાસે પુરતું હતું.

"યુનીવરસીટીનાં ચેનસલર" તરીકેની ખુરસી ઉપરથી જે સખુંનો મુમબઈનો ગવરનર પોતાના બંચાવમાં બોલેઓ હતો, તેનાં કરતાં તેની વધારે નબલાઈ અને તેના ઓધાની નાલાએકી દેખાડનારા કોઈબી સખુંન આજ સુધી હમોએ વાંચેઆ નથી. અને ૧૮૫૭ માં હીંનદુશથાંનમાં મોટો બલવો થએઓ હતો ત્યારથી તે આજ દીન તલક હીંનદુશતાનની સરકારે જે કાએદા કાંનુનોનાં આધારથી સુહલા સંપજ જાલવી રાખીછે, તે વીશે તે સરકાર મગરૂબી ધરાવેછે. એવી ગડબડના હીંગામપર પીનલકોડનાં ધારામાં જે વીગત જણાવીછે તે પુરતીછે. પણ સર ફીલીપ ઉડહાઉસ પરેલનાં મેહલમાં પડી રહે, અને ગામમાં બખેડો ચાલું રેહેવા દઈ તાંહાંની પોલીસને એક મસ્કેરી ભરેલી હાલતમા રાખે તો, તેમાં અંગરેજી ધારાની કંઇ ખાંમી નહી ગણાએ. જે પોલીસને વીશે મુંબઈનાં ગવરનરનુ સારૂં મતછે, તેજ પોલીસની મદતે જો લશકરી ખાતાંના માંણસોને તરત બોલાવી, તોફાંન કરનારાઓને વીખરી નાંખેઆ હતે તો ઠીકજ થતે, પંણ તેમ કરવાની એ ગવરનરે તો અનાંકાંની કીધી (અને પોલીસ ઉપરજ ભરોશો રાખેઓ હતો) તોબી સેવટે લશકરની મદત વગર ચાલી શકીઉ નહી હતું. એવી કંગાલ રીતની સમજથી રાજદરબારી કારોબાર ચલાવીને, તેનો દોશ ધારાની ખાંમીને માથે મુંકવાની પએરવી જે અંમલદારો કરેછે, તે ઉપરથી ખોલલી રીતે એવું જણાઇ આવેછે કે, વેલાત ખાતેનાં વડા પરધાંનો, નાંનલાં નાંનલાં ગામો ઉપર અમલ ચલાવી જાંણનારા ધણીઓને, મુંબઇ જેવા શેહેરની રાજધાણીની લગામ સોંપવાની નવાજેશ કરેછે તે કેટલું ધાસતી ભરેલું કાંમછે. હવે પછી મુંબઇ શેહેરમાં પુરતી સુહલા સંપજ જાલવવા કાજે, "વાલંટીઅરોનુ" ઇઆને પરજાનાં લોકોને સીપાઇ બનાવી લશકર ઉભું કરવાની જે અગત "બોમબે ગેજટ" નો બનાવનાર જણાવે છે તે બરોબરછે. અને ૧૮૫૭ માં જેવો બલવો થએઓ હતો તેવોજ બલવો બેસાડી દેવા સારૂજ નહી—પંણ મોટાં શેહેરો કે જાંહાં જુદી જુદી ગનેઆતો અને ધરંમ વાળાઓની એક બીજાશે હરીફાઇ કરનારી વસતી હોએ, તથા જાંહાં પુશકલ ફોરગા અને લુચા રેહતા હોએ, તથા જાંહાં વેપાર અને દોલતનો વધારો દર વરશે થતો હોએ, તેવાં શેહેરોનાં બચાવ સારૂ એ "વાલંટીઅરો" ની ફોજ ઘણી કામની થઇ પડેછે."

(કલકતા મધેનું—"ઈંગલીશમેન.")

"મુંબાઇનાં માઠાં ભાગ્યેગે તેનાં છેહલા બે ગવરનરો ઠીક નહી હડે આ. જે ગરહસથ હાલ મુંબાઇનાં રાજની લગામ ધરી બેઠોછે, તેનાં અમલમાં જે હાલનો બખેડો થએઓછે તે ઉપરથી, અને તેણે જે એક ભાશાંણ કરીઉંછે તે ઉપરથી, જે નરમાશ ભરેલી ટીકાઓ, તે મુંબાઇ શેહેરના વરતમાન પતર વારાઓએ કીધીછે અથવા જે ધીરજ અને સબુરી તેઓએ દેખાડીછે તે જોઇને હમોને અચરતી ઉપજેઆ વગર રેહતી નથી. જો કલકતાનાં ગવરનર જેનરલના હાતમાં, મુંબાઇનાં ગવરનરને બરતરફ કરવાની સતા હતે તો, આવા ટાંકનાં કરતાંને, કોઇબી બીજું વધારે સરસ ટાંકનુ અથવા તક તેને જોઇતે નહી. જે સખસને એક રાજા તરીકેનો અંમલદાર બનાવેઓ હોએ, તે જો રાજનો કારોબાર ચલાવવા સારૂં કંઇબી હીલ ચાલ નહી કરે. અથવા તે જો એક ઇશકોલ મધેના સીખાઉ છોકરાની મીસાલે, પોતાની ચાલનો બંચાવ કરવાને સારૂ આડી તીડી વાતનુ બબડવું કરે—અને ગામમાં ચાલતો ફરીઆદ અને લુટફાટ અટકાવાની, કે સહલા સંપજ જાલવવાની કોશેશોને પડતી મેલે તો, તે જેવી હીનસપતી ભરી ચાલ હમો બીજી કોઇબી જોઇ સકતા નથી. એ મુંબાઇનો ગવરનર પોતાની ફરજ બજાવાને ભુલેઓ તે કાંમતો હીનપસતી ભરેલું થઇઊં ખરૂં, પણ તેનાં કરતાં તેનુ ભાશાંણ વધારે હીનપસતી ભરેલું હતું. હમો ઘણી કડંણ ભાશા વાપરતા હોઇસું ખરા, પણ જે અતીઘણો કંગાલ દેખાવ, મુંબાઇનાં ગવરનરે દેખાડેઓછે, તેવી હાલતમાં, હમારાં સખત સખુંનોનાં ગુસા કરતાંને, તેની ઊપર દએગ્મા ભરેલી નજરથી જોવું બેહતર લાગસે.

"પોતાના ભાશાંણમાં, મુંબાઇનો ગવરનર એમ બોલેઓછે કે, "આએ શેહરની આબાદી જાલવવા તથા તેનો બંચાવ કરવાનાં ઊપાએઓ લેવાનાં કામમાં, તે બેપરવા રહેઓ નથી, એવું સરવે લોકોને જણાવવાને તે ઘણો ખાહેશમંદછે." હવે એવા સખુંનો કરતાંને વધારે કંગાલીઅત ભરેલી બીજી ચીજ સું હોએ? એવા સખુંનો બોલીને જે શખસ પોતે પોતાનેજ તકસીરવાર ઠેરવેછે, તેની ગહવાઇ ગોઆ તેનુ પોતાનુજ હઇઊં આપેછે, કે શેહર મધેની સહલા સંપજ જાલવવાની ફરજ બજાવામાં તેણે

અરે ખરી ગફલતી કીધી હતી. મુંબઈની સરકાર કહી હાલતમાંછે તેની ખોલ્લી રીતે સમજ મેલવવા સારૂ, કેટલીએક વખત સુધી ખોતી રહીને શેહરમાં બનતા બનાવોની અજમાએશ લેવાને તેણે અગતનુ વીચારીઉં હતું. અલબતે, એ ગવરનરનુ એવું બોલવું હમો માંનીએછે. બીચારા એ ગવરનરને, ખરી મુશકેલીની અથવા ધભરાટનાં વખતની તો કંઈબી અજમાએશ હતીજ નહી, તેથી કદાચ જો મુશકેલી આવી પડેતો, સું એલાજો કરવા, તે વીશેનો કંઈબી ખેઆલ આગમચથી તેનાં ધેઆંણમાં હોએ એવું દીસતું નથી. પણ વાંચનારા સાહેબો તમો જોવો, કે દરીઆ માં જેઆરે તોફાંન થાએ તેઆરે, તે જગાપરનું વાંહાંણ કહી હાલતમાં છે તે જાંણવા સારૂ તેનો કપતાંન ધીલ કરે, અને તેજ વખતે ઘટતા એલાજો કરવાની તે ગફલતી કરે તો, તેની ચાલ વીશે આપરે કેવો વી ચાર બાંધીસું ? અથવા એક લશકરનો સરદાર, જેઆરે એવું જોએ કે, તેનો દુશમંન તેની ઉપર ગોલાઓ અને ગરપછાંતો, વરસાતનાં કતરાઓની મીસાલે, બેધરક ફેંકેઓ જાએછે, તેઆરે જો તે સરદાર તરતજ તે દુશ મંનની સામણે દારૂ ગોલાનો મારો ચલાવેઆને બદલે, પોતાની ફોજ કહી હાલતમાંછે, તેની તપાસ કરવાને અથવા અજમાશ મેલવવાને ખોટી થા એ તો, તેવા સરદાર વીશે આપણે સું કહીસું ?

વલી એ મુંબઈનો ગવરનર એવું કેહછે કે, એવી રીતનાં હુલ્લડો અ ને બખેડા થાએ તેઓને તાબરતોબ ડબાવી દેવાનાં એલાજો અંમલમાં લાવવા સારૂ અંગરેજી ધારા પુશતકોમાં કંઈ શતા જણાવેઆમાં આવેલી નથી. એ ગવરનરનાં એવાં બોલવાની હમોને કસી સમજ પડતી નથી. હવે ઘરીભર કબુલ રાખીએ કે, એ ગવરનર કેહછે તેમ, ધારા પુસતકોમાં એ બાબેની સતા નથી, જોકે સતા પુરતીછે એવું હમો ચોકસ જાંણીએછે, તોબી હમો પુછીએ છે કે, એક શેહરમાં, જેઆરે બખેડો કરનારા લોકો હર તરાંહાંની ખરાબી, લુટફાંત, અને ખુનામરકી કરવામાં પુર જોશથી મ શગુલ થાએઆં હોએ, તેવે વખતે તે લોકોને, તે ગામનો ગવરનર જો એમ કેહકે, તમારો ફેસાદ ડબાવી દેવાને ધારા મુજબ મારી પાસે સતા નથી તો, તેવા ગવરનરની અકલ અથવા સમજ સકતી રીશે આપરે ક હી પરકારનો વીચાર બાંધી સકીસું વારૂં.?

જે લોકોએ આંજે જોએલા અહેવાલોનાં બેઆંનો કીધાંછે તે વાંચોને હમારી ખાતરી થઇછે કે એ બનાવ ઘણો મોટો જોખંમ ભરેલો બનેઓછે, અને મુંબઇનાં પતરોએ તાંહાંની પોલીસની ખામી બાબે જે એકસરખા આવાજથી સખત ઠપકા ભરેલાં લખાંણો કીધાંછે તે લખાંણોનુ વાજબીપણું હમો કબુલ રાખીએછે. મુંબઇનાં પતરવાલાઓ ગવરનરની બેદાદી વીશે તથા પોલીસની સુસતી વીશે ઘણી સખત ભાશા વાપરી ચુકાછે, તથા કંઇબી જાતની મરવત કે મરીઆડા રાખેઆ વગરનાં ઠપકાઓ આપી ચુકાછે, તે તદંન ઘટતા અને લાએકછે, એવું પાછલથી આવી પોહચેલા એહેવાલો વાંચવા ઉપરથી જણાએછે. મુંબઇમાં પારસીઓની સંખીઆ કરતાંને મુસલમાંનોની સંખીઆ અતાઘણી વધારેછે, ઇઆને લગભગ ૨૧) મુસલમાંને, ૬) પારસીઓની વસતીછે, તેઆરે તો સરકારની તરફથી મુસલમાંનોને તદંનજ ડબાવી દેવા સારૂ સઉથી સખત ઉપાએઓ લેવાની મોટી અગત હતી. વલી લશકરી ફોજની મદત તરતજ કામે લગાડવાની બીજી મોટી અગત એટલા વાસ્તે હતી કે, મુંબઇની પોલીસની ફોજમાં સેંકડે ૨૧) એકવીશ મુસલમાંન સીપાઇઓછે, કે જેઓની ઉપર એવી રીતનાં ફેસાદની વખતે સહલા સંપજ જાલવવાનો કંઇબી ભરોશો રખાઇ સકાએ નહી."

(નારથ વેસટ હેરલડ·)

મુંબઇની ઇસપીટાલમાં ફુટેલાં માંથાં વારાઓ અને ભાંગેલા હાત પગ વારાઓનું ટોલું પડીઉંછે, તે શેતાંનીઅત ભરેલી જાસતી અને મારામારીની કંટારો ઉપજાવા જોગ ગવાહી આપેછે, અને માબાપનાં જેવો સંભાલ કરવાની શકતી ધરાવનાર તથા સહલા સંપજ જાલવવાનો ફાંકો રાખનાર સરકારની નાલાએકી ભરેલી એબ દેખાડેછે, તથા હસી કરાવેછે. આખાં હીનદુસતાનમાં જો કોઇબી રીતની તદંન નકામી અને વગર ઉપીઓગની પોલીસ હોએ તો, તે હાલની મુંબઇની પોલીશછે, કે જેની ભયંકાર ખાંમી હાલ જાહેરમાં આવી ચુકીછે. ભાગેલા માથાવારાઓ, છુંડાએલાં જડબાંવારાઓ, અને જખમી થાએલાં બદંનવારા શખસોથી,

જંમશેદજીની ઇસ્પીટાલ ગોઆ ભાંગેલા હારકાં ભરવાનો ભંડાર થઇ પડી છે. એ સઘલું પોલીસની નાલાએકીનું તેમજ મુસલમાંન લોકોએ ઉપજાવેલા ફેસાદનાં ખુનખાર સોટાઓનું પરીણાંમછે. પોલીસનાં એક વડા અમલદારને ઉપર ટપકેનીજ નજરથી તપાસ રાખીને બેસવાની ફરજ નથી પણ દરએક બનાવનાં ભીતર સુધી નજર પોંહોંચાડવાની તેહની ફરજછે, અને પારસીઓના દખમાંનાં કજીઆની બાબદમાં, મુસલમાંનો તથા પારસીઓ વચે રસાકશી ચાલતી હતી તેહની જયારે પોલીશનાં કમીશનરને ખબર હતી, તયારે તેને પુરતી હુશીઆરીમાં રેહેવું જોઇતું હતું, અને જે લોકો સહલા સંપજનો ભંગ કરે તેહવા હોએ, તે લોકોની હીલચાલ ઉપર ચોકસાઇ ભરેલી નજર રાખવી જોઇતી હતી. પણ એ પોલીસનાં કમીશનરે એખલા પોતાનીજ ખાતરજમાં ઉપર ભરોશો રાખીઓ, અને પારસીઓની ધાસતી અથવા ચેતવણીને હશી કાહાડીને કેટલાએક મુસલમાંનોની સભાનાં વીચાર ઉપર શહલા સંપજ વીશે નચીંત થઇને બેઠો હતો. પણ અંગરેજની સરકારે એહવી રીતનાં તંટાના આતશની ચીંનગારીઓ વીશે નભરવશ રેહેવું નહી જોઇએ; સબબકે એહવી ચીંનગારીઓથીજ કોઇ વખતે મોહોટી આગનો ફેલાવો થઇ પડે. પોલીશે જે આ બાબદમો બેપરવાઇ દેખાડીછે, તેનો મુલ આધાર તેનુ પોતાનું અગનેઆનપણું અને નાલાએકીછે. એહવી રીતનું અગનેઆનપણુ અથવા નાલાએકી પોલીશ ખાતાનાં વડા અંમલદારમાં વગર માફીની એબ અથવા ભુલ ગણાએછે, અને એહવા અમલદારે ઘબરાટ અથવા બખેડાની વખતે, એહવી રીતની ચોકસાઇ અથવા ખબર અંતરો રાખવી જોઇતી હતી કે, જેથી ગીઆં અઠવાડીઆંમાં ગુજરેલો ગજબ થઇ શકતેજ નહી. સહલા સંપજ જાલવવાને વાસતે, મુંબઇની પરજા ઘણી મોહોટી રકંમનું નાંણુ પોલીસને વાસતે ખરચેછે, તે છતાં જો કોઇ સરકશ લોકોનું ટોલું, કેટલાએક કલાકો સુધી, લુટફાંટ અને ખુનામરકી કરવાને કંઇભી અટકાવ વગર છુટ ભોગવી સકે તો, તેવી પોલીસ ગોઆ એક નકામું રમકડુંછે, એટલુંજ નહી, પણ તે તેની નકાંમી હાલતમાં, ગોએઆ એક જાતની પીરા ઉપજાવનારી ચીજછે."

(મધરાજ અથીનીઅંમ.)

"મુંબઇની સરકારે પોતાના રાજના કારભાર તરપ સાઉચેતી ભરેલી નજરથી જોવાની ફરજ વીશે બીન માહેતગારી દેખાડીછે, તેનો કંઇબી ખાતરજમાં ભરેલો ઓલાસો મલે એવું દીસતું નથી. મુસલમાનોએ જારે મુંબઇમાં તોફાંન ઉઠાવીયું તારે આખ્ખાં હીંદુશતાનમાં સઘલા મુસલમાનો મોહરમની ક્રીરીઆની તઇઆરી કરતા હતા, તેવે વખતે ધરમને બાંહને કંઇબી રીતનું અંતેરૂં અથવા જાસતી કરે તો પુરતાં જોરથી તરત તેને ડાબી નાંખવું જોઇતું હતું. પણ કંઇબી રીતની જડપ કે ઉજંમ બતાવવાને બદલે, અથવા ફેસાદની જગો ઉપર લશકરી ફોજની મદદ લઇ જવાને બદલે મુંબઇનાં ગવરનરે તો મુંબઇને પોતે પોતાનો સંભાલ કરી લેવાને ગોએઆ એખલું છોડી દીધું હતું. મુંબઇની પોલીસના માણસોને તેઓની શકતી ઉપરાંત ફેસાદ કરનારી ટોલીમાં વધારે સંખ્યાનાં માણસો શાથે હાત મેલવવામાં મશગુલ કીધા હતા, અને ફેસાદની જગોથી પરેલનું ગામ કેટલુંએક દુરછે, તાંહાંનાં મેહલમાં ગવરનર પોતે, નચીંતઇથી બેસી રહેઓ હતો, અને કંઇ જાંણુતો નહી હોએ તેમ, અથવા તે હીનપસતી ભરેલો બજેડો તરત બેસાડી દેવાનો જોખમ તેને માથે નહી હોએ તેવું તે સમજતો હતો. હમો ધારીએછે કે એવી રીતની બેપરવાઇ દેખાડવામાં તેણે પોતાની સમજની મોટી ખાંમી દેખાડીછે."

(મધરાજ મેલ.)

મુંબઇનો ગવરનર સારી પઠે જાંણતો હતો કે આએ ફેસાદની તમાંમ હકીકતો તેની વીરૂધમાછે. પેલી જુની એક કેહવતછે તેમ જે માંણસ કંઇ બાંહનું કાહડે, તે પોતે કંઇક તકસીરવાર હોએ ખરો. ગવરનરની તરપ સુસતી અને બેપરવાઇ હતી, એ વાત દેખઇતીછે, તોબી તે કહેછે કે, તે કંઇ નભરવસ નહી હતો, પણ માંતર તેને આજમાસ લેવી હતી, હમે ધારીએચ કે તેનાં પોતાના બોલોથીજ તે તકસીરવાર ઠડી ચુકોછે. પુરતી સમજ અને અજમાસ મેલવવાને વાસતે, કેટલાએક દાહાડા સુધી, જાન માલની ખરાબી અને લુટ થવા દેવાની તેણે અગત જોઇ હતી. એવાં

મગજની હાલત વારૂં માણસ પોતાની ધારણામાં નીસફલ થાએ તેમાં ન વાઇ શું? સરકારની સતા સું અને કેટલી હતી તે વીશે એક બચ્ચુંબી સમજી શકે અથવા જવાબ દઇ શકે તેવું હતું! હીનદુસતાંનનાં જુદા જુદા ભાગોમાં વારેઘડીએ બીજા અંમલદારોએ બતાવી આપીઉછે કે શરકારને એવાં કામ બાબે પુરતી છુટ અને સતાછે. મુંબઇમાં હુલડ મચાવી સહેલાં સંપજનો ભંગ કીધામાં આવેઓ હતો તેઆરે પોલીશની ફોજ, અને તેમજ અગત હોએતો લશકરની ફોજની મદત લઇને તે ફેસાદઓ રાઓને તરત સજા કરવી હતી. ફેસાદ અટકાવાનીતો અગતજ હતી તેઆરે લશકરી ફોજ વગર તે કેમ અટકી સકે? લશકરી ફોજની હાજરીથી ફેસાદ ઓરાઓ બીહી જતે, પણ સર ફીલીપને તો, જાંહા સુધી ફેસાદીઆઓ તકસીર કરી મારફાર ચાલુ કરે નહી તાંહાં સુધી કંઇબી ઉપાએ કરવોજ નહી હતો, તેથી સઘલું પેહલાં બનવા દીધું હતું. પાછલથી લશકરી ફોજને મુંબઇનાં મેદાંનમાં છાવની કરાવી રાખી હતી, તથા લશકરી સવારોની ચોકી અને ધીસો મોહલે મોહલે ફરવી હતી, અને તેથી સહેજ વખતમાં બખેડાનો અંત આવેઓ હતો. જો હાલનો ઇંગલંડ મધેનો નવો "સેક્રેટરી આફ ઇસટેટ," એવા એક ગવરનરને, તેના હાલનાં ઓધા ઉપરથી બરતરફ કરીને પાછો બોલાવી લેએ તો, તેમાં અચરતી જેવું કંઇ નથી, સબબ કે એવા ગવરનરો બીજી જગોએ અંમલ ચલાવાને વાસતે ગમે એટલા લાએક હોએ, પણ હીંદુસતાંનના એક પાએતખત શેહેરમાં રાજ દરબારી કાંમો ઉપર સાહેબી કરવાને તે ખોલલી રીતે નાલાએક છે એવું જણાઇ આવીઉંછે.

(મધરાજ ટાઇમસ.)

મુંબઇમાં જે ફેસાદનાં બનાવ બનતા હતા તે વીશે, તાંહાંનાં ગવરનરે "કોનવોકેશન" નાં ભાશાંણની વખતે તાંહાંની સભાને ખબર આપી હતી, ઇઆને ગોઆ એ સભામાં તેણે પોતાનો અને બીજા પોતાના સોબતીઓની ચાલનો બંચાવ કરવાની તક સોધી હતી. પણ એવા બંચાવ કરવા કરતાંને વધારે નબલી ચીજ હમારી જીંદગીમાં હમોએ સાંભલી નહી

હતી. તેનો બંચાવ એજ હતો કે, ફેસાદ બેસાડી દેવાને પોલીસની ફોજ ન બલી હતી, અને તે પોલીસને બનતી મદત આપવાને તે **ગવરનર**માં પોતામાં કંઇ હીમત નહી હતી, તેથી એ બંચાવનાં ભાશાંણુમાં, સહુથી મોટી ચોજ જે તે કરી સકેઓ હતો તે એજ હતી કે, **નીઉસ પેપર વાળાઓ** જેઓએ સાચી ચીજને ઉંઘાડી પારી આબંમને જાંણીતી કીધી હતી, તેઓને ઠપકો આપી ગાલો દીધી હતી. **ગવનરનાં** બંચાવનાં ભાશાંણનો બીજો સાર એજ હતો કે ફેસાદ બોરાઓને તરતજ સજાએ પોંહચાડવાની તેની પાસે સતા નહી હતી. પણ હમો તેને પુછીએચ કે ક્રીશ્ચટીઅંન લોકોની "બાઇબલ" ઇઆને ધરંમ પુસતકમાં વતીક એક જગાએ લખ્યુંછે કે "માજીસટરેટો ઇઆને કોટવાલો અથવા ઇનસાફ કરનારાઓ જે પોતાની કંમર ઉપર તલવાર બાંધી ફરેછે તે કંઇ નકાંમી રીતે બાંધતા નથી," ઇઆને જેઆરે અગત પડે તેઆરે તે તલવારને કાંમે લગાડવાનીજ મતલબથી તે બાંધી રાખેછે, તેમ મુંબઇનો ગવરનર ગોઆર ઇઅતની પાસબાંની કરનારો એક વડો **કોટવાલ**છે, તે છતાં ફેસાદબોરા અને બલવાબોરાઓને સજાએ પોંહચાડવા સારૂ તે પોતાની ફરજ સમજી સકેઓ નહી હતો. ફેસાદીઆઓને સખત સજાએ પોંહચાડવાની તેને સતાછે, અને જે સતા આગલા વખતમાં, બીજા અંમલદારોએ ઘણી વેલા કાંમે લગાડેલીછે તે સજા હાલનાં હીંગામ પર તે મુંબઇનાં બલવાબોરોને તરતજ કરી સકતે. જેઆરે કોઇ માંણસોનુ ટોલું બલવો કરવા બાહેર પરે, અને લોકોના જાંન માલ લુટવાની લગાંમ પોતાના હાતમાં લીએ, અને તેવે વખતે જો લશકરી ફોજને તેમની સામણે મોકલેઆમાં આવે, અને જો તેઓ સામણે થાએ, તેઆરે ગોલીથી અથવા તલવારોથી મારેઆ જાએ તો, તેમાં તે લોકનાં માંઠાં ભાએગનો સઘલો જોખંમ તેઓને ઇઆને તે બલવો કરનારાઓને પોતાનેજ સર રેહેછે.

મુંબઇનો ગવરનર વલી એવુંબી બોલેઓ હતો કે—"જેઆરે ગામમા ફેસાદ થાએ, તેઆરે તે બેસાડી દેવાને એખલી પોલીસજ મેહેનત કરે, અને તે શેહેરનાં એક નાંકેથી બીજાં નાંકા તલક, રાત દાહાડો દોડી ધાંમીને થાકી જાએ અને તોબી તે ફેસાદ જરા ડબાઇ નહી જાએતો,

નીઉસપેપરવાળાઓ ઘણી કડવી અને ઘાટકી ટીકા કરવાપર કલંમ ચલાવી આખા ગામમાં ઉશકેરની અને જોશો સુલગાવેલો રાખે, અને તેથી તે પોલીસની જેહમતમાં ઓર વધારો થતો રેહછે એવું હાલ આપરે જોઇએ."

"એ ગવરનરનાં એવા સખુંનો ઉપરથી હમોનેતો એવું સંમજાએ છે કે, શેહર મધેનાં બીજા સહલા સંપજ ચાહાનારાં લોકોએ એવે વખતે બાહેર પડી, હથીઆરો બાંડી પોલીસને મદદ કરવી જોઇએ અને ફેસાદને ડબાવી નાખવો જોઇએ. પણ રઇઅત લોકોતો એવું સમજેછે કે, જેઆરે પોલીસની ફોજ નબલી અને નાચાર થઇ પડે, તેઆરે તેની પીઠે બીજી એક ફોજ સદા રેહછે, તે લસકરી ફોજછે, તેનીજ મદત લેવી જોઇએ. મુંબઇ સરકારની અને પોલીસની ખાંમીની ફરીઆદ કરતાં, કોઇબી નીઉસપેપર વાળાએ, કંઇબી ચીજ જુઠી વધારીને કે કડવાસ ભરેલી રીતે લખીજ નથી, અને મુંબઇનાં સઘલાં પતરોએ એક સરખા આવાજથીજ ઘટતી ફરીઆદો કરી સરકારની એબ ઉઘાડી પારીને હુલડ નરંમ પારવા ચાહીઉ હતું. ફકત નીઉસપેપરોજ એ બાબે એકમત હતાં એમ નહી, પણ આખી મુંબઇની પરજાનો એવોજ વીચાર હતો, તે સેહલથી જણાઇ આવીઉ હતું. સર ફીલીપમાં કંઇ મંનના કઉવતનુ જોહર નથી. ગઇ થોરીએક મુદતપર તેણે, એક વખત અતરેનાં રેહવાસીઓને એમ કહીઉ હતું કે, જેઆરે હીનદોસતાંનનાં વતનીઓ અંગરેજોને એમ કેહસે કે, હવે તમો હમારો મુલક છોડી દઇને, તથા તે પાછો હમારા સવાધીનમાં આપીને તમો પાછા તમારા મુલકમાંજ પધારો, તેઆરે તે છોડી જવાની હમારી ફરજછે, એવું એ મુંબઇનો **ગવરનર** બોલેઓ હતો, તેથી હમોએ (ઇઆને મધરાજ ટાઇમસે) કેટલીએક ભાંજઘડ તે વખતે ઉડાવી હતી. પણ આએ વખતેતો, એવા સખુંનો કરતાંનેબી, તેણે પોતાની ચાલચલંણ ઘણી વધારે નબલાઇ અને નુકસાંન ભરેલી દેખાડીછે."

(કોચીન આરગસ.)

જેબી રસતેથી હમે નજર કરીએછે તાંહાંથી એવીજ હમારી ખાતરજમાં વગર હીલવે મજબુત રેહેછે કે, તરંણ દાહડા સુધી, મુંબઇની સરાક

ર પોતાની ફરજ બજાવી સકી નહી હતી. આખાં શેહેરને ધુજારામાં અને ખણાજ હીનપસતી ભરેલા બખેડામા ગુંતાવા દીધું હતું. જયારે પારસીઓનાં ઘરબારો ભંજાઇ ચુકાં, જયારે તેમનો માલ મતા લુટઇ ચુકી, જયારે તેમનાં અસબાબની પાએમાલી થઇ ચુકી, અને જયારે તેમનાં આતશનાં મકાંનો અપવીતર બની ચુકાં, તયારેજ મુંબઇનાં **ગવરનર** સાહેબ બોલેઆ હતા કે રઇઅતના જાન માલનો સંભાલ કરવા બાબે સરકાર પુરતી રીતે સાવચેતછે. પણ એહવી રીતનાં તેહનાં બોલવાથી, નયુસપેપરવાળાઓને ગોએઆ તેણે ઊસકેરેઆ હતા, કે જેઓએ તેહની આગલી સુસતી ઉપર વાજબીની રાહે ઘણી સખત મુજાહેમતો કીધી હતી.

મુંબઇનો ગવરનર વલી એવું બોલેઆમાં લાએઓ હતો કે, સઘલાં સારાં અને પરમાણીક માંણુસો એ બખેડો બેસાડી દેવાની મદદ આપવાને બાહેર પડસે, એહવા તેહનાં સખુંનોથી તે ગવરનરે પોતાને મોટા ઠપકા ભરેલી હાલતમો લાવી મેલેઓ હતો, કાંએ કે એ ઉપરથી એવુજ જણાઇઉ હતું કે ગોએઆ મુંબઇને હુલડ ભરી હાલતમાંજ રેહવા દેવાને, અથવા ને શેહેર પોતાનો સંભાલ પોતેજ કરી લેસે, એવું ચાહતો હતો. પોલીસનાં કમીશનરે, કે મુંબઇના ગવરનરે, રઇએત પાસથી એહવી રીતની મદદ મેલવવાને કંઇબી બંદોબસતો કીધા નહી હતા, અથવા કોઇબી નવા ખાસ કનેસટેબલોને સોગંન આપેઆ નહી હતા, અથવા કોઇબી ભલા અને પરમાણીક માણુસોની મદદ માંગી નહી હતી,—જાંહ સુધી કે, તેવી મદદનો વખત તદંન વહી ગીઓ હતો, અથવા તેવી મદદ નકાંમી અને વગર અગતની થઈ પડી હતી તાંહ સુધી. જો મુંબઇમાં "વોલંનતીઅરો" ની ફોજ હતે તો, આહવો બખેડો થઇ શકતેજ નહી. પણ જયારે "વોલંનતીઅરો" ની ફોજ તઇઆર કરવાની કોશેશ મુંબઇમાં રઇએત તરફથી થઇ હતી, તયારે મુંબઇની સરકારે કંઇબી વજન કે આસરો આપેઓ નહી હતો.

હમારો વીચાર એવોછે કે, મુંબઇ પોલીસનો કમીશનર મી૦ સુટર પોતાના ઓધાની ફરજ ભુલેઓછે, તેટલા વાસતે જેમ જલદીથી તે પોતાનો ઓધો છોરસે તેમ પરજાનો હક અને બંચાવ વધારે સારી રીતે સ

થવાસે. બીજી વખતના બખેડાની વેલાએ, આખા પારસીના ટોલા વીશે જે નાંપસંદીનાં સખુંનો તેણે ઓચરેઆ હતા, કે "બધા પારસીઓ જાં હંનમમો જાઓ," અને એ ઉપરાત બીજુ નાલાએક જે બોલીઓ હતો, તેથીજ તે પોતાની ચાકરીથી બરતરફ થવાને લાએક ઠરી ચુકોછે, અને કોઇબી ઈનસાફદાર ગવરનર તેને તરતજ બરતરફ કરતે. પણ તેતો હાલના મુંમબઇનાં ગવરનરનો એક લાડકો ચાકરછે તેથી તેને કાહાડવામાં આવેઓ નથી. હમો કંઇબી રીતે અચકાવા વગર કહીએછે કે, મુંબઇની પોલીસમો રહેવા લાએક મીશટર સુટર નથી, અને મુંબઇ મધેની વસતીના એક મોટા અગતના ટોલાનાં લોકો વીશે જેઆરે તેણે એવી રીતની બેદીલી અથવા બદખાહી ભરેલા સખુંનો જાહેર રીતે ઓચરેઆછે, તે છતાં જો તેને એજ ઓહદા ઉપર લાંબો વખત સુધી રહેવા દીધામાં આવસેતો, મોટી ભુલ કીધેલી ગણાસે."

(નીલગરી કુરીઅર.)

મુંબઇનાં ગવરનરને પોતાની હાલની ચાલ વીશે કંઇબી વાજબી કારંણ દેખાડવાનુ કામ ઘણુ મુશકેલછે. પેહલી વખતનાં બખેડા પછી, ઘટતી ચોકસાઇ નહી રાખી અને બીજી વખતનો ફેસાદ થવા દીધો હતો, એ એક મોટા વાંક મુંબઇની સરકારને સર લાગુ થએઓછે. પોલીસને ભરોશે ગવરનર રહેઓ હસે, તથા બીજુ નવું હુલડ નહી થઇ શકસે તેની ચોકસીબી પોલીસ રાખસે, એવું તેહને કદાચ સંમજાવેઆમાં આવીઉ હોએ,. તે વાત બની સકવા અથવા માંનવા જોગછે. એ બખેડાની શરૂઆતથી તે છેક આખર તલકના એહવાલ વાંચતાં, ઓલલુ જણાએછે કે, પોલીસનાં જોર અથવા ફોજ વીશે ઘણી લાંબી લાંબી વાતો બોલાતી હતી, પણ એ ફોજની ઉપર બરોબર રીતનો અંમલ ચલાવનાર અને તે લોકની પાસેથી બરોબર કામ લેનાર કોઇ હતો નહી. પોલીસની ફોજને માથે જે વડો અંમલદાર હોએ, તેણે ગાંમની સહલા સંપજ જાલવવા તથા પોતાની હોરમત તેમજ પોતાના હાત હેઠલનાં માંણસોની કીરતીનો સંભાલ કરવાની કોશેશ કરવી જોઇએછે. જો ઇંગલંડમાં કંઇ હુલડ થાએતો,

તાંહાંનો "મેઅર" અને "કારપોરેશન"નાં બીજા મેમબરો તરત મેદાંન પરેછે, અને પોલીસને તઇઆર રેહવાનુ ફરમાવેઆ ઉપરાંત, સઉથી નજદીકના ભાગપરની લશકરી ફોજની મદત હાજર રાખેછે. પણ મુંબઇમાંતો એપલા મી○ સુટરે સરવે કામ પોતાનીજ સતા તથા સમજે અને પોતાનેજ જોખંમે કરીઉ હતું, પણ "મીઉનીસીપાલીટી"નાં ખાતાંને લગતા ગરહસથો, જેઓની મોટી ફરજ ગામની સહલા સંપજ જાલવવાનીછે, તથા જેઓ રઇઅતનાં જોશ અને ફરીઆદના કારંણોથી પુરતા વાકેબ હોએછે, તથા જેઓને તે શેહરનાં દરએક ભાગની ચોકસ માહીતગારી હોએછે, તેઓ પોતાની કીરતીનો બચાવ અથવા વધારો કરવાને ખાતર ઘટતા બંદોબસતો અને ઉપાઓ કરી સકતે અને એ બખેડો તરત નાબુદ કરી સકતે, તેવા ગરહસથોનાંતો નામ નીશાંનોબી, બલકે તેઓ કાંહાં વસતા હતા તેબી આએ મુંબઇનાં હુલડની વખતે જણાઇઊ નથી. "મીઉનીસીપલ"નાં ખાતાંને લગતા ગરહસથોનુ ખરૂં કાંમતો, એવા ફેસાદ અને બારીક સમેમાજ હોએછે, અને તેઆરેજ તેઓ જે રઇઅતની આગેવાંની અને પાસબાંની કેમ કરી સકેછે તેનુ ખરૂં જોહર જણાઇ આવેછે.

(પાઇઓનીઅર.)

મુંબઇમાં થાએલા ફેસાદ વીશે જે તારથી સમાચાર અતરે આવેઆ હતા, તે વીશેની વીગતવારની લખાએલી ખબરો હાલ અતરે પોંહતી ચુકીછે, તેમાંતો કંઇબી ઘટારો થએઆને બદલે, ઓર સુકરવારનાં તોફાંન કરતાંને, આડીતવારનો બખેડો વધારે ખુનામરકી ભરેલો થાએઓ હતો. મુંબઇના ગામડીઓની વસતી આગલના રસતાઓ ગોઆ બંધ થઇ પડેઆછે, અને તાંહાંથી સલાંમતી ભરેલી રીતે ચાલવું મુસકેલ થઇ પડીઊંછે, સબબ કે જોશમે આવેલું લોક, કંઇબી રીતની જાસતી અને જુલંમ ભરેલાં કામો કરવાને તઇઆર રહેઆછે. ફરેંચ લોકોના **પારીસ** જેવાં સુધરેલાં માહભારત શેહરમાબી, જો કોઇ જાંણીતા બલવાખોર સરદારના મુરડાંને ડાટવાની પાએદશત જાએછે તો, રસતામાં કંઇ બખેડો નહી થાએ, તેટલા સારૂ સરકારની તરફથી ઘટતી ચોકી પેહરા રાખેઆમાં આવેછે. પ

ણુ અફસોસ કે મુંબાઇમાં એક મુરડાંની સાથે, ૪૦૦)થી પાંચસો જહનુ ની મુસલમાંનો, હાતમા સોટા અને છરીઓ લઇને, પોતાનો સોબતી જે તેઓના વીચાર મુજબ ધરંમના કારંણસર મરંણ પાંમો હતો, તેનુ મુરડું ડાટવા, પોતાનાંજ દુશમનોની વસતીવાળા મોહલાઓમાંથી પસાર થાએ, તે વખતે કોઇબી પોલીસનો અંમલદાર હાજર નહી રેહઓ હતો.

(કલકતાનાં ઈંગલીશમેનમાં એક લખનારનાં સખુંન.)

મી૦ એડીટર સાહેબ, મુંબાઇનાં ગવરનર વીશે તમો ઘણુ સખત બો લેઆ છેઓ, તોબી મારો પોતાનો વીચાર એવોછે કે, વેલાત ખાતેનાં જે અંમલદારો, કેટલાએક નબલા અને વગર કાબેલીઅતનાં પોતાનાં મીતરો અને સગાઓને, આસાએસ ભરેલાં રેહઠાણ કરી આપવા સારૂ, હીનદો સતાંન ખાતેના શેહરોમા અંમલ ચલાવા મોકલી દીએછે, તે મોકલનારા ઓ વીશેબી તમોએ બે બોલ ઠપકાંના લખવા જોઇતા હતા. એક બુઘા અને વગર અજમાએશનાં ગરહસથને, એક તદંનજ નવાં અને નવાઇ જેવાં દેશમાં રાજકારોબાર ચલાવાને મોકલી દીધો હોએ, તેવા ગરહસથ થી એક સારા વહીવટ ચલાવનાર તરીકેની આપરે થોડીજ આશા રાખ વી જોઇએ. મુંબઇનાં હાલનાં ગવરનરના ભાશાંણમાં એવા સબદો દીસેછે કે એક સાધારંણ માંણુસ, જેનાં ભેજાંમાં, એક રતીભારબી સહમજ હોએ તો, તે શખસબી કોઇબી કારંણસર તેવા સબદો બોલે નહી. એક શેહરમાં જેઆરે ફેસાદ અને ખુનાંમરકી મચી રહી હોએ, તેવે વખતે, જાહેરમાં આવી એવું બોલવું કે, તે ફેસાદ બેસાડી દઇને સહલા સંપજ જાલવવા સા રૂ તેની પાસે સતા નથી, તો તે જેવો હીનપસતી ભરેલો દેખાવ, આબી હીનદોસતાંનનાં ખંડમાં કોઇ દાહાડેબી આગલ કોઇની નજરે પડેઓ ન હી હસે. અને એવી રીતનો નઠારો દેખાવ કરવા સારૂ તેની પાસે કંઇબી બાંહાંનુ મલી નહી સકસે."

(ચીનનાં હોંગકોંગ શેહરનુ "ચાએનાં મેલ")

મુંબાઇમાં જે હાલ હુલડ થઇઉછે તેની ખીનાં અતરેનાં અંગરે જોનેબી કંઇ થોડી અગતની નથી. અંગરેજી રાજનાં વાવટા હેઠલ જુ

દી જુદી ગણેઆતનાં લોકો વશેછે, તેઓમાંનાં આજ કંઇક વરશો થએ આ જણાઇ ચુકેલા, સહુથી વફાદાર, વખણાએલા અને સુખી તબેહનાં ટોળાનાં લોકો ઉપર એ મોટો હીચકારો હોમલો કરેઆમાં આવેઓ હતો. જે સખાવતો કે પાદશાહી દરજેની અને તવારીખોના સફા ઉપર નોંધી રાખવા જોગ જણાઇછે તેવીજ સખાવતોના ભલાં કામ કરી એ માંતર પારસી ટોળો ધરાએઓછે એમ નથી, પંણ જે જે દુરનાં દેશોમાં તેઓના પગલાં પોહાંછે, તાહાં સઘલી પાંતીની સગવડ અને મોજ મજાહનો વધારો થતો રહેછે. અને હમો આએ હાંગકાગ શહેર મધેજ થાએલાં તેઓનાં કામો વીશેનો દાખલો કહી ઇઆદ આપીએછે કે, અતરેનાં જાહેર બાગ બગીચાના સંગાર કરવા કીજે તથા ગામખાતાંનાં ધરમનાં ફંડની પુંજીને આસરો આપવા કીજેબી એ પારસી લોકોએ નાંણાંની મદત આપીછે. તેટલા વાસતે, જે જંગલી અને હીનસપતી ભરેલી ધાસતી મુંબઇનાં પારસીઓ ઉપર ગુજરેઆમાં આવીછે, તે ઉપર હમો અતીઘણાં ધીકાર અને ગુસાની નજરથી જોઇએછે.

એવી રીતનાં જુલંમ સર, અલબતે ખરા અંગરેજ બચાઓની પરીતી, પારસીઓ તરફ દોડસે તેમાં તો કસો શક નથી, વાસતે એ વાતને તો હમો પડતી મેલીએછે, પણ એ બનાવ ઉપરથી હમોને કંઇક બીજી બાબતસર બોલવાનુ અગતનુ સંમજાએછે. મુંબઇની સરકારની ધીલી દોરીને લીધેજ, તાંહાંનાં મુસલમાંનોએ કરપીણ કાંમો કરવાની હીમત ભારી હતી, કે જેવાં કાંમો સારૂ, કોઇ બીજી સરકારના અંમલદારો તેજ વખત તેઓને ખરા મુદાઅ સાથે પકડીને, તરતજ સુલીએ ચહડાવી દેવાને ઘટતું બીચારતે. પણ એ લોકોનુ એવું કામતો, ગોએઆ બીજાં તેઓના કામો કરવાની નીશાનીઓ જે આપરી નજરે પડેછે તેઓનો માતર એક નમુનોછે, કે જે આપરી સતાનુ માંન અથવા રોબ પડતી હાલતમા આવતી જોઇને તેઓ કરવા વગર રેહે નહી. હાલમાં અંગરેજનુ રાજ સખત ઉપાએઓ લેવાને આગલનાં કરતાંને ઓછી સકતી ધરાવેછે એવું હમો કેહતા નથી, પણ એ મુસલમાંન જેવા ટોલાનાં લોકો હાલ આપરે વીશે એવું ગુમાંન રાખેછે એમ હમો કહીએછે. એશીઆખંડ મધે વશનારા લો

કોની ઉપર રાજઅંમલ ચલાવતી વખતે, આજનાં અંગરેજ રાજઅધીકારીઓ જે નબલી અને હીચકારી રીતીઓ અખતીઆર કરી બેઠાછે, તેનાં એ સઘલાં કડવાં ફલોછે, એમ સમજવું. ભગતરોકી ખવાસનાં કેટલાએક સુગરાતરા અંમલદારોને ચોકસજ આજે આપરે પુરી થતા સાંભલીસું કે, ગીઆં કેટલાંએક વરશોની વાતપર જે રીતની શીખસા હુલડ કરનારાઓને કરેઆમાં આવતી હતી, તે શીખસા વીશે આજે આપણથી માતર એક એશારોબી અથવા સુચનાંબી થઇ નહી શકે. અને વલી બીજા શખસો એવી ગરૂરી કરનારાબી ચોકસજ મલી આવસે કે જેવી રીતનુ હુલડ મુંબઇમાં થઇઊછે તેવાં હુલડોથી કંઇ ઘાસતી ભરેલાં પરીણાંમો નીપજી નહી સકે. ઇઆને એવા અંમલદારોના વીચાર પરમાંણે, એવાં હુલડો ઘણાં નજીવાં ગણાએછે, તેથી જે લોહીના તરસેઆ જહનુનીઓએ આપરા પારસી ભાઇબંદોનાં ઘરબારો લુટેઆંછે, અને તેઓનાં રુખની બરબાદી કીધીછે, તેવા ગુનેગારોને બંદુકની ગોલીઓથી મારીને નાંબુદ કરવા નહી જોઇએ. એવા ખવાસનાં જે અંમલદારો, ધરંમ સંબંધી ખટપતોમાં વચે નહી પડવાને પોતાનો પતેમંદી ભરેલો ડેરાવ કરી બેઠાછે, તેઓની નજરમાં જે દુખ હાલ પારસી ભાઇઓને ખંમવુ પડીઊછે તે કંઇબી વજંનનુ તેઓને લાગે નહી.

તોબી એ મુંબઈનાં હુલડે આપણાં લોકોને એક ઉપીઓગી ધડો સીખવેઓછે. એશીઆખંડનાં, એ રેહવાશીઓ, જેઆરેબી કંઇ બલવો કે બખેડો કરવા નીકલેછે, તેઆરે તેઓ ઇઆતો પતેહ મેલવવાની, ઇઆતો મારેઆ જવાની નેમથીજ તે કરેછે, અને વલી તેઓ એવા ચગોરછે કે અકસર કરીને જેઆરે પતેહ મેલવવા જેવીજ તક હોએછે તેઆરેજ તેમ કરેછે, વાસતે આપણ લોકને, ઇઆને અંગરેજોને એવુંજ ઘટછે કે, એવી રીતનુ પરીણામ મેલવવાને તેઓ પાવી સકસે, તેવા વીચારો તેઓ પોતાનાં દીલમાં ઉતારવા પાંમે, તેવી રીતની રાજનીતી ચલાવવી નહી જોઇએ. સબબ કે મુંબઇ મધેના હાલનાં ફેસાદીઆઓએ ચોકસજ એવું જાંણીઊં હતું કે, તેઓનાં બખેડાની તકસીર સારૂ માંતર સેહજસાજ સજા થસે, અને વલી એવી સજાબી, જે કોઇ પકડાઇ સકાસે તે

નેજ થસે, વાસતે એ કામતો એક સોરતી જેવું હતું (કે માલમતા લુટીને સલામત નીકલી ગીઆતો વાઉવા, નહીતો સેહજ સજા ભોગવીને છુટી જ ઇસું) એ ઉપરાંત વલી હમો ખાતરીથી એવુ જણાવીએછે કે, એ મુંબઇ ના બલવાઓરોએ, એવોબી ઠેરાવ કીધો હતો કે, કોઇ પારસીને લુટતાં અથવા મારતાં, જો તે જીવથી મરંણ પાંમસે તોજ, ખુનનો "ચારજ" તે મારી નાંખનારપર સરકાર મેલસે, પણ વલી તેમાબી (ધારાનાં અનેક રસતા મોકલાછે તેથી તેમબી ગોઆ એક વધારે મોટી સોરતીછે) પણ જો એ મુંબઇનાં ખુની લોકોને એવી ખબર હતે કે, એવી રીતની લુટફાંટ ક રતી વખતે સરકાર, ધારા પુસતકોની પેચીડાં લખાંણ અને ફરમાંન ઉપર કંઇબી ધેઆંણ આપસે નહી, અને જેબી શખસ તે મારામારી કે લુટમાં મુદા સહીત પકડાસે અથવા તાંહાં ઉભો રહેલો કે મદત આપતો પકડાસે તેને તરતજ સખત સજાએ પોહચાડેઆમાં આવસે, એવું જો તેઓ જાં ણતે તો, એ કામ કીધાની આગમચ તેઓ કંઇબી અંદેશો કરવા પડતે. પણ એ એશીઆખંડનાં લુટારાઓની નજરમાં, આપરા અંમલની સુબી અ નબલાઇતો એમ આવી ચુકીછે કે, કોઇબી વાક સર તેઓ પકડાસેતો, જેમ લંડંન શેહરનાં તકસીરવારોની તપાસ અંગરેજી ધારાની બારીકીથી લંડંનની પોલીસમાં થાએછે, તેમજ અતરેબી થાસે તોજ, સજા ભોગ વવાનુછે (નહીતો છુટી જવાના "ચાનસ"બી પુશકલ અને રસતાબી ઘણાં મોકલાછે.)

(મુંબઇના પાદરીઓનું પતર "બોમબે ગારડીઅન.")

ગીઆં અઠવાડીઆંનો બનાવ જોએઆથી મુંબઇની પોલીસ તદંન નકાંમી માલંમ પડીછે. આજનાં વખતમાં અતરેનાં લોકો મી૦ ફારજેટને ઇઆદ કરેછે. પોલીસે જે ગફલતી હાલ બતાવીછે, તે વીશે સરવે કોઇનો અતરે એકજ વીચારછે, અને મી૦ સુટરે જે કડવા સખુંનો પારસીઓ વી શે ઓચરેઆછે, તેથી પારસીઓનો ગુસો મુસલમાંનો ઉપર કરતાંને, મી૦ સુટર ઉપર ઘણો વધારેછે. જે નાલાએક સબદો મી૦ સુટર બોલેઓછે તે સાંભલી હમો દલગીર છઇએ, અને એવા સબદો પારસીઓ ભુલી જાએ

તેવું દીસતું નથી. એક મુસલમાન જેઆરે ગુસાથી કાંઇક સખુંનો બોલેછે તે આરે તેનાં દીલની અંદર કેવી રીતની ભુંડી ઇચ્છા ભલી નીશતાછે તે તરત જણાઇ આવેછે. આએ મુંબઇ શહેરમાં પારસીઓ અજબ રીતે ખીલી નીકલેલાછે, અને અને એ પારસીઓની કેલવણી, તથા દોલત, તથા વેપાર અને બીજી સંસારી રીતભાંતનો મુકાબલો, જેઆરે મુસલમાન લોકોની સાથે કરીએછે, તેઆરે એ મુસલમાનો કસી બીસાદમાં જણાતાનથી.

(કલકતાનુ ઇનડીઅંન ડેલી નીઉસ.)

મુંબઇ પોલીસનો વડો મી૰ સુટર, ખીલેલાં મીજાજથી, અને જોરે મંદ હાતોથી (તારીફ લાએક) કારોબાર ચલાવેછે તેથી "કંમપાનીઅન આફ ધી ઇસટાર આફ ઇનડીઆ" નો એતાબ તેને મલવો જોઇએ, એવો હમારો વીચાર હતો, પણ તપાસ કરતાં તો માલમ પડીઉં કે, એ એતાબ તો મી૰ સુટરને મલી ચુકેલોછે, તેઆરે તો હવે તેહને "નાઇટ"નો બીજો નવો એતાબ આપવા વગર બીજું કંઇબી લાએક દીસતું નથી! (મશકેરી.)

(બધરાજ ઇસટાંનડરડ.)

મુંબઇ શહેરની નગેહબાસતીને સારૂ જે સઉથી વડો કોટવાલછે, ઇઆને ગવરનરછે, તે પોતાનાં વીચારમાં સુસત અને કામમાં ખાંમી ભરેલો માલંમ પડેઓછે. બખેડાની વખતે જેમ બને તેમ શરૂઆતમાંજ, લશકર બોલાવવું જોઇતું હતું, અને હુલડ કરનારાઓને બંદુકની બાગનેટથી બીકી નાંખવાની દેહશતથી વીખરી નાંખવા જોઇતા હતા.

(મુંબઈ ગેઝેટ આરગસ.)

મુંબઇ સરકારની ચાલ વીશે "બોમબે ગેજટ"ના લખનારે અતીઘણાં સખત ટીકાથી ઠપકો આપેઓછે, તે ઘણાંએક લોકોએ ખુશીથી વાંચેઓ હસે. સરકારના કારોબારની નાલાએક અને નબલાઈ આએ બખેડાથી ઊગાડી પડીછે, અને જે ઠપકો ગેજેટે આપેઓછે તેની સાથે ગોઆ

મુંબઇની લગભગ આખી પરજા એક મલતીછે. વલી રવીવારની મારામારીની પહેલનો ટાપલો સરકાર પારસીઓને માથે મુંકવા માગેછે, પંણ એ વાતને પારસીઓ ગુસાથી તુછકારી નાંખેછે, સરકાર એવી રીતની ગેરઇનસાફી કરેછે તેથી, દરએક વફાદાર રઇઅતનાં દીલમાં ગુસો ઉપજેઆ વગર રેહે નહી.

(ઇનડીઅંન ચરચ ગેજેટ.)

મુંબઇમાં ચાલુ થએલા બખેડાથી તાંહાંના સતવાલાઓની નાંતવાંની ઘણીજ અફસોસ ભરેલી હાલતમાં દેખાઇ આવીછે. ગવરનર જેવાનેખી સુજ નહી પડીઉં કે સું કરવું. મી○ વોશીંગટંન અરવીંગ જેવાએ લખેલી "મહમદ"ની જીંદગીની નીરદોશ ચોપડી ઉપરથી એવી રીતનો બખેડો ઉઠવો નહી જોઇએ, પંણ જે લોકો એ મુસલમાંનોની ચાલથી જાંણીતાછે તે લોકો સંમજેછે કે એવે મસે (મારફાર અને લુટફાટનો રસતો તે ઓએ સોધેઆ હતો.) મી○ સુટરે એ ચોપડીને તારાજ કરવાની ધારણાં બતાવી હતી, તેને બદલે જો એમ કહીઉં હતે કે પોલીસનુ સઘલું બલ વાપરીને પારસીઓનો સંભાલ કરેઆમાં આવસે, તથા મુસલમાંનો જો હોમલો કરસે તો તેઓનાં પોતાનાજ જાંન જોખમમાં પડસે, તો તે વધારે ડાહાપંણ ભરેલું કહેવાતે. વલી તોફાંનને પેહેલેજ દીવસે, જો સરકારની તરફથી ગોલીઓ ફૂંકીને કેટલાએકોને વાંધી નાંખેઆ હતે તો, તરત સમાધાંની થઇ જતે, અને તેથી મુંબઇનાં અંમલદારોની હોરમતની જલવાતે. "લારડ માનસફીલડ" નામનો સરદાર જણાંવી ગીઓછે કે:—"એક બખેડાનો તેની સરૂઆતની જડમાંથીજ અટકાવ કરવો, એ સહુથી સરસ ઇનસાંનીઅતપણાંનુ કાંમછે."

(નેટીવ પબલીક ઓપીનીઅંન.)

અંગરેજી રાજનુ બીજું પાએતખત શેહેર તે મુંબઇછે, જે ઊગમંન દસા તરફનુ "નીઉ ઇઆરક" શેહેર તરીકે જાહોજલાલી અથવા દમાસમાં મશહુર થએલુંછે, તેવાં શેહરમાં આવો નામોશી ભરેલો ફેશાદ થવા

દીધોછે, તેથી એ શહેરની પોલીસનાં કારોબારીઓ, પછે તે "ઇસતાર આફ ઇનડીઆ" નો—કે "ખાંનબાહદુર" નો—કે "રાઓબાહદુરનો"—કે કોઇબી બીજા એતાબ ધરાવનારા હોએ, તોપંણ નાંમોશીમાં આવી પડેઆછે. મુંબઈમાં ખરા દુર અંદેશ અને હીમતવાંન નરની મોટી ખુંટછે, અને હાલના ગવરનરે એજ ગુણો બાબે મોટી ખાંમી દેખાડીછે. મોટાં મોટાં ભાશાંનો કરવાં—કે લાંબી લાંબી મુસાફરીએ ઘોડે બેસીને ફરવામાંજ, એક ગવરનરની ખુબી નથી, પંણ મુસકેલની વખતે દુશમનોની રૂબરૂ થઇ હીમતથી અને અકલથી તેઓને જેર કરવામાંજ ખરી ખુબીછે.

(ટાઈમસ આફ ઇનડીઆ.)

મોહરંમ નજદીક આવેઆંછે તે હીંગામ પર, અતરેના હલકા વરગનાં મુસલમાનોએ, એક જબરૂં હુલડ જગાડીઊંછે, કે જે હુલડ તેનાં જોશ અને ધાટકીપણાંમાં સને ૧૮૫૧ માં થાએલાં હુલડ કરતાંને ઘણું વધારે છે. પોલીસનાં કમીશનરે માંઠાં ભાએગે, પેલા પારસીએ છપાવેલી ચોપડી ડાબી નાખવા અથવા તારાજ કરાવાની મરજી દેખાડી હતી, અને એ બેઅકલી ભરેલા ઠેરાવથી, પેલા મુસલમાંનો ગોઆ એવું સમજેઆ હોએ કે, ખરેખરજ પેલા પારસીએ તેની ચોપડીમાં મહમદની નાલેસી કીધી હતી, તેથી ચોતરફથી વેરની ધંમકી સંભળાતો હતી. કેટલાએક મુસલમાંનોએ આપેલા સહલા સંપજનાં ભરોશા ઉપર પોલીસ રહી અને ઠગાઇ, તથા પારસીઓએ સરકારને આપેલી અગંમચેતી ઉપર, સરકારેબી માંઠાં ભાએગે કાંઈબી ધેઆંણ આપીઊં નહી હતું.

આએ બખડાનો જોખંમ ચોકસજ કોઇ છુપા શખસોને સરછે, સબબ કે હલકા વરગનાં લોકોએ ફેસાદ કીધો હતો, અને જે એ કામસર ભેગા થઆ હતા, તે અંદરખાંનેથી કોઇના સીખવેઆ વગર બનેજ નહી. જે લોકો પાએમાલ થએઆછે, તે બીચારા ઘણાજ ગરીબ પારસીઓછે, અને તેઓને એ નુકસાંની કોણ ભરી આપસે, જે લગભગ ૧૦૦૦૦૦) એક લાખથી વધુ રૂપીઆની થવા જાએછે? હમો કોઇને ખરાબ લગાડતા નથી, તોબી મુંબઇ જેવાં શેહરમાં ધોરે દીસે એવાં હુલડ શરૂઆત

માંજ વગર અટકાવે થઇ સકે, એ દેખાવ ઘણોજ બુરોછે. મોહરંમનાં ટાંકનાં સર એવા ફેસાદો દર વરશ થાએછે, અને તેથી સરકાર જો એ તાબુતોના સરઘસો અને કીરીઆજ બંધ પાડેતો તેમાં કોઇ બીજાનો વાંક નથી, પણ મુસલમાંનોએ પોતાનીજ કરનીનાં ફલ સમજવાં, સબબ કે એ બાંહાંને દર શાલ શેહરમાં ફેસાદ અને ધબરાટ ચાલવા દેવાને સરકારને પરવરેજ નહી.

જો રાજ કરતી સરકારનાં અમલદારો, કેટલાએક મુસલમાંનોએ આપેલી ખબર ઊપરજ ભરોશો રાખી પોતાની સમજ સખતીને સુહુની બનાવી નીરાંત બેઠા નહી હતે, અને જે લશકરની તઇઆરી તેઓએ સોમવારની બપોરે કીધી, તે જો સનીવારેજ કરી રાખી હતેતો, આતવારનો બખેડો બનતેજ નહી. પેહલે દાહાડે પોલીસે ફેસાદીઆઓનું એકઠું થએલું મોટું ટોલું વીખરી નાંખીઉં હતું તે ખરૂં, પણ પરથંમમાંતો એ પોલીસે એવું ટોલું જમાવજ થવા દેવું નહી જોઇતું હતું.

એક બાહાંનાં તરીકે, પોલીસની ફોજ પુરતી નથી એવી બુંમો હાલ પારેઆમાં આવેછે, પણ હથીઆરવાલી અને કવાએદવાલી એક ફોજનાં જુજવી માંણસો, જે વગર કવાએદનાં અને વગર હથીઆરોનાં માણસોનાં ભલતાં ટોલાં ઊપર ફાવી સકે છે, તે ગણતરી ધેઆનમાં નહી લેવાની એવે વખતે ભુલ કરેઆમાં આવેછે, પણ એવે વખતે એવી ફોજને ફાવી નીકલવાનો મોટો આધાર માતર એજછે કે, તેવી પોલીસની ચોકી હરએક બનાવસર સદા સજાગરૂ,—હરએક જગા પર સદા હાજર, અને હરએક બખેડાને સારૂ સદા તઇઆર રેહ, કે પેલા વગર ચોકસીવાલા, હરજગે વીખરાએલા, અને અંધેર રીતે હીલચાલ કરનારા ફેસાદીઆઓનાં ટોલાંની ઊપર એકદંમ હોમલો કરીને ડબાવી નાંખવાને બની સકે. જો એવીજ કરકસરની ગોઠવંણ, અને એવીજ રીતની ગણતરી ઊપર અંમલ કીધામાં નહી આવેતો, સું લશકરખાંતાની કે સું ગાંમખાતાંની ફોજ, જે હરએક મુશકેલીને વખત બંચાવ કરવાને સારૂં રાખેઆમાં આવી હોએ, તે નકાંમી ઠડે, એટલુંજ નહી પણ તે ફોજની ઘણી મોટી અથવા વધારે સંખીઆ જે દેશનાં અથવા જે મંડલીનાં લોકોના બંચાવને વાસતે રાખેઆ

માં આવી હોએ, તેવોને સર, તેનો અતી મોટા ખરચનો બોજો પડેઆ થી, તે દેશ અથવા તે ટોલાનાં લોકો પાએમાલ થાએ. હવેં એ ખાસ રીતી, ધેઆંણમાં રાખેઆ બાદ, હમો આએ સવાલો પુછીએછે કે, તારી ખ ૧૩ મી ફેબરવારીના સુકરવારને દીને, જુંમા મસીદ આગલ પોલીસની ચોકી જેવી અને જેટલી રાખવી જોઇતી હતી તેટલી નહી રાખવા માં ગફલતી કીધામાં આવી હતી કે નહી? કે જે ગફલતીને વાસ્તે પુરતો ખોલાસો જોઇએછે. વલી એ બખેડાની જેઆરે આગમચથીજ બુમ અ થવા ખબર પડી ચુકી હતી તેઆરે તે ખબર ખરીછે કે ખોટી તે વીશ ની તપાસ જેવી ચોકસાઇથી કરવી જોઇતી હતી તેમ સું અતરેની પોલીસ નાં અમલદારોએ કીવી હતી? અને જો કંઇબી અંધારેલો બખેડો થઇ પડેતો, તેનો ઘટતો અટકાવ તરતજ કરવા સારૂં સું પોલીસે એલાજો ત ઇઆર કરી રાખેઆ હતા? એ ઉપરાંત વલી કાજીઓએ સહલા સંપજ રેહસે એવો ભરોશો મી॰ સુટરને આપેઓ હતો, તે તેઓનુ બોલવું ખ રૂંછે કે ખોટું, તેની નીરાલી તલાસ કરવા સારૂ કંઈ ઉપાએ મી॰ સુટરે લીધા હતા કે નહી? જો એવા ભરોશા મી॰ સુટરને ખરેખરાજ આપે આમાં આવેઆ હોએ તો, મી॰ સુટરે તેની ઇઆદી નોંધી રાખી, જે લોકોએ જાંણી જોઇને તેને ભુલાવામાં નાંખેઓછે તે લોકો કોણ હતા તે ઓને જહટ તે સોધી કાહડી સકસે. જે નોધ હમારી ટેબલ ઉપર પડીછે તેમાંથી તો એવું જણાએછે કે એ તોફાન સુકરવારે થવાનુ હતું તેની ખબર મંગલવારથી જણાઈ ચુકી હતી, એટલુંજ નહી પણ સુકરવારને દીને કેટલાએક મેમાન દુકાનદારો એ સહવારથી લોકોને ઇઆને પોતાના ઘરાકોને મના કરતા હતા કે મસીદ આગલના રસતા પરથી પસાર નહી થવું.

(વેલાતનુ લંડંન ટાઇમસ.)

હુપલાં નાંમીચાં અને આખાં ઇંગલંડ તેમજ ઇઓરોપમાં સઉથી મોટા કાબુ અને વગવાલાં પતરમા, એક લંબાંણ બીનાં મુંબઇના હુલડ બાબે લખાઈ હતી, તેથી ગોઆ તમામ અંગરેજી આલંમ તથા તાંહાંનાં તમામ રાજ અખીકારીઓ વાકેફ થઈ ચુકા હતા અકસર કરી સઘલું લ

ખાંણુ ખરેખરૂંજ હતું અને હમો તેનો સાર નીચે મુજબનો જણાવીએ છે. સેવટના ભાગમાં મુંબઈના ગવરનરને ગોઆ સારી સહલા ભરેલા સખુંનો કહી સંભલાવેઆછે.

“ગીઆં ૨૦) વરશોની અંદર કોઈબી એવું સખત હુલડ મુંબઇમાં થઇઉ નહી હતું. જેમ સીખ લોકો અને મુસલમાંનો વચે ઉઠેલો જઘડો, ઘણાં દુર દેશાવરો સુધી મોટી વસતીઓની જગાઓ ઉપર ફેલાઓછે, તેમ સારાં ભાગ્યેગે પારસીઓ અને મુસલમાંનો વચેની મારામારી જાહાજી ટકતી નથી. પારસીઓની વસતી તો થોરીજછે, પંણ હીંદુ સીખ લોકોની વસતી તો ઘણી મોટી અને મુસલમાંનોની વસતીનાં જેટલીછે, અને ફકત એક ગરંમ બોલની ઉશકેરનીથીજ અગણીત ખરાબીઓ સેહેજ વારમાંજ થઈ પડેછે. એજ કારંણ ઉપરથી પારસીઓ સાથના બખેડા ઉપર હીંદોસતાંનના બીજાં ગામોના રહેવાસીઓ જાહાજું ધેઆંણ આપતા નથી. પંણ ખુદ મુંબઈમાંતો એ બખેડો, અલબતે વાજબીની રાહે, સરવે કોઇનુ ધેઆંણ ખેંચનારો થઇ પડેઓ હતો. હીંનદોસતાંનના પસચંમ દસાના કોસતા તરફનાં જંગલીઓની આવક ઉપરાંત, ખુદ મુંબઇના રહેવાસી મુસલમાંનોની સંખીઆ ઘણી વધારેછે, પંણ પારસીઓની વસતી ૪૫૦૦૦)થી વધારેની નથી, અને તેઓ બંગાલ દેશનાં બંગાલીઓની મીસાલના કેલવણી પાંમેલાછે. કેટલાએકતો એ પારસીઓને, હીંનદોસતાંનના પસચંમ દસાના કોસતાની તરફના “જુઉ” ઇઆને ઈહોઉદીઓ જેવા ગણેછે, અને ઉગમંણ પરાંતનાં દેશોની તમામ વસતીનાં લોકો કરતાંને, એ પારસી લોકો મંનની હુશીઆરીમાં ઘણાં વધારે સરસછે. દોલતમાં, વેપારની જહડપમાં અને મંનની ચંચલાઇમાં તેઓ ખરેખરજ બીજી જાતનાં લોકો કરતાંને ઘણાંજ સરસછે; તથા ઇઅરોપીઅંન લોકો સાથે દરએક જાતના વેપારની હરીફાઇ કરનારાબી એજ લોકોછે, એટલુંજ નહી પંણ ઘણી વખત જે કાંમમાં ઇઅરોપીઅંનોબી હારી ખાએ, તે કાંમ ફતેમંદીથી બજાવીને પાવી જનારાબી એજ પારસીઓછે. કલકતાની ઉગમંણ દસાના ગામોમાં, તેમજ એડંન તથા ઇરાંની અખાતના કોસતા તરફનાં શહેરો સુધી ઘણાં દુરદરાજ બતાઓમાં પોંહચી વલી, પુર બાહોશીથી ધંધો રોજગાર કરનારા તે એજ

પારસીઓછે, અને બીજી ઘણીએક રીતીઓથી, એક શહેરની રઇએત અથવા રહેવાસીઓ તરીકે તેઓ ઘણાં કીંમતી ગણાએછે.

હીંનદોસતાંનમાં બીજા સાધારંણ બખેડા થાએછે તેનાં કરતાંને આવી રીતનાં બખેડા ઉપર, ઇંગલંડમાં કંઈ જુદીજ રીતનાં વજંનથી ધીઆંણ પોંહચાડેઆમાં આવેછે.

જેઆરે કોઈ બે કોમનાં લોકો વચે બખેડો થાએ તેઆરે, અને તેમાં બસુસ કરીને જેઆરે તે બખેડાથી ધારો તુટેઓ હોએ તેઆરે તો, હંમેશજ આપરે ઇઆને અંગરેજ સરકારને માંથે ફરજછે કે, તે બખેડાની વચે પડે, અને જેઆરે વચે પડીએ, તેઆરે સઉથી પહેલી ચોકસી તો એ રાખવી જોઇએછે કે, તે બે ટોલાનાં લોકોમાંથી એકુની પખશ બેંચવી અથવા તરફદારી કરવી નહી જોઇએ, પંણ એવું કરતાં છતાંબી જે બખેડો હોએ, તેતો પુર જોરથી ડબાવીજ દેવો જોઇએ. એક ટોલાને, ધરંમ ગુરૂ—બીજા ધરંમવાળા લોકોનાં ધીકારમાં, માંતર થોડાએક સબદોજ બોલે કે તરતજ બખેડો ઉઠેછે, અને એવા બનાવ જેમ એશીઆખંડમાં તેમજ ઇઓરોપ ખંડમાંબી બનેછે તે આપરે જાંણીએછે.

“જે જહડપથી મુસલમાંન લોકોની વસતીનો વધારો બંગાલાનાં લતા તરફ થએઓછે,—તથા ઇનદસ નદીની પેલી બાજુના લતા તરફ આવેલાં દેશોમાં, જે નવા ફેરફારો થએલા જોવાને તેઓ સદા બાહેશમંદ રહેછે, તે ઉપરથી આપણને, ઇઆને અંગરેજ સરકારના અંમલદારોને ચેતવણી લેવી ઘટેછે કે, કંઇબી રીતની જુલંમ જાસતી ભરેલી રાજનીતી નહી ચલાવવી, પંણ વલી એ સાથે, આટલું તો ચોકસજ કરતા રહેવું કે, એ હીનદુસતાંનનાં લતા તરફ જે અમલદારોને હાકંમો તરીકે મોકલેઆમાં આવે, તેઓ ઘણાજ દાનાવ, શેઆંણાં તથા અચબુચી મુશકેલીની વખતે મજબુત હાતથી સતા ચલાવી જાંણનારા હોવા જોઇએ; સબબ કે, એવા સમેમાં, જો હાકંમી કરનાર અંમલદારો નબલા હોએ તો, તેઓ નદંનજ નકાંમાં ઠરેછે.” (ઇઆને ઓર ધાંણ બગાડી નાંખેછે.)

(મુંબઈ ગેજેટ.)

બાદ ચાલનાં મુસલમાંનોનાં એક ટોલાંને, ગઇ કાલે બે તરણ કલાક સુધી દેસીઓની વસતીવાલા મોહલાઓમાં જે હુલડ મચાવવા દીધું હતું, તથા સહલા સંપજ ભરેલા શેહરીઓને કતલ તથા જખમી કરવા દીધા હતા, તથા કીમતી માલ મીલકતોનું જે નુકશાંન થવા દીધું હતું, અને રાંણીના રાજ મધેની એક ખરેખર વફાદાર પરજાના પવીતર ધરમનાં મુકાંમોને જે અપવીતર થવા દીધાં હતાં, તે બાદ એ પોલીસના વડા કમીશનર મી૦ સુટરને, ગઈ કાલે, મુંબઇની યુનીવરસીટીના ફેલોની જે પડવી બખશીઆમાં આવી હતી, તે ગોઆ એ સઘલાં કામનાં માંનની ધ્યાંની દાખલ હોવું જોઇએ, એમ અમે વીચારીએ છીએ. મુસલમાંન ગનેઆતના કેટલાએક લુચાઓનાં ટોલાનાં મનશુબા વીશે, મુંબઇમાં છેલા થોડાએક દહાડા થયા, સાધારણ રીતે વાત ચાલતી હતી, તેઓના હોમલાથી લોકોના જાંન તથા માલ સલાંમત રાખવાને મી૦ સુટર જો તેના હાથ હેઠલનાં માણસોની, ગઈ કાલની અજાએબ જેવી બેદરકારી વીશે, કાંઇક બાતરી ભરેલો ખોલાસો નહી આપી શકેતો, તેને તેની જગા ઊપરથી બરતરફ કરવો ઘટેછે, એવું અમે ધારીએ છઇએ. પારસીઓ તરફ અમે કાંઇ ખાસ દયા દેખાડીએ છીએ, એમ કોઇએ શક ભરેલી નજરથી હમારી તરફ જોવું નહી. પણ એ એકમારગી, ઉદયોગી, અને આબરૂદાર શેહરીઓપર, ગઇ કાલે જેવો જુલંમ ગુજરીઓછે, તેવા જુલંમથી જો તેઓને બચાવેઆમાં નહી આવે તો, પોલીસનાં માણસો સું કામનાંછે? એટલુંજ નહી પણ સરકાર પોતેબી સું કાંમનીછે? મુંબઇનાં લોકો પોલીસને ઘણીજ થોડી મેહનત આપેછે. જોર જુલમાતનાં ગુનાહ ઘણાજ જુજ બનેછે, અને ખરેખર આપણ વચે માતર એકજ તોફાંની ટોલુંછે, અને તે તોફાંની ટોલું તે મુસલમાંનની નાતનાં સઉથી નીચમાં નીચ લોકોછે. “મકા” શેહેર ખાતે હજ કરવા જનારાઓનું મુંબઈ એક બંદર હોવાથી, માતર ધરમી લોકો તથા સારા ખવાસના મુસલમાનોને વાસો કરવાનુ આ મુંબઇ શેહર એક ઠીક મથક થઈ પડાયુંછે, એટલુંજ નહીં, પણ હીંદુસતાંનના સઘલા ભાગો પરના જનુની અને ફીતનાખોર શખસો, જેઓ દરેક

ટોલાના લોકોની સાંમે વગર અટકવે પ્રીતનાંબાજી કરવામાં, તથા દરેક માણસ, જે **મહુમદને** ખોદાનાં પેગમબર તરીકે નહી માને, તેની ખરાબી કરવા વીશે કોશેસો કરવામાં સદા તઇઆર હોએછે તેવા શખસોનુબી, એ મુંબઈ શેહેર અછું મથક થઈ પડીયુંછે પણ એવા તોફાંનીઓ સાથે જો આપરે બરોબર રીતે હરીફાઈ કરીએતો, હંઆને તેઓની સામને થઇએ તો તેઓ એક તદન ધીકારવા જોગ દુશમનો માલમ પડેછે, પણ જો તેઓને છુટા રેહવા દીધા હોએ તો, તેઓનાં મગજમાં, મોહરમનાં દાહડા પર, આ શેહેરમાં કોઇબી હાકંમ નથી એવું અંધેર સંમજીને, મંનગંમતાં કામો કરવા પર ઉલટ લીએછે, અને એવી રીતનો લાભ લેવાને તેઓ કદી પણ ભુલતા નથી.

પારસીઓ તરફ ઘણીજ દયા લાવીયા વગર, તથા પોલીસની ફોજ હુલડખોરોની વચે પડી હતી તેની આગમજ, મજકુર લુટારાઓને બરોબર બે કલાક સુધી પોતાની મરજીમાં આવે તેવાં કામ કરવા દીધામાં, પોલીસે જે ચાલ ચલાવી હતી, તેની ઉપર ધીકાર નાખેઆ વગર કોઈ પણ તે બેઆં ન વાંચી શકસે નહીં. એવી રીતનો બખેડો થનારછે, તે વીશે મી૦ સુટરને બીલકુલ ખબર નહીં રહી હતી એમતો નહી હતું. મુસલમાંનોમાં કેવી રીતની ગરબર સરબર ચાલતી હતી તેથી તે સારી પજે વાકેફ હતો; તીયારે હમો પુછીએછીએ કે તે ફેસાદ કરવા ચાહનારાઓને ધાસતીથી થથરાવીને છુટા પાડી નાંખે, એટલી જોરાવર ફોજ તઇઆર રાખવા વગર સા વાસતે મી૦ સુટરે શેહેરનો આ ભાગ બચાવ કરવા વગર રેહવા દીધો હતો? સું બનસે તે વીસે તેને પુરતી ચેતવણી મલી હતી, તોપણ તે જગા આગલ, બે કલાક વેર, કોઇ પણ પોલીસનો માણસ કે સોલજર હાજર હતો નહીં. હમે ધારીએ છીએ કે, આએ ટીકાઓ કરતાં હમોએ પોલીસની ગફલતી વીશે કાંઈ પણ વધારીને વીગત જણાવી નથી, કે જે ગફલતી વીશે સરકારે મી૦ સુટરની હાવી ચાલને માટે ખુલાસો મેલવવાને તરત અને મજબુત જોસતેજો કરવી જોઇએછે. અગરજો આએ બાબદમાં પારસીઓને, હીયાંની સરકારથી પુરતો ઇનસાફ નહી મલેતો, તેઓ એક જાહેર સભા ભરી, પોતાની ઉપર પડેલી મુસીબતોનો હેવાલ ઘડી કાહાડી

ને, સેક્રેટરી આફ સ્ટેટ ઉપર મોકલી આપસેતો, તે કાંઇ પણ રીતે ગેર વાજબી ગણાસે નહીં. શીતનાખોર મુસલમાંનો કે જેઓએ મુંબઇમાં આટલો બધો વખત લુટફાંત ચલાવી હતી, તેઓને મજબુત હાથે એકદંમ ડાબી નાખવા જોઇએ, એ એક અગતનું કામછે અને અગરજો મી૦ સુટર એ કામ કરવાને અસક્ત હોએતો, જે કોઇ બીજો માણસ તે કરી સકે, અને કરશે, તેને સારૂં જગા કરવા માટે મી૦ સુટરને તેના ઓધા પરથી કાહાડવો જોઇએછે.

(ઇંડીઅંન સટેટસમેન.)

મુંબઇનાં ગવરનરે હુલડ સંબંધી પોતાની ચાલનો બંચાવ "કાનવોકેશંન"ની સભામા કીધો હતો તે ઉપરથી હમોનેતો એવું લાગેછે કે, એ ગવરનર પોતાનાં ઓધાની ફરજ સમજતોજ નથી. એ બખેડાની વખતે, એ ગવરનર અતરેની રઇએતની તરફની મદતની આશામાં બેસી રહેઓ હતો, તે ઉપરથી ખોલલી રીતે જણાએછે કે અતરેનાં લોકોની ચાલચલણથી તે તદંન અંનજાણછે. હીનદુઓ અને પોરટુગીજોને પોતપોતાનુ સંભાલીનેજ દુર રેહવાનુ દરૂસત સંમજાઇઉં હતું, અને શેહરની સહલા સંપજ જાલવવાને ખાતર કદાચ ઇઅરોપીઅંન લોકો હથીઆર ભીરી મેદાંન પરતે ખરા, પણ એ બાબે ગવરનરની તરફની કંઇબી માંગણી કે ઉશકેરનીજ નહી મલે, તેઆરે તેઓ કેમ મેદાંન પરે ? એ ગવરનરે લશ્કરીખાતાંનાં માંણસોની મદત નહી કાંએ લીધી, તે વીશેનો જો તે ખાતરજમાં ભરેલો ખોલાસો કહી સંભલાવતે, અને તે બાદ જો ઇઅરોપીઅંન ગરહસથોની મદત તે માગતે તો ઘણી જબરી મદત તેને મલી સકતે. પણ એ ઉપરાંત ગવરનરે જરા વીચાર કરવો હતો કે, એ હુલડનો બનાવતો ખોલલી રીતે એવું દેખાડતો હતો કે, ઇઅરોપીઅંન વેપારી લોકને સીપાઈ તરીકે કામે લગાડેઆથી કંઈ સહલા સંપજ જલવાઇ સકતે નહી. એ બખેડો કદાચ ચઉદથી પંદર દાહાડા તલક નીભતે, તેઆરે ઇઅરોપીઅંન વેપારીઓને પોતાનુ કામકાજ પડતું મુંકીને મુસલમાંન જાતનાં હુલડી લોકોને મારી હઠાડવાના કામમાં રોકાઈ રેહવાને પરવડતે નહી.

સને ૧૮૫૧ નાં સાલનાં મુંબાઇ મધેના હુલડની વખતે, જે ચાલ તે વખ તના ગવરનર "લારડ ફાકલંડ" ચલાવી હતી, તેવીજ ચાલ જો આજના આપરા ગવરનરે ગલાવી હતે તો, તેજ બસ હતું. તે વખતે હુલડ શ રૂ થતાંજ, બે કલાકની અંદર લશકરી ફોજની મોઠી મદત કામે લગાડી હતી, અને તેથી તરતજ સરવે તોફાંન ડબાઇ ગીઉં હતું. પણ હાલનો ગવરનરતો ધારા પુસતકો ખોલીને બબડવા લાગો કે, એવાં તોફાંનોને તર ત જોરથી ડાબી દેવાને વાસતે ધારા બાંધનારાઓએ કસી સતા આપી ન થી. એજ ઉપરથી એવું માલંમ પડીઊં કે, એ ગવરનર "સર ફીલીપ" પોતાના દરજાની સતા અથવા અખતીઆર વીશે મોઠી અફસોસ ઉપજા વા જોગ રીતે બેખબરછે. મુશકેલી અને અગતની વખતે ગમે તે રીત ની સતા વાપરીને રઇએતમાં સહલા સંપજ ચાલુ રાખવાની છુટ ગવરન રોને હોએછે, અને તેઓની ઉપર ધારા સંબંધી બારીકીનું કંઇબી બંધાંણ હોતું નથી. એ ગવરનરે આગલ નાંધલાં ગામડાઓ પર હાકમી ચલાવી અજમાશ મેલવેલી હસે તેથીજ, આએ વખતે મુંબઇ જેવાં શેહરમાંબી અગતની વખતે શખત ઉપાએ નહી લેવાને તે વેહેમી બનેઓ હસે. પણ અતરેની આજમાશથી તેની ખાતરી થઈ હસે કે મુસલમાંન જેવા ફીતના ખોરોનો બેદરકારી ભરેલો જોશો ડબાવી દેવા સારૂ સખત માર મારવા સી વાએ બીજો કંઇ એલાજ ચાલી સકતો નથી. એ ઉપરાંત હમારે કેહવું જોઇએછે કે જેમ એ ગવરનર "ઇઉનીવરસીટી" ની સભામાં બોલેઓ હ તો તેમ એ બખેડો ડબાવી દેવામાં સરકારની તરફથી કંઇબી જહડપ બતા ધઆમાં આવી હતી નહી, અને એને બદલે જો એ ગવરનર તાંહાં ખો લલાં દીલથી એમ બોલેઆ હતે કે, એ ફીતનાંની ખરી ખરાબી તપાસ વા ફીજે મુંબઇની સરકાર તરંણ દીવસો સુધી ધીલમાં રહી હતી, તો તેવું બોલવું વધારે ડાહપણ ભરેલું ઠડતે, અને એ ધીલ કીધામાં જે ભુલો થઈ હતી તેનો બદલો પાછલથી લીધેલા ઘણાજ સખત અને પુરતા બંદોબસતો થી વાલી આપેઆમાં આવેઓ હતો."

(દોહરો.)

"ભુખ ગઈ—બાદ ભોજંન મીલી,
થંડ ગઈ—બાદ મીલી કબાએ—
જોબંન ગઈ—જદ તીરીઆ મીલી,
તો તીણેકું આગ લગાએ." *

ઇઆને એ કવીતાનો ખોલાસો એમ છે કે—ભુખ મટી ગીઆ પ છે ખાંનુ મલે તે જેમ નકાંમું થાએછે,—તથા ઠંડી ની રૂત ગીઆ પ છી જો ઓઢવાનુ કપડું મલે તો તે જેમ વગર અગતનું થડેછે,—તથા જેમ જુવાંની ગીઆ પછી જો બાએડી મલે તો તે જેમ વગર કા મની થડેછે,—તેજ મીસાલે જેઆરે મુંબઇમાં લુટારા લુટ કરી ચુકા હતા,—તોફાંનીઓ તોફાંન મચાવી ચુકા હતા, ખુનીઓ ખુન કરી ગુપટ થઇ બે ઠા હતા,—પારસીઓના ધરંમનાં મકાંનો અપવીતર થઇ ચુકાં હતાં, તે બા દ આપણા ગવરનરે લશકરની મદત મંગાવી ધાંમધુમ કીધી હતી તે તદં નજ નીર ઉપીઓગી થડી હતી.

---

* "બોમબે ગેજેટ" ના લખનારે આએ હુલડની શરૂઆતથી તે છેક બે મહીનાં તલક, ઘણી શખત પણ વાજબી ટીકા સરકારી અમલદા રોની ચાલ પર કીધી હતી. તથા પારસીઓની તરફેનમાં ઘણાં નાંદર લખા ણો કીધાં હતાં તે સરવેનો તતવ આએ પુસતકમાં જણાંવાને હમારેથી બ ની નહી સકે તેથી જે સાહેબોને તે વાંચવાની ખાહેસ હોએ તેઓએ મ જકુર પતરનાં અધીપતી મી૰ મેકલીને અંગરેજીમાં છપાવેલાં ચોપાનીઆંથી પુરતો ખબર મેલવવાની તજદી લેવી.

વલી આએ જોગવાઇએ હમારે જણાવવું જોઇએછે કે, આએ હુલડ ને ઉભું કરવાના કામમાં, કીહા કીહા મુસલમાનો આગેવાંન હતા તેઓને પકડી કાહડવા સારૂ, મી૰ સુટરે ગવરનરની રાજી મરજીથી, એક પતર પાર સી ટોલાનાં આગેવાંન શેઠીઆઓ પર, સર જમશેદજીની મારફતે એવી રી તનો લખેઓ હતો કે, બે પારસીઓ જે ઘણાજ હુશીઆર અને લાએક હોએ, તેઓને કેટલાએક ગરહસથોની એક કમેટીમાં શામેલ કરવા, અને તે કમેટીની મારફતે મુસલમાંન ફીતનાખોરાઓના સરદારને પકડી કાહડવાની તપાસ ચલાવામાં બનતી મદત આપવી. પણ એ માંગણી પારસીઓએ વાજબીની રાહે કબુલ રાખી નહી હતી.

બાબ ૧૦ મો.

મુંબઈના પારસીઓએ, મુંબઈમાં થએલાં હુલડ સંબંધી મુંબઈની સરકારની બેદાદી અને ગફલતી વીશેની ફરીઆદ, ઈંગલંડ દેશ મધેની વડી સરકાર પર, એક અરજીનાં આકારમાં લખી મોકલી હતી તે, તથા તેને લગતી બીજી બાબતો વીશે.

મુંબઇની "મીઉનીસીપાલીટી" ખાતાંનાં ઓહલાં લેણ—દેણમાં થાએલા ધુંટારાનાં વંમલમાથી, ગરીબ પરજાના જર—માલની દુબતી કીશતી, સલાંમતી ભરેલી રીતે તેરવી કાહાડવાની ધારણાંથી, કેટલાએક બાહોશ સુકાંનીઓ, હીસાબ અને હુજતનાં હલેસાંઓથી, સરકાર દરબારી અંમલદારોનાં માંડાં, કેટલેએક દરજે ઓખરાં કરવાને પ્રાવેઆ હતા; અને તેઆરથી કેટલાએક અંમલદારોએ ગોઆ કીનાંનો પવંન મગજમાં ઠસાવી રાખેઓ હતો, તે ગીએ વરસે, પારસીઓનાં દોખમાંઓનાં ડુંગર ઉપરથી એક જાસતી અને ઝરપ ભરેલાં તોફાંનની અસર બતાવીને, પાછો નરંમ પડેઓ હતો ખરો. પંણ એ વખતની ખરી બેદાદીનાં ખરાબાનો ઉપાએ કરવા સારૂ, વેલાતની સરકારનાં વડા કપતાંનોનુ ધીઆંણ ખેંચવા, પારસીની આલંમ ઉભી થઇ હતી, અને એક અરજી પતર તઇઆર કરવાને ધારીઉ હતું ખરૂ, પંણ એ વખતે કેટલીએક રીતની બેદીલીને લીધે, એ કાંમનો અટકાવ થઇ પડેઓ હતો * પંણ તેવામાં વલી આએ કેતાબમાં જણાવેઆ

* એ સઘલો એશારો દોખમાના કજીઆની વખતે મોકલવા ધારેલી અરજીને લગતો જાંણવો, જે અરજી, કંઇ સરકારની તરફનો લાગવગ આપરા પારસી શ્રીઆઓ પર ચાલેઆને લીધે બંધ પારી હતી, એવી ફરીઆદ પારસીઓએ કીધી હતી.

મુંબઇનો હુલ્લડનો વંટોળીઓ, બાહેર કોટબાતેની પારસીઓની વસતીનાં મો હલાઓમાં પુર જોરથી ફુંકેઓ, તેથી કેટલાંએક ઘરબારો તારાજ થએઆં, —માલમતાની પાએમાલી થઇ,—અને પાક આતશોનું અચબુચું બુજાવું થ ઇઉં હતું. એ શેતાંનીઅત ભરેલો વંટોળીઓ જે અંધારી બીલમાં બંદ હતો તેનો દરવાજો અજબ જેવાં બેદરકારપણાંથી ખોલલો મુંકીને બાહેર ની કલવાની છુટ આપવામાં, વલી એક નવી જાતની બેદાદીનુ તોફાંન અતરે ના સતાવાલાઓએ ફેલાવા દીધું હતું. એ બનાંવે ગંભીર પારસી ટોલાની બરદાશત સકતીનો અંત લાવી મેલેઓ, તેથી કંઇબી રીતનાં દર કે દરકા ર વગર, અસલ ધારેલી અરજીની ટોપના ગોલા, પોતાના મુદઇઓના દી લનાં નીશાંનાં ઉપર ફેંકવા સારૂ, કાગલ અને સીહાઇનો દારૂ ગોલો અછી કારીગીરીથી બનાવેઓ અને કલંમની તેજી રંજક તઇઆર કીધી. પણ એ તમામ હથીઆરોની "મંનવાર" ને "થેમસ"નદીનાં કીનારા તરફ જોંહ કાવેઆની આગમચ, તેનો સરંજાંમ તપાસતાં માંતર "સર"નીજ હાલત તપાસવાની ઇનતેજારી રહી હતી,પંણ ચોધરીઉં એવું બનીઉં હતું કે "**સ ર**" ને **પોતાનેજ પવંન પર પીઠ ફેરવવાની ફરજ પડી હતી;** ઓતી માતર એટલીજ હતી કે જરા ખેંચી—ખેંચી,—તાંણી—તોરીને તે "સર"ને ઉંચે ચહડાવવા. એ કાંમબી બીકટ નહી જણાઇઉં, તેથી સરવે કોઇ હાતો હાત લાગુ થઇ ગીઆ હતા:—

(દોહરા.)

અરસ પરસ સરવે કોઇની ખેંચા ખેંચી થાઈ,
"પીટી" ખેંચે,—"પાંડે"—ખેંચે,—ખેંચે"પારેખ" ભાઇ.
સેઠબી ખેંચે,—સાઉકાર ખેંચે,—ખેંચે ખાસો આમ,
ધીરે—ધીરે મજબુત થાઇઉં—ધીલા "**સર**"નુ કામ.
જેમ તેમ કરી ચહડેઆ—"**સર**" તો—ખરેખર ઉંચાંણ,
પંણ હતું સઉનાં મંનની અંદર—અનેક બદગુમાંન.
કે બાહારથી દીસેચ ઉંચે ઉડતા, પંણ ભીતર પોલંમ પોલ,
કે ભર દરીઆમાં રખે થાએ તે—"**સર**"ની ડોલાડોલ,

દોર-ધાંમ કરી લાગ્યા સઉ કોઇ-દોરડાં દોરી ખાસ,
મજબુત બંધો બાંધવા પડ્યા-સઉ કોઇ આસ ને પાસ.

ચોમેર ઓલલા દરીઆ અંદર-ફુકેચ હર પવંન,
મોહડાં પરની સેહજ લેહરીથી થાએચ અનેક અડચંણ.

પણ "સર" તો ખીલીઆ,-ડોલો હીલીઆ, "મનવાર" ચાલી ધુંમ,
મરવતનાં મોજાની અડચંણ-થઇ ગઇ તમામ ગુંમ.

મંજલ કાપી-લંગર કીધું-સેવ્રે "ગીરગામ",
લડનાર લશકર ભેગું મલીઊ-"અલબલેસ"ને ઠામ.

શોર,-રોરો-ને પોકારોથી-ધુજી કુલ હવા,
ઘરી પારે ટાબરા-ટાબરી,-ઘરી થાએ હો હા.

અરજીનાં ખુદ તીરકશમાંથી-ઉડ્યા બાંણ પર બાંણ,
વીંધાએ તેથી જુઠા લોકનાં-બદ જીગર ને જાંન.

સાચા લોકો હરખાઇ મલકાઇ-બોલે એવી વાત,
કે એકસંપીનાજ મીઠાં ફલો ચાખીએચ આપણ આજ.

એકસંપીજ જો જાલવે-આપણાં ભલા પારસી ભાઇ,
તો પાહડ સરખા મુદઇઓ તમામ-ઝટમાં જાએ ઉખડાઇ.

કુસંપ કરી સોસેઆંચ-હવે અનેક રીતનાં જીઆંણ,
કુસંપ કરીજ ખોઈ દીધું છે-પારસીએ ઈરાંન.

ઈરાંન છોડી હારમાર થતા-આએઆ હીંનદુસતાન,
કુસંપીએજ હંઇખી વાલીચ-તહરેવાર મોહકાંન.

"કપુત ગણાએ કંઇખી ભલો-ભલો નીરલજ સાલો,
ભલો ગણાએ લંપટ મીતર-ભલો ધુતારો.

ભલો ગણાએ કંજુસ સેઠીઓ--ભલો ચોર ચાકર,
ભલી ગણાંએ નાર કલંકશંન-ભલો બદકાર નર.

ભલો ગણાએ ભાઇ અડખો--ભલો લોભી સાથી,"
પણ સઉ કરતાંને કુસંપનીજ હાલત જાણજે માંઠી.

આએ મુશકેલીનાં વખતમાં સઉથી મોટો સંતોશ ઉપજાવનારો અને સઉથી મોટી નેકબખતી ભરેલો બનાવ તો એજ બનેઓ હતો કે, તમામ ખાસોઆંમ પારસીઓ એક સંપ થએઆ હતા, તથા ઉપર જણાવેલા પંચાતનાં ફંડની પુંજીનાં ટરસટી સાહેબો સર જમશેદજી તથા શેઠ દીનસાજી પીતીત—તથા સેઠ ખરશેદજી પારેખ તથા સેઠ મેરવાંનજી પાંડે અને બીજાઓબી પોતાની ખરી ફરજ બજાવામાં પુર હીમત અને ઉલટ ભરેલા થએઆ હતા. એવા "**ટરસટીઓએ**" એમ નહી સમજવું કે તેઓ ફકત એક પુંજીનો સંભાલ કરવા અને હીસાબ રાખવાનાજ ટરસટીઓછે, પણ દરએક ટોલાનાં **આગેવાંન ગરહુસથોને** ગોઆ તે **ખોદાતાલાએ**, તેજ ટોલાનાં બીજા ગરીબી હાલતના લોકોનાં સુખ—સંપજ તથા માંન ઇજતનીબી જાલવની કરવાનાં "**ટરસટીઓ**" અથવા ઇતબારદારો બનાવેઆછે, અને જાંહાં સુધી એવા ગરહસથો, પોતાની ફરજ, ખરી દીલસોજીથી, ખરી સફાઇથી—તથા ખરાં મોઠાં મંન અને પરીતીથી બજાવતા નથી, તાંહાંસુધી તેઓ **ખોદાતાલાની** તરફની **પસંદગીને** તેમજ ખલકની તરફની **મોહબત** અને **ઈજતને** લાએકનાં ગણાતા નથી, તે ચોકસ ઇઆદ રાખવું.

તારીખ ૧૨ મી એપરેલ ૧૮૭૪ ને દીને બપોરે ૪) કલાકને અમલે, **ગીરગાંમ** ખાતે "અલબલેસ બાગ" મધે ખાસોઆમ પારસીઓની એક મોટી જાહેર સભા મલી હતી, અને આસરે ૭૦૦૦) સાત હજાર પારસીઓ હાજર થએઆ હતા તાંહાં આ નીચે લખેઆ મુજબની અરજી મુંબઇના ગવરનરની તથા પોલીસની ચાલની ફરીઆદ બાબેની, વેલાતની સરકારના પરધાંણ ઉપર મોકલવા સારૂ તઇઆર કીધી હતી, તે વાંચી સંભલાવી હતી, અને તે સરવે હાજર ગરહસથોએ એક મતથી કબુલ મંજુર રાખી હતી. એ બાદ આસરે ૮૫૦૦) પારસીઓની સહી લઇને તારીખ ૧૮ મી એપરેલ ૧૮૭૪ ને દીને મુંબઇના ગવરનરની મારફતે, વેલાત ખાતે મોકલી દીધી હતી, તેનો ગુજરાતી તરજુમો જે એ સભામાં વાંચી સંભલાવેઆમાં આવેઓ હતો તે આ નીચે મુજબનો હતો.

નાંમદાર ઊમરાવ મારકુવસ આફ સાલસબરી,

તે નાંમદાર માહારાણીનાં હીંદુસતાન ખાતેના સેકરેટરી આફ

શટેટ ઇન કાઊનસીલ જોગ—

લનડન.

મુંબઈ શેહેરના પારસી રેહેવાસીઓની અરજી.

અરજ એછેજે—

મુસલમીનોનાં છેલાં હુલડની વખતે મુંબઇનાં પારસીઓને ખમવાં પડેલાં ઘાટકી દુખોને માટે દાદ ચાહાવા, અને એવી જાસતી ફરી નહી ગુજારીઆમાં આવે તેની જામીનગીરી મેલવવાની મકસુદથી, તેમજ વલી મુંબઇની સરકારે નાંખેલા અણઘટતા ઠપકામાથી નામદાર માહા રાંણીની સરકાર આગલ તથા ઇંગલંડની પરજા આગલ પારસીની આલમનો બચાવ કરવાનાં એરાદાથી, તમો નામદારની કાઉનસીલ જોગ આ પાધરી અરજી મોકલવાનો લગાર શરેશતાથી ઉલટો મારગ એખતીઆર કરવાની તમારા અરજદારો પોતા ઉપર ફરજ આવી પડેલી સમજેછે,

૨. હુલડ કરનારાઓની તપાસની વેલા પોલીસ તથા હાઈ કોરટમાં ચાલેલાં કાંમકાજનાં હેવાલની નોધો ઉપરથી તથા અરજી સાથ જોડેલા બીજા દસતાવેજો ઉપરથી તમારા અરજદારોની નજરમાં હેઠલ ટાંકેલા સી ધાંતો વગર શકે સાબેત થાએછે તેની વીગત, (પેહેલું) ગઇ તા૦ ૧૩ મી ફેબરવારીને દીને મહમદીઆન હુલડખોરોના ટોલાં, આગમચથી કરેલી એકસંપી ગોઠવણ મુજબ પોતાની મસજીદોમાથી બાહાર નીકલેઆં, અને જુદા જુદા લતાઓ ઉપર પારસીઓનાં આતશકદેહઓ તથા રેહવાનાં મકાનો ઉપર લગભગ એકજ વખતે હોમલાઓ કરીને તેઓ મધેની પવીતર ચીજોને અપવીતર કીધી, માલમીલકતો લુટી ગએઆ અથવા તેમનો નાશ કીધો, તથા છુટા છુટા પારસીઓને ઘણા હલાક કીધા, (બીજું)—આ બખેડાને ઉશકેરવા સરખું પારસી ટોલાએ કાંઈપણ કીધું નથી, (તરીજું)—અગરજો પોલીસે પોતાની ફરજ બજાવી હતેતો કાંઈપણ મોટું હુલડ બીલકુલ

થતેજ નહી; (ચોથું) તા૦ ૧૩ મી ફેબરવારી પછે શેહેરમાં ઘભરાટ ચાલુ રહે ઓ તથા અગત કરીને એજ માસની તા૦ ૧૫ મી અને રવીવારનાં પેહેલા પોહોરે હુલડ નવેસરથી પાછું થએઉ તેનું કારણ એજ હોવું જોઇએ કે મુંબઇ માહેલા તે વેલાનાં મામલાની હાલતનો ખરેખરો વીચાર બાંધવા માં તથા લોકોમાં વીસવાસ પાછો બેસે અને સમાધાંની ફેલાએ એવું પુર તું લશકર બોલાવામાં, મુંબઇની સરકારે નીસફલ થઇને પોતાની નબલાઇ દેખાડી હતી.

૩. હુલડ કરનારાઓએ આ બખેડા બાબે આગમચથી સંપ કરી રાખેઓ હતો તે માતર એટલીજ બીનાથી સાબેત થતું નથી કે તા૦ ૧૩ મી ફેબરવારીનાં કેટલાક દીવસ આગમચ શેહરમાં એવી અફવાઓ ચાલી હતી કે, પારસીઓ ઉપર એક બરોબર ગોઠવી રાખેલો હલલો કરવામાં આ વનારછે, પણ એ અફવાઓ ઉપરાંત વધારે સાબેતી પોલીસ તથા હાઇ કો રટોમાં પડેલી મુખજુબાંનીઓ ઉપરથી મલી આવેછે, કે જેમા એવી શાબ શી પડીછે કે માસ ફેબરવારીની તા૦ ૧૩ માંને દીને આ હુલડો સઘલી જગોએ એકજ સરખી રીતે, અને બનતી ખબર કાહાડવા મુજબ, લગભ ગ એકજ વખતે શરૂ થએઆં હતાં; અને શેખ અબદુલ રેહેમાન ઇશટ રીટ તથા ભીંડીબજાર અને ખેતવાડીમાં હુલડ કરનારાં ટોલાંઓની મુખી આ મતલબ એટલીજ હતી કે પારસીઓનાં આતશ કદેહઓને અપવીતર તથા અવાવ કરીને એ ટોલાના લોકોને પુરાંમા પુરૂં અપમાંન લગાડવુ. એ વુ કેહેવામા આવેછે કે શેખ અબદુલ રેહેમાન ઇસટરીટ મધે થાએલું મુ ખીઅ હુલડતો એક પારસી કાનસટેબલ અને કોઇ મુસલમાનોનાં મસતીખોર છોકરાઓ વચે ઉઠેલા સેજ ટંટામાંથી અકશમાત ઉભું થએઉ હતુ; પણ એ વાત કેટલી નાપાએદારછે, તે પોલીસ કાનસટેબલ "ગફ"ની શાખશી ઉપર થી સાબેત થાએછે. પોલીસનો એ અમલદાર તે વખતે જુમામસજીદ આ ગલ પોતાની ડીઉટી ઉપર હતો, કે જે મસજીદમાંથી હુલડખોરો તા૦ ૧૩ માંને દીને બાહેર ધસી આવીઆહતા, તથા આ હુલડ કેમ શરૂ થએ ઉ તે તેણે જોએઉ હતું, તથા સારજંટ આટકીનશન જેણે આ મુકદમા ની વેલા મુસલમાન હુલડ કરનારાઓનો બચાવ કીધો હતો તે ઊમાએતી

એ કબુલ કીધું કે મહમદીઆનોનાં બચાવનો એ ભાગ તદન ઘસી ગએ લોછે, અને કોઇ પણ રીતે બખેડાને ઉભા થવાનું કારણ આપવાના થ પકામાંથી આ પારસી કાનસટેબલે પોતાને સદનતર મોકલો કરી નાખીઓછે. એ ઉપરાંત એક પારસી મેવાવાલો નામે દોરાબજી પેસતનજીની ચોકસ અને તેટલા માટે અગતની જુબાંની ઉપર તમારા અરજદારો ધેઆંન પોંહોંચાડવા માંગેછે. એ ધણી એવું જાહેર કરેછે કે તા૦ ૧૨ મી ફેબરવારીને દીને તેનાં એક મુસલમાંન દોસત તથા ધંધા માહેલા ભાગીઆએ તેને ચેતવણી આપી હતી કે બીજે દીને (એઆને શુકરવારે)ઘણું કરીને બખેડો થસે, જે ખબર ઉપરથી તે પારસી દોરાબજીએ નેટીવ ટાઉન માહેલાં પોતાનાં ઘરમાંથી પોતાની ધણીઆણીને ખંબાલાનાં ડુંગર ઉપર પોતાનાં એક બેશીના ઘરમાં મોકલાવી હતી. તા૦ ૧૩ મીની સહવારનાં જારે દોરાબજી શરેશતા પરમાંણે કરાફરડ મારકેટમાં પોતાનાં ધંધા ઉપર ગએઓ તારે ૪ રીથી તેને ઉપલી ચેતવણી આપવામા આવી, જેથી તે પાછો પોતાને ઘર ગએઓ અને પછવાડેથી હુલડખોરોએ ઘર ઉપર હોમલો કરીઓ, પણ જેમાં બારણા ભાજીને દાખલ થવાને શકીઆ નહી હતા, તે ઘરો મધેનું એક ઘેર એ પારસી દોરાબજી મેવાવાલાનું હતું. એજ લતાની પડોશમાં સર જમશેદજી જીજીભાઇ બેનીવોલેંટ ઇનશટીટીઉશનની છોકરીઓની નીશાલના તથા ભીંડીબજારમાની એક બીજી નીશાલના શીખશકને પણ એજ પરમાણેની એક ચેતવણી આપવામાં આવી હતી, અને તેથી કરીને શુકરવારની સહવારના આસરે સાડા અગીઆર કલાકને અમલે શીખનારી છોકરીઓને એ નીશાલોમાંથી ઘર મોકલાવી નીશાલ બંધ કરવામાં આવી હતી.

૪. મુસલમાંનોને માઠું લગાડવાનું કાંઇ પણ કારણ આપવાનાંવાંકથી પારસીની આલમ તદન નીરદોશછે તે વાતની સાબેતી, પારસીઓ સામે મુસલમીનોએ બદશોચનાં ધરાવાનાં બાંહાંનાં તરીકે જે બીનાં રજુ કરવામાં આવીછે તેની તપાસ ઉપરથી મલેછે. તા૦ ૧૫ મી જુન ૧૮૭૩ ને દીને રૂસતમજી હોરમજજી જાલભાઇ નાંમનાં એક પારસીએ મુંબાઇ ખાતે ગુજરાતી ભાશામાં એક પુસતક છપાવીઉં, અને તેમાં બીજા પરસીધ પેગામબરોનાં જનમચરીતરો સાથે "મોહમદની જીંદગીનો હેવાલ" દા

ખલ કરીઓ હતો, કે જે હેવાલ ઓકલીની બનાવેલી શારેશન લોકોની ત વારીખ ઊપરથી, તથા ગીબનનાં બનાવેલા રૂમનાં શાનશાહતનાં પડી ભાગ વા બાબેનાં પુશતક ઊપરથી, તથા વોશીંગટન અરવાંગનાં બનાવેલાં મોહમ દના જનમારાનાં હેવાલ ઊપરથી રચીઓ હતો. તે મધે મુસલમાંનોનાં પેગ મબરનાં કુટુંબનું વરણન કરતાં મોહમદનાં એક પુરા બેટાની માતાને મી૦ જાલભાઇએ રાખેલી ઓરત કરી જણાવી હતી, તથા તેમાં "રાખેલી રાંડ" એવો ગુજરાતી શબદ વાપરીઓ હતો, પણ બોમબે ટરાકટ એંનડ બુક સો સાઇટીને લગતા મીશનરીઓએ શને ૧૮૫૩ માં છપાવેલાં મોહમદનાં જ નમ ચરીતર મધે એજ બોલ એજ મતલબથી પણ "રાખેલી" એવા વી શેશણ વગર વાપરીઓછે. મી૦ જાલભાઇનાં પુશતકની ખબર મુસલમાંનો એ આઠ મહીનાં શુધી કશી લીધી નહી, પણ છેક ૧૮૭૪ નાં ફેબરવારી મ હીનાંની શરૂઆતમાં તથા મોહરમનાં તેહેવાર (કે જે તેહેવાર ઉપર ઘણું ક રીને હીંદુસતાનનાં મુસલમાંનોમાં કંઇબી બખેડા થાએ) તે તેહેવારની છે ક નજદીકમા મુંબાઇનાં કેટલાક આબરૂદાર મુસલમાંન શેહેરીઓ પોલીશનાં કમીશનર મી૦ શુટર પાસે ગીઆ, અને તેને ખબર આપી કે એક પારસી એ એક ગરંથ પરગટ કરીઓછે તેમાં હમારા પેગમબરની માનીતીને "વે શીઆ" દાખલ લખવાથી અમારા હમજાતીઓ ભએભરેલી રીતે ઊશકેરા ઇ આવીઆછે. કશબણને માટે ગુજરાતી શબદ મી૦ જાલભાઇએ વાપરેલા બોલથી તદન જુદોછે; તોપણ મી૦ શુટરની અને (પોલીશનાં ડેપીઊટી ક મીશનર) મી૦ એડજીંગટનની તાકીદની ફરમાશ ઉપરથી મી૦ જાલભાઇ એ પોતા પાસે બાકી વધેલી સઘલી નકલો પોલીસને સવાધીન કીધી. મુશ લમાંનો વાંધો કાહાડી શકે એવો એક ગરંથ પરગટ કીધો તે માટે મી૦ જાલભાઇ પાસે મી૦ એડજીંગટને ખોલાસો માગીઓ હતો, અને વેચવા વગરની નકલો પોલીસને સવાધીન કરીને મી૦ જાલભાઇએ તે પુશતકનો વધારે ફેલાવો થતો અટકાવાને પોતાની તરફથી બનતી કોશેશ કીધી હતી. જે માણશે મુસલમાનોને માઠું લગાડવાનો એક બોલ પણ ઓચરવાની ધારણા રાખેલી નહી, તેવા માણસની સામે મુસલમાનોનો આ જોશો, ઉ પજેલો હક મુકી છુટથી બંધ થવો જોઇએ, એમ વાજબીની રાહે વકી રા

ખી સકાએ. પારસીની આલંમ વીશે તો એટલુંજ કહેવું બસછે કે મી૦ જા લભાઇનાં ગરંથમા છપાએલી બાબતનો જોખમ તેઓને સર હતો એવું કશું જણાવામાં આવેઉં નથી, અને એવુ કહેવાને જરાખી બાંહાનાનું એ કું પદીક કશું નથી.

૫. આ પુસતકને દાબી દેવાનું પોલીસનાં કમીશનરનું કામ ગેરવા જબી હતું અને તમારા અરજદારોના વીચાર મુજબ એ બાબે તેને સા રી સલાહ મલી નથી, કેમકે એ કામ ધરમ સંબંધી છુટાપણાનાં તરીકાની તથા છુટથી તકરાર કરવાનાં હકની વીરૂધ થાઇઉછે, અને વલી એ બનાવ થી હેવો એક દાખલો હસતીમાં આવેઓછે કે (જેમ કરાંચી ખાતે એક ખરીસટી ચોપાનીઆંને બંધ કરવા માંટે થએલી છેલલી કોશેશ ઉપરથી માલમ પડેછે તેમ) તે દાખલાનો લાભ પારસીઓ ઉપરાંત બીજી કોમો સાંમે લેવાને મુસલમીનો ચુકીઆ નથી. તોપણ મી૦ શુટરનું એ કામ કે ટલેક દરજે દરગુજર કરી સકાએ, કેમકે સને ૧૮૫૧ ના નાસકારક હુલડો, એક પારસી અધીપતીએ પોતાના પતરમાં મોહમદની જીંદગીનો હેવાલ છા પવાથી જનમ પામીઆં હતાં કે જે હેવાલ મોહમદીઆંન લોકોએ અપમાન ભરેલો ગણીઓ હતો. પણ અગરજો તે વખતનાં અને હાલનાં હુલડોનાં મુલ બાબેનાં એ બાહાનાં એકકને મલતાં તથા સરખાં ગણીઆં, તો મો હમદીઆંન લોકોએ પોતાને ઉશકેરાએલી હાલતમાં લાવી મેલેઆ હતા તે નાં પરીનાંમોને પણ એક સરખાં ગણવાં હતાં. સને ૧૮૫૧ માં એક શુ કરવારને દીને જુમા મશજીદમાથી મુશલમાનોનું એક ટોલું "દીન-દીન" પોકાર મારતુ બાહાર નીકલી આવેઉ તથા પારસીઓ ઉપર તુટી પડેઉં હતું; અને તે ઉપરથી બનવા જોગ હતું કે ૧૮૭૪ માં પણ તેજ સઘલો મામ લો પાછો જાગસે. મી૦ શુટરે હેરીતો કદાચજ વકી રાખી હસે કે મુસલ માનોનાં જહનુનની તરફેનમાં તેણે જે અચરતી ઉપજાવનારી છુટ મુકી તેથી અગનીઆન જહનુનીઓ રાજી રેહી સકે, કેમ કે તેણે એ બાબત માં શું કરવું તે વીશે એ લોકો કેહેવી વકી રાખતા હતા તે એક મુસલમા ન વરતમાન પતરનાં અધીપતીએ પોતાનાં તા૦ ૧૯ મી ફેબરવારીનાં અંક માં નીચે લખેલા શબ્દોમાં જણાવીઉં હતું:—

"કમીશનર સાહેબ મી૦ શુટરને પુસતક વીશે પેહેલી ખબર મલવા પ છે શુકરવારની આગમચ તે પુસતકોની સઘલી નકલોનો એવી રીતે નાશ કીધો હતે કે જેથી તે નાશ ઘણા લોકોનાં જોવામાં આવતેતો ખચીતછે કે હુલડ થતે નહી—પણ શુકરવાર શુધીમાં ચોપડીઓની નકલોનો નાશ નહીં કરવાથી લોકોનાં મનમા એ વીશે શક પેદા થયો જોઇએ."

પણ એવો એક બખેડો અટકાવાને પોલીસનાં કમીશનરે સાહુચેતીનાં શું ઉપાઓ લીધા હતા? મી૦ એડજીંગટને મી૦ શુટરનાં દેખતાં મી૦ જાલભાઇને કહેલું હતુ કે "મોહમદીઆંન લોકો અગનીઆંન અને તોશ્નીછે"; અને વલી હુલડ શરૂ થવાની બે દીવશ આગમચ પોલીસને બોહલી ચેતવણી આપવામાં આવી હતી કે એ લોકો જેમના તેમ બેદીલછે તથા પારસીઓ ઉપર કીનો લેવાનાં વીચારમાંછે. મી૦ જાલભાઇએ પોતે મી૦ એડજીંગટન પાસે જઇને કહેલું હતું કે "તા૦ ૧૧ મી ફેબરવારીને દીને પેહેલા પોહોરમાં કેટલીક મસજીદોની શીડીડી ઉપરથી મુસલમાનોનાં ટોલાંઓ આગલ કેટલાક શખશો તેમનાં ધરમને લાગેલાં કલપીત અપમાન વીશે બોલી રીતે જાહેરમા ભાશણ ચલાવતા હતા, તથા એ તકસીરને માટે મી૦ જાલભાઇનો જાન લેવો, અને તેનાં જાતીલાઓને શીખશા કરવી એ ઘણું વાજબી તથા કાએદાસરછે એવું તેઓ મુસલમાનોનાં ટોલાંઓને સમજાવતા હતા." મી૦ જાલભાઇએ પોહોંચાડેલી આ ખબર ઉપર મી૦ એડજીંગટને ખચીત વીશવાશ મેલીઓ હસેજ—જો વીશવાશ નહી મેલીઓ હતેતો તેણે મી૦ જાલભાઇને મુંબાઇ છોડવા તથા પુણે ઇઆ શુરત જવાની સલાહા આપી નહી હતે. પણ એ ઉપરાંત વલી તા૦ ૧૧ મી ફેબરવારીને દીને ધોબીતલાવ અને સોનાપોરનાં પારસીઓ તરફનું એક ડેપુટેશન એજ પોલીસનાં અમલદાર પાસે ગએલું, તથા તેનો આશરો માંગવા લાગું અને તેની આગલ તેઓએ જાહેર કીધું કે "અમોને પકી ખબર મલીછે કે મુસલમાંનો અમારી ઉપર તુટી પડનાંરછે, અને અમારી વચે ભએ ભરેલી ખરાબી ચલાવનાંરછે." આ ડેપીઉટેશનનાં જવાબમાં પોલીશનાં ડેપીઉટી કમીશનરે કહીઉં કે "મોહમદીઆંન ટોલાંનાં આગેવાન ગરહસથોએ બીજે દીને (ઇઆને તારીખ ૧૨ મી ફેબરવારી અને ભરેસપ

તવારને દીને) ભેગા મલવાની તથા કશો પણ બખેડો નહી થાએ એવો અટકાવ કરવાની કબુલાત આપીછે.'' વલી તેણે કહેઉં કે ''અગરજો તેઓ એથી ઉલટા ચાલસે તો પોલીસ તેઓની શુધને ઠેકાંણે લાવસે.'' મોહમદીઆંન લોકોની તે સભા તા૦ ૧૨ માને દીને મલી, અને તેમાં ઘણાંક ધીરજ આપનારાં ભાશાંણો થએઆં, .અને તેટલાં પરીનાંમ ઉપર મી૦ શુટર તદન રાજી થએલો દીશેછે, કેમકે શુક્રવાર (કે જે દીને મોહમદીઅન લોકો પોતાની મસજીદોમા એકઠા થાએછે) તે દીને ''એ અગનીઆન તથા તોફાંની લોકો'' કાંઇબી હુલડખોરી અથવા શુલેહનો બીગાડ કરનારી ચાલ ચલાવે તેનો અટકાવ, સારી ફોજ હાજર રાખી તેનાં બલથી કરવાને મી૦ શુટરે કાંઈ પણ સાહુચેતી રાખી નથી. શું બનનાર તેની પુશકલ નીશાંનીઓ શુક્રવારની શહવારનાં માલમ પડવા લાગી હતી. મી૦ રતનજી માંણેકજી રતનાંગરને તે દીને સહવારનાં આશરે ૧૧ કલાકે જુમા મસજીદ આગલનાં મોહમદીઅન લતા તરફ નહી જવા માટે એક મુશલમાંન મીતરે તેને ચેતવણી આપી હતી, અને તે વખતે તેને જોએઉં હતું કે આરબો અને શીદીઓની એક સંખીઆ, જે મધેનાં કેટલાકોનાં હાથમાં સોટાઓ હતા, તેઓ મસજીદ તરફ ઉતાવલે જતા હતા. બીજા પારસીઓની જુબાંનીઓ, આ અરજી સાથે જોડીછે તેઓ શાહાદત આપેછે કે મશજીદની અગાશી ઉપર હારેકટાર ઉભેલા મુસલમાનોએ કલાક ૧૧ અને ૧૨ની વચે તેઓને પથરા મારેઆ હતા. પણ હાઇ કોરટમા પડેલી શાખશી ઉપરથી માલમ પડેછે કે જુમાં મશજીદમા તે દીવશનો મુશલમાંનોનો મેલાવરો જો કે શરેશતા કરતાં એટલો બધો મોટો અને એવી કીશમનાં લોકોનો હતો કે તેથી, જેમ પારસીઓમાં તેમજ હીંદુઓમાં ધાસતી પેદા થવા વનાં રેહે નહી, તોપણ જારે મસજીદમાંની એબાદત ખતમ થઈ, અને જારે લાકડીઓ તથા પથરાથી હથીઆરબંધ થએલા આરબો તથા સીદીઓએ અબદુલ રેહેમાન સટરીટ ઉપર હોમલો કરેઓ, તારે મસજીદ આગલ ફકત એકજ યુરોપીઅન કાનસટેબલને ડીઉટી ઉપર રાખેલો હતો. આ કાનસટેબલ જે કાંઇ કરી સકેઓ તે સઘલું મલીને એટલુંજ હતું કે હુલડ શરૂ થઇ ચુકીઉંછે એવી ખબર પોંહોંચાડવા માટે દોહોડ માઇલ દુર

મજગાંમની પોલીસ આફીસમાં મી૦ શુટર આગલ એક પોલીસનાં સીપાઇ ને બગીમાં બેસાડી મોકલેઓ, તથા પોતે લાચલાજ હાલતમાં હુલડખોરે ટોલાંની પુઠેપુઠ ફરેઆ કીધો. પોલીસ મદદે આવી તાંહાં શુધી હુલડ કરનારાઓને પોતાની મરજીમાં ભાવે તેમ ચાલવા સારૂં કેટલો લાંબો વખત મલેઓ તે સવાલ ઉપર તમારા અરજદારો હીઆં તકરાર ચલાવા માગતા નથી, કેમકે એ બાબતની શાહેદી એક એકથી વીરૂધ પડીછે. હીઆં એટલુંજ કેહેવાની જરૂરછે કે બે આતશકદેહઓને પુરે પુરાં અપવીતર કરવા માટે તથા કેટલાંક ઘરો લુટવા માટે અને પારસીઓની એક શંખીઆને માર મારવા માટે (કે જેમાનો એક પારસી પછવાડેથી પોતાને લાગેલા જખમથી મરણ પાંમેઓછે) એટલું કરવા સારૂ તે હુલડખોરોને પુરતો વખત મલીઓ હતો, અને એતવાડીમાં એ હુલડખોરો પોતાની ધારનાંમાં નીસફલ થએઆ તે પોલીસનાં વખતશર જલદી વચે પડવાથી થાએઊ નથી, પણ તાંહાંનાં રેહેવાશીઓએ કરેલા હીમત ભરેલા દેખાવથી બનેઊ હતું. પોલીસે જાંહાં જાંહાં પોતાનો દેખાવ કરેઓ તાંહાં તાંહાં ફેસાદખોરોનાં ટોલાંઓ તરતજ વીખરાઇ ગએઆં અને તમારા અરજદારો મોટી નમનતાઇ સાથે જે બાબત વીશે અગત કરીને જોશથી કેહેવા માગેછે તે બાબત એ છે કે જો શુકરવારની સહવારે મસજીદોની આગલ પોલીસની મજબુત ચોકી પેહરા રાખીને મી૦ શુટરે પોતાની ફરજ બજાવી હતેતો કાંઇપણ ખરાબીની કોશીશ વટીક કરવામા નહી આવતે. પોલીસના ડીટેકટીવો, જેમનાં મુખીઆ અમલદારો મોહમદીઆંનોછે અને જેઓને તેમની ચબરાકી ભરેલી નીમખહલાલીને માટે વારેઘડીએ વખાણવા તથા નવાજવામાં આવેઆછે, તેમને આ ફેસાદનો છુપો સંપ શોધી કાહાડી જાહેર પાડવાનાં કાંમ ઉપર લગાડીને પરજાની સમાધાંની જાલવેઆને બદલે, અથવા શુલેહનો ભંગ થવા વીનાં રેહશે નહી હેવુ જેઆરે માલમ પડેઊ તેઆરે પોતાના તાબા માહેલી ફોજને "અગનીઆંન તથા તોપાંની લોકો"ને કબજામા રાખવાનાં કાંમ ઉપર લગાડવાને બદલે, એ લોકોને સમાધાંન રાખવા માંટે તેમનાં આબરૂદાર જાતીલાઓની રૂડી સોચનાં તથા સકતી ઉપર પોલીસનાં કમીશનરે તદન વીશવાશ મેલવાનુ પસંદ કરેઊ, અને તેનુ પરીનાંમ એ

નીપજીઊં કે પારસીઓનાં જાન અને માલનો આધાર ફેસાદીઆ જહનુની લોકોની દએઆ ઉપર રહેઓ.

૬. હીંદુશતાંનમાં ઉઠતા બખેડાઓની સારીપેઠે જાણીતી વલાણ એ હોએછે કે જારે તેમને શરૂઆતમાંથીજ અટકાવેઆ નહી હોએ તારે તેઓ આગની મીસાલે ફરી વલેછે, અને તદન એખતીઆરમાં રહી સકતા નથી. તે છતાં પણ અગરજો સરકારે પોલીસની મદદને માટે લશકરને વખતસર બોલાવેઊં હતેતો શુકરવારનુ હુલડ નરમ પડેઆ પછે ઘણુ કરીને બીજો ન વો બખેડો નહી થતે. અલબતાં એવો હુકમ થએઓ હતો કે જારે બો લાવે તારે નીકલી આવવા સારૂં યઉરોપીઅનોની એક કંપની તથા દેશી પેદલની બે કંપનીઓએ તઇઆર રેહેવું, પણ જે લતાઓ ઉપર હુલડ થએ આં હતાં તે લતાઓ ઉપર લશકરની હાજરીથી તાંહાંના બદમાશો ઉપર જે ફાએદા ભરેલી અસર થતેતે અસર રદ ગઇ, કેમકે નાંમદાર ગવરનરે તા० ૧૭ મી ફેબરવારીનાં યઊનીવરસીટીનાં કાનવેકેશનનાં ભાશાણમાં પોતે કબુલ કીધા મુજબ તે નાંમદારનાં માનવામાં નહી આવેઊં કે શુકરવારની સાંજ, સ નીવારનો આખો દાહાડો, તથ રવીવારની સહવારનાં શેહેરની હાલત એટ લી બારીક હોએકે શુલેહની જાલવણીને માંટે શોલજરોને કાંમે લગાડવાનો છેક છેવટનો ઉપાએ લેવાનુ વાજબી ગણાએ. એ શબબથી જો કે મુશલમી ન લોકો જારે તાણમાં અને ગુશશા ભરેલી હાલતમાં આવેઆ હતા તારે હે બત ખાવેલા પારસીઓ ભએમાં હતા કે જે શંકટો આપણે ખમીઆંછે તે કરતાં વધારે માઠા બનાંવો હજી બનવાનાં બાકીછે. અને જો કે શેહેર મ ધેનો દેશી લોકોને રેહેવાનો ભાગ દરએક જગોએ ધભરાટથી સલ્લો ઉક લી રહેલો હતો એમ કેહેવામાં શહરાગત કાંઇ નથી, તોપણ લશકરને ઉપીઓ ગમાં આણેઊં નહી હતું, અને પોલીસની ફોજ મી० શુટરે પોતે કબુલ કીધા મુજબ પોતાના કાંમને માંટે મુદલ બસ નહી હતી, તે ફોજને નાહ ની ટુકડીઓમાં વેંહેંચી નાખવામાં આવી તથા નવાં હુલડો થતાં અટકા વાની બેજા ઉમેદમાં તે ટુકડીઓને શેહેરમાં ઠારેઠાર વીખરાતી નાખવામાં આવી. સનીવારને દીને જેમ જેમ પારસીઓ જોતા ગએઆ કે સરકારે તે મનાં આતશકદેહઓનાં બચાવને માંટે ચોકી પેહરા નથી રાખેઆ તથા એ

તવાડીનાં પારસી રેહેવાશીઓ ઉપર બે હોમલા થવાની ખબર તથા ગરાંટ રોડ આગલ લંડન હોટલ ઉપર એક હોમલો થવાની ખબર તથા અગત કરીને મોહમદીઆંન મોહોલાઓમાં છુટાં છવાએઆ પારસીઓ ઉપર હોમલાઓ થવાની હકીકતો જેમ જેમ શંભલાતી ગઇ તેમ તેમ પારસીઓનો ધભરાટ કલાકે કલાક વધતો ગએઓ. તેઓનાં એ ધભરાટ વીશે તેજ દીને શાંજના શેઠ બેહેરાંમજી જીજીભાઇએ પોલીશનાં કમીશનર જોગ લખેલાં કાગજમાં ખોલલી રીતે જણાંવેઉં હતું અને તે મધે દેખાડવામાં આવેઉં હતું કે "ખેતવાડીમાં ભેગા થએલાં હુલડખોર ટોલાંઓ ઉપર પોલીશે હોમલો કરીને તેમને વીખરી નાંખ્યાં નહી હતાં, પણ કોઇ બીજે નાંકે જાંહાં પુરતો બચાવ નહી હોએ તાંહાં ફરી એકઠા થવા માટે તેમને ગોએઆ પાછા ફેરવેઆ હતા." સેઠ બેરાંમજીએ ઉપલાં કાગજમાં લખેઉં હતું કે તે વણ આગલ ઇઉરોપીઅન પોલીશમેનોએ પોતે કબુલ કીધું હતું કે તેઓ એટલાતો થાકી ગએઆ હતા કે પોતાની ફરજો બજાવવાને તેઓ સકતીવાંન નહી હતા. સેઠ બેહેરામજીએ પોતાના મજકુર પતરમાં મજબુત ભલાંમણ કીધી હતી કે બખેડાવાલા જીલલાઓ ખાતે લશકરી ફોજને રાખવી જોઇએ કે જેથી પારસીઓમાં પાછો વીશવાશ બેશે, તથા શુકરવારનાં જેવી જાસતી ફરીથી પારસીઓ ઉપર ગુજરતી અટકે. હાઇ કોરટનો વકીલ મી૦ ડબલીઉ એચ. પેએન જે શેઠ બેરાંમજી જીજીભાઇ સાથે ગએઓ હતો, તેણે એ છેલલા જણાવેલા ગરહશથોનાં કેહેવાના ટેકામાં કીમતી શાહાદત તમારા અરજદારોને લખી આપીછે. મી૦ એડજીંગટને સેઠ બેહેરાંમજીનાં ઉપલાં કાગજનાં જવાબમાં કબુલ કીધું કે ગભરાટ નરમ પડીઓ નથી, પણ એ પતર મધે જણાવેલાં ધમકી આપનારા હુલડખોરોની હસતી બાબે તથા શુલેહ જાલવવામાં પોલીસની નબલાઇ બાબે તેણે શક બતાવીઓ. તો એપણ તેણે પોતાના જવાબમાં એટલું વધારીઉં કે પોલીસ કમીશનર સરકાર સાથ સંદેશા ચલાવેછે અને (લશકરને હથીઆરબંધ તઇઆર રાખવા ઉપરાંત) શેહેરની સમાધાનીનાં બીજા ઉપાએઓ ધેઆંન ઉપર લેવામાં આવીઆછે." સાંજ શુધીમાં સુનાપોર અને ધોબીતલાવનાં પારસીઓમાં ખોલલી ખબર ફેલાઈ ચુકી કે મુસલમાંનો મોટી સંખીઆમા એકઠા થઈ

ને શોનાપોરનાં કબરસતાનમાં એક લાસને દફનાવાની પાએદશતને બાંહાંને, પણ તે તરફનાં પારસી ઘરોને લુટવા તથા તેમનાં વડા આતશબેહેરાંમ ઉપર જાસતી ચલાવાની છુપી મતલબથી આવનારછે. તેજ સાંજે પારસી ગ રહશયોનું એક ડેપીઉટેશન, જેમાં આનરેબલ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ, શેઠ દીનશાહ માંણેકજી પીટીટ, શેઠ બેહેરામજી જીજીભાઇ, શેઠ ખ રશેદજી ફરદુનજી પારખ, અને શેઠ મેહેરવાંનજી ફરાંમજી પાંડે એટલા ગ રહશયો હતા, તેઓ સર ફીલીપ વોડહાઉશ પાસે પારસી ટોલામાં હજી ચાલ તી દેહેશત વીશે એ નાંમદારને વાકેફ કરવા માટે, તથા કશીબી વધારે ઢી લ વગર લશકરને બોલાવાની અરજ કરવા શારૂં ગએઆ હતા. નામદાર ગવરનરે પોતાનાં જવાબમાં કહીઉં કે "હુલડ કરનારાઓને પુરા.પડવા મા ટે તથા હુલડને દાબી નાખવા માટે પોલીશ તદન અશકતછે એવું જાંહાં શુધી હું સાંભલું નહી, તાંહાંશુધી હું લશકર શેહેરમાં બોલાવી સકતો નથી."

તમારા ટોલાનાં લોકોએ હુલડ કરનારાઓથી પોતાનો બચાવ કરવાનો ધડો શીખવો જોઈએ, અને શઘલો આધાર સરકાર ઊપર રાખવો નહી, પણ ઈંગલંડમાં જેને સપેસીઅલ કાનસટેબ લ કેહેછે, તે તમારા લોકોએ બનવા જોઈએ. નામદાર ગવરનરે એકથી વધારેવાર પુછીઉં કે "**શું તમારા પારસીઓ પોતાનો બચાવ પોતે કરવાને અશકતછે?**" જે શરકારે એક મુકરર રાજનીતી તરીકે હીંદુશતાંન ની આખી વસતીમાં હથીઆર છોડાવીઆંછે અને જે સરકારે જુદી જુદી જાતો અને નીઆતોને એકેક શામે "પોતાનો બચાવ પોતે કરવા"નું ઉ તેજન આપવાને બદલે શુલેહ જાલવવાની ફરજ, સઘલી અને એકલી પો તાને માથે લીધીછે, તે શરકારના વકીલ તરીકેનાં અધીકારીનાં મોહોમાંથી નીકલતી આ ભાશા ગમે એટલી અજાએબ જેવીછે, તોપણ કાનવોકેશનની વેલા મુંબઇનાં ગવરનરે આપેલાં ભાંશણ માંહેલા હેઠલ ટાંકેલા ફકરા ઉપ રથી તે નાંમદારનું ખરેખરૂં મત એવું માલમ પડેછે કે અગરજો પારસી ઓએ મુસલમાન હુલડ કરનારાઓ સામે લડવા સારૂં પોતપોતામાં શપેશી અલ કાનશટેબલોની ટોલીઓ બનાવી હતે, તથા અગરજો પોલીસને મદદ આપવા માટે લશકરને બોલાવાની અનગમતી ફરજમાંથી ઇંગરેજ શરકાર

ને મોકલી રાખી હતેતો તે કાંમ નામદાર ગવરનરની નજરમાં તેઓએ ધ
ટતું અને વાજબી કરેલું કેહેવાતે. કેમકે નામદાર ગવરનર કેહેછે કે "મને
એવું માલમ પડેછે કે આ શેહેરની શથાપેલી પોલીશના કાંમકાજમાં ખુદ
મેહેનતથી ભાગ લેવા બાબે લોકોમાં સાધારણ નામરજી માલમ પડેછે. સઘ
ળા બખેડાઓ પોલીસથી જેમ બની શકે તેમ બેસાડી દેવાનું કામ પોલી
સ ઉપરજ શોંપવાને લોકોમાં શાધારણ આદતછે—બખેડાઓ કે જે પેહેલાં
એક ભાગ ઉપર અને પછે બીજા ભાગ ઉપર ઉઠે! તોપણ જાંહાંબી તે
ઉઠતા હોએ તાંહાં તેમને બેસાડી દેવાના સંઘલા કામની વકી પોલીસથી રા
ખવામાં આવેછે!" હવે શોનાપોરના પારસી રેહેવાસીઓએ તે લતા તરફ
પોલીસ ફોજની વધારે શંખીઆ રાખવા બાબે ફોકટની માંગણી કીધા પ
છે તેઓ પોતાનાં ઘરો અને આતશકદેહઓનો બચાવ કરવા સારૂં સની
વારની રાતથી લાકડીઓ તથા પથરાથી મજબુત થએઆ, તે કામ પારસી
ઓને પોતાનો બચાવ પોતે કરવાની ગવરનરે આપેલી આ તીરશકાર ભરે
લી સલાહાનું પરીનાંમ હતું એમ જોકે કેહેવાઇ શકાશે નહી, તો પણ શો
નાપોરનાં પારસીઓએ પોતાનાં બચાવને માટે જે કાંઇ કીધું તેનું વાજ
બીપણું ઠરાવા માટે નામદાર ગવરનરે વાપરેલા આ સબદો, તથા પોલીશે
પોતાને મોહોડે કબુલ કીધેલી પોતાની લાચારી, ઇનસાફની રાહે ઘટતી દ
લીલો તરીકે ટાંકી શકાશે. પારસીઓએ પોતાની મેલે પોતાનો બચાવ ક
રવાની તક ઘણી જલદી આવી લાગી. રવીવારની સહવારનાં આશરે દશ
કલાકે મોહમદીઆંન લોકોનાં મુરદાંને ભોમીંદા કરવાની બે પાએદશતો, આ
શરે ૪૦૦ થી ૫૦૦ માંણશોની બનેલી, પારસી મોહોલા તરફ આવી. પછ
વાડેથી જાણીઆમાં આવેઊં તે મુજબ એ પાએદશતમાનાં અગર સઘલા
નહીતો તેમની એક મોટી સંખ્યાનાં હાથમાં સોટાઓ હતા. શોનાપોરની
કબરસતાન આગલ નેટીવ ટાઉનમાથી આવતાં રસતા ઉપર બે પારસીઓ
મલેઆ, તેમના ઉપર હુમલો કરવાની કોશેશ કરીને એ પાએદશતમાં આવ
નારાઓએ પોતાની ચાલ દેખાડી આપી. શાખશીઓનાં કેહેવા મુજબ
આ પાએદશત ભુલેશવર આગલથી પશાર થવા પછે તેની સાથે એક ઇઉરો
પીઅન પોલીસ અંમલદાર (શુપરીનટેનડંટ મીલશ,) તથા આશરે ૨૦ દેશી

પોલીશનાં સીપાહીઓ હતા, અને બીજા બે યુરોપીઅન કાનશટેબલો કબરસતાન આગલ તેમને જઇ મલેઆ હતા. ઉશકેરાએલા પારસીઓ જેઓનાં હાથમાં પણ લાકડીઓ હતી, તેઓ કબરસતાન આગલ મોટી શંખેઆમાં ભેગા થએઆ. તેવામા પથરા ફેંકવામા આવેઆ, કે જે પથરા ઇનશપેકટર આશટીનનાં કેહેવા પરમાંણે પેહેલા કોઇ પારસીઓએ ફેંકેઆ, પણ પારસીઓ પોતે જણાવેછે કે તેઓએ પેહેલી છેડતી શાચી નથી. એ પછે તેઓ વચે છુટા હાથની લડાઇ ચાલી, જેનુ પરીનામ જાનની ખુવારીમાં તથા સીદીઓ અને પારસીઓને મોટાં નુકસાન થવામાં આવેઊ, અને એ બખેડો બેસાડી દેવા માંટે લશકરને બોલાવાની અંતે જરૂર માલમ પડી. આ લડાઇમાં પેહેલાં પથરા ફેંકવાની શરૂઆત કોંણે કીધી તે તમારા અરજદારોને ઘણું નજીવું લાગેછે. અરશપરશ એક બીજાં સાંમે કરોધથી બલતાં બે ટોલાનાં લોકો, જેમાનાં એક બાજુ વાલા પોતાનાં તોફાંની જોશશાને આગલા બે દીવસો શુધી મલેલા હતા, અને બીજી બાજુ વાલા, નવી જાસતીઓની અપવાથી એભત પાંમેલા, પોલીશની શકતી બાબે સઘલો વીશવાશ ખોહી બેઠેલા, અને સરકારની બેદાદો તથા શુશતીથી દુખ પાંમેલા હતા, તેવા બે ટોલાનાં લોકોને હાથો હાથ લડવા જેટલા એકેકની નજદીક જારે લાવવામાં આવેઆ તારે તેઓ વચે લડાઇ ઉઠવા વગર રેહેજ નહી. પોલીસે એ સીવાએ બીજી શું વકી રાખી હતી ? અગરજો પોલીસે એક નવું હુલડ નીપજાવા ચાહાએઊ હતેતો મુંબઇ શેહેરના જે ભાગ ઉપર પારસીઓની શઉથી ગીચ વસતી રહેલી, તેની વચોવચ મુસલમીનોનાં એક મોટાં શરઘશને જાંણી બુજીને કુચ કરાવવા કરતાં વધારે તેઓ શું કરી શકતે ? તેબી શરઘશ શુલેહ ભરેલા મોહમદીઆન શેહેરીઓનુ નહી, પણ મુંબઇનાં બંદરમાં નશીબ અજમાવા માંટે આવતા અગનોઆન અને જંગલી લોકોનું (કેમકે આ મારામારીમા રોકાએલા સીદીઓ અને આરબો એવીજ કીશમનાં માંણશોછે.) અગરજો આ શરઘશની શાથે ચાલવા માંટે લશકરને મોકલેઊ હતે, તો સઘલું સમાચાનીથી પશાર થતે, પણ બીજે દીને નેમજ બનેઊ હતું, કે જારે એક એથી વધારે મોટાં પાએદશતનાં સરઘશને સોનાપોર ખાતે લશકરની સાથે ચલાવી લાવવામાં

આવેલ હતું. પણ આગલે દીનેની પાઅેદશતમાં જાશતી ગુજારવાની મતલબ રાખનારા મજબુત કાઠીનાં માંણશોની મોહોટી શંખીઆ આગલ વીશ દેશી પોલીશનાં માંણશો કશું કરી શક્યા નહી. મી૦ મીલશ પોતાની શાખરીમાં કેહેછે કે મોહમદીઆંનો અેકથી વધારે વાર "પોલીસ ફોજની વચેથી નીકલી ગઅેઆ હતા," કે જે પોલીસ તેમને અટકાવી સકી નહી; અને જારે તે ધણી (મી૦ મીલશ) તાંહાંની ભીડમાંના અેક પારસીઅે આપેલો આ વીચાર કહી શંભલાવેછે કે "પોલીસ અમારો બચાવ નથી કરવાની, અમે પોતે અમારો બચાવ કરીશું." તારે તે બીજા સઘલા પારસીઓનો માતર સાધારણ વીચાર કહી શંભલાવેછે. લશકરને અેકવાર બોલાવેઆ પછે કાંઇ જાજા અગત જેવા બખેડા બનેઆ નહી. અે પછે પારસીઓની ખાતરી થઈ કે શરકાર હવે તેઓને ફરીથી હેરાંન થવા દે નહી; અને તારપછે જે અેકજ વેલા પારસીઓને "પોતાનાં બચાવ" ની કોશિશ કરવી પડી તે તા૦ ૨૧ મી ફેબરવારી અને સનીવારને દીને હતી કે જેવારે પોલીસનાં અેક સીપાઇઅે બુમ ઉરાડી કે સીદીઓનું અેક ટોલું દુશમની ભરેલી ધારણાથી કોટ મધેથી જાઅેછે. આ વખતે કોટનાં પારસીઓ, કે જેઓમાં ઘણુંકો નેટીવ ટાઉનમાથી કોટમાં સલામતીને માટે નાહારી આવેઆ હતા, તેઓઅે સીદીઓને મારવામાં ખચોત ભુલ કીધી હતી, પણ અે કાંઇ મોહમદીઆંન ટોલાનાં લોકો ઉપર બરોબર ગોઠવણ કરેલો હોમલો નહી હતો. હુલડ કરનાર તરીકે જે માંણશો ધારવામાં આવેઆં, તેઓજ ઉપર આ માર પડેઓ અને શેહેરનો અેક ભાગ જે આગલ પુરતો સલામત વીચારવામાં આવતો હતો, તે ભાગ ઉપર આ લોકો ધસારો લાવેઆ, અેવા અેઆલથી અે હોમલો શરૂ થઅેઓ હતો. કોટમાં તે સીદીઓને દાખલ થવાની મતલબ વીશે અગરજો પોલીસનુ પોતાનુ મત પણ અસલમાં અેજ નહી હતે તો તેઓઅે અેકલા સીદીઓનેજ કેદ પકડેઆ અને કોઇ પણ પારસીને કેદમાં લીધો નહી તે કેમ બનીજ ? તોઅે પણ તા૦ ૧૫ મી ફેબરવારી પછે જે મારામારીઓ થઇછે, તેમને તમારા અરજદારો ઘણી અગતની સમજતા નથી. તેઓની તકરાર અે છે કે જો સરકાર વખત સર મજબુત ઉપાઓ પકડવાને જાગરૂત થઇ હતે તો રવીવારનાં પેહેલા

પોહોરે જેવું અંધેર રાજ થએઉ તે નહી થતે, તથા પારસીઓ અને મુસલમીનો એ બંધે ટોલાંઓને તે દીને જીવની ખુવારીનુ તથા બીજું મોટું નુકસાંન થાઇઉ તે નહી થતે. તા૦ ૧૩ મી ફેબરવારી અને શુકરવારને દીને મુંબઇનાં શરેશતાના ગારીશનનો બરોબર ઉપીઓગ કીધો હતે તો તા૦ ૧૭ મી અને મંગલવારને દીને સરકારે પોતાના બલનો જે ભભુકદાર દેખાવ ઘણો મોડેથી કીધો, તથા મુંબઇમાં મોહોરમ ઉપર શુલેહ જાલવવા માટે પુણાંથી ઘોડેશવાર, પેદલ અને તોપ ખાતાંની જબરી વધુ મદદ મંગાવામાં આવી, તે સરવેની કશી જરૂર રેહેતે નહી.

૭. તમારા અરજદારો ધારેછે તેમ આ અરજીનાં બીજા પારેગરાફમાં આપેલાં સઘલાં શીધાંતો ખરાં કરી દેખાડેઆ પછે, હવે મુંબઈનાં ગવરનરે આખી પારસીની આલંમ ઉપર મુકેલા તોહમતોનો જવાબ આપવાનાં વધારે ગંભીર અને વધારે નાજુક કાંમ ઉપર તમારા અરજદારો આવેછે. પોલીસનાં કમીશનર મી૦ શુટરે શેનાપોરનાં હુલડની ઉતપંતી બાબે નામદાર ગવરનર આગલ કરેલા એક રીપોરટથી પારસી ટોલા ઉપરનાં આ તોહોમતો જનમ પાંમેલાં દીશેછે. તા૦ ૧૫ મી ફેબરવારીનાં દીવસની મુંબઇની હાલત બાબેનાં પોતાના જાતી અનુભવનાં હેવાલમાં મુંબઇ ગેજેટનો અધીપતી મી૦ મેકલીન કેહેછે કે, મી૦ શુટરે મને કહીઉ કે હું (મી૦ શુટર) હમણાજ પરેલમાં ગવરનરને વાકેફ કરવા જાઉ છઉ કે આ સઘલો બખેડો પારસીઓએ કરેઓછે. તેજ સહવારનાં મી૦ શુટરે આ મારામારી ઉઠાવાનો અનેઆએ પારસીઓ ઉપર સાધારણ રીતે લાગુ પાડેઓ અને પોતાના ગુસામા બોલેઓ કે "શઘલા પારસીઓ મારેઆ ગએલા મને જોવા ગમેછે." આ આકલા અને બદપરહેજ બોલોને માંટે મી૦ શુટરની પોતાની જોડેથી ખોલાસો માંગવો, એવી તમારા અરજદારોને કશી ખાસ ઇનતેજારી નથી, કે જે બોલો વાપરીઆ તે માંટે બેશક તે ખરાં જીગરથી દલગીર થાએઓછે, અને એક ધણીએ જે હુલડની શરૂઆત જોએલી નહી, તથા શેહેર પુરતું સમાધાનછે એવું પોતાને અને સરકારને પોતે સમજાવીઆ પછે જાગી ઉઠેલાં હુલડને બેસાડી દેવાની અચબુચ ફરજ જેને માંથે આવી પડેલી, તેવા એક ધણીનાં એ બોલો કદાચ માફ કરી સકા

એ. એ બનાવ વીશે તમારા અરજદારો અતરે એશારો કરેછે તે એટલું જ દેખાડવા માંટે કે પારસીઓ વીશે ગવરનરનાં મનની વલાણ એટલીબધી હદવેર વીરૂધ કેમ થઇ ગઇ કે તા૦ ૧૩ મી ફેબરવારી પછે થએલા બએ ડાઓને માંટે કંઇ નહીતો મુસલમાંનોનાં જેટલાજ ઠપકાને લાએક એ ના મદાર પારસીઓને ગણેછે. તા૦ ૧૪ મીની સાંજનાં સર ફીલીપ ઓડહા ઉશે પારસી ડેપીઉટેશનની મુલાકાત લેતી વેલા જે ભાશા વાપરી હતી તેની ઢપ જાણે મીતરાચારી ભરેલી નહી હતી; પણ રવીવારનાં હુલડ વીશે મી૦ શુટરે પોતાનો રીપોરટ કીધા પછે, તે દીનની સાંજથી નાંમદાર ગવરનરે એકદમ કશી તેહેકીક કીધા વનાં, ખોલી રીતે, પારસીઓની વીરૂધની વર તણુક એખતીઆર કીધી. તેમ કરતાં જે અસરતી ઉપજાવનારાં બેદરકાર પણાંથીજ રવીવારની સહવારની મારામારી બનવા જોગ થઇ પડી તે બેદ રકારપણાને માંટે મી૦ શુટરને પોતાની ચાલ વીશે સખત ઠપકો ઘટેછે કે નહી તે બાબે નાંમદાર ગવરનરે કશી તજવીજ કીધી નહી, પણ તેથી ઉલ ટું તે નાંમદારે મી૦ શુટરનાં આ વીચારને પોતે બાહાલ રાખેઓ કે "પો લીસની એક મજબુત ફોજ"ની હાજરી છતાં નીરદોશ મુસલમાંનોની એ ક પાએદસ્તત ઉપર પારસીઓએ લપંગાઇ ભરેલો હોમલો કરેઓ હતો. પા રસીઓની વરતણુકને કોઇ પણ રીતે સારા આકારમાં દેખાડવાની કોશેશ ન કરતાં, સોનાંપોરનાં હુલડની ખરેખરી તવારીખ તમારા અરજદારોએ ઉપર જણાવીછે, અને હવે એજ બનાંવનો હેઠલ ટાંકેલો હેવાલ ગવરનરનાં પરાઇવેટ શેકરેટરી મી૦ લી. વારનરે લખેઓછે, તે ઉપર તમો નામદારની કાં ઉનશીલનું ધેઆંન પોંહોંચાડવાની તમારા અરજદારો રજા લીએછે. *

આ કાગજમાં જે "લગાર નાંહાંનાં તોફાંન" વીશે એશારો કરેઓ છે, તેનો પણ નાંમદાર ગવરનરને ઉપરની મીસાલેજ એક તરફી ઢપમાં હે વાલ પોંહોંચાડેલો દેખાએછે. તમારા અરજદારો એવું ધારેછે કે રવીવારનાં વધારે મોટાં તોફાંનનો મી૦ શુટરે આપેલા હેવાલનાં જેવોજ આએ એક તરફી હેવાલછે જે વીશે ફરીઆદ કરવાને તમારા અરજદારોને જરૂર પડી

* એ પતર આએ પુશતકને સફે ૧૦૦ માં હમો સદાબરો પરગટ કરી ચુકાછે તે વાંચવો, અને તેથીજ અતરે હમોએ દાખેલ કીધો નથી.

છે. કેમકે તેમાં આ વાત મુદલ જણાવી નહી હતી કે, આ મારામારી તે ઇનશપેકટરની પોતાની જાસતી ભરેલી તથા ગેરવાજબી ચાલથી ઉઠી હતી, કારણ કે તેણે પોતે પેહેલવેહેલાં એક જઇપ અને બીન તકશીરવાર પારસી ધરમગુરૂને માર મારેઓ હતો.

વલી પારસીઓ ઉપર વધારે જાસતી ગુજરતી અટકાવા માંટે સરકાર નો મજબુત દસત વાપરવાની વીનંતી કરવા સારૂં ધી આનરેબલ શર જ મશેદજી જીજીભાઇ બારોનેટ અને બીજાઓની સહીની અરજીનાં જવા બમાં એવું લખી જણાવવાને સરકારનાં અંદર સેકરેટરી મી૦ નીઉજંટને ફરમાવામાં આવેઉં કે "શુકરવારની પાછલા પોહોર પછેનાં બખેડાઓનો સ બબ પારસીઓએ પોતે સામો કીનો લેવા માટે દેખાડેલા દાખલાઓને કે ટલેક દરજજે લાગુ પાડી સકાએછે." તમારા અરજદારો માન શાથે જણા વેછે કે સામાસામી થઇને વેર વાલવાની કોશેશ કરવાનો એઆલ વટીક પા રસીઓનાં મગજમાં કદી દાખલ થએઓ નથી. સામાસામી લડવાની પા રસીઓની જે ચાલ વીશે સરકાર ફરીઆદ કરેછે, તે બાબે તેમનાં પુરાવા ઓ કાંહાંછે? પારસીઓએ કેહી મસજીદોને અપવીતર કીધી? કીહાં ઘરો અ થવા દુકાંનોને તેઓએ લુટેઆં? શુલેહ ભરેલા મુસલમાન શેહેરીઓને મા રી નાખવા માટે અથવા નુકશાંન કરવા સારૂં શેહેરનાં કીહા ભાગ ઉપર તે ઓ હોમલો લઇ ગએઆ? કોટમાં મુસલમાનોની એક નાહાની મસજીદછે, કે જેની નજદીક ઘણા થોડા મુસલમાનો રેહછે, પણ તેની આસપાસ પા રસી ઘરો ફરી વલેલાંછે. હીઆં જો પારસીઓએ સામુ વેર લેવા ચાહએ ઉં હતેતો આસાંનીથી તેમ કરવાની તેઓને તક હતી; તોપણ એ મસજી દને જરાબી નુકસાન પોંહોંચાડવામાં આવીઉં નથી. જારે હુલડો ચાલ તાં હતાં, તારે મુંબઇનાં મોહમદીઆન રેહેવાસીઓ, પોતાને બીહીવાનું કાંઇ નથી એમ સારીપેઠે સમજીને પોતાનાં ઘરોમાં રહેલા હતા અથવા હં મેશનાં શરેશતાનાં વખતમાં જેમ પોતાનાં ધંધાધાપા ઉપર જવાનો તેમને માહાવેરો હતો, તેમ તેઓ જતા હતા; તેઓ જાણુતા હતા કે તેઓ ઉપ ર અથવા તેઓનાં કુટુંબો ઉપર પારસી હુલડખોરોનાં કોઇ ટોલાં તરફથી હોમલો થનાર નથી. બીજા હાથ ઉપર તા૦ ૧૩ મી ફેબરવારીનાં બનાવ

પછે પારસીઓનાં દીલમાં નવા હોમલાઓને ભોગ થવાની વાજબી દેહેશત એટલી તો પેશી ગઇ હતી કે નેટીવ ટાઉનમાં રેહેનારા ૧૫૦ થી વધારે પારસી કુટુંબો પોતાનાં ઘરબાર છોડી ગએઆ, અને ઘણોક ખરચ કરીને વધારે સારા બચાવને માટે પોતાનાં કબીલાઓ સાથે કોટમાં આવી રહેઆ. પારસી કુટંબોની એથી પણ એક મોટી સંખીઆને પોતાને ખરચે પોતાનાં ઘરબારોની સંભાલને માટે ઇંગરેજી ખલાસીઓ તથા બીજા ઇઉરોપીઅનો અને પુરભઇઆઓ વીગરે કુલે આશરે ૧૦૦૦ માંણશોને ખાસ નોકરીએ રાખવાની ફરજ પડી હતી. પારસી અને મોહમદીઆન એ બે ટોલાનાં લોકોનાં કાંમ વચે આ મોટો તફાવત ધેઆનમાં રાખવો જોઇએ. મુસલમીનોએ કાંઇ પણ કારણ મલવા વગર અતીઅંત જોસથી મુંબઇની આખી પારસી કોમ ઉપર ધસારો કીધો;—પણ પારસીઓએ કોઇબી દાખલામાં પોતે જાસતીની પેહેલ કીધી નથી, લેકીન હંમેશ તેઓ પોતાનાં બચાવ ઉપર રહેઆછે અને જે મોહમદીઆંનો તેઓ વચે બુરી નીશટાથી આવેલા ધારીઆ હોએ તેમનાજ ઉપર તેઓએ હોમલા કરીઆ. છુટા છવાઆ પારસીઓને હાથે બેશક કાંઇક જાસતી ભરેલાં ઠપકાને લાએક કાંમો થએઆં હતાં, પણ જે લોકો ઘણીજ શરમ ભરેલી સેતમગુજારીનાં ભોગ થવા પછે, **સરકારે તેઓની ધાસતીઓને નરમ પાડીઆને બદલે, ઓર તે લોકોને પોતાનો બચાવ કરવાનાં અસકતપણા બાબે તાંણો મારીઓ,** તેવા લોકોથી કદાચ હેવા છુટા છવાઆ જાસતીના દાખલાઓ બનીઆ હોએ તો શું તે માફ નહી થઈ સકે? રવીવારની સહવારે શોનાપોર જીલામાં જેઆરે પારસી મોહોલાઓની સંભાલને ફીજે માતરે થોડા પોલીસનાં સીપાહીઓને રાખીઆ હતા, તેહારે તે લતા ઉપર મુરદાં સાથની મોટી સંખીઆની પાએદશતોને જવા. દેવાનું પોલીસનું ગાંડું કામ પારસીઓને જીવપર આવવા માટે શું પુરતું નહી હતું? મુંબઈની સરકારે પોતાની અફશોશ કરવા જોગ નબલાઇનો બચાવ કરવા માટે, એક બાંહાનું બતાવી કાહાડવાની પોતાની ઇનતેજારીમાં પારસીઓની આબરૂની નાલેસી કરવાને એક પણ જોગવાઈ જવા દીધી નથી, એવું દેખઈતી રીતે માલુંમ પડેછે. કોટ માહેલા ફેસાદ પછે તા૦ ૨૩ મી ફેબરવારી

અને સોમવારને દીને નાંમદાર ગવરનરે ધી આનરેબલ શર જમશેદજી જીજીભાઇ બારોનેટ અને બીજા આગેવાન પારસી ગરહસ્થોને બોલાવી મંગાવીઆ અને પારસીઓએ મુસલમાનો તરફ જારી રાખેલી બુરી સોચનાં વીશે એ ગરસથોને તે નાંમદારે ઘણોક શબક આપીઓ. તે નાંમદાર બોલીઓ કે "હું તમારી સાથ તદન ખોલાં દીલથી વાત કરવા માંગુ છેઉ, અને તમો જે કોમની તરફથી આવીઆછો તે કોમને વીશે સાધારણ રીતે બોલતાં તેઓની ચાલ અવીચારી તથા દુશમની ભરેલી ગણવા વગર મને ચાલતું નથી. તમોએ ઇઆદ રાખવું જોઇએ કે શુલેહનાં જે બગાડ ખોલા અને જાહેરમાં થાએ તેમનેજ સરકાર માતર અટકાવી શકે, પણ કોમ અને કોમ વચે કીનાના અને બદ શુચનાંના જખમતો પારસીઓએ પોતે રૂજાવવા જોઇએ. હાલનો બુરો જુશશો હંમેશ શુધી નીભવા દેવાસે નહી, તેમજ હાલ આવેલાં લશકરને કાંઇ હંમેશ શુધી મુંબઈમાં રાખી શકાશે નહી. પારસીઓએ ગંભીરાઇથી વીચાર કરવો જોઇએ કે લશકરને પાછું મોકલી દેવા પછે તેમની હાલની વરતણુકથી કેવાં પરીનાંમ નીપજસે."

તા૦ ૨૫ મી ફેબરવારી અને બુધવારને દીને મોહોરમને લગતાં તાબુતનાં સરઘશોની રજા માંગવા માંટે મુસલમાન ઘરહશથોનુ એક મોટું ડેપીઉટશન નામદાર ગવરનરની મુલાકાતે ગએઉં, તેમની મુલાકાત લેતી વેલા પણ તે નામદારે એજ મોશાલનાં વીચાર જણાવેઆ. હેરત ઉપજાવનારાં બેશમજપણાંથી નામદાર ગવરનરે એ મુસલમાંનોનાં ડેપુટેસનને કહેઉં કે "**તમો કદાચ જામીનગીરી આપસો, પણ એવી જામીનગીરી એક તરફી થઈ રેહેશે, અને પારસીઓ અથવા બીજા હરએક જણ બખેડો કરવા ચાહાતા હશે તેમની વરતણુક ઊપર એ જામીનગીરી કાંઇ કારગત નહી લાગશે.**" બીજા બોલોમાં બોલીએ તો તાબુતના સરઘસોની મનાઇ કાહાડવાનાં જોખમમાંથી નામદાર ગવરનરે મુસલમીનો આગલ એવુ કહીને, પોતાને મોકલો રાખવાનો કોશેશ કીધો કે—તેઓએ સરકારનાં એ હુકમને માંટે પારસીઓનો ઊપકાર માનવો જોઇએ, કેમકે એ તોફાંની લોકોની (ઇઆને પારસીઓની) જાસતીઓ સામે પોલીસ અને લશકરથી તાબુતના સરઘસોનો બચાવ થઈ શકશે નહી ! તે

એ પણ એજ નામદાર ગવરનર પારસીઓને મોટી ગંભીરાઇથી નસીહત દીએછે કે તેઓએ કોમ અને કોમ વચે અંટસ જારી રાખવાથી સાહુચેત રેહેવું. મુસલમીનોની લાગણીઓ કેવી હશે તે કેહેવાને તમારા અરજદારો અસકતછે, પણ તેઓ પોતાની તરફથી ખાતરીથી કેહેછે કે પારસીઓની કોમ એક ઉદીઓગી અને શુલેહ ભરેલી પરજાછે. જેની ઉમેદ માતર એઠલીજછે કે સઘલાં લોકો સાથે એખલાસથી વરતવું, તથા પોતાના જાન માલ અને ધરમની પાસબાંની જેવી તેઓ ઇછેછ તેવીજ પાસબાની બીજા સઘલા વરગો તથા સઘલી કોમોની થાએ એવું જોવાને તેઓ ખુશીછે. તમારા અરજદારો કેહેછેકે પારસીઓને મોહમદીઆંનો સામે એક ટોલા તરીકે ખાસ દુશમની હોએ—અથવા મુંબઇમાં ધારાને ટોડવા ઇઆ બખેડા કરવાની તેઓની કાંઇ પણ મરજી હોએ એ સર ફીલીપ ઓડહાઉશનાં મગજનો એક ખાલી ખેઆલછે. શુલેહની જાલવનીથી પારસીઓને જેટલો લાભ થાએ તેટલો પરજાનાં બીજા કોઇ વરગોને થતો નથી, કેમકે તેઓ (પારસીઓ) સંખેઆમાં ઓછાછે, તેમજ આબાદછે, તથા વેપારને લગતા ધંધાઓ સીવાએ બીજા કોઇ પણ ઉદમમા તેઓને માહાવેરો નથી. માતર એકજ ઇઆ બેજ વખત નહી, પણ વારેઘડીએ મોહમદીઆંન છાપગરો એ પુશતકો ફરીથી છાપી પરગટ કરીઆંછે, તેમાં જરતોશત પેગામબર વીશે બોલતી વેલા નીચ અને અપમાન ભરેલી ભાશા વાપરવામાં આવીછે, પણ જરતોશતને માનનારાઓએ સઘલી વખત એવા હોમલાઓને ખબર લેવા વના પસાર કરેઆછે. સર ફીલીપ વોડહાઉશે પારસીઓની હોરમતને લગાડેલા ડાઘની વીરૂધમાં આબરૂનાં સાખશીઓ તરીકે, તમારા અરજદારો, તમો નામદારની કાઉનસીલને ઇઆદ આપી શકેછે કે આજનાં વખતના તેમજ આગલા વખતના નામાંકીત ઇંગરેજી અને હીંદી—ઇંગરેજી રાજઅધીકારીઓ પારસીની કોમ વીશે શું શું વીચારી તથા કહી ગએઆછે. પારસીઓ હીંદુશતાનના પસચીમ કોશટા ઉપર ૮ મી શદીની શરૂઆતમાં આવી વશીઆ અને મુંબઇની ટાપુ જેવી ઇંગરેજનાં શેવાધીનમાં આવી કે તરતજ તેને પારસીઓએ પોતાનાં રેહેઠાંણની મુખીઅ જગા કીધી. આજ બે સદી થઇ તેઓ બરીટાશ. તાજની **સઉથી વફાદાર, સઉથી**

ઊદ્દીઓગી અને સઊથી સાહાસીક પરજામાં ખપેછે. તેઓની શંખ્યા હવે એકલા મુંબઇમા ૪૪૦૦૦ ની થઇછે. સર જાન માલકમ છેક અરધી સદી અગાઊ પારસીઓ વીશે બોલેઓ હતો કે:—

"પારસીઓ પોતાની ચાલાકી અને શાહાશીક કાંમોને માંટે જેટલા વખાણાએલાછે, તેવો હીંદુશતાનમાં દેશીઓનો બીજો ટોલો એકબી નથી;

અને હીંદુશતાનમાં ઇંગરેજી કેલવણી દાખલ થવા પછે, મુંબઇમાં નીશાલો અને કોલેજો સ્થાપવાથી શુધારાને માંટ મલેલી તકોનો લાભ લેવામા એક પરજા તરીકે આતુરતા દેખાડીને પારસીઓએ પોતાની એ આગલી આબરૂને જાલવી રાખીછે. સર હેનરી આનડરશન, જે હાલ ઇંડીઆની કાઉનશીલનો એક સેકરેટરીછે, તેણે કલકતાના ધારા બાંધનારાઓ આગલ એ ટોલાના લોકોને માટે એક ખાસ ધારો બાંધવાની દરખાશત કરતી વેલા કહેઊં હતું કે—પશ્ચીમ તરફનો શુધારો આ માહા રલીઆંમના દેશની સરજત ઉપર જે શાંધનોથી અસર ચલાવાને સકતીવાન થશે, તેવાં એક શાંધણ તરીકે પારસીઓ દાહાડે દાહાડે પોતાને વધારે ઉપીઓગી સાબેત કરતા જશે. આપણી પેહેલ વેહેલી ફાકટરીને શુરતનાં દાવરે પેહેલી મદદ પોંહોંચાડી, તે વખતથી તે સર જમશેદજી જીજીભાઇએ પોતાના શઘલા જાતીલાઓને પોતાની દોલત સાથે તથા અગત પડે તો પોતાની જીંદગી સાથે ઇંગરેજ સરકારની બોરદુમાં રેહેવાને નોતરૂં દીધું, તે વખત શુધી પારસીઓ આપણા રાજ તરફ નીમખહલાલ અને વફાદાર રહેઆછે."

એજ વખત ઊપર લેજીશલેટીવ કાંઉનશીલનો એક બીજો મેમબર મી॰ હેરીંગટન બોલેઓ હતો કે—

"પારસી ટોલાની ચાલાકી, તથા તેમનો આગલ વધેલો શુધારો, તેમજ વફાદારી તથા શારી ચાલ વીશે સર હેનરી આનડરશને જે કંઇ કહી શંભલાવેઊ તેને હું બોલે બોલ એકમત થાઊં છઊં."

પારસી લાઆ કમીશને કરેલા રીપોરટ ઉપર શને ૧૮૬૩ ના અકટોબર મહીનાંની ૧૬ મી તારીખનાં પોતાનાં એક ઠરાવમાં મુંબઇની શરકારે પારસીઓને "એક શાહાશીક અને ચાતુર પરજા" ગણી હતી, અને બીજુ એવું જણાવેઊ હતું કે—

"નાંમદાર રાંણીની રઆએતોમાં એવી બીજી એક રાઅત નથી કે જે પારસીઓની મીશાલે વફાદારી, ચાલાકી, શખાવત, જાહેર ફરજો અદા કરવાની શક્તી, દુખીઆરાઓની દાહાંજ, ઇંગરેજ સરકારનાં ઇનસાફ તરફ ઇમાંનદારી ભરેલો ચાહા, હેવા સદગુણો ધરાવતી હોએ, અને તે શબબથી તેઓની હાજતો ઉપર પુરતુ અને ચાલાકી ભરેલુ ધીઆંન આપવાને આપણી ઉપર મુંબઇનાં તથા મુફસીલનાં પારસીઓનો જેટલો દાવોછે તેનાં કરતાં સરસ દાવો બીજી કોઇબી પરજાનો નથી."

એવીજ મતલબની બીજી ઘણીક શાહદતો ટાંકવાને તમારા અરજદારોને સવલ પડેછે, પણ તેઓ માનેછે કે તમો નાંમદાર અને કાંઉનસીલ પારસીઓની આબરૂથી સારીપેઠે વાકેફગાર છો અને તેઓ તથા મુંબઇનાં હાલનાં ગવરનર વચે ઇનસાફ કરવાને સામરથવાંન છો.

તમારા અરજદારો વીશવાશ રાખેછે કે તમો નાંમદાર અને કાંઉનસીલ તેઓને ઇનસાફ આપશો, કે જે ઇનસાફ બાબે છેલાં થોડાંક અઠવાડીઆંઓમાં અનુભવ મલેઓ તાંહાં શુધી તમારા અરજદારો એવું કદી બનવાજોગ નહી ધારતા હતા કે મુંબઇનાં ગવરનરની મરતબા ભરેલી પદવી ધરાવનાર જેવા આપણી માએઆલુ માહારાંણીનાં એક વકીલ પાશે તે ઇનસાફ માંગેલો ફોકટ જસે. આ અરજીનાં આગલા સફાઓમાં વીશતારેલી બાબતોનાં સંબંધમાં તમારા અરજદારો વીનંતી ગુજારેછે કે તમો નાંમદાર કાંઉનસીલમાં હેઠલ ટાંકેલી બીનાંઓની તજવીજ કરવા માટે તમો નાંમદારની નજરમાં જે ઉપાએ ઘટતા દીશે તે લેશો.

૧ લું—છેલાં હુલડનું ખરૂં કારણ તથા તેને જનમ આપનારાઓ.

૨ જુ—મજકુર હુલડોનો ફેલાવો તથા ટકવાનો વખત.

૩ જુ—મજકુર હુલડો ફુટી નીકલવા આગમચ સાહુચેતીનાં શું ઉપાએઓ લીધા હતા અને અગરજો સાહુચેતી નહી રાખી હોએતો તે સુસતીનુ કારણ.

૪ થું—તે હુલડો ફુટી નીકલીઆ પછે તેમને દાબી દેવા માટે લીધેલા ઉપાએઓ, તથા તે ઉપાએઓનું કારગતપણું. એ

વા ઉપાએઓ લેવામાં કશી ઢીલ થઇ હતી કે નહી અને જો થઇ હોએ તો તેના કારણો.

૫ મું—એવાં હુલડો હવે પછે થાએ તેને અટકાવવા માટે જરૂર નાં ઉપાએઓ.

૬ ઠું—મુંબઇની પોલીસ તથા ડીટેકટીવ ફોજની સકતી તથા ઇમાનદારી.

૭ મું—અને સાધારણ રીતે એ હુલડ બાબે નાંમદાર ગવરનરે તથા પોલીસનાં કમીશનરે લીધેલા ઉપાએઓ તથા તેને લગતી સંઘલી બાબતો.

મુંબઇ તા૦ ૧૩ મી એપરેલ ૧૮૭૪.

જંમશેદજી જીજીભાઈ.
દીનશા માંણેકજી પીટીત.
બેહરામજી જીજીભાઈ.
ફરામજી નોશરવાંનજી.
હીરજીભાઈ હોરમજી સેઠનાં.
મેરવાનજી ફરાંમજી પાંડે.
ખરશેદજી ફરદુનજી.
મંનચેરજી હોરમજી કામા.
અરદેસર હોરમજી વાહડીઆ.
પેસ્તનજી બેહરામજી સંજાણાં.
જામાસપજી મીનોચેહરજી જામાસપ આસાના.

અને એ ઉપરાંત બીજી ૮૪૦૦) થી વધારે આસાંમીઓની સહીઓ હતી.

બાબ ૧૧ મો.

ઊપલી અરજીને લગતી ફીરફુલ બાબતો, તથા હાઈ કોરટમા થાએલા સેવટના ચુકાદા તથા પારસી બંધવાઓએ દાધેલા હીમત ભરેલા જવાબ ની હકીકત, તથા ઇંનસાફ વીશે પરજાની તરફનુ નારાજીપણુ-તથા બીજી પરચુરંણ બાબતો વીશે.

મુંબાઇની સરકારની બેદાદીની ફરીઆદ વીશે, ઉપર જણાવેલી, વેલાત ખાતે મોકલેલી અરજીમાં જણાવેલી બાબતોના પુરાવા ફીજે, કેટલાએક દસતાવેજો ખીડેઆછે તેમાં એક દસતાવેજ એવોછે કે, મુસલમાંન લખનારાઓ તરફથી પારસીઓનાં પેગંમબર હજરત જરતોશત વીશેની, એકથી વધુ વેલા ઘણાજ નાલાએક અને જુઠો ગીબત ભરેલા મખુંનો લખેઆમા આવેઆછે, અને તેની સાબેતીમાં જણાવીઊછે કે—

(મુસલમાનોએ જરતોશત વીશે લખેલા બદ સખુંનો.)

"ઇસવી સને ૧૮૬૧ ના સાલમાં આગા મહમદ સાડેક નામનાં એક મુસલમાંને, તારીખે સલાટીન ઊલ અજમ" નામની એક ચોપડી મુંબાઇ મધે છપાવી હતી, તે ચોપડીમાં એવું લખેલુંછે કે, ગુસતાસપ પાદશાહનાં અંમલમાં ઝરતોશત નામનો એક "મજુસ" જાહેરમાં આવેઓ હતો. આરમીઆ અથવા "જેરીમીઆહ" નામનાં એક પેગમબર (કે જેની ઉપર દુઆ આફરીન હોજો) તેનો એ જરતોશત એક શાગરેદ અથવા ચેલો હતો. કેટલીક મુદત સુધી એ જરતોશત "જેરીમીઆહ" નામના પેગંમબરની ખીદમતમાં રહેઓ હતો અને તેનાં ધરંમનાં તતવથી અછી રીતે માહીતગારી મેલવી હતી. પણ અસલ છાલકાં અને નબલાં મંનને લી

ધે, એ જરતોશતે પોતાની સમજની લગામ શેતાંનના હાથમાં આપી, તે થી ખોદાતાલાની તરફથી આવેલા પેગંબર તરીકેનો તેણે જુઠો દાવો કી ધો, અને પોતાના ખાલી દેમાગની અંદર તરેહવાર ખોટા અથવા બેહુંદા ખેઆલો દાખલ કીધા. એ સમેમાં તે કંઈ પાપી કરતુક કરતાં જણાએઓ હતો, તેથી સોહા રાતની અંધારીનો લાભ લઇને ઇરાંનમાંથી બાહેર બીજા ગામ તરફ નાંહસી જવું પડીઉ હતું. પણ એ નજીસ અને દુસત સખસના કહેલા કેટલાએક કલામો, એ ઇરાંનના લોકોએ ચામડાંના કાગલ વાલી પોડીઓમાં લખી લીધા હતા, કે જે પોઠીઓ આતશના બલતાંમાં બારી ભસમ કરવા જોગ હતી. એ ઉપરથી એવો બનાવ બનેઓ હતો કે મજકુર પાદશાહ ગોસતાશપનાં અંમલમાં એ મજુસી અથવા જરતોશતી ધરંમ ઉપર લોકો એકીન લાવેઆ હતા, અને તેના ફરમાનને તાબે થએઆ હતા, તેથી ગોઆ તેઓ કાફરપણનાં વંમલમાં ગોતાં ખાતા તથા ગુમરાહીનાં પટાલમા ગરક થતા જણાએઆ હતા, અને ખુદ પોતાની માએ તથા બહેનો સાથે સંબંધ અથવા બદફેલી કરવાને બી હલાલ અથવા ખોદાની મરજી મુજબનુ કામ જાંણતા હતા."

"અને આએ નીચે જણાવેલા કલામો તે એ જરતોશતના સોહા મગજમાંથી અને ગદલાં હઈઆંમાંથી નીકલેલા હતા કે જે શખસ લેઆંનતનો ભરેલો અને દોજખને લાએકનો હતો, અને તેણે એવું કહીઉછે કે, "લાંબી મુદત તલક, ખોદા તાઆલા તેની સંગતમાં હતો, તથા લબાંણ વખત સુધી તે એબલો તેની બંદગીમાંજ મસગુલ રહેઓ હતો અને ભારી સંકટ ખમેઉ હતું, તથા ઘણો ચીનતાતુર અને હલાકી તથા હર તરેહના અંદેશાઓથી તે ઘણો બેચેની ભરેલો થએઓ હતો. એવી રીતની તેના મનની જંજાલી અને ઝહુરાપાના હીંગામમાં, અબલીસ અથવા શેતાન મોજુદ થએઓ, અને ઘણો બદ સુરત અને કદર બીહામનાં દેખાવનો હતો, તેથી તે ખરો ખોદા તેનો ધીકાર કરી તેનીથી અંતરંગ રહેઓ, અને તેને જેર કરવાને ચાહીઉ, તેથી તે અબલીસ નાચાર થઇ પડેઓ અને તેની આગલથી નાહસી ગીઓ અને તેઆરથી તે આજ સુધી તે ધીકારએલો અથવા બાતેલ થાએલો રહેઓ." (એ એશારો જરતોશત અને તેની દીનની તરફ કીધેલો સમજવો.)

વલી એક બીજી કેતાબ, "શંમસુલ લોગત" નામની, અને ૧૮૬૧ ના સાલમાં, આએ મુંબઈ ટાપુમાંજ, ઇબરાહીમ બીન નુરમહમદ નામના એક કાજીએ તથા "નુરદીન બીન જીવાખાંને" છપાવી હતી તેમાં એમ લખ્યુંછે કે—

"**ઝરતોસત**" તે એક હકીમનુ નામછે કે જેણે આતશ પુંજવાનો ધરંમ ફેલાવેઓ હતો, અને તેની ઉપર તે **ખોદાતાલાની લેઆંનત ર હેજો.** "જંદ" તે પેલી કેતાબનુ નામછે કે જે **ઈબરાહીમ ઝરતોસતે** પોતાની આતશની પરેસતેશ કરવાની **બાતેલ દીનનો** ફેલાવો કરતી વખ તે લખી હતી."

—o—

(જુદી જુદી આશામીઓનાં દસતાવેજો.)

એ ઉપરાંત પારસીઓએ પોતાની ફરીઆદને લગતી બાબતોની સચા ઇ સાબેત કરવા સારૂ જુદી જુદી આસાંમીઓની સહી સાખ તથા ની શાંનો સુધાંનાં જુદા જુદા દસતાવેજો અંગરેજીમાં લખાવેલા મજકુર અ રજીની સાથે મોકલેઆછે, તે દસતાવેજો નીચે જણાવેલી મતલબનાછેઃ—

૧ લું—મી૰ દોરાબજી પેસતનજી મેવા વાલાએ એવું લખત આપી ઉછે કે મુસલમાંનો હુલડ કરનારાછે. તેની ખબર તેને થઇ હતી, તેથી તેણે પોતાની ઓરતને બાહારકોટના ઘરમાંથી કાહડીને માહલખશમી ખાતેના પો તાના સગાને ઘેર તા૰ ૧૨ મી ફેબરવારીને દીને મોકલી દીધી હતી, અને તા૰ ૧૩ મી અને શુકરવારે હુલડ થઇઉં હતું.

૨ જું—કાંદાવાલા મોહલા મધેની ઇસકોલના મી૰ ફરામજી બરજો દજી નામનાં માસટરે એવો દસતાવેજ આપોછે કે તા૰ ૧૩ મી ફેબરવા રીએ કેટલાએક મુસલમાંનોએ તેને ચેતવણી આપી હતી કે એ દીને ઇ સકોલ નહી ઉઘાડે તેથી તેણે તે ઇસકોલ સહવારનાં કલાક ૧૧) ને અંમ લેજ બંદ કરી છોકરાંઓને છુટી આપી હતી, અને બપોરે ૧) વાગે ફેસા દ થએઓ હતો.

૩ જું—પેલી "પરસીધ પેગંમબરો" નામની ચોપડીનાં બનાવનાર મી૰ રસતંમજી હોરમજીએ મી૰ સુટર સાથે તથા મી૰ એજીંગટંન સાથે વાતચીત કીધી હતી અને ચોપડીઆ મી૰ સુટરને સવાધીન કીધી હતી તથા

તાંહાં મી० સુટરની આગલ આવેલા મુસલમાંનોએ કેટલીએક ધંમકીના સખુંનો તેહને કહેઆ હતા તે વીશેનો મી० રસતંમજીની સહી સાખ સુધાંનો દસતાવેજ.

૪ થું—ધોબીતલાવ આગલ રેહનારા કેટલાએક જરતોશતીઓએ પોતાની સહીઓ સુધાંનો એક દસતાવેજ આપોછે તેમાં લખુંછે કે, એ હુલડ થવાનુછે તે બાબેની ખબર તા० ૧૧ મી ફેબરવારીને દીને મી० સુટરને આપવા ગીઆ હતા, તાંહાં મી० એજીંગટંન મલેઓ તેને તમામ હકીકત કહી હતી અને તેણે તે બાબેની ચોકસી રાખવાને દેલાસા ભરેલા સખુંનો કહેઆ હતા તે વીશે.

૫ મું—મી० રતંનજી માણેકજી રતનાગરે એવું ઓચર લખી આપુંછે કે તા० ૧૩ મી ફેબરવારીને દીને કરાફરડ મારકેટ આગલ કંઇ સામંન ખરીદવાને ગીઓ હતો તાંહાં આસરે ૧૧) કલાકને અંમલે એક બીજા પારસીએ એવી ખબર આપી હતી કે મુસલમાંનો ફેસાદ કરવાનાછે વાસતે તાંહાં લાંબો વખત ઓટી નહી રેહવું.

૬ ઠું—મી० રસતંમજી એદલજી કાકલીઆ–તથા મી० ધંનજીભાઇ હોરમજી ખાંન–તથા મી० બરજોરજી ઉકરજી મીસતરી તથા મી० નસરવાનજી રતંનજી–તથા મી० શાપુરજી મંનચેરજીએ લખી આપુંછે કે તા० ૧૩ મી ફેબરવારીની સહવારે કલાક ૧૧ થી ૧૨) ની વચે મુસલમાંન લોકોએ તાંહાંની મસજીદની અગાસીપરથી પથરા મારેઆ હતા.

૭ મું–કેટલાએક હીનદુ વેપારીઓ અને દુકાનદારોએ એવું લખી આપુંછે કે હુલડ વીશેની ગરબર સહવારથી સંભલાતી હતી તેથી તેઓએ પોતાની દુકાંનો ૧૨॥ વાગે બંદ કીધી હતી અને આશરે ૧) વાગે હુલડ થઇઊં હતું.

૮ મું—બોમબે ગેજેટના અધીપતી મી० મેકલીને પોતે જોએલા એ હવાલનો દસતાવેજ પોતાની સહી સાથે આપોછે.

૯ મું—સેઠ ખેરામજી જીજીભાઇએ મી० સુટર ઉપર પતર લખી એમ જણાવીઉ હતું કે પોલીસની તકેદારી બરોબર નથી અને ખેતવાડી તરફ ફેસાદ નરંમ પડેઓ નથી તે તથા એનો જવાબ મી० એજીંગટને મોકલેઆ હતો તે.

૧૦ મું—મી૦ પેન નામનાં અંગરેજ વકીલે લખી આપુંછે કે એ ફેસાદની વખતે પોલીસની ચોકી બરોબર નહી હતી અને પોલીસના એક કનસટેબલે તેહને એવું જણાવું હતું કે તેઓ તદંન થાકી ગએલાછે, અને જો મુસલમાંનો ફરીને ફેસાદ કરેતો તેઓથી તેનો અટકાવ થાય તેવું નથી.

૧૧ મું—જીવંનલાલજી નામના હીનદુઓના માહરાજ તથા બીજા ૪૦૦) હીનદુઓની સહીની અરજીમાં એવુ જણાવું હતું કે પેલાં મુરડાં સાથે આસરે ૩૦૦) સીધીઓ સોટા અને ફેસાદ કરતા ભુલેસર આગલથી પસાર થએઆ હતા.

૧૨ મું—બાહરકોટ ખાતે રેહનારા જે જે પારસી કુટંબો ફેસાદથી બીહીને પોતાના ઘરો ખાલી કરી કોટમાં આવી વશ્યા હતા તેઓના નામ નીશાંનો અને સહી સાખો સાથેનો દસતાવેજ.

પારસી તથા મુસલમાંન બંધવાઓની છેહલી તપાસ અને શીખસા.

તા૦ ૨૧ મી એપરેલ ૧૮૭૪ ને દીને પેલા ૧૦) પારસીઓની તપાસ હાઇ કોરટમાં જડજ તથા જુરીની આગલ ફરીને શરૂ થઇ હતી. એ વખતે સરકારની તરફનાં બારીસટરે તથા જડજ મી૦ મારીએટે, બંધવાઓની તપાસને સારૂ જુરીનાં ગરહસથોને ચુટી કાહડવાનો હક અથવા છુટ જે બંધવાઓને હોએછે, તે છુટમાં કંઇક હરકત નાંખી હતી તેથી તથા સરકારની તરફની કંઇક રીતની બીજી જબરદસતી જણાએઆથી બંધવાઓની તરફના બારેસટર જંન ૪) તથા તેમનાં વકીલો અને પુશકલ બીંજા ગરહસથો તે પારસી બંધવાઓનો બંચાવ કરવાનુ કામ પડતું મેલી તદંન નાંરાજી અને બેવીશવાસુ થઇ, જડજ તથા જુરીની સામણેથી તરત જ ઉઠી જઇ કોરટની બાહેર જતા રહેઆ હતા, અને તેઓને જોઇ બીજા સેંકડો તમાશગીરોબી કોરટમાંથી જતા રહેઆ હતા, તે દેખાવ અને બનાવથી આખી કોરટમાં ધભરાટ અને અચરતી મચી રહી હતી, અને ઘડી ભર સરકાર તથા પોલીસની તરફનાં હીમાતીઓને વીચાર અને ઉદા

સીમાં પડવું પરીણ હતું. સરકારની એક તરફી અને હુજત ભરેલી ચાલ વીશે ગોઆ સુધા અંગરેજ લોકોમાખી બેદીલી અને દલગીરી ઉપજી હતી, અને તેથી અતરેના અંગરેજી પતર વાલાઓએ કેટલાએક સખત ટીકા કરેઆ હતા તેમાંથી નીચે મુજબનો સાર જણાવીએછે:—

(Bombay Gazette 22nd April.)

The greatest mistake Mr. Chisholm Anstey ever made in his life was in dying a few months too soon. Over and over again, in the course of trials in which the liberty of a few obscure prisoners is staked against the character of the police and the prestige of the Government, the Parsees must recently have been tempted to raise the lament—

O for the touch of a vanished hand,

And the sound of a voice that is still!

Yesterday morning in particular, the spectators in the High Court would, we fancy, have seen another sight than that actually presented to their eyes, had Mr. Anstey been there to protest against any attempts, direct or indirect, on the part of the prosecution, to turn the High Court of Justice in this Presidency into a mere department of State.

Our complaint with respect to yesterdays proceedings in the High Court is of a different character. It will be observed, from our report, that the arbitrary course taken by the prosecution left the prisoners undefended.

For there is no concealing the fact that the prosecution of the Parsee prisoners is one of a very unusual character. It has been undertaken to vindicate the reputation of the police; and the only material evidence is that of policemen.

It is not our purpose, at present, however, to discuss the merits of the case, but merely to point out that its nature was such as to require the exercise of more than ordinary circumspection on the part of the Government Solicitor and the Advocate-General, so as to avoid even the appearance of trying to obtain a conviction with the aid of which the Government might be able to whitewash the reputation of the Police.

એજ મુજબનાં મતો "ટાઇમસ આફ ઇનડીઆ"એ તથા બીજાં પ તરવાલાઓએ આપેઆં હતાં અને હાલની કોરટના ઇનસાફની રીતીને નાપસંદ કીધી હતી.

સરકારે પોતાને મનગમતી રીતે જેઆરે જુરી બોલાવી માંતર ૨) બેજ પારસી બંધવાઓની તપાસનુ કામ જુદું આગલ ચલાવીઉ હતું તેઆરે કોરટનાં જડજે પેલા ૨) પારસી બંધવાઓ વીશે સવાલ પુછેઓ હતો કે–

આએ બંધવાઓને, આએ કનસટેબલની શાબસીની વાત કોઇ તરજુંમો કરનાર સંમજાવેછે કે નહી?

તરજુંમો કરનારે જવાબ આપેઓ કે,–સાહેબ એ બંધવાઓતો કંઇબી ચોજ સાંભલવાને નાં પાડેછે, અને દુર જઇને પેલાં ખુનાંમાં બેઠાછે.

તેઆરે માંણેકજી નામનો એક બંધવો બોલેઓ કે–સાબશીની વાત સાંભલવાની હવે સું અગત રહી, હમારો બંચાવ કરનાર બારેસટરોને તો તમોએ હાંથી જવા દીધા?

જડજ બોલેઓ–જો એ લોક સાંભલવા નાં કેહછે તો ચીનતા નહી, પણ તું જેમ બને તેમ મોટેથી પોકાર મારી તરજુંમો કરતો જા, એટલે તેઓનાં સાંભલેઆમાં આવી શકસે.

વલી બંધવાઓને જડજે પુછીઉ કે તમારે કંઇ સવાલો આએ કનસટેબલ મી० મીલસને પુછવાછે? તેઆરે માંણેકજીએ જવાબ દીધો કે–સવાલો પુછવામાં સું વલે? હમારો બરોબર ઇનસાફજ થતો નથી. સરકાર પોતે જુલંમથી હમોને સજાજ કરવા ચાહેછે.

જડજ બોલેઓ કે, જાંહાં સુધી આએ તપાસ પુરી થાએ નહી તાંહાં શુધી તમારે કંઇબી ટીકા કરવા નહી જોઇએ, પણ કંઇ સવાલ પુછવા હોએ તે પુછો.

બંધવો નસરવાંનજી બોલેઓ–ઠીકછે હવેતો ખોદાની હજુરમાં સવાલો પુછીસું. સઉથી પેહલાંતો પોલીસે ભુલ કીધી. બીજી વેલા સરકારે ભુલ કીધી. તરીજી વેલા તમે જડજ સાહેબે પોતે ભુલ કીધી. પોલીસનો બંચાવ કરવાની ધારણાંથી, તમો લોકો હમોને મારવા ચાહો છેઓ, હમે લોકો ગરીબ અને બીનતકસીર છઇએ.

બીજો બંધવો માંણેકજી બોલેઓ કે—પોલીસે-સરકારે-અને જડજે ભુલથાપ ખાધીછે અને તેનાં ભોગ હમે થઇએછે. તમારી પોતાની સમજની ભુલથી આએ વાંક હમારી ઉપર મેલઓછે, અને આએ ઇનસાફની દરબારમાં જો હમોને ખરો ઇનસાફ નહી મલસે તો, તે ખોદાતાલાની દરગાહમાં હમો ઇનસાફ માંગીસુ.

જડજે પુછીઉં, અરે વારૂં તાહરા કંઇ શાખસી બાકસી છે?

બંધવા બોલેઆ—શાખસીઓતોછે—પણ જેઆરે સરકારજ હમારી સામને દુશમની લઈ બેઠીછે તેઆરે શાખસીઓ બોલાવાનુ કામ નકામુંછે.

એ બાદ જુરીએ એ બેઉ પારસીઓને તથા બીજા પાંચ પારસીઓને તકસીરવાર ઠેરવેઆ હતા અને ૩)જણાંને છોડી દીધા હતા. તથા પેલા ૧૯) મુસલમાન બંધવાઓ મધેથી ૧૫) જણાંને છોડી દીધા હતા અને ૪) જણાને તકસીરવાર ઠેરવેઆ હતા. તા૦ ૨૫ મી એપરેલને દીને સાત પારસીને ૬) છ મહીનાંની, અને ચાર મુસલમાંનને ૨)બે મહીનાંની સખત મજુરી સાથેની સજા કીધી હતી.

એ પરમાંણે એ ઇઆદગારી ભરેલી હીનસપતીદાર ફેસાદના કામનો અંત આવેઓ હતો, અને મુંબઈની સરકારની તથા પોલીશની ચાલ જોઈને,- તથા કોરટના ઈનસાફની રીતો જોઈને,- તથા પારસીઓની હાલત અને હીલચાલો જોઇને--હમોને પેલા નામોચા ઈઅરોપીઅંન ફીલસુફના સખુંનો ઈઆદ કરવા પડેછે કેઃ-

"That the condition of men (Parsees) is such that if they have a mind to be just they must act imprudently; and that if they have a mind to act prudently they must be unjust; and that it follows there can be no such thing as *Justice* because a *Virtue* inseperable from a *Folly* cannot be just."

બાબ ૧૨ મો.

પારસીઓનાં તંન તથા મંનની પડતી હાલત વીશે, તથા આતશની પાસબાની કરનાર હેરબદોની ખરી ફરજ વીશે, તથા આએ હુલડમાં જે વોએ સારી હીમત અને ધીરજ બતાવી હતી તે તથા તેને લગતી વલગતી બીજી અગતની બીનાં વીશે.

આગલા જમાંનાંનાં ઇરાંનનાં પારસીઓ કરતાંને, હીનદોસતાંન મધેના હાલનાં પારસીઓ, તંનનાં તેમજ મંનનાં કઉવતમાં તથા બીજા ઘણા સારા ગુણો અને ખુબીઓમાં અતી ઘણાં ઉતરી ગીઆછે, તે વીશે કેટલાએક સબદો, આએ પુસતકનાં આગલા ભાગ મધે હમો બોલી ચુકા છઇએ, અને એવી નબલી હાલતમાં તેઓ આવી પડેઆછે, તેનો મુલ સબબ હમોએ એમ જણાવેઓછે કે, જેમ જેમ હાલના પારસીઓ પોતાના આગલા નેઆંગાંનોની ભલી રીત રસંમોથી તથા દીન અને દુનીઆવી કાએદા કાંનુનોથી, ઉલટા ચાલતા ગીઆ, (departure from the virtues of ancestors) તેમ તેમ તેઓ પડતી હાલતમાં આવતા ગીઆછે, અને હજી પછીબી જો બનતો સુધારો નહી કરેતો એથીબી વધારે પડતી અવસથા ભોગવસે તેમાં કસો શક નથી. હવે એ રીતનાં હમારાં મતનાં ટેકામાં, આગલા વીદવાંનોના સખુંનો, હમારા દાનાવ વાંચનારાઓની નજર હજુર ધરવાની રજા લીજીએ છઇએ. મી० સુવીફ્ત (Swift) નામનાં વીદવાંને પોતાના દેશી ભાઇઓને સીખાંમંણ દેતી વખતે લખુંછે કે—

"The ruin of a state is generally preceded by an universal *degeneracy* of manners, and contempt of religion, which is entirely our case at present."

(ઊપલા પ્રકરાનો ખોલાસો.)

"જેઆરે એક દેશનાં લોકો પોતાની અસલી ભલી રીત રસંમોપર ચાલવાનું પડતું મેલેછે, તથા જેઆરે તેઓ પોતાનાં ધરંમ તરફ ધીકારની નજરથી જોએછે, તેઆરે તેઓની ખરાબી થવા માંડેછે, કે જે હાલત માં હાલ આપણ આવી પડેઆછે."

વલી "મી॰ ટીલટસંન" નામનો એક બીજો ગરંથકાર લખી ગીઓછે કે—

"It is true, we have contracted a great deal of weakness and impotency by our wilful *degeneracy* from goodness." &c.

(ઊપલા પ્રકરાનો ખોલાસો.)

"આટલી વાતતો ખરીછે કે, આગલા વડવાઓની ખુબીઓ અથવા સદગુણો ઉપર અંમલ કરવાનું જાંણી જોઇને આપરે પડતું મેલીઊં, તેથીજ હાલ આપરે આએ નબલી અને નાંમરદી ભરેલી હાલતમાં આવી પડેઆછે."

હવે હમો મોટી નમંતાઇ સાથે પુછીએછે કે કોહો ખરો અને દેશહીતકારીક દીલનો જરતોશતી એમ કેહસે કે, ઉપર જણાવેલા બેઉ ઇઉરોપીઅંન ગરંથકારોના સબદોની ખરી મતલબ હાલના પારસીઓને સઘલી રીતે બરોબર લાગુ થતી નથી? આએજ કેતાબના આગલા ભાગમા કદીમ જમાનાંનાં ગરંથકારોનાં લેખોની શાહદતો ટાંકી હમોએ બતાવીઊછે કે, કદીમ પારસીઓની દીન ધરંમ સંબંધી તથા દુનીઆઇ રીત રાહ સંબંધી કેલવણી કેહવી પરકારની હતી. સતરોબો (Strabo) નામનો ઇઊનાની ગરંથકાર, જે ગીઆં આસરે ૧૮૫૦) વરશોની વાતપર થઈ ગીઓ હતો, તથા જેનોફુંન (Xenophon) નામનો બીજો નામીચો ગરંથકાર અને ફીલસુફ, જે આસરે ગીઆં ૨૨૦૦) વરસોપર થઇ ગીઓ હતો, તથા જોસીફુસ (Josephus) નાંમનો "જુઉ" અથવા ઇહાઉદી લોકોની જાતનો ગરંથકાર જે ગીઆં ૧૮૩૭) વરસની વાત ઉપર થઇ ગીઓ હતો,— તથા વલી સઉથી પુરાંનો અને બુજરગી ધરાવનારો પેલો ઇઉનાંની ગરંથકાર હીરોદોટસ (Herodotus) જે ગીઆં આસરે ૨૪૦૦) વરસોની વાત

પર થઇ ગીઓ હતો, તેઓનાં એક એતેપ્રાકી અને એકમતી સપ્પુંનોનાં દાખલા દલીલો ટાંકી, હમારા વાંચનારાઓની ખાતરજમાં કીધીછે કે, હાલ નાં પારસીઓ પોતાનાં નેઆગાંનોની ભલી રીત રાહથી કેટલે દરજેની બેપ રવાઈ ભરેલી અને કેવી ભઅેઅંકાર રીતની દુરી પકડી બેઠાછે, અને હ જી દીન ઉગે, તેઓની રીત રાહ વીશરવાની તો સું પંણ તેઓનાં નામ ઠાંમો,–તથા ઇધાંની નીશાનીઓ અને કામ–કીરતીઓખી વીશરી દેવાની, બલકે અકારી ગણવાની ગફલતી કરતા રહેછે.

આતશ બેહરામો અને આતશકદેહો મધેનાં પાક આતશની પાસબાં ની કરનારા મોબેદો અથવા હીરપદોની ખરી ફરજ વીશે, કદીમ લેખોનાં આધાર પરથી કેટલાએક સપ્પુંનો હમો આગલ લખી ચુકા છઇએ, અને આએ જગોએ આપરીજ દીનને તથા દેશને લગતી તવારીખોનાં આધા ર પરથી, એજ બાબત વીશે, જે સપ્પુંનો મરહુંમ ફીરદોસી શાએરે ત થા બીજાઓએ પોતાના પુસતકમાં લખાછે તેની સતા અતરે ટાંકી દેખાડીએછે.

ગુસતાસપ પાદશાહનાં જમાંનાંમાં હજરત જરતોશતની દીનનો ફે લાવો ઇરાંન દેશમાં થાએઆ બાદ, એ પાદશાહ એક વખત **જાબલુસ તાંન** તરફ **રૂસતંમ** તથા જાલને મલવા ગીઓ હતો, અને કેટલીએક મુ દત સુધી એજ મુલકમાં મોજ મજાહમાં રહેઓ હતો. પંણ "ગુસતાસપ" ની એવી ગેરહાજરીનાં સમાચાર સાંભલી, તુરાન દેશનાં **અરજાસપ** નામ ના પાદશાહે ઈરાંનનાં તે જમાંનાંનાં પાએતખત શેહેર "**બલખ**" ઉપર છુપો હોમલો કરવાની તઇઆરી કીધી. ભારી લશકર સાથે આસપાસની જ ગાઓ લુટતો અને વેરાંન કરતો તે તુરકી પાદશાહ "બલખ" શહેરમાં હોમલો કરી દાખલ થએઓ હતો. એ શહેરમા સઉથી મોટું અને નામી ચી બાંધણીનુ એક **આતશબેહેરાંમ** હતું અને તાંહાંનાં આતશની ખા સ પાસબાંનોને સારૂ ૮૦) હેંસી હીરબદો અથવા મોબેદો હતા. એ મોબે દો તે આતશની જાલવણી કરવા સારૂ તે પાક આતશનાજ ઓરડામાં, પો તાના હાતોમાં હથીઆરો લઈ ઉભા, અને ખુબ દલેરીથી લડેઆ, અને તે આતશને તે નાપાક મુદઇને હાતથી બુજાઇ જવા દેવાને બદલે, તેજ જગ

ઉપર લડાઇ કરી, પોતાના બદનોમાથી નીકલતાં લોહીની ધારોથી ગોઆ તે આતશને બુજાવા દીધો હતો. એવી જાંનફેશાંની અને જવાંમરદીને લગતા ફીરદોસીનાં આસરે ગીઆં ૧૦૦૦) એક હજારથી વધુ વરસાની વાત પર કહેલા અસલ સખુનો નીચે મુજબનાંછેઃ—

(ફારસી બેતો.)

"વજ્ર આન જન બા બલખ અંદર આમદ સીપાહ,
જેહાંન શુદ જે તારાજો—કુશતંન તબાહ.
નેહાદંદ સર સુએ આતશ કદેહ,
બદાંન કાખો એએવાંને જર આજદેહ.
વીરા હીરબદ બુદ હશતાદ મરદ,
જબાંન શાન જે ઇઅજદાંન પુર અજ ઇઆદ કરદ.
હમે પીશ આતશ બેકુશતંદ શાંન,
રેહે બંદગી બરનવીશતંદ શાંન.
જે ખુન શાન બેમોરદ આતશે જરદહુશત,
ન દાનંમ કે ઇન હીરબદરા કે કુશત."

(ઊપલા બેતોનો ખોલાસો.)

એ બાદ અરજાસપ પાદશાહ લશકર લઇને ઇરાનના પાએતખત શેહર બલખમાં આવેઓ, અને તેની કટલથી તથા તારાજગીથી ગોઆ આખી જેહાંન બરબાદ થઇ હતી. એ શેહર મધેનાં આતશબેહરાંમની દરગાહ તથા હવેલી જે કીમતી જર ગોહરોથી સંગારેલી હતી તે તરફ તેણે હોમલો કીધો. એ આતશબેહરાંમ મધે આતશની પાસબાંની કરનારા ૮૦) હેંસી હેરબદો હતા, જેઓની જબાંન હરદંમ તે ઇઅજદાંતાલાનીજ ઇઆદમાં હતી (ઇઆને જેઓ ખોદાતાલાની બંદગીમાંજ મશગુલ રેહતા હતા) તેઓ સઘલા તે પાક આતશની હજુરમાં કટલ થઇ મુઆ, તેઓની બંદગીની આખર આવી, અને તેઓના બદંનમાંનાં લોહીથીજ ગોઆ તે હજરત જરતોશતનો આતશ બુજાઈ ગીઓ હતો, (ઇઆને જાંહાં સુધી તે ૮૦) હેરબદો મધેનાં સરવે અને દરએક જંન, તેજ આતશની સંભાલ કરતાં, તેજ જગો ઉપર લડતાં અને બદકાર મુદઇની સામણે

થતાં મારેઆ ગીઆ હતા, તાંહાં સુધી તે આતશની આગલથી ખીશીઆ નહી હતા) પણ એ હેરબદો ઇઆને મોબેદો તુરકી લોકોનાં કીહા સરદારોનાં હાત ઉપર મારેઆ ગીઆ હતા તેઓનાં નામ નીશાંનો જણાએઆં નથી

હવે એ રીતની દલીલો દેખાડવાની હમારી મુલ મતલબ એજછે કે, આજનાં દસતુર—તથા મોબેદો અને હેરબદ સાહેબો જાંણે કે, હરએક મુશકેલીની વખતે પોતાની ફરજ ખરી દીનની રાહે આતશની પાસબાંનીને સારૂ કેમ બજાવવી. એ સાહેબોને, તેમજ આજનાં પારસીઓનાં હજારો જુવાન વીદીઆરથીઓને અસલી તવારીખનાં એવા અગતનાં ફલાંમોથી, જો પુરતી રીતે વાકેફગાર રાખેઆ હોએ તો, જે હસવા જોગી નબલાઈ અને ધીકારવા જોગ હીચકારાપણાની નીશાંનો તેઓ બતાવેછે, તેમા પુશકલ માંન ભરેલો સુધારો થાએ, અને અંગરેજ સરકારનાં જેવાં રાજમાંબી જે ઓદીન લોકો બેદરકારીથી તથા વગર દેહશતથી પાક આતશને અપમાન આપવાને પ્રાવી જાએછે તેનો સેહલથી અટકાવ થઈ સકે. પંણ આ પરી કોમનાં આજનાં સેઠીઆઓનાં અને આગેવાંનોનાં અંમલમાં, આપરીજ તવારીખ અને દીનઆઇને લગતા લેખોનુ ગનેઆંન આપવાને બદલે, જે હસવા જોગી બલકે હીનપસતી ભરેલી ચીજોનુ ગનેઆંન અતરેની લગભગ સરવે અને દરએક ઇસકોલ મધે સીખતા છોકરાઓને આપેઆમા આવેછે, તે જેમ ધરંમ ડુબાઉછે, તેમજ બદએકીની અને ગુમરાહો ભરેલુંછે, અને તેથી સેવટે કંઇબી સારાં ફલ નીપજે, કે પારસી ટોલાનાં માન મોભામાં વધારો થાએ, કે તેઓની આબાદી અને તંન—મંનની સક્તીમાં સુધારો થાએ, એવી વકી રખાઈ સકાતી નથી. જે ઇસકોલોમાં પોતાનાં નેક નીઆગાંનો અને પાદશાહ તથા સરદારોની પાક ઇઆદી ભરેલી તવારીખને બદલે, આ નીચે લખા મુજબની તવારીખો પારસીઓનાં જુવાંન છોકરાંઓને હજારો રૂપીઆ ખરચીને સીખાડેઆમાં આવે, તેની કેલવણીથી કીહો ખરો દેશહીતકારી જરતોશતી સારાં ફલ આપવાની ઉમેદ રાખી સકે. એ ઇશકોલોમાં છોકરાઓને રૂમ તથા "ગરીસ" ઇઆને ઇઉનાન દેશની તવારીખ સીખાડેઆમાં આવેછે, તેમાં જે ખીનાંછે તેનો માંતર હલકામાં હલકો એકજ નમુનો અતરે ટાંકીએછે.

(ઈસકોલોમાં સીખવેછે તે ચોપડી મધેનાં અંગરેજી ફકરાનો તરજુંમો.)

"ઇનીઅ"નાં કુટુંબના ૧૨) બાર રાજાએ "આસકેનીઅસ" ની પ છે રોમ દેશનાં લતા તરફ રાજ કીધું હતું. (આસરે ગીઆં ૨૬૦૦ વરશો પર રાજ કરનાર) છેહલા રાજાનુ નામ "પરોકાસ" હતું, અને તેના બે દી કરા હતા, તેમાં એકનુ નામ "નીઉમીટર" અને બીજાનુ નામ "એમીઉ લીઅસ" હતું. "એમીઉલીઅસ" જે નાંહનો છોકરો હતો તેણે રાજની લગામ પોતાનાં હાતમા જોરથી લીધી, અને "નીઉમીટર" જે વડો હતો પંણ જે સભાવે રાંક હતો, તેણે તે બાબે કંઈબી હરકત લીધી નહી. પેલા "એમીઉલસે" જોઈઉં કે "નીઉમીટર" નો એક છોકરો અને દીકરીછે, તે પાછલથી કદાચ વાંધો લેસે, અને તેણે જે રાજની ગાદી જોરથી પોતાના અખતરમાં લીધીછે, તે બાબે તેઓ ધબરાટ ઉઠાવસે, એવી ધાસતી ખાઇ ને, પેલા "નીઉમીટર" નાં એક પુરા દીકરાને મારી નખાવેઓ, અને "રીહા સીલવીઆ" નામની તેની એક બેહેનને, આતશ પુંજનારી જોગંણો (Vestal virgins) ની મંડલીમાં દાખલ કીધી, કે જે જોગંણોને તે દેશના ધારા પરમાંણે કોઈનીબી સાથે પરણવા વગર જીંદગી આખર કરવી પડતી હતી. પંણ એ કુંમારી છોકરીતો એકાએક "મારસ" ના મનાં દેવતા અથવા ઓદાએથી હંમેલદાર થાઇ, અને તેહને પેટ બે જોડીઆ છોકરા અવતરેઆ. એ તકસીર સારૂ તે ઓરતને ગરદંન મરાવી, સબબ કે આતશની પાસબાની કરનાર જોગંણ તરીકેની પાક દામંન તેણે સાચવી નહી હતી, અને તેનાં બેઉ દીકરાઓને નદીમાં ડુબાડી દેવાનો હોકંમ કીધો હતો. "તાઇબર" નામની નદીનાં પાણી તે વખતે રેલથી ઉભાઇ ઘણી લંબાણ જગાપર ફેલાએઆં હતાં, અને જે પારણાંમાં પેલા બેઉ છોકરાઓને તરતા મુંકી દીધા હતા, તે "પાલાતાઇન" આગલ એક જાતનાં જંગલી અંજીરના જાહાડના ડલ આગલ અટકીને ઉધું વલી ગીઉ હતું. તેવામાં એક વરૂની માંદા તે જગોપર પાંણી પીવા આવી લાગી. તેણે તે બેઉ છોકરાઓને ઊંચકીને પોતાના ગોફામાં મુંકેઆ, અને પોતાનુજ દુધ ધવારીઉં, પણ જેઆરે તેમને કંઇ ખોરાક જોઇતો હતો તેઆ

રૂ એક જંગલનુ પખશી જેને "મારસ" નામનો દેવતો પાક તરીકે ગણુ તો હતો તે ખોરાક પોંહચાડતું હતું. છેલે સરવાલે આએ અજાએબ જે વા બનાવની ઉપર તે ગામનાં રાજાના "ફાસતુલસ" નામનાં એક ભરવાડ ની નજર પડી, તેવીજ તે છોકરાઓને તે પોતાની "એકાલારેનસાઆ" નામની બાએડીની આગલ લઇ ગીઓ, અને તેઓના નામ "રામીઉલસ" અને "રીમસ" કરી રાખ્યાં, અને એ છોકરાઓ તે ભરવાડનાં છોક રાંઓની સાથે પાલાટાઇન નામના પાહડ ઉપર રહી—ઉછરીને—મોટા થએઆ."

"એ બેઉ છોકરાઓના, પેલા "નીઉમીટર" નામના મમાવાનાં ગા એધારો એક બીજો ભરવાડ, "આવેનટાઇન" નામની એક બીજી ટેકડી પર ચરાવતો હતો તેની સાથે પેલા આગલા ભરવાડને મારામારી થઇ, તે થી એક દીને દગાથી પેલા "રીમસ" નામના છોકરાને પકડીને "નીઉમી ટર" પાસે લઇ ગીઓ. તે છોકરાનો ઉમદા દેખાવ તથા તેની ઉમર જો તાંજ તે પાંમી ગીઓ કે તેતો તેની દીકરીનો દીકરો હસે. એ બાદ તેણે જે તપાસ કીધી હતી, અને તે છોકરાઓ પેલી વરૂની માંદાનુ દુધ ધાવી જીવેઆ હતા તથા બીજી વીગત જણાઇ હતી, તેથી તેની ખાતરી થઇ હતી કે, તે તેજછે. વલી પાછલથી પેલો "રામીઉલસ"બી પેલા અસલ ભ રવાડ સાથે "નીઉમીટર"ની પાસે આવેઓ હતો, તેથી તે બુઢાએતો ચો કસજ જાંણીઉ કે, તેઓ તેની દીકરીનાજ દીકરાછે. એ બાદ તેઓ સઘ લા એકમત થઇને, પેલા "આમીઉલીઅસ"પર કીનો લીધો, અને તેને કટલ કરી, "નીઉમીટર"ને તખતપર બેસાડેઓ હતો. પાછલથી પેલા બેઉ ભાઇઓએ એક શેહર બાંધવાની ધારણાં કીધી, પણ તે કાંહાં બાંધવું તે વીશે તેઓમાં ટંટો ઉઠેઓ હતો, તેથી સેવટે એવું ઠેરવાઊં કે જે તરફ તે વંણવો દેવતા અથવા ખોદા અશારત કરે, તે તરફ બાંધવુ. બેઉ જ નાં બે પાહડોની જુદી જુદી જગાના મથાલાંપર ઉભા, અને ખોદા તેઓ ને અશારત કરસે તેની ઉમેદમાં હતા. આખી રાત તો ખાલી ગઇ, પણ સહવારનુ પોહર થતાંજ જાંહાં પેલો "રીમસ" ઉભો હતો તાંહાંથી ૬) છ ખલીલો અથવા ગીધ પખશીઓ પસાર થએઆં. એ બનાવની ખબર તેઓ "રામીઉલસ"ને કેહવા સારૂ પેલા બીજા પાહાડ તરફ જાતા હતા તે

આરે સુરજનુ ઉગવું થઇઉ, અને તેજ વખતે ૧૨) બાર ખલીલો તે "રા મીઉલસ"ની નજદીકથી ઉડી જતાં જણાંએઆં, તેથી તમામ તાંહાંનાં ભ રવાડાએ એવો ઠેરાવ કીધો કે "રામીઉલસ" જીતીતેઓ વાસતે તેને ગમે તાંહાં તે શેહર બાંધે."

હવે ઉપર લખ્યા મુજબ "Vestal virgins" એટલે આતશની પા સબાંની કરનાર કુમારી જોગણો એવું હમે જણાવીઉ છે તેના ખોલાસામાં બે સખુંનો બોલીએછે.

આગલા ઈઊનાની તેમજ રોમંન લોકોમાં એવી જોગંણોનાં અ થવા વેરાગંનોના ટોલાં હતાં ખરાં. "એનીસ" નામનો શખસ "તરાએ" નામનાં શેહેરમાંથી એક જાતનો સદા રોશંન રેહનારો આતશ લાવેઓ હ તો, અને એ દેશોના નેઆવીસો, તથા મોટા અમલદારો જેઆરે પોતા ના ઓધા પર અથવા કંઇ બીજા કામ ઉપર મશગુલ થતા, તેઆરે એ આતશની આગલ કંઇ ભોગ આપેઆ અથવા કીરીઆ કીધા બાદ થતા હતા. રોમ દેશનાં લોકો, એ આતશને પોતાના ઘેરોના સઉથી વચલા ભાગમાં રાખતા હતા, અને તેની આસપાસ બેસીને દરએક ઘેરનાં અથવા કુટુંબ ના લોકો પોતાનુ ખાંનુ ખાતા હતા, અને એથી તેઓ પોતાનાં દીલો સા ફ થએલાં તથા તેમનો સંબંધ અને એક બીજા ઉપરની મોહબતને ન વેસરથી જોડાએલી સમજતા હતા. એ ઉપરથી એવું સંમજાતું હતું કે, દર એક ઘેર તે આતશની પુંજાનું મંદીર હતું, પંણ જેઆરે મોટું જાહેર જસન થતું તેઆરે તે શેહેરનાં તમામ ખાસો આમ લોકો જાણે એકજ કુટુંબનાં લોકો હોએ તેમ એક બીજા સાથે હલી મલી જાતાં હતાં. તે આતશનાં મંદીરમાં કંઇબી જાતનુ પુતલું નહી રાખતા હતા, અને મં દીરનો આકાર ગોલ ગુંબજના આકાર જેવો રેહતો, અને તેમાં પેલો શ દા જલતો આતરાજ એક કેબલા તરીકે રાખતા હતા અને તેની પા સબાંની કુમારી જોગંણો કરતી હતી. એ બાબેનાં અસલ અંગરેજી એ બારતના સખુંનો નીચે મુજબનાંછેઃ—

"Aeneas was believed to have brought the eternal Fire of Vesta from Troy, and the consuls, and dictators, before entering upon their official functions, sacrificed to Vesta at Lavinium. In the

Ancient Roman house, the hearth was a central part, and aronnd it all the inmates daily assembled for their common meal, and every meal thus taken was a fresh bond of union and affection among the members of a family. Every dwelling house therefore was, in some sense, a Temple of Vesta, but a public sanctuary united all the citizens of the state into one large family. The Temple was round with a vaulted roof, like the impluvium of private houses. The Godess was not represented in her temple by a statue, but the eternal fire burning on the hearth or alter was her living symbol, and was kept up and attended to by the Vestals, *her virgin priestesses* As each house, and the city itself, so also the country had its own Vesta, and the latter was worshipped at Lavinium. The Godess was regarded as chaste and pure like her symbol, the Fire, and the Vestals, who kept up the sacred fire, were likewise *pure maidens.*"

હવે ઉપર લખ્યા મુજબ પેલી કુમારી જોગંણે આશમાનપરનાં મંગલ સેતારાનાં દેવતા સાથે સંબંધ કીધો તેથી તેને પેટે જોરીઆં છોકરાં થએઆં હતાં, તેઓને નદીમાં નાખેઆં હતાં તથા તેઓને વરૂએ પાલેઆં, તે બાદ પેલો ભરવાડ લઇ ગીઓ હતો, તથા તે બાદ, તેઓ ખલીલોનાં સગંન જોઇને હાકંમ બનેઆ હતા, અને શેહરો બંધાવેઆં હતાં, એવી વેહમી અને બુતપરસતી ભરેલી તવારીખની બીનાં આજ પારસી ભાઇઓના બાલકો સીખેછે તેનો જે હમોએ દાખલો આપોછે, તેતો ગોઆ હજારો બલદોની પીઠપરના એક જાતના અનાંજનો નમુનો જેમ એકજ મુઠી અનાંજથી દેખાડેઆમાં આવે, તેવો એક નમુનો સમજવો—અને જે છોકરાઓને એવી કીસંમની કેલવણી મલે તેઓ પોતાના નેઆગાંનોની તવારીખોની અને તેઓના કામકાજોની અને પોતાના ધરંમ દીનની તવારીખોની સું ખબર રાખી સકે? હમારી જાંણ પરમાંણે મુંબઇમાં કે સુરતમાં કે બીજા ગાંમો ખાતે, કોઇ એવી ઇસકોલ નથી કે જાંહાં એ રોમની તથા ઇઉનાંનની જેવી નકામી અને તકલીદી વેહમ ભરેલી તવારીખ સીખાડેઆમાં નહી આવતી હોએ. સબબ કે જાંહાં સુધી એ તવારીખોનુ એવું બેઢંગું ગનેઆંન મેલવે નહી તાંહા સુધી, સરકારની તરફના તપાસ કરનારાઓ કોઇબી ઇસકોલના છોકરાને પુરવીન ગણી પસાર કરતા ન

થી. એ બાબેની સચાઇ વીશે કોઇબી પારસી સેઠીઆએ અથવા ગરહ સથે પોતાના દીકરાઓને પુછી તપાસ કરી લેવી. એવી કેલવણી સરકારના ખરચ અસતકની મસકોલોમાં તથા બીજા ઇઅરેપીઅંનો અને ફરંગીઓની ઇસકોલો અસતકથી આપેઆમાં આવેછે, તે એક જુદી વાતછે, પણ જેઆરે મરહુમ સર જંમશેદજીવાલી, તથા કોટમાંની "ફ્રોપરાઈટરી ઈસકોલ જેવી ખુદ પારસીઓનાંજ ધરંમખાતાંની અને પારસીઓનાજ પઈસાથી ચાલતી ઈસકોલોમાંબી તેહુંજ સીખવેઆમાં આવેછે, અને પારસીઓની દીન કે દેશની તવારીખને લગતો એક હરફ પણ સીખાડેઆમાં આવતો નથી, તેઆરે તે દીનડુબાઊ—તથા દેશાવીશરાઊ અને ખોદા ભુલાઊ કેલવણીછે, એમ કોણ નહી કહી સકસે? અને જેઆરે એવીજ કેલવણી અપાઇ ચુકીછે તેઆરે આપરી દીનઆઇનનાં એકીન સંબધી તથા કદીમ વતંન અને નેઆગાનોના ચાહા સંબંધી આજનાં જુવાંનીઆઓનાં હાલ કેવાંછે, તે હાલ આપણે જોઇએછે, અને એ વીજ કેલવણી હવે પછે ચાલુ રહેસે તેનુ પરીણામ સેવટે કેવી બુરાઇમાં ઉતરસે તેનોબી ખ્આલ બાંધવાને બીલકુલ મુસકેલ નથી, એવુ હમો માંનીએ છે. રાજ ખોહીએ તે ખરાબી પરવરે તેવીછે,—દેશ ખોહીએ તે ખરાબી બરદાસત થાએ તેવીછે,—ધંન માલ ખોહીએ તે ખરાબી સોસાઈ સકાએ તેવીછે,— પંણ ખુદ દીન પરનાં એકીન—તથા ખુદ દેસ પરના અભીમાંન, તથા ખુદ વડવાઓની નેકી અને ખુબો ભરેલો રાહરસમોપર, જેઆરે કોઇ ટોલાના લોકો પાંણી ફેરવેછે, તેઆરે કોઈબી જગાપર, કે કોઇબી સરકારના આસરા હેઠલ, તેઓના માંન મરતબાનો ટેકાવ રહી સકતો નથી, અને સેવટે આએ જેહાંનમાં ખુવાર તથા હારમાર થઇ—પેલી જેહાંનમાં દુખ અને સજાનાં ભાર સોસવાને આધીન થઇ પડેછે, એવું ચોકસ ઇઆદ રાખવું.

હમો આગલ કહી ચુકા છઇએ અને ફરીનેબી કહીએ છઇએ કે, હાલના પારસીઓ જો પોતાના વડાવાઓની રીતરાહ તજી નહી બેઠા હતે, તથા તેમનાં એકીન દીનઆઇનને લગતી બાબતોપર ખરેખરાંજ ચુસત હતેતો, આએ વખતનાં હુલડમાં કેટલીએક રીતની હસી કાહડવા જોગ ન

બલાઇઓ દેખાડી હતી તે નહી દેખાડતે. એ નબલાઇઓ કહી પરકારની હવીઓ તેનુ બેઆંન કરી, હમારા પેઆરા જાતભાઇઓને જુદદીનોની નજરમાં તદ્દન હલકા પારવાની હમારી ખાહેશ નથી, તોબી હુલડનાં પાછલા દીવસોપર જે લગરીક હીમત ભરેલો દેખાવ ધોબીતલાવ—તથા ચંનડંનવાડી તથા ખેતવાડીના કેટલાએક જુવાંન પારસીઓએ કીધો હતો તે ખરેખર મોટી શાબાશીને લાએક હતો, એટલુંજ હમો કહીએછે.

તા૦ ૧૫ મી ફેબરવારીની ખુનાંમરકી ભરેલી મારામારીને દીને, મુસલમાંનો આતશબેહરામો ઉપરબી હોમલો કરનારછે, એવું સાંભલતાંજ દાદીસેઠનાં આતશબેહરામના પાક આતશની જાલવની કરનાર એક બાહદુર ઈરાંની હેરબદ, પોતાના હાતમાં નાંગી તલવાર લઈ, તે આતશની આગલ ઉભો રહેઓ હતો, અને જેબી બદકાર શખસ તે આતશને અપમાન આપવા આવે તેને જીવથી મારવાનો ઠેરાવ કીધો હતો, તે ગોઆ તેણે પોતાની ખરેખરી ફરજ બજાવાનો ઠેરાવ કીધો હતો એમ સમજવું—અને એ વાત સાંભલી હમોને મોટો શંતોશ ઉપજેઓ હતો, અને એજ દીનદાર ઇરાંનીની ચાલનો દાખલો, દરએક અગીઆરી અને આતશ કદેહના દરએક અને સરવે મોબેદોએ પકડવો જોઇતો હતો, એવો હમારો વીચારછે, અને એવાં બોલવાની સાબેતીમા અસલી તવારીખો અને બનાવોના દાખલા દલીલોબી હમો બતાવી ચુકા છઇએ.

એ ફેસાદની વખતે હમો દલગીર છઇએ કે લગભગ સઘલી ઇસકોલોનાં છોકરાઓને રજા આપી, ઇસકોલોનાં બારણાં બંધ રાખેઆં હતાં, પણ હમો કહીએછે કે એમ નહી થવું જોઇતું હતું. જો એ ઇસકોલોનાં પારસી માસતરો અને શીખસકોમાં જાતી હીમત અને ઝરફ—તથા પોતાની દીનનુ જહનુન અને દેશના અસલી તવારીખનુ ગનેઆન હતેતો, તમામ ચુનંનદા અને ઉઘરતા જુવાંન છોકરાઓને તે બાબેનો ઘટતો સબક ધીરજથી આપી, તેઓનાં દીલ પોતાની દીન અને દેશના મુદઇઓની સામણે થવાને, તથા ઘટતી વખતે, ધારા મુજબજો પોતાનો અને પોતાના માએ બાપો અને જર માલનો તથા પોતાની દીન ધરંમનો બંચાવ કરવાને ઉશકેરતે અને તે બાબેની ઘટતી તદબીરો સીખવતે તો તે લેસંન

તે છોકરાઓ પોતાની જીંદગીનાં છેડા સુધી ઇઆદ રાખી, કોઇબી દાહાડે તે અંમલમાં લાવી સકતે. પણ એ ઇસકોલોના માસતરોએ એથી તદ્દંન જ ઉલટું કરી અથવા ઉલટું થવા દઇને તમામ નાધલા મોટા વીદીઆર થીઓને હીચકારા–અસકત–ભએ ભરેઆ અને અગનેઆંન રાખેઆ હતા, તેબી એક ઘણોજ માંઠો અને અપસોસ કરવા જોગ બનાવ બનેઓ હતો. પણ એ બાબેની હમારી સઘલી દલગીરીને નરંમ પારવા બલકે નાંબુદ કરવા લાએક એકજ દાખલો બનેઓ હતો, અને હાલનાં તેમજ હવે પછેનાં જમાંનાંનાં જુવાંન તેમજ બુઢા પારસી વાંચનારાઓની વાકેફગારી સારૂ તેની નોધ આએ હમારાં પુસતકમાં મોટી ખુશી સાથે કરીએછે.

એક ચંચલ અને ઝરપ જુવાન પારસી ગરહસથે, કેટલાએક બીજા ભલા દીલનાં જરતોશતીઓની મદત અને કુંમકથી "વાંદરા"ના જીલા મધે, ગીએ વરશે, એક "બોરડીંગ ઇસકોલ" ઇઆને પારસીનાં છોકરાઓને ખોરાકી–પોસાકી પોહચાડીને, તથા રાત દીન એકજ જગાપર રાખીને કેલવણી આપવાની એક ઇસકોલ ઇસથાપીછે. મુંબઇમાં મચેલા હાલના ફેસાદની વખતે, એ ઇસકોલ જોકે એક એકાંત અને જંગલ જેવી જગાપર હતી, તોબી નહી તે બંધ રાખી હુતી, કે નહી તેના છોકરાઓને તેમને ઘેરબારે જવા દીધા હતા, પણ ઓર ઉલટીજ અને મોટી તારીફ ભરેલી રીતે તેઓને એ સંકટની સામણે થવાને હીમત અને ઉલટ ભરેલા કીધા હતા. લગભગ તે સઘલા આસરે ૬૦) સાહસ બાહદુર છોકરાઓના હાતમાં પીસટોલો–રીવાલવરો–બંદુકો–તલવારો–સોટાઓ–પથરાઓ અને બીજાં ઘટતાં હથીઆરો આપી–તથા તેમનો ઉપીઓગ સીખવી, તથા આ સપાસની બીજી તદબીરો અને ટલાવતો કરીને, પોતાના જાંન—માલ—અને કેઆંની માંનનાં બચાવને ખાતર તઇઆર રાખેઆ હતા.

હવે હમો એ ઇસકોલનાં ઉપરીઓ, શીખશકો, અને નગેહબાનોને પુછીએછે કે, એવે વખતે, એ છોકરાઓને એ ટંટાની બાબત ઉપરથી, આગલી પાછલી તવારીખની બીનાં સંમજાવી હતી કે નહી? હમોને ખબર મલવા મુજબ એવું કસું કરેઆમાં આવીજ નહી હતું, પણ એમાં શીખશકોની મોટી ભુલછે. જાંહાં સુધી કોઇબી પારસીની ઇશકોલનો કોઇબી શીખ

શક અથવા ઉપરી પોતાના ચાગેરદોને પોતાની દીન—દેશ—કે નઆગાનોના તવારીખથી તથા તેને લગતી વલગતી બીજી બાબતોથી બેખબર રાખે,—તથા તેઓને ઘટતા સબકો દર જોગવાઇએ આપવા—અપાવાની ગફલતી કરે તાંહાં સુધી તેવી ઇસકોલો પાછલ લેવાએલી મેહેનત કે ખરચાએલો પઇસો હમો તદન વેરઠ ગણીએછે. દીન અને દેસનાં ચાહ સંબંધી પારસીઓનાં દીલની લાગણી જે સુસત અને મુરડાલ થઇ પડીછે, તેનો કંઇબી બીજો એલાજ નથી. જેઆરે એક ટોલાનાં લોકોનું પોતાની દીન પર બાલેશ એ કીન અને વતન પર ખરો ચાહ હોએછે તેઆરેજ તેઓ ખરી બાહદુરી અને જાંનફેશાંનીથી તેનો બંચાવ કરી સકેછે, અને પોતાના મુદઇઓને હેરત અને દેહશત ભરેલા રાખેછે. એવી હાલતમાં તે ટોલાની નાંધલી કે મોટી સંખેઆ પર જાહાજું વજન રેહતું નથી. રસીઆંન સરકારનાં લોકોની સંખેઆ ઘણી વધારેછે, અને અસલી "અલબરૂજ" (Caucasus) પાહાડની ઉપર વસનારા કેઆંની ઇરાંનીજ જાતનાં ટોલાનાં લોકોની સંખેઆ ઘણી કંમતીછે, તોબી આજ સેંકડો વરસો થએઆં એ બાહદુર પાહડનાં રેહવાસી અસલી ઇરાંનીઓનાં બચાં, રૂસીઆની સરકારને તમામ તેના ગંજાવર લશકરી અને દારૂ ગોલાના બલ સાથે ફાવવા દેતા નથી, બલકે ઓર એ રશીઅંન લોકોની કવાએદની અને ગોલાંમુગીરીની હાલતનાં તેમના લશકરની મશકેરી અને ધીકાર કરેછે.

એ પાહડી ઇરાંની ટોલાની અસલીઆત વીશે જણાંવતાં તવારીખકરતાઓ લખેછે કે તેઓ કેઆંની રેહવાસીઓની ઓલાદછે, અને તેઓને સું રસીઆનો શહેનશાહ "પીટર ધી ગરેટ,"—કે તુરકસતાંનનો પાદશાહ "તામુર," કે—પેલો મોટો ઇરાંની પાદશાહ "નાંદરશાહ" વઠીક જેર કરી સકેઓ નથી.

" They are regarded as the aborigines of the Caucasian isthmus, who, like the other nations inhabiting craggy citadel of the Caucasus, have preserved the uncouth *customs and military spirit of their ancestors.*"

"The wars of Timur, of Peter the Great, and of Nadirshah, against the people of the eastern Caucasus, have proved that these

ocalities of Daghestan and Lesghistan belong to the great isolated citadels of nations, which are able to protect their defenders and occupants against all the waves of nations that may break against them, and which hurl back the hosts of the mightest rulers, in the same way that the raging breakers are dashed back by the cliffs that gird the islands of the ocean."

ઉપલા ફકરાપરથીબી ઓટલી ગહવાઇ મલેછે કે, એ અસલી ઇરાંની પાહડી લોકોએ પોતાના બાપદાદાની રીતભાંતો તથા લડાઇ અને બાહદુરીનાં જોશાઓ જાલવી રાખેઆથીજ કોઇબી પાદશાહ કે કોઇબી મુદઇ તેઓ ઉપર આજ સુધી ફાવી શકેઓ નથી, કે તેમને હેરાંન કરી સકતો નથી. પણ અફસોસ કે એજ પાહડી ઇરાની લોકોની અસલીઆત ધરાવનારા અતરેના પારસી લોકો, પોતાના વડવાઓની રીતીઓ અને ખુબીઓ તજી બેઠાથીજ, આજે એક અતીસે નબલા, કંગાલ અને ફકીરી હાલતના ટોલાથી હેરાંન થઇ બુંમો અને બરાડો મારેછે. આજનાં જમાનાનાં જુવાંન પારસીઓ કેવી હસવા જોગ ચાલ ચલાવેછે તે આપરે દરરોજ નજરે જોઇએછે. અસલી જુવાંનો જેઆરે પોતાની તલવારોને મુદઇઓનાં માંથાંનાં લોહીથી રંગીન રાખતા હતા, તેઆરે આજના જુવાંનો પોમાટંનની કાંહાંસકીઓ અને નીબીઆઓ લઈ ઓરતોની પજે માંથાંપરનાં બાલો સમારેછે. જેઆરે અસલી અમીરોના જુવાંનો બરી બામદાદના વખતથી પગની અથવા ઘોડાપરની સવારીથી કોશના કોશ સુધી ચાલીને તથા ચોગાન દદીની રમતો રમીને બદંન કસતા હતા, તેઆરે આજનાં પઇસાવાલા જુવાંનો, દસ કલાકે ઘોલીઆ પરથી ઉઠી, કોચો અને ખુરશીઓપર બેસી, કાગલ અને ચીઠરાંઓના કટકા લઇ માંથાંપરના ગુછા અને બાલોને વલ આપેછે. કદીમ પારસીઓનાં જુવાનો, ભાલા અને ગુરજો તથા તીરકમાંનો અને છુટબરછીઓ હાતોની અંદર પકડી, મજબુત જોડા પગોમાં પેહડી, લડાઇનાં દાવ પેચોમાં તંન–મંન કસતા હતા, તેઆરે આજનાં જુવાંનો નાંજુક લાકડીઓ હાતમાં લઇ—એસકી "વેલાતી જોડા" પગોમાં પેહડી, ચલકતી વીટીઓ આંગલીએ—અને સુનેરી "આઇગલાસો" આંખોએ વલગાવી, વાજાંવંજતરનાં રાગો સાંભલવા, ઇઆ થીએટરોમાં ઓરતોના વેશ લઇ નાચ

વા ગાળામાં વખત ધુંમાવેછે. કેમ્બાનીઓનાં બચાંઓ મંનની કેલવણીના સંગાર સાથે પોતાનાં બદંનોને ખીલવેલાં અને ઉછલેલાં તથા કદાવર દેખાવના, તંનદરોસ્તી ભરેલાં અને ખુશનુમા ચેહરાનાં બનાંવા પછવાડે ઘટતી કોશિશો કરતા હતા, પણ આજનાં પારસીઓના તેમા ખસુસ કરીને પઇસાવારા પારસીઓનાં બચાંઓતો, ગોઆ દીનંડુગે નાંખેલા કદનાં, નાંજુક બાંધાનાં, દરદી કાએઆનાં, મોટાં પેટોવાલા, ફ્લબા પગોવાલા, ધ્રુજતા હાતો વાલા–આંખે રતાંજરા, "હીસટીરીઆ" તથા હરસોથી ભરેલા, અને બીજી રીતે ઓરીઅલ ખાંપીએલ બનતા જાએછે, કે જેનુ પુરતું બેઆં ન કરવું મુશકેલછે. હવે એવી રીતની હાલતને હમો પડતી હાલત અથવા આગલા નેઆગાંનોની હાલતથી ઉલટી હાલત નહી કહીએ તો બીજું સું કહીએ? અને એવી રીતના ઇનસાંનોથી હીચકારાપણું–બાએલાપણું–કબુધી–અને અનીતી સીવાએ બીજા કીહા સારા અને ખુબીવંતા ગુણોની આશા રાખી સકીએ? પણ એ સઘલાં માંઠાં પરીણાંમો તે એ બચાંઓને ઉધ્ધારવામાં તેમનાં માંબાપોની બેદરકારી, અને તેમને કેલવણી આપનાર ઉસતાદોની કંમ નેગેહદારીથી ઉપજેઆંછે, અને હવે પછેબી જો કંઇ ઘટતા ઉપાએ નહી થાએ તો તે વધારે બદતર હાલતમાં આપરે જોઇસું તેમાં શક નથી.

એ પારસી ભાઇઓ! જો તમો હાલનાંજ સંકટ ઉપર ઘટતો દરીઆફ્ત કરસો તો, તમોને તમારી હાલતને મલતા એલાજો સોધવાને ઘણુજ અગતનુ સંમજાસે, તથા હવે પછીનાં બનાવ વીશે દુરઅંદેશી કરી રાખવાનુ કામ ઘણુજ ગુણગારૂં જણાંસે, અને તેનાં જે ચોકસ અને ધારવેલાં પરીણામો નીપજવાં જોઇએ તે, એક મરતબે લાંબી મુદતે નીપજસે ખરાં, પણ તે ઘણાંજ મોટા શંતોશ આપનારાં અને સલાંમતી ભરેલાં નીપજસે તેમા શક નો જાંણસો. મોટી પીડા ઉપજાવનારી કોશેશોથી, બુરા દીલની પાપી નીશતાઓથી, અને જુઠા બાંહાનાંઓનાં તરકતી ફીતુરોથી, આજે અંગ્રેજના રાજમાંબી, તમારા વીચારોની છુટનો અટકાવ, અને તમારાં તંન–મંનનાં સુખનો ખરાબો થવા માંડેઓછે. ઇરાંનની પાદશાહીનાં પડી ભાગવાથી,—કેઆંની નેઆગાંનોનાં નાંબુદ થવાથી,—એલંમ હુનરની શીકશતે હાલીથી—

તથા દીનની ખાસ નીતી અને વતંનનો નીરમલ ચાહ તજી બેસવાથી,
છેહલા અંતની ખરાબીએ આપંણ પોંહચેઆ છઇએ, અને હાલ આપ
ણી મુઠીભર વસતી બીજા દેશની અને બીજી સરકારની નગેહદાસતીનાં
આસરા હેઠલ જીવનારી થઇ પડીછે, કે જેવી હાલતે આએ આખી પુરઠવી
પર કોઇબી બીજા ટોલાનાં લોકો જીવતાં હોએ તેવું દીસતું નથી. સઘલી
તરફથી નાહેડેલા—સઘલી તરફથી હારમાર થએલા—અસલી વેશને બદલેલા—
અને અસલી જબાંનને ભુલેલા, આએ હીનદી ખંડનાં મુંબઇ શેહેરમાં પ
નાહ પકડી બેઠા બાદ, અંગરેજી રાજનાં છતર હેઠલ આપરે આશાએશ
અને આરાંમ પકડેઓ હતો. પંણ જુલંમનો જંમ એ શહેરમાબી ઘુસેઓ
છે, અને જંજાલી તથા પાએમાલીની નીશાંન બતાવા લાગોછે. જે ભાખા
રી લુટારાઓનાં જોશની આગમાં આખું ઇરાંન બલીને ભસંમ થઇઉં હ
તું તેજ આગની ચોંગારી ગોઆ આએ શહેરમાંબી ઉડવા લાગીછે, અને
આપંણ હાલ મોટાં સંકટનાં બલતાંમાં ઉકલતા અને તફડતા થએઆછે,
તોબી ઇઆદ રાખવું કે,આએજ ટાપુ તે આપરી સલાંમતીનો "સીબા
શચાપુલ" (Sebastepool) છે, આએજ મુંબઇ તે આપરા ઠરી ઠાંમ
ની "થરમાપેલી" (Thermapyl) છે, કે જાંહાંથી, આપરા મુદઇઓ
નાં હોમલાનાં ભભુકદાર આતશને, ખરી સમજ અને ખરી ધીરજનાં આ
બી બુંમબાના જોરથી ફતેહમંદી ભરેલી રીતે બુજાવી સકીસું. તે મોટા
દાદારનો અને તેની પાક દીનનો દર જીગરમા ગબી, તમોએ વીચાર ક
રવો ઘટેછે કે, હવે પછેની તમારી ઓલાદ શી રવેશે ઉધરે, તેઓ કણી હા
લતમાં રેહે, અને કીહા ફેજે પોંહચે. તે લોકનાં ભાએગની લગામ હાલ
તમારાજ હાતમાંછે, અને તમારી પોતાનીજ હીલચાલ ઉપર તેઓના સુખ
ઇઆ દુખનો આધાર લટકેછે. જે વીપટથી ઇરાંનની આબાદીનો નાશ
થવા દીધો, તેવીજ વીપટ જો તમો અતરેબી ગુજરવા દેઓ તો, આ આ
કાશની હેઠલ કોઇ બીજી જમીન નથી અથવા આ દુનીઆંની સપા
ટપર કોઇ બીજું રાજ નથી કે જાહાં તમો પનાહ પાંમી સકો. લાંબાં
જમાનાં સુધીની બદબખતી અને હાદેસાની હુંમમાં રીબેઆ બાદ, આપરા
લોકો સજાગરૂ થએઆ હતા, અને તમામ જાતની ખુબીઓ—અને સ

આવતોમાં શંમેલગીરી અને હરીફાઇ કરેઆ બાદ, જે છુટ અને શુખસં પજની હાલત આપરે ભોગવવા લાગા હતા અને જેના ખરાં નુરની દીપ કથી ગુમરાહી અને અગનેઆંનપણાંના કાલાસને દફે કરવાને આપણ પ્રાવી સુકેઆ હતા, અને જેથી આપરા ધંધામાં બરકતની વરશી અને આપરા ઘરબારોમા ધંન માલની આબાદી થઇ હતી, અને મુંબઇને લગતાં તમાં મ ગાંમોની નાટકશાલામાં આપંણજ ગોઆ ખરી અચરતી અને શાબા શી ભરેલા ખેલાર્ડીઓ થઈ પડેઆ હતા, તેઆરે હાલમાં તમોએ પકો દરીઆપ્રત કરવો જોઇએછે કે, તે આપરી સુઘલી કીરતી, નામોરી અને નાબુદીના પરડામાં ધંકાઇ જવા દઇએ, કે મજબુત એલાજો અને ઘટતી તદબીરોથી પાછી તેને ખીલતી અને ઉગતી કરીએ. એક તરફથી તમે તમારા એલાજો પાછલ જાહેર રીતે કોશેશ કરો,—બીજી તરફથી ખરા વીદવાંનો પોતા નાં એકાંત લખાંણોથી, ખરા દુખીઓ અને પહરેજગારો પોતાની ગુપટ દુઆ ઓથી, વગર હથીઆરના નબલાઓ પોતાની જીભોની તેજી તલવારોથી, અને ખરા લાચાર બેચારો પોતાની આંખોનાં આંસુ અને જીગરોની હાએની અસ ર બુલંદ આકાશ તલક પોંહચાડીને તમારીજ ફનેહ ઇછવામાં ધનનેજાર અ ને મદતગાર રેહસે. પણ એટલું કરેઆ છતાંબી, જો તે કુદરતી તકદીર નો હાત તમારી તદબીરને ફાવવા નહી દીએ તો, તેનો ગંમ તમારે ખા વો નહી, પણ તમોએ તમારી ખરી ફરજ બજાવાને બનતા ઉપાએઓ કાં મે લગાડેઆ હતા, એટલોજ શંતોશ હઇએ ધરવો બસછે, અને એથીજ તમારી ઇઆદગારી આવતા જમાનામા કાએમ રહેઆ ઉપરાંત, તમારાં ફ રજંદો તરફ આપરા પારસી ટોલાનુ માંન અને મોહબત જારી રેહસે.

એ હાલના જમાનાંના દસતુર સાહેબો—અને અથોરનાંનો! તમોને દર એક દીનદાર અને દેશહીતકારીક જરતોશતીની તરફની સુચનાં એવીંછે કે, કમાં નની પાંખોપર ઉડતા તીરો પકડનાર અસલ દલેર લોકોની ઓલાદ તે તમો છેઓ, તથા તરસી તલવારોને મુદઇઓનાં રંગીન લોહીનુ પાંણી પાંનાર કેઆં નીઓની વંઉશનાં બચાં તે તમો છેઓ, અને સીહા કાડબનાં ધગલાની મીસાલ લડાઈનાં મેદાંનોમાં મુદઇઓની લોથોનાં ટેકડા કરનાર પલીતર પેહ લવાંનોનાં બેશીઓ તે તમો છેઓ, વાસતે હાલનાં હીગાંમપરથી કદીમ જ

માનાંની તવારીખના બનાવો તમોને ઈઆદ કરવા જોઇએછે કે, તે વખતનાં અથોરનાંનો જેમ અગતની વખતે, ખરાં જીગરથી એકદીલ થઈ, ખાલી જીભોની તાતવાત તજી દઈ, જીવ લેનારી તલવારોનો ઉપીઓગ કરવાને ચુકતા નહી હતા,—તથા અગીઆરીના મંદીરમાનાં પાક બંતર સાથે ખોલ્લાં મેદાનમાંનાં ખુનખાર ખંજરના હુનરથી બેખબર નહી હતા, તથા આતશ ઉપરની સુખડ–લોબાંણની ધુંઈ કરતાંને, મુદઈઓના માંથાંનાં લોહીનો છટકાવ વધારે હલાલ ગણતા હતા, અને જેઆરે વખતી જોગવાઇ મલતી તેઆરે ખોલ્લી જમીનને આતશનુ ધુપદાંણુ અને ઊંચા આકાશને અગીઆરીનો ગુંબજ ગણી સુખડ–અગર–અને લોબાંણની સુગંદીની કીરીઆને બદલે, તીર–ગુરજ અને ભાલાઓની માહ કરાંમત ભરેલી ખુનરેજીને વધારે પસંદ કરતા હતા, તેમજ તમોએબી હાલનાં વખતને મલતી–અને તમારી ફરજ તથા આધાને છાજતી રીતીઓ, (હમો જેમ આગલ જણાવી ચુકાચ તેમ) અખતીઆર કરવાને ભુલવું નહી જોઇએ. આતશ આગલની ચમચ–ચીંમટા–અને સુખડનાં પેરીઆંને બદલે, પીસ્ટોલ–બંદુક–અને રીવાલવરોનો ઉપીઓગ કરવાની હવે પછે અગત નહી પડે તેવું દીસતું નથી. આજસુધીમાં આ ફરતા આકાશે પારસીઓના સર ઉપર તહરેવાર વલાણો લીધાછે, અને હવે પછે અફરગાંન ભનવાના જામાં પીછોરીને બદલે, જંગનુ બખતર અને કમરબંદ પેહડાવે–તથા શેઆલ અને દોશાલાને બદલે બંદુખનાં પટાઓ ગળાંએ ઓલવે, અને કુશતી પાદીઆબને બદલે પીસ્ટોલ અને તલવારની રમતો રમાડેતો તેમાં અચરત થવા જોગું કંઇબી નથી. વાશતે હુશીઆર થાઓ અને તમો તમારી ફરજ બજાવો. તમારા નેઆગાંનોનાં હાડકાં આ જમીનનાં પટાલમાંથી હાલની તમારી સુસતી અને બેદરકારી બાબે જે પોકારો મારેછે તે તમોએ સાંભલવાં જોઇએછે,–સુરા દીનદારોની બાક, **પાક આતશાને થએલાં અપમાંન** વીશે જે કેહરનાં શોરો ઉઠાવેછે તે ઉપર તમોએ કાંન ધરવા જોઇએછે,–અને આએ શેહરમાંનાં નાંધલાં મોટાંઆ દીનનાં ગનેઆંનની ગેરહાજરીએ લીધે, ભએઅંકાર અંધારીમાં જે આપદા ભોગવેછે તેનાં ઉપાએઆ કરવાને બાહેર પડવું જોઇએછે. દીનનાં ગનેઆંન વગર લોકો ભુખે મરેછે,

પેઆસાં ફરેછે,-તથા વગર આસરાનાં અને વગર ઉમેદનાં બનેઆછે, તે થી તેઓ હર પલ અને હર ઘરી, સું જીવતાં જીવત-કે સું મરતી વખતે, તમોનેજ દઆદ કરેછે.

એ પારસી ટોલાનાં આગેવાંન સેઠીઆઓ! ખરી સેઠાઈનો આધાર પઈસાની કુમકપર નથી, પણ તમારી કોમના લોકોનુ માંન અને મોહબત સાચવવા પર અને તેઓની હાજત બર લાવવા પરછે. ખરી સેઠાઈનો આ ધાર ઊંચી ગાડી-ઘોડે બેસવાપર નથી, પણ ગરીબોની અગત પુરી પારવા સારૂ બનતી નમનતાઈ અને ભલમનસાઈ બતલાવા પરછે. ખરી સેઠાઈનો આધાર "ગવરનરની કાંઊનસલ"ના મેમબર થવાપર નથી, પણ ગામની વાજબી ફરીઆદ સાંભલવાપર અને કોમની ખરી દાદખાહી ઈછવાપરછે. ખરી સેઠાઈનો આધાર બાપદાદાની ખુરસીએ અને પાલખીએ બેસી એશ આરામ કરવાપર નથી, પણ ખુદ તંન અને મનની જેહમતથી કોઈ ભુખ્યાં ને ભોજંન અને નાગાંને વસતર આપવા- અપાવાપરછે, એટલું ચોકસ ઈ આદ રાખવું. એ પારસી સેઠીઆઓ! જો તમે તમારી ખરી ફરજ સં મજોતો, તમારે સર આજ લાંબી મુદત થઈ એક મોટી ફરજ ઉભીછે, કે જે બજાવાને જો તમો તમારી કંમર તંગ કરોતો, સેંકડો ખરા દીન ચુસત અને દેશહીતકારી નરો તમારી પીઠે રેહેવાને, તથા તમારે પગલે ચાલવાને-અને તમાંરા કામોની નકલ કરવાને હરદંમ તઈઆર અને ઈને તેજાર રેહેસે. આપરા વડવાઓએ દેશ-વેશ-જબાંન-અને જાંનો ખોઈ ને, આજ સુધી જે ચીજને નીભાવી રાખવાનાં સબબો અને સાંધણો ગોઠવી આપેઆં હતાં, તે ચીજ તમારા અમલમાં જો કંઈક ગફલતીથી, અથવા બેદરકારીથી-અથવા બેખબરીથી-અથવા આપ અપસની અદેખા ઈ અને મીનાકેસાથી ભાગી ભસંમ થઈ પડેતો, તેનો દોશ તમોએ કંઈબી પરકારે નાંધલો નહી સમજવો. આએ હઈઆત રહેલા-અને આએ બાકી બચેલા જુજવી જરતોશતી ટોલાના નામ નીશાંનની આબાદીનો આધાર, આપણી કદીમ દીન અને દેશની તવારીખનાં પુખત ગણેઆન અને મા હીતગારીનાં ફેલાવા ઉપરજ રહેઓછે, અને એવાં ગણેઆનનાં ફેલાવા વ ગર સરવે ચોજો આંધરી-સરવે ચીજો અકારી-સરવે ચીજો અંધારામાં

રેહેલી–સરવે ચીજો વગર અસરની–અને સરવે ચીજો વગર ઉલટ અને વગર ગમતની સમજજો. પારસી ભાઈઓની તમામ જાતની ફુકરાજી છતાં, એજ માહ અગતનાં ગણેઆંનનો ભએઅંકાર દુકાલ, આજ પુશકલ વર સો થાએઆં તમારાં જાતભાઈઓનાં બચાંઓમાં ચાલેછે, તે દુકાલની અસર પેલા "**ઓરીસા**"નાં દુકાલ કરતાંને–કે હાલમાં ચાલતા **બંગાલાનાં** દુકાલ કરતાંને સેંકડો દરજજે વધારે બુરી–અને સેંકડો દરજે વધારે નાશકારક સમજજો, કે તેમાં તમાંરી આખી કોમની–તમારી કેઆની નીશાનની–અને તમારા નેઆગાનોના કામો અને નામોની નાંબુદી, ઘણીજ છુપી અને અનદીઠ રીતે થાએછે, તેની ઘટતી ચોકસી તમારાંમાંથી કોઈબી નર રાખતો હોએ, એવું નજર આવતું નથી,–તેની ખરી દાદખાહી તમારાંમાંથી કોઈબી ગરહસથ કરવા માંગતો હોએ, તેવું દીસતું નથી,–અને તેનાં ચોકસ ઉપાએ કરવા–કરાવા સારૂ તમારામાંથી કોઈબી "**સેઠજી સાહેબ**" પોતાની ફરજ દીન અને દુનીઆંનાં ફાએદાની રાહે અદા કરવાને ઉલટ ધરાવતો હોએ તેવું લાગતું નથી. **ખોદા** તમારો ખરો રાહનુમા થાએ–અને તમારી ખરી ફરજ બજાવાને તમોને સીખવે, કે જેથી **કદીમ દીનની કીરતી જાહલેદાર–અને કેઆંની ઓલાદની વસતી બરકરાર અને ઇઆદગાર રેહે.**

સમાપત.